॥ જૈનમ જ્યતિ શાસનમ્ ॥

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આત્મશુદ્ધિનું મહાપર્વ
## ક્ષમા, યાચનાનો શ્રેષ્ઠ અવસર



### સર્વે જીવોને

## ॥ મિચ્છામિ દુક્કડમ્ ॥

*મહક ઊઠેગી દુનિયા સારી*
*યદી ક્ષમા કે ફૂલ ખિલા લો,*

*વૈર વિરોધ મન કે મિટા કર*
*અંતર સ્નેહ કા દીપ જલા દો!*

*પ્રાર્થના એ ધર્મના ગઢની મજબૂત દીવાલ છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ

### નિમંત્રણ

*સ્નેહી શ્રી,*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૮મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ના દિવસે સવારમાં ૯.૩૦ કલાકે **શ્રી કચ્છી જૈન ભવન,** પાલડી ખાતે યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણવાર **માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ)** તથા **શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)**ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે અમદાવાદ - ગાંધીનગર સ્થિત સહુ કચ્છી જૈન પરિવારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ આ કાર્યક્રમમાં પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે :

- સવારમાં ૯.૩૦થી ૧૦.૦૦ : શ્રી કચ્છી જૈન ભવન ખાતે આગમન તથા મિલન
- સવારમાં ૧૦.૦૦ થી બપોરના ૧૨.૦૦ :
  - ❒ આવકાર, સામૂહિક ક્ષમાપના
  - ❒ ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરી વિશેની જાણકારી
  - ❒ ગત વર્ષ દરમિયાનના 'મંગલ મંદિર'ના શ્રેષ્ઠ લેખના લેખકશ્રીનું બહુમાન
  - ❒ પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગના વિજેતાશ્રીઓનું બહુમાન
  - ❒ પ્રાસંગિક પ્રવચનો
  - ❒ આભારવિધિ
  - ❒ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર

***કાર્યક્રમ બાદ શ્રી કચ્છી જૈન ભવન પર સ્વામિવાત્સલ્ય જમણવાર યોજવામાં આવેલ છે.***

અમદાવાદ અને ગાંધીનગરના બધા જ કચ્છી જૈન પરિવારોને આ ક્ષમાપના તથા વાર્ષિક મિલન સમારંભના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, ઉમળકાભેર ભાગ લેવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સાથે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમ બરાબર ૧૦.૦૦ વાગે શરૂ કરવાનો હોવાથી સહુએ સમયસર પોતાની જગ્યા લઈ લેવા વિનંતી કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**અશોકકુમાર સાકરચંદ મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જીવનની ઘણી બાજી હારીને જીતી જવાની હોય છે.*

# સ્વામિવાત્સલ્ય જમણવાર

**રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ ● સવારમાં ૧૧.૦૦ થી ૨.૦૦**

## કૂપન વિતરણ વ્યવસ્થા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારોનો એક સ્નેહ મિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે રવિવાર તા. ૧૮-૯-૨૦૧૧ના રોજ યોજવામાં આવેલ છે.

સ્વામિવાત્સલ્ય જમણવાર બપોરના ૧૧.૦૦ વાગે શરૂ કરવામાં આવશે. દરેક પંગતમાં ૨૫૦ વ્યક્તિના જમણવારની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. ગયા વર્ષની માફક દરેક માટે ટેબલ - ખુરશીની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. દરેક વ્યક્તિને, પોતે મેળવેલ જે-તે સમયના કૂપનના સમયે જ જમવા માટે પધારવા વિનંતી કરવામાં આવે છે. શિસ્તમાં રહી સહકાર આપવા સહુને અપીલ કરવામાં આવે છે.

દરેક પંગત નીચે મુજબના સમયાનુસાર રહેશે.

- પ્રથમ પંગત ...... ૧૧.૦૦ થી ૧૧.૩૦
- બીજી પંગત ...... ૧૧.૩૦ થી ૧૨.૦૦
- ત્રીજી પંગત ...... ૧૨.૦૦ થી ૧૨.૩૦
- ચોથી પંગત .......૧૨.૩૦ થી ૧.૦૦
- પાંચમી પંગત....... ૧.૦૦ થી ૧.૩૦
- છઠ્ઠી પંગત ......... ૧.૩૦ થી ૨.૦૦

દરેક પરિવારને પોતાની જરૂરિયાત મુજબના સમય અનુસારના પાસ નીચેમાંથી કોઈ પણ એક સ્થળેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે. આ પાસ તા. ૫-૯-૨૦૧૧થી તા. ૧૫-૯-૨૦૧૧ સુધી સવારમાં ૧૧.૦૦થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન નીચેના સ્થળેથી મળી શકશે. નિયાણી બહેનોને પણ પોતાના પાસ એજ રીતે મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

★ **શ્રી કચ્છી જૈન ભવન**
૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, અમદાવાદ-૬.

★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
અરિહંતનગર દેરાસરની સામે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ-૪.

★ **શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૨૨.

★ **શ્રી કમલેશ બાબુભાઈ શાહ**
**સમ્રાટ સિલેક્શન,** મણિનગર રેલવે ક્રોસિંગ પાસે, મણિનગર, અમદાવાદ-૮.

★ **શ્રી હેમેન્દ્ર ભોગીલાલ શાહ**
**બુક સેલ્ફ,** ૧૬ સી.ટી. સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯.

★ **શ્રી સંદીપ એ. મહેતા**
**'સર્વસ્વ',** ૧૦, જશવંત સોસાયટી, સત્યમ મૉલ પાછળ, વિશ્વેશ્વર મહાદેવ પાસે, કામેશ્વર સ્કૂલથી આગળ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

દરેક સભ્ય પરિવારને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત દર્શાવેલ સ્થળોમાંથી કોઈ પણ એક સ્થળેથી પાસ સમયસર મેળવી લેવા. **સહુ પરિવારોનું ધ્યાન દોરવામાં આવે છે કે વ્યવસ્થાના કારણ અનુસાર જમણવારના દિવસે કોઈ પણ સંજોગોમાં પાસનું વિતરણ કરવામાં આવશે નહીં.**

સહુ પરિવારોને અપીલ કરવામાં આવે છે કે એક વખત જમણવારના પાસ મેળવ્યા બાદ કોઈ પણ કારણસર તેઓ જમવા ના પધારી શકે તો દરેક ગેરહાજર રહેલ પાસ દીઠ **રૂા. ૧૦૦/-** સંસ્થાના કાર્યાલયમાં પોતાની ફરજ સમજી જાતે જમા કરાવી જવા.

આશા છે કે સહુ સભ્ય પરિવારનો સહકાર જરૂરથી પ્રાપ્ત થઈ શકશે.

**કન્વીનર - જમણવાર સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*મેલી વાત જ અંધારું અને ગોપન શોધે છે, ગુપ્તતાને હું ધિક્કારું છું.*

# મંગલ મંદિર - ઓક્ટોબર ૨૦૧૧

## દીપોત્સવી અંક – સંભારણા વિશેષાંક

"મંગલ મંદિર"નો ઓક્ટોબર-૨૦૧૧નો દીપોત્સવી અંક "સંભારણા વિશેષાંક" તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે.

'મંગલ મંદિર' તેની કારકિર્દીનો ૪૦૦મો અંક પ્રસારિત કરી ચૂકેલ છે, એટલે કે તેની કારકિર્દી ૪૦૦ મહિનાથી પણ અધિક પુરાણી છે. આટલા સમયગાળામાં તેણે વિવિધ વિષયે ઉચ્ચ કક્ષાના અનેક લેખો અને અન્ય સામગ્રી વાચક વર્ગ સમક્ષ પ્રસ્તુત કરેલ છે. મંગલ મંદિરના અત્યાર સુધીના પ્રસારિત કરવામાં આવેલ ૪૦૦ અંકમાંથી ઉચ્ચ કોટીના લેખો તથા અન્ય સામગ્રી પસંદ કરી તેને 'સંભારણા વિશેષાંક' દ્વારા તેના વાચક વર્ગ સમક્ષ ફરી રજૂ કરવામાં આવશે. આ રીતે દીપોત્સવી અંકની સામગ્રી ઉચ્ચ કક્ષાની રહેનાર હોવાથી અમને વિશ્વાસ છે કે, દરેક વાચકવર્ગના ઘરની લાઈબ્રેરીમાં વર્ષો સુધી તે અંક સાચવીને મૂકી રાખવામાં આવશે.

આપશ્રીની કોઈપણ પ્રકારની સંસ્થાની જાહેરાત ઉપરોક્ત વિશેષાંકમાં પ્રસિદ્ધ થાય, તે પણ એક અદ્વિતીય બાબત બનશે. જાહેરાત સ્વરૂપે આપશ્રીની સંસ્થાની વિગત અનેક લોકોના ઘરમાં આવતા વર્ષો સુધી સચવાઈ રહેશે. જ્યારે આપશ્રીની જરૂરિયાત પડશે, ત્યારે તેનો રેફરન્સ આ અંકમાંથી કોઈને પણ હંમેશાં ઉપલબ્ધ થશે. આ કારણે 'મંગલ મંદિર'ના દરેક સક્ષમ વાચક વર્ગને અમારી અપીલ છે કે આપશ્રીના ઉદ્યોગ વ્યાપાર અથવા અન્ય કોઈપણ ક્ષેત્ર સંબંધિત જાહેરાત આ વિશેષાંકમાં પ્રસિદ્ધ કરાવવાનો અવશ્ય આગ્રહ રાખે. આ પ્રકારની તક વારંવાર પ્રાપ્ત થતી નથી.

એ યાદ રાખવું જરૂરી છે કે આ અંકમાં વહેલા તે પહેલાના ધોરણે હવે માત્ર જૂજ જાહેરાતોનો જ સ્વીકાર કરવામાં આવશે.

આ વિશેષાંકમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતોના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| વિગત | આખું પાનું | અડધું પાનું | ૧/૪ પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| ★ મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | — |
| ★ સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | — |
| ★ બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૫૦૦/- |

*ઉપરોક્ત જાહેરાત આપવા આપશ્રી અમારા એજન્ટનો અથવા કાર્યાલય પર નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.*


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

શ્રી કચ્છી જૈન ભવન

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧, ૨૬૫૭૭૪૬૯ ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com • વેબસાઈટ : www.kutchijainahd.org



*તમારી વાડીના શેઢે જી.ઈ.બી.ના થાંભલે ટ્રાન્સફોર્મર ઉપર ટિટોડીએ ઈંડાં મૂક્યા છે... એટલે વરતારો એવો નીકળે છે કે નર્મદા - પેયજળની ચોરીમાં મોદી સરકાર કંઈ નહીં બોલે.... અણ્ણાજીનું આંદોલન ફરીથી ઉગ્ર બનશે.... પાક સાથેના સંબંધો....*



*પહેલાં અમારાં ટપાલ ખાતાના ટપાલીઓને યુવતી પ્રેમથી આવકારતી... કદાચ પ્રેમીએ પ્રેમસંદેશો લખ્યો હોય... પરંતુ મોબાઈલ આવ્યા પછી બધાનો દાટ વાળી નાખ્યો છે....*



*હું 'એકલપેટી' નથી... મેં ગઈકાલે જ ડાયમંડનો હાર - મોતીની સેર લીધાં.... તો સાથે સાથે મારી આ 'ડાયેના' માટે પણ ચાંદીનો સેટ, બગસરાની બંગડીની ખરીદી કરતી આવી....*

# ઊડતી નજરે....

## જુલાઈ-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................<br>કે જેમાંથી – | ૮,૪૩૭ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. **૪૨૨** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............................................ **૨૩** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .................................................. **૨૫** | |
| | (ગ) | સોનોગ્રાફી ............................................................ **૭૪૦** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ............................................................ **૯** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......................................................... **૩૦૩** | |
| | (છ) | અન્ય ............................................................ **૬,૯૧૫** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............................................... **૨,૦૨૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... **૭,૭૦૯**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .................................. **૧,૯૭૧** | ૯,૭૦૫ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................. **૯૪૩**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૨,૮૮૬** | ૩,૮૨૯ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................. **૬૩૮** | ૬૩૮ |
| | | જુલાઈ-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ................... | ૨૨,૬૦૯ |

## રાજાજી

સરદાર વલ્લભભાઈ પટેલે કોંગ્રેસ પ્રમુખ તરીકે પુરુષોત્તમદાસ ટંડનનું નામ સૂચવ્યું. નહેરુ સંમત ન હતા. અન્ય સભ્યો સરદારના મતના હતા. નહેરુએ ધમકી આપી કે ‘હું રાજીનામું આપી દઈશ.’ આ સાંભળીને સરદારનો મિજાજ ગયો. અગાઉ પણ ઘણીવાર નહેરુ રાજીનામું આપી દેવાની ધમકી આપી ચૂકેલા. સરદારે કહ્યું કે ‘ભલે એકવાર તો રાજીનામું આપી જ દો.’ રાજાજી આ સંઘર્ષથી વ્યથિત થઈ સરદારને ફોન કરી જણાવ્યું કે, ‘સરદાર, તમે સાચા છો. છતાં તમે એકલે નહીં ખેંચી શકો. નહેરુને રાજીનામાની ફરજ ન પાડો. તમે બીમાર છો.’ અને સરદારે મન વાળી લીધું.

૧૯૫૦માં સરદાર ગયા. રાજાજીએ અંજલિ આપતાં કહેલું કે, ‘નહેરુ પરનો એકમાત્ર અંકુશ પણ ગયો.’

મદ્રાસમાં કેટલાક કોંગ્રેસીઓ એક સિનેમા માલિક ખલીલ શિરાઝીનો કેસ લઈ આવ્યા ને રાજાજીને જણાવ્યું કે તેમના તરફ થોડો પક્ષપાત (થોડો પક્ષપાત એટલે?) બતાવવામાં આવે તો આપણા પક્ષને ઘણો ફાયદો થશે. રાજાજીએ સ્પષ્ટ ના પાડી.

ભારતના ગવર્નર જનરલ બનવા માટે મદ્રાસના ગવર્નરનો હોદ્દો છોડતી વખતે રાજભવનના અધિકારીઓએ તેમને કહ્યું કે, ‘તમને મળેલી ભેટસોગાદો તમારી સાથે લઈ જઈ શકો છો.’ રાજાજીએ જવાબ આપ્યો કે ‘આ ભેટસોગાદો તો રાજાજી નામની વ્યક્તિને મળી નથી, એ તો બંગાળના ગવર્નરને મળી છે. એ અહીં જ રહેશે.’

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય.*

## ANSWER TO CANCER

"**ANSWER TO CANCER**" નામની બુક અમેરિકા સ્થિત નીચે મુજબના લેખકોએ પોતાના બહોળા અનુભવ બાદ તૈયાર કરેલ છે.

- Hari Sharma, M.D.
- Rama K. Mishra, G.A.M..S
- James G. Meade, Ph.D.

આ બુક કેન્સરના દર્દીઓ માટે ખૂબજ ઉપયોગી માહિતી પૂરી પાડી શકશે. તેટલું જ નહીં, પરંતુ એ બુકમાં વર્ણવ્યા પ્રમાણે આચરણ કરવાથી કેન્સરના દર્દનો સારી રીતે પ્રતિકાર કરી શકાશે. કદાચ હંમેશને માટે તે દૂર પણ કરી શકાશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક અગ્રણી સભ્ય શ્રી હરખચંદ કુંવરજી સાવલાને આ બાબતનો ખ્યાલ આવતા, તેઓએ એ બુક મેળવી તેનો અભ્યાસ કર્યો અને એ બુકમાં વર્ણવ્યા મુજબ આચરણ કરેલ. કે જેનાથી હાલે તો તેઓ કેન્સરની બીમારીમાંથી મુક્ત થઈ સંપૂર્ણપણે નીરોગી જીવન જીવી રહ્યા છે.

આ બુક તેમને ખૂબજ ઉચ્ચ કક્ષાની જણાતા તેઓ આ બુકના લેખકશ્રીઓને અને પ્રકાશકને અમેરિકામાં રૂબરૂ મળ્યા અને આજ બુક ભારતમાં રિ-પ્રિન્ટ (પુનઃમુદ્રણ) કરાવવાના હક્કો મેળવ્યા.

તેમનો ઈરાદો આ પ્રકારની ૫૦,૦૦૦ બુક વિનામૂલ્યે ભારતભરમાં વિતરણ કરવાનો છે કે જેથી કેન્સરમાં સપડાયેલ દેશ બાંધવોને કેન્સરમાંથી મુક્ત કરાવવા તેઓ પોતાનું યોગદાન આપી શકે.

હાલે આ પ્રકારની ૨૦૦૦ નકલ શ્રી કચ્છી જૈન ભવન પર આવી ગયેલ છે. જેઓને આ બુકની જરૂરિયાત હોય તેઓએ શ્રી કચ્છી જૈન ભવન પરની ઓફિસનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે કે જેથી કુરિયર દ્વારા તેઓને આ બુક મોકલી શકાય. બુક પ્રાપ્ત કરનારે માત્ર કુરિયર ખર્ચ ભોગવવાનો રહેશે.

આ બુક પ્રાપ્ત કરવા નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

શ્રી પરાશર વ્યાસ / શ્રી પરાગ સોની
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૯, ૨૬૫૮૧૫૦૧

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## દેહદાન, અવયવદાન, રક્તદાન સમિતિ

### સ્વામિવાત્સલ્ય દિવસ – રક્તદાન દિવસ

***આવો, આપણે નિયમિત રક્તદાન કરીએ અને***
***માનવ જિંદગીઓ બચાવવામાં સહભાગી બનીએ.***

આ વર્ષનો સ્વામિવાત્સલ્ય દિવસ એટલે કે તા. ૧૮-૯-૨૦૧૧ને રવિવારને આપણે અનોખી રીતે ઉજવીશું.

આ વખતે આપણે સૌ સમૂહમાં ખમાવીશું, સમૂહમાં ભોજન લઈશું અને સમૂહમાં રક્તદાન પણ કરીશું.

- **લોહીની જરૂરિયાત ક્યારે અને શા માટે?**

અકસ્માત સમયે, કુદરતી આફતોના સમયે, ઑપરેશન સમયે થતા મૃત્યુદર અટકાવવા માટે કેન્સર, થેલેસેમિયા, હેમોફિલિયા... વગેરે દર્દીઓને લાંબું આયુષ્ય મળે – આવા અલગ અલગ કિસ્સાઓમાં બ્લડની જરૂર પડતી હોય છે.

ન કરે નારાયણ, પણ ભવિષ્યમાં આવા કોઈ કેસમાં આપણો નંબર પણ લાગી શકે છે.

હવે જ્યાં સુધી માનવ રક્ત આપણે લેબોરેટરીમાં કૃત્રિમ રીતે બનાવી નથી શકતા ત્યાં સુધી આપણાં સગાં, સંબંધી, સ્નેહી, મિત્રો કે અજ્ઞાત માનવો માટે આ રક્ત આપણે જ આપવું રહ્યું. એ આપણી નૈતિક ફરજ છે અને સાથે સાથે આપણે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરી શકીએ છીએ.

- **શરીરમાં લોહીનો જથ્થો :**

☞ સામાન્ય સંજોગોમાં વ્યક્તિમાં પ્રતિ કિલો ૭૦થી ૭૫ મિલિ રક્ત હોય છે.
☞ શરીરમાં રુધિરાભિસરણ તંત્રને પ્રતિ કિલો ૫૦ મિલિ રક્ત પૂરતું છે.
☞ રક્તદાન કરવા માટે મિનિમમ ૪૫ કિલો વજન જરૂરી છે.
☞ ૪૫ કિ.ગ્રામ વજન ધરાવતી વ્યક્તિ પણ ૪૫ x ૮ = ૩૬૦ મિલિ રક્તદાન સરળતાથી કરી શકે છે.
☞ રક્તદાન સમયે ફક્ત ૩૫૦ મિલિ રક્ત જ લેવામાં આવે છે.
☞ રક્તદાન કરેલ રક્તનો જથ્થો ફક્ત બે (૨) જ દિવસમાં શરીરમાં ઉત્પન્ન થઈ જાય છે.
☞ માત્ર ૨૦ જ દિવસમાં તમામ ઘટકો ફરીથી ઉત્પન્ન થઈ જાય છે. (ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન, અમદાવાદ-૧૬.)

***આવી અદ્‌ભુત શરીર રચનાનો લાભ લઈએ,***
***અનેક લોકોની અમૂલ્ય જિંદગી બચાવીએ.***

***રક્તદાન કરીએ અને બીજાઓને રક્તદાન કરવા પ્રોત્સાહિત કરીએ.***

***કમલેશભાઈ બાબુભાઈ શાહ***
***કન્વીનર - દેહદાન, અવયવદાન, રક્તદાન સમિતિ***

***માણસ ફક્ત માંસનો લોચો જ નથી, તેનો સંબંધ અંદર બેઠેલા આત્મા સાથે છે.***

# દીપોત્સવી - ૨૦૬૭
# નૂતન વર્ષ - ૨૦૬૮

## દીપોત્સવી ઉમંગભેર ઉજવવા મિષ્ટાન્ન, ફરસાણ, ડ્રાયફ્રૂટની વિતરણ વ્યવસ્થા

ગત વર્ષના સુખદ અનુભવ પછી, ચાલુ વર્ષ દરમ્યાન પણ સમાજના સભ્યોના તથા સંબંધિત હિતેચ્છુઓના લાભાર્થે મિષ્ટાન્ન, ફરસાણ તથા ડ્રાયફ્રૂટના વિતરણનું આયોજન વિચારવામાં આવેલ છે.

આ વિતરણ વ્યવસ્થા અનુસાર દીપોત્સવીના સમયે ખૂબ જ શુદ્ધ, સાત્ત્વિક તથા કસદાર વિવિધ વાનગીઓ બજારભાવ કરતાં કિફાયતી દરે અને 'નહીં નફા તથા નહીં નુકસાન'ના ધોરણે દરેક સભ્યને ઑફર કરવામાં આવે છે.

આ વાનગીઓ સમાજના કાર્યકરોની જાત દેખરેખ હેઠળ બનાવવામાં આવશે.

વાનગીઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળી આઈટમોની ખરીદી પણ જાત દેખરેખ હેઠળ કરવામાં આવશે.

જરૂરિયાત મુજબના બોક્સ પેકિંગમાં પણ વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. સેમ્પલ બોક્ષનું નિરીક્ષણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર કામકાજના સમય દરમ્યાન કરી શકાશે.

મિષ્ટાન્નના બોક્ષમાં એકજ આઈટમ મૂકવામાં આવશે. મિક્સ મિષ્ટાન્નનો આગ્રહ ન રાખવા સહુને વિનંતી કરવામાં આવે છે. મિક્સ મિષ્ટાન્નની વ્યવસ્થા જાળવવી કઠિન કાર્ય બની રહે છે.

વિવિધ વાનગીઓના વિતરણ દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

### મિષ્ટાન્ન (૫૦૦ ગ્રામના બોક્સ પેકિંગમાં)

| | | | |
|---|---|---|---|
| ● કાજુ કતરી (વરખવાળી) | : રૂા. | ૨૧૫/- | બોક્સ |
| ● કાજુ કતરી (વરખ વગરની) | : રૂા. | ૨૧૫/- | બોક્સ |
| ● બદામ કતરી | : રૂા. | ૨૧૫/- | બોક્સ |
| ● કાજુ-અંજીર રોલ | : રૂા. | ૨૧૫/- | બોક્સ |
| ● ખજૂર પાક | : રૂા. | ૧૫૦/- | બોક્સ |
| ● બુંદીના લાડુ (મોતીચૂર) | : રૂા. | ૧૦૦/- | બોક્સ |
| ● મોહનથાળ | : રૂા. | ૧૦૦/- | બોક્સ |

### ફરસાણ (૫૦૦ ગ્રામના પાઉચ પેકિંગમાં)

| | | | |
|---|---|---|---|
| ● ખસ્તા કચોરી | : રૂા. | ૭૫/- | પેકિંગ |
| ● મઠિયા (અન્ય સ્થળના) | : રૂા. | ૭૫/- | પેકિંગ |

### ડ્રાયફ્રૂટ (૨૫૦ ગ્રામ પાઉચ પેકિંગમાં)

| | | | | |
|---|---|---|---|---|
| ● કાજુ (૩૨૦ ક્વોલિટી) | : | રૂા. | ૧૫૦/- | પેકિંગ |
| ● કાજુ (૧૮૦ ક્વોલિટી) | : | રૂા. | ૨૨૫/- | પેકિંગ |
| ● બદામ (અમેરિકન) | : | રૂા. | ૧૧૦/- | પેકિંગ |
| ● કિસમિસ દ્રાક્ષ (સાંગલી) | : | રૂા. | ૫૦/- | પેકિંગ |
| ● કિસમિસ દ્રાક્ષ (અફઘાન) | : | રૂા. | ૧૦૦/- | પેકિંગ |
| ● સાદા પીસ્તા | : | રૂા. | ૨૦૦/- | પેકિંગ |
| ● ખારા પીસ્તા (ડોડી પીસ્તા) | : | રૂા. | ૧૫૦/- | પેકિંગ |
| ● ખારા પીસ્તા (શાહી ડોડી) | : | રૂા. | ૨૦૦/- | પેકિંગ |
| ● અંજીર (મોટી સાઈઝ) | : | રૂા. | ૧૦૦/- | પેકિંગ |
| ● જરદાલુ (મોટી સાઈઝ) | : | રૂા. | ૧૦૦/- | પેકિંગ |
| ● અખરોટ-મગજ (ટુ પીસ) | : | રૂા. | ૨૨૫/- | પેકિંગ |
| ● અખરોટ-મગજ (થ્રી પીસ) | : | રૂા. | ૧૭૫/- | પેકિંગ |

### ડ્રાય ફ્રૂટ (ગિફ્ટ બોક્ષ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ● | ડ્રાયફ્રૂટ બોક્ષ.......૪ આઈટમ | (અંદાજિત ૨૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૧૨૫/- | બોક્સ |
| ● | ડ્રાયફ્રૂટ બોક્ષ.......૬ આઈટમ | (અંદાજિત ૩૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૨૦૦/- | બોક્સ |
| ● | ડ્રાયફ્રૂટ બોક્ષ.......૪ આઈટમ | (અંદાજિત ૪૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૨૫૦/- | બોક્સ |
| ● | ડ્રાયફ્રૂટ બોક્ષ.......૬ આઈટમ | (અંદાજિત ૬૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૪૦૦/- | બોક્સ |

*ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય.*

## કેડબરી ટાઈપ ચોકલેટ

| | પેકિંગ | નંગ | અંદાજિત વજન | કિંમત રૂા. |
|---|---|---|---|---|
| ● | પ્લાસ્ટિક પેક | ૨૫ નંગ | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૦૦/- |
| ● | મેટલ બાસ્કેટ | ૨૦ નંગ | ૨૦૦ ગ્રામ | રૂા. ૧૦૫/- |
| ● | રેડ બોક્સ | ૧૮ નંગ | ૧૯૦ ગ્રામ | રૂા. ૧૧૦/- |
| ● | પ્લાસ્ટિક પેક | ૧૮ નંગ (રાઉન્ડ ચોકલેટ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૨૫/- |
| ● | પ્લાસ્ટિક પેક | ૫૦ નંગ | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૦૦/- |
| ● | હેન્ડલ બાસ્કેટ | ૫૦ નંગ | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૩૦/- |

**દરેક સભ્યે પોતાને જોઈતી વસ્તુઓના ઓર્ડર મોડામાં મોડા તા. ૩૦-૯-૨૦૧૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે. ઓર્ડર નોંધાવતી વખતે પૂરું પેમેન્ટ જમા કરાવવાનું રહેશે. દીપોત્સવી તહેવાર દરમ્યાન દરેક આઈટમમાં થતા ભાવવધારાના કારણે તા. ૩૦-૯-૨૦૧૧ પછી ઓર્ડર નોંધાવનારે ઉપરોક્ત ભાવમાં ૧૦ ટકા વધારો ચૂકવવાનો રહેશે. આ પ્રકારના ઓર્ડર મોડામાં મોડા તા. ૧૫-૧૦-૨૦૧૧ સુધી જ સ્વીકારવામાં આવશે.**

મટીરિયલની ડિલિવરી શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પરથી રવિવાર, તા. ૨૩-૧૦-૨૦૧૧થી તા. ૨૪-૧૦-૨૦૧૧ દરમ્યાન આપવામાં આવશે. જરૂરિયાત પ્રમાણે વહેલી ડિલિવરી પણ આપી શકાશે. ડ્રાયફ્રૂટની ડિલિવરી સોમવાર તા. ૧૭-૧૦-૨૦૧૧થી આપવામાં આવશે.

સમાજના સભ્યો તથા અન્ય સંબંધિત હિતેચ્છુઓ માટે ઉપરોક્ત યોજના ખૂબ જ ફાયદાકારક હોઈ, દરેક સભ્યને પોતાની જરૂરિયાત અનુસાર વહેલામાં વહેલી તકે ઓર્ડર નોંધાવવા અપીલ કરવામાં આવે છે.

***ઉપરોક્ત આઈટમો સિવાય શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા રિટેઈલ કાઉન્ટર પરથી નીચેની વાનગીઓ પણ પ્રાપ્ત થઈ શકશે.***

| | | | | |
|---|---|---|---|---|
| ● | ફીણિયા લાડુ | : | રૂા. ૧૨૫/- | બોક્સ (૫૦૦ ગ્રામ બોક્સ પેકિંગમાં) |
| ● | કોપરા પાક | : | રૂા. ૧૦૦/- | બોક્સ (૫૦૦ ગ્રામ બોક્સ પેકિંગમાં) |
| ● | કચ્છી પેંડા | : | રૂા. ૧૩૦/- | બોક્સ (૫૦૦ ગ્રામ બોક્સ પેકિંગમાં) |
| ● | ખારી બુંદી | : | રૂા. ૨૫/- | પેકિંગ (૨૫૦ ગ્રામ પાઉચ પેકિંગમાં) |
| ● | ખારી બુંદી | : | રૂા. ૫૦/- | પેકિંગ (૫૦૦ ગ્રામ પાઉચ પેકિંગમાં) |
| ● | ચકરી | : | રૂા. ૬૦/- | પેકિંગ (૫૦૦ ગ્રામ કન્ટેઈનર પેકિંગ) |

*ઉપરોક્ત યોજનાનો લાભ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.*

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

---

★ સત્તાધીશોની સત્તાનો અંત ખુરશી પરથી ઊતરતાં જ આવે છે. જ્યારે દેશ ભક્તોની સત્તા તેમના મૃત્યુ પછી પણ ચાલે છે.
★ અભિમાનથી હંમેશા આપણને જ નુકસાન પહોંચે છે. સૌ સાથે નમ્રતાભર્યું વર્તન રાખવું જોઈએ.
★ ઠગાઈ કરવા કરતાં નિષ્ફળ જવું અનેક રીતે સારું છે.
★ દુઃખ એ પોતાને જાણવા સમજવા માટેનું યોગ્ય દર્પણ છે. -

*સત્ય વિશેની આપણી શ્રદ્ધા જ આપણું જીવન છે ને સર્વસ્વ છે.*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

- તંત્રી લેખ : અણ્ણા હજારેની લડત ...... અશોક મહેતા ...... ૧૫

*લેખ વિભાગ :*

## પર્યુષણ પર્વ

- પર્વાધિરાજ પર્યુષણ પર્વ
  જપ, તપ, ભક્તિ, ધ્યાન અને મૈત્રીનો તહેવાર ...... દિનેશ આર. મહેતા ...... ૧૭
- સર્વદા વંદની અને અનુમોદનીય પર્યુષણ પર્વ ...... પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૧૮

## કચ્છ

- કચ્છ જિલ્લાનું ઔદ્યોગિકીકરણ
  આર્થિક વિકાસનો નવો આયામ ...... એચ. સી. દેસાઈ ...... ૧૯
- કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ ...... દીપક માંકડ ...... ૨૫

## વિચાર-વિમર્શ

- માળખાકીય શોષણનો અંત ક્યારે? ...... મુરજી ગડા ...... ૨૭
- સૂર્યચિંતન ...... ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૨૯
- પાલક માતા ...... ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૩૧
- વિચારોનું વજન ઘટે અને અંધશ્રદ્ધાનો ઉત્પાત વધે ત્યારે ...... દિનેશ પાંચાલ ...... ૩૩
- પિશાચી લાલસાઓ ...... ટોકરશી વોરા - હૈદ્રાબાદ ...... ૩૫
- કથા ...... શાંતિલાલ સંઘવી ...... ૩૭
- બે 'નારા' – લેનારા અને દેનારામાંથી કોણ ચડે? ...... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૩૯

## વિચાર-મંથન

- પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ ...... ડૉ. ઊર્મિલા શાહ ...... ૪૦
- વયસ્ક વિશ્રામ સ્થાન – (૨) ...... શશિકાંત ઠક્કર ...... ૪૨

## માહિતી

- તરંગને સહારે લક્ષ્ય અંતરાલનું ...... ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૪૩
- રિવર્સ મોર્ટગેજ (લોન) : માર્ગદર્શન ...... રાજેન ગાલા - મુંબઈ ...... ૪૪
- "આરતી પરિવાર" – સરસ્વતીની ભલામણથી આવેલી લક્ષ્મી ...... લાલ રાંભિયા ...... ૪૭

## વ્યક્તિ વિશેષ

- સમર્થ વાર્તાકાર, ઉત્તમ ચિત્રકાર, માનવતાવાદી તબીબ
  અને અનન્ય કામદાર નેતા : ડૉ. જયંત ખત્રી ...... સંજય ઠાકર ...... ૪૯
- આસામી સાહિત્યકાર – ડૉ. ઇંદિરા ગોસ્વામી ...... દામજી માણેક ગડા ...... ૫૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સાહિત્ય આચમન


- ટૂંકી વાર્તા : ઈચ્છારામ માસ્તર ........ ટોકરશી વોરા - હૈદ્રાબાદ ...... ૫૩


## તંદુરસ્તી


- આળસ – મનની બીમારી ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૫૫


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૭


## મહિલા વિશ્વ


- રેસિપી – જૈન વાનગી માટે : દિવાળી સ્પે. રેસિપી ........ સુરભિ નીરવ વસા ...... ૫૮


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૫૯
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૬૩
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૬૪
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૬૫
- 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ........ ૬૬
- સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૬૭
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૮
- શબ્દ રમત-૬૪ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૯
- સુડોકુ – ૧૦૨૧ ........ રજનીકાંત ધરમશી પારેખ ...... ૭૧
- વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૭૩
- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૭૫
- સમાજ દર્પણ ........ ૭૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
- સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી ........ ૭૮
- સંસ્થા સમાચાર ........ ૭૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૨
- વસતિ પત્રક – ૨૦૧૨ ........ ૧૦૫


*વેર લીધાનો આનંદ એક દિવસ ટકશે,*
*પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે.*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## અણ્ણા હજારેની લડત

*– અશોક મહેતા*

અણ્ણા હજારેની 'ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાન'ની લડતના સમર્થનમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત ધરણાનો કાર્યક્રમ શુક્રવાર, તા. ૨૬-૮-૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. જેના સમર્થનમાં અનેક કચ્છી ઉદ્યોગપતિઓ, ઉત્પાદકો, વ્યાપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, બેંક ઓફિસર્સ જેવા અપ્રતિમ પ્રતિભા ધરાવતા બુદ્ધિજીવીઓ કે જેઓ ચિંતન - મનન કરી, સારા-નરસાનો ભેદ ખૂબજ સારી રીતે તારવી શકે છે તેવા પ્રતિભાવંતો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે તેટલા જ ઉમળકાથી નાના ગજાના આમ આદમી પણ આ ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાનના સમર્થનમાં ઉપસ્થિત રહ્યા હતા. એક જ મંચ પર નાના ગજાથી માંડીને ઉચ્ચ પ્રતિભાવંત માનવ મહેરામણ એક જ ધ્યેય અને લગનીથી જોડાય અને પોતાનો આક્રોશ વ્યક્ત કરે ત્યારે એ હકીકતની પ્રતીતિ થવા પામેલ કે આ દેશમાં ભ્રષ્ટાચારે કેટલી હદ સુધી જડ ઘાલેલ છે.

આંધ્રમાં રેડ્ડી બંધુઓની ગેરકાયદેસર માઇનિંગ પ્રવૃત્તિના સમર્થનમાં રહી યેદીયુરપ્પાએ રાજકારણના જે ખેલ ખેલી બતાવેલ, કેરાલાના પામોલિવ પ્રકરણમાં સંડોવાયેલ સનદી અધિકારી થોમસની તકેદારી પંચના વડા તરીકે નિમણૂક અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરીથી ફરજિયાતપણે કરવામાં આવેલ પીછેહઠ, ૨-જી સ્પેક્ટ્રમ કૌભાંડમાં એ.રાજા અને કનીમોજીની સંડોવણી, કોમનવેલ્થ ગેઈમ્સમાં સુરેશ કલમાડી, શીલા દીક્ષિત વગેરેની સંડોવણી, મુંબઈની આદર્શ સોસાયટી કૌભાંડમાં મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી અશોક ચૌહાણની સંડોવણી, વિશ્વાસનો મત મેળવવામાં લોકસભામાં ઉછાળવામાં આવેલ નોટોના બંડલો અને તેના પગલે અમરસિંઘની સંડોવણી, નકલી સ્ટેમ્પ પેપર્સ કૌભાંડમાં તૈલગીની કરામત, અનાજ - ખાંડ વગેરે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધારામાં શરદ પવારનું ઉછળેલ નામ, ફૂડ કોર્પોરેશનના ગોડાઉનમાં સડી ગયેલ લાખો ટન અનાજ, જયલલિતા - માયાદેવી - લાલુ યાદવના અગણિત કૌભાંડો, તત્કાલીન મંત્રી સુખરામના ઘરમાંથી નીકળેલ અગણિત કાળું નાણું, સ્વીસ બેંકોમાં ભારતીયોના ખાતા અને તેઓના નામની યાદી મળવા છતાં તેને પ્રસિદ્ધ કરવાના ગલ્લાં-તલ્લાં, ન્યાયાલયોના ન્યાયાધીશોની ભ્રષ્ટાચારમાં સંડોવણીના સમાચાર, બિહારના ૩૦ વર્ષીય ઈજનેર સત્યેન્દ્ર દૂબેની સત્યની લડતની સામે એક રાતે કરવામાં આવેલ હત્યા, આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ ગુજરાતના અમિત જેઠવા અને ભોપાલ (મધ્ય પ્રદેશ)ના શહલા મસૂદની દિનદહાડે કરવામાં આવેલ હત્યા વગેરે બનાવોથી ભારતની પ્રજા ત્રસ્ત આવી ગયેલ હતી, ત્રાહિમામ પોકારી ઉઠેલ હતી. મીડિયામાં આવતા આ પ્રકારના રોજેરોજના સમાચારની સામે પ્રજા નારાજ તો હતી જ પરંતુ તે અટકાવવા શું પગલા લેવા તેની ગતાગમ કોઈનામાંયે ન હતી. અન્ય તરફ દેશની અર્થવ્યવસ્થા એવી બનાવવામાં આવી કે એક તરફ ૫ ટકા લોકોના હાથમાં દેશની ૯૦ ટકા સંપત્તિ અને અન્ય તરફ ૭૦ ટકા લોકો ગરીબી રેખા હેઠળ બદકિસ્મત જીવન વ્યતીત કરતા રહે, છતાં પ્રજાના સેવકોના પેટનું પાણી બિલકુલ સળવળે નહિ. હા, વાણી વિલાસથી પોતાનો દંભ વ્યક્ત કરવામાં પૂરેપૂરા માહેર.

તેવામાં જન લોકપાલ બિલ લઈ અણ્ણા હજારે મેદાનમાં આવ્યા. અરવિંદ કેજરીવાલ, પ્રશાંત ભૂષણ, કિરણ બેદી જેવા બુદ્ધિજીવી સમાજસેવકો તેમની ટીમમાં જોડાયા. જન લોકપાલ બિલની કાયદાકીય પરિસ્થિતિ તથા તેની આંટીઘૂંટી કદાચ 'કોમન મેન'ની સમજમાં નહીં આવેલ હોય પરંતુ તેને અણ્ણા હજારેની ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાનની વાત પ્રતીતિજનક લાગી. આ સીધા-સાદા કાર્યકરની સચ્ચાઈ પારખી, તેના સમર્થનમાં ભારતના એકે એક શહેરમાં પ્રજા સ્વયંભૂ ઊમટી પડી. પોતાનો આક્રોશ વ્યક્ત કરતી રહી - બિલકુલ શાંત અને અહિંસક આંદોલનથી. રાજકારણીઓના ભ્રષ્ટાચાર અને કાળા કરતૂતોના કારણે અત્યાર સુધી ધરબાઈ રહેલ આક્રોશ ઠેર ઠેર વ્યક્ત થવા લાગ્યો. રામ મનોહર લોહિયા, ઈન્દુલાલ યાજ્ઞિક કે જયપ્રકાશ નારાયણ બાદ 'કોમન મેન'ને પોતાનો આક્રોશ ઠાલવવાનો યોગ્ય અવસર પ્રાપ્ત થયો. અણ્ણામાં તેને પોતાનો મસીહા દેખાવા લાગ્યો.

અસરકારક લોકપાલની નિયુક્તિ ભારતના કોઈપણ રાજકીય પક્ષને કે તેના કાર્યકરોને પરવડે તેમ નથી. (તેઓ માટે તો જાતે જ કુહાડી પગ પર મારવા જેવી વાત છે.) તેથી તેઓ પ્રથમ તો સિવિક સોસાયટીના સભ્યોની બદબોઈ કરવા લાગ્યા અને તેમાં જ્યારે તેઓની કાર્યવાહી નાલેશીજનક પુરવાર થઈ ત્યારે જન લોકપાલ બિલની કેટલીક કલમો પ્રત્યે વાંધા ઊઠાવી, તેને પાસ કરવા આજે અણ્ણાના ૧૧મા ઉપવાસના દિને પણ ગલ્લાંતલ્લાં કરવામાંથી ઊંચા આવી શકેલ નથી. જોવાનું એ રહે

*સમય વેડફો નહિ, જિંદગી સમયની બનેલી છે.*

છે કે ખાઈબદેલા રાજકારણીઓ અણ્ણાને તહસ નહસ કરી નાંખશે કે પછી કેન્દ્રમાં રહેલી સરકારને તહસ નહસ થવાના દિવસો આવશે!

જ્યાં સુધી અણ્ણા હજારે અને તેની ટીમ આ જાડી ચામડીના રાજકારણીઓની ચુંગાલમાં નહીં ફસાય ત્યાં સુધી 'ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાન' જીવંત રહી શકશે.

સહુ કોઈ જાણે છે કે જન-લોકપાલ બિલનો કાયદો પસાર કરી દેવાથી ભ્રષ્ટાચાર નાબૂદ થઈ શકવાનો નથી પરંતુ ભારતમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનો હશે તો આવા અનેક અણ્ણા હજારેએ આ લડત લાંબા સમય સુધી ચાલુ રાખવી પડશે.

પ્રશ્ન વ્યાપક સ્વરૂપના ભ્રષ્ટાચાર તથા તેની સામેના આંદોલનનો છે, જન લોકપાલ બિલના છીંડા શોધી કાઢવાનો નથી. આજનો એકે એક રાજકારણી ભ્રષ્ટાચાર નાબૂદીની વાત વિસારી, જન લોકપાલ બિલના છીંડા શોધવામાં જ રચ્યોપચ્યો રહેતા હોવાના દૃશ્યો ટી.વી. પર દરરોજ દૃશ્યમાન થતા દેખાય છે. સમય પસાર કરી, અણ્ણાને થકવી નાંખવાની આ એકમાત્ર સાજીસ હોય તેવું દેખાય છે. પરંતુ આજનો લોકજુવાળ જોતાં સરકાર અને અન્ય તમામ પક્ષોને ઝુકી જવા સિવાય અન્ય કોઈ રસ્તો હોય તેવું લાગતું નથી. સંસદ કરતાં જનસંસદ સર્વોપરી રહે તેજ યોગ્ય લાગે છે.

રામ મનોહર લોહિયા કે જયપ્રકાશ નારાયણની લડતો જે રીતે આજે વીસરાઈ ચૂકેલ છે એ રાહે અણ્ણા હજારેની લડતનું નિકંદન ના નીકળી જાય તેની તકેદારી આપણે સહુએ રાખવાની રહે છે.

અને તેથી જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે અણ્ણાના 'ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાન'ના સમર્થનમાં યોજેલ ધરણાના કાર્યક્રમને અભિનંદન આપવા ઘટે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ સવારના ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | સ્વામિવાત્સલ્ય અને વાર્ષિક સ્નેહ મિલન સમારોહ. |
| ● | રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ સવારના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત રંગોળી હરીફાઈ. |
| ● | શનિવાર, તા. ૧-૧૦-૨૦૧૧ (ચોથું નવરાત્ર) રાત્રે ૮.૦૦ | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત નવરાત્ર મહોત્સવ. શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ. |
| ● | મંગળવાર, તા. ૧૧-૧૦-૨૦૧૧ રાત્રે ૮.૦૦ | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | યુવા વિકાસ સમિતિ આયોજિત શરદ પૂનમોત્સવ. શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ. |
| ● | ગુરુવાર, તા. ૧૩-૧૦-૨૦૧૧ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | વયસ્ક સમિતિ : સંગીત સંધ્યા અને વિદેશ જતાં વયસ્ક સભ્યો માટે ફેરવેલ. |
| ● | ગુરુવાર, તા. ૨૭-૧૦-૨૦૧૧ સાંજના ૫.૦૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | નૂતન વર્ષ મિલન સમારંભ (વર્ષ ૨૦૬૮) |
| ● | રવિવાર, તા. ૮-૧-૨૦૧૨ સવારના ૯.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | વર્ષ ૨૦૧૧ દરમ્યાન સમાજના અવસાન પામેલ આપ્તજનોને શ્રદ્ધાંજલિ સ્વરુપે સમૂહ પ્રાર્થના. |
| ● | શુક્રવાર, તા. ૧૪-૪-૨૦૧૨ સાંજના | સ્થળ નક્કી કરવાનું બાકી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૫૦મા સુવર્ણ વર્ષ મહોત્સવની શરૂઆત તથા તે નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ. |

*બહુ થોડા લોકોને ખબર છે કે તેમને શું જોઈએ છે અને બહુ થોડા લોકો જાણે છે કે તેમને શાની જરૂર છે.*

**પર્યુષણ પર્વ**

# પર્વાધિરાજ પર્યુષણ પર્વ

## જપ, તપ, ભક્તિ, ધ્યાન અને મૈત્રીનો તહેવાર

• દિનેશ આર. મહેતા •

કહેવામાં આવે છે :

*જો જાગત હૈ સો પાવત હૈ,*
*જો સોવત હૈ, વો ખોવત હૈ.*

પર્યુષણ એ જાગૃતિનું પર્વ છે. આખું વર્ષ રોજબરોજની ઘટમાળમાં રહ્યા બાદ પોતાના માટે આત્મશુદ્ધિ માટે કંઈક કરવાનો એ અવસર છે. પર્યુષણ પર્વ જૈનો માટે પર્વાધિરાજ ગણાય છે.

જૈન આગમોનો અભ્યાસ થાય તો ખ્યાલ આવે કે એમાં કેટલીય સચોટ માહિતી છે. **જૈન ધર્મનું પદાર્થ વિજ્ઞાન સ્પષ્ટ છે.** સજીવ અને અજીવનું લોજિક સમજમાં આવી જાય તેવું છે. અણુ સંબંધી અદ્‌ભુત વાસ્તવિક્તા પણ જૈન આગમોમાં હજારો વર્ષ અગાઉ અપાઈ હતી.

ડૉ. કાલિદાસ નાગે સરસ વાત કહી છે : જૈન ધર્મ એ કોઈ અમુક ચોક્કસ જાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી. એ જીવમાત્રનો ધર્મ છે. **જૈન ધર્મ આંતરરાષ્ટ્રીય અને સમગ્ર વિશ્વનો ધર્મ છે.**

ડૉ. રાધાકૃષ્ણએ પણ કહેલું.... જૈન ધર્મ વર્ધમાન અને પાર્શ્વનાથ પહેલાં ઘણાં સમયથી પ્રવર્તમાન ધર્મ હશે, એ વિશે શંકા નથી. સિંધુ નદીની ખીણમાં ખોદકામ કરતા મળી આવેલી મોહન-જો-ડરો અને હડપ્પા સંસ્કૃતિના અવશેષો જૈન ધર્મની પ્રાચીનતા પુરવાર કરે છે.

એ રીતે, ડૉ. એસ.સી. વિદ્યાભૂષણે કહ્યું છે... જૈન ધર્મ સર્વશ્રેષ્ઠ અને પ્રાચીન ધર્મમાંનો એક છે.

જૈન ધર્મ અને મહાવીર સંદેશને વૈજ્ઞાનિક આધાર પણ છે. આચારમાં જોઈએ તો રાત્રિ ભોજન ન કરવું, કંદમૂળ ન ખાવા, ધાર્મિક ક્રિયા વગેરેને વૈજ્ઞાનિક આધાર છે. રાત્રે જમ્યા પછી આપણે ખાસ શ્રમ કરતા નથી એટલે મોડું ખાઈએ તો પાચન બરાબર ન થાય. તેવી રીતે કંદમૂળમાં સૂક્ષ્મ જીવોની માત્રા પ્રમાણમાં વધુ હોય છે.

**આ બધા કારણે મહાપર્વમાં જૈન ધર્મ, આચાર-વિચાર, સિદ્ધાંતની સમજ અપાય છે, અનુમોદના થાય છે.** જૈન ધર્મ સૌથી પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. પરંતુ તે સંબંધી તલસ્પર્શી સંશોધન અધૂરું જણાય છે. બીજી વાત એવી છે કે, મહાવીરનો અહિંસાનો મૂલ્યવાન સંદેશ અન્ય ભાષાઓમાં જોઈએ તેટલો પ્રસિદ્ધ થયેલો નથી અથવા તો તેનો ફેલાવો મર્યાદિત સ્વરૂપનો રહ્યો છે.

જૈન ધર્મમાં આત્માના કલ્યાણ માટે અધ્યાત્મના આશરે જવાનો ઉત્સવ એટલે પર્વાધિરાજ પર્યુષણ પર્વ. **પર્યુષણ એ લૌકિક નહીં લોકોત્તર પર્વ છે, આધ્યાત્મિક પર્વ છે. ઇંદ્રિયો અને મનને શાંત કરવા જપ, તપ, ભક્તિ અને ધ્યાનનો માર્ગ અપનાવાય છે.** તેથી અન્ય પર્વો કરતાં પર્યુષણ પર્વ અનોખું છે.

પર્યુષણનો શાબ્દિક અર્થ જોઈએ તો પરિ + ઉસ + સન એટલે પર્યુષણ. પોતાના આત્માને શુદ્ધ કરવા ભવોભવના અને મુખ્યત્વે આ ભવનાં વિષય કષાયના જાળાને દૂર કરવાની તક પર્યુષણ પર્વ દરમ્યાન પ્રાપ્ત થાય છે.

તીર્થંકર મહાવીરે તો વિશ્વને એક નવી જીવનશૈલી બક્ષી છે. અહિંસાની મૂલ્યવાન વાત તેમણે સામાન્ય ગૃહસ્થ સુધી આસાનીથી પહોંચાડી છે. **"જીવો અને જીવવા દો"** – આ, ક્ષમાપનાનો ભવ્ય સંદેશ ભગવાન મહાવીરે આપ્યો છે. આજના ઈન્ટરનેટના યુગમાં અહિંસા, ક્ષમાપનાની અગત્યતા વધુ છે. અણુશસ્ત્રો વિક્સી રહ્યાં છે. ખૂનખરાબા, હિંસા, યુદ્ધો વગેરે ચાલુ જ છે અને હવે તો રોજબરોજની ઘટના જેવું છે. અને આપણે સંવેદના ગુમાવતા જઈએ છીએ. આ સ્થિતિમાં મહાવીરના સંદેશને જીવનમાં ઉતારવાની અને તે રસ્તે ચાલવાની જરૂર છે. મહાવીર સ્વામીએ એક અવનવી જીવનશૈલી આપી છે. આજે વિશ્વમાં માંસાહારીઓ શાકાહારી બની રહ્યા છે. અહિંસાની વાત પણ ધીરે ધીરે બધાના ગળે ઉતરી રહી છે. હિંસાથી ભરેલા વિશ્વમાં બધા શાંતિ ઝંખે છે અને શાંતિ યુદ્ધથી નહીં, અહિંસાથી જ સ્થપાય તેવું છે. દુનિયામાં ગમે ત્યાં જુઓ શાંતિ અને મંત્રણાથી જ લડાઈ, યુદ્ધનો ઉકેલ આવ્યો છે. અહિંસા એ કાયરતા નથી પરંતુ વીરતાનો શ્રેષ્ઠ ગુણ છે. અહિંસાના પ્રયોગમાં પણ બહાદુરી જોઈએ.

વ્યક્તિ હોય કે યુદ્ધની સ્થિતિ હોય, બીજાને જીતવા કરતાં જાતને જીતવી ખૂબ જરૂરી છે. પર્યુષણ પર્વનો તે મૂળ મંત્ર છે. પોતાની જાત ઉપર વિજય મેળવવો ખૂબ કઠિન છે. તેમાં સફળતા પ્રાપ્ત કરવા તપ, જપ કે ધ્યાનથી પ્રયત્નો કરી શકાય.

મહાવીર સ્વામીએ અહિંસા ઉપરાંત વિશ્વને જે અદ્‌ભુત સિદ્ધાંત આપ્યો તે અનેકાંત છે. **તેમાં ફક્ત પોતાના વિચારનું નહીં પરંતુ અન્યના વિચારનું પણ સ્થાન હોય છે, સન્માન હોય છે.** મહાવીર ભગવાને અનેક મૂલ્યવાન બાબતો કહી છે. અપરિગ્રહનો સિદ્ધાંત આપ્યો અને ક્ષમાપના જૈન સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી સર્વ જીવોને ખમાવવાના હોય છે, 'મિચ્છામિ દુક્કડમ્' કહેવાનું હોય છે. તેના સંદેશમાં જોઈએ તો આજથી આ જગતના સર્વ જીવો સાથે મારે મિત્રતા છે. કોઈની પણ સાથે દુશ્મનાવટ નથી. સહુ મારા મિત્ર છે, હું સહુનો મિત્ર છું. **મારાથી થઈ ગયેલાં અપરાધોની સહુ મને માફી આપો. હું પણ સહુને મારા તરફથી માફી આપું છું.** એકબીજાને ખમાવવાની અદ્‌ભુત પ્રથા જૈન ધર્મમાં છે. આ કારણે પર્યુષણ પર્વને મૈત્રીનું પર્વ પણ કહેવાય છે.

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર,*
*ચીફ જસ્ટીસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

*કામનાને કારણે જ ખામી છે, કામનાથી રહિત થવાથી કોઈપણ ખોટ રહેશે નહિ.*

# સર્વદા વંદનીય અનુમોદનીય પર્યુષણ પર્વ

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ●

ભારતમાં કે વિદેશ સ્થિત પ્રત્યેક જૈન ભાઈ-બહેનોને મન પર્યુષણ પર્વ એ અતિ મહાપર્વ મનાય છે. આ જૈન ભાઈ બહેનો, શ્રાવકો કે સંત ભગવંતો કઠિન તપસ્યા કરે છે. કેટલાક આઠ દિવસના કે પંદર, સોળ કે ત્રીસ અથવા પીસ્તાળીસ દિવસના ઉપવાસ આદરી જીવનને તપથી અલંકૃત કરતા રહે છે. આત્મજાગૃતિ અને આત્મનિરીક્ષણનું આ અણમોલ પર્વ છે.

સંવત્સરી મહાપર્વ એ વેરઝેર કે દુશ્મનાવટને ભૂલી જવાનું અને અતિ ઉદાર હૃદયે ક્ષમા આપી શુદ્ધ થવાનું પર્વ છે. કોઈ પ્રકારની ગેરસમજ ઊભી થઈ હોય કે આર્થિક કારણોસર કે કોઈ રીતરિવાજના કારણે અથડામણ થઈ હોય અને અબોલા સર્જાયા હોય ત્યારે સામે ચાલીને ખમાવવા જવું એ શ્રેષ્ઠ ધર્મ મનાયો છે. “મિચ્છામિ દુક્કડમ્” એ તો વિનાશમાંથી ઉગારી વિકાસ તરફ ગતિશીલ થવાનો મહામંત્ર છે. આમ જો શાબ્દિક હિંસા થઈ ગઈ હોય તો તેમાંથી ઉગરવાનું આ મંત્ર શ્રેષ્ઠ સાધન છે. આ શુભ દિને દાન પુણ્યનું પણ સવિશેષ મહત્ત્વ છે.

સંયમ, જ્ઞાન, ચરિત્ર, દર્શન અને તપ – આ પાંચ અમૂલ્ય સૂત્રોને જાણવાનો આ શુભ અવસર કહેવાય છે. સામાયિક પ્રતિક્રમણ કરવાનું પર્વ એટલે મહાપર્વ પર્યુષણ. “ક્ષમા વીરસ્ય ભૂષણમ્” એ ઉક્તિને આ પર્વમાં ઉજાગર કરી લેવી જોઈએ. મનદુઃખનો કોઈ નાનો સરખો બનાવ બન્યો હોય તો પણ ક્ષમા આપવી એ જ આ પર્વ શીખવે છે. ચોમાસામાં નાના નાના જીવોનો કોઈ પણ પ્રકારે સંહાર ન થઈ જાય એવી સૂક્ષ્મ દયા ભાવનાથી જૈન સંત ભગવંતો, શ્રાવકો, યતિ મુનિઓ ચાતુર્માસ કરે છે. આ ચાતુર્માસ દરમ્યાન કોઈ એક સ્થળે તપ આરાધના સ્વયં કરે છે અને અન્ય આશ્રિતો, શિષ્યોને જ્ઞાન, તપ આદિની સમજણ પ્રદાન કરી સાચી શીખ આપી તેમનું જીવન ધન્ય બનાવે છે.

પર્યુષણ પર્વ એટલે ધર્મ આરાધના કરી પ્રભુ ભક્તિ કરવાનું પર્વ. વર્ષ દરમ્યાન કરેલા પાપ - પુણ્યનો હિસાબ કરવાનું પર્વ. મનની શાંતિ પ્રાપ્ત કરવાનું પર્વ.

પર્યુષણ પર્વનું મૌલિક મહત્ત્વ ક્ષમાપનાની સાધનાને કારણે છે. પર્યુષણનો પ્રાણ ક્ષમાપના છે. કલ્પસૂત્રમાં પણ પર્યુષણની વાસ્તવિક આરાધનાનો સંબંધ ક્ષમાપના સાથે જોડીને જણાવાયું છે કે જે વેર-વિરોધની ગાંઠને છોડી દઈને હાર્દિક ક્ષમાપના કરે છે તે જ પર્યુષણનો સાચો આરાધક છે. જૈન શાસ્ત્રો એમ પણ વર્ણવે છે કે પોતાની સ્વ પ્રશંસા કે વાહ વાહ માટે આ તપ નથી. આત્મદર્શન, આત્મસંયમ અને વિનમ્રતાની કેળવણી આ તપથી અવશ્ય પ્રાપ્ત થાય છે.

પર્યુષણ પર્વમાં માસક્ષમણ જેવા તપ થતા રહે છે. જેને જૈન પરિભાષામાં નૈમિતિક તપ કહેવાય છે. નિત્ય તપ એ તો પ્રતિદિન કરવામાં આવતું તપ છે. તપની ઉજવણીરૂપે થતા ભોજનમાં પણ સંપત્તિના પ્રદર્શનરૂપ કંઈ ન થઈ જવા પામે તેવી વિનમ્રતા સાધકોને કેળવવા મુનિ-મહંતો આદિ સમજણ - શીખ આપતા રહે છે. તપ તો કર્મનિર્જરા અર્થે કરવાના છે. જૈન આગમગ્રંથ “દશ વૈકાલિક સૂત્ર”માં તપની વિભાવના સ્પષ્ટ કરતા આવા સુંદર શબ્દો લખાયા છે : “નન્નત્થ કમ્મનિજ્જરણટ્ઠાએ તવ - મહિટિઠજ્જા.”

આ મહાપર્વ પ્રસંગે મહાન તપના સમસ્ત આરાધકોને હૃદયના ઉમળકાપૂર્વક વંદન સહ બિરદાવીએ.

*“સહજાનંદ”, ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## “ – એમ કહી શકશે ખરી?”

સહુથી પવિત્ર સંબંધ હોય તો તે ભાઈ-બહેનનો છે. “મારો વીર” કહેતાં સ્ત્રીના મુખ ઉપર જે ઉલ્લાસ, જે ગર્વ, જે આત્મીયતા જાગે છે, એ તો દેવોને પણ ઈર્ષ્યા ઉપજાવે. ગુજરાતી ભાષાએ ‘વીર’ એટલે બહાદુર અને ‘વીર’ એટલે ભાઈ, એ બંનેને જોડીને ભાષાને ભાવની અત્યંત ઉચ્ચ સપાટી પર મૂકી દીધી છે. જે પ્રજામાં વીર બેઠો હોય, એની બહેનો વગડામાંયે નિર્ભય ફરતી હોય.

કૉલેજમાં હું ભણતો હતો ત્યારે ત્યાં મેઘાણીએ મેના ગુર્જરીનું ગીત ગાયું હતું. તેની એક પંક્તિ આજે પણ કાનમાં ગુંજે છે. મેના બાદશાહને સંભળાવે છે –

*મુને ન જાણીશ એકલી*
*મારા ગુર્જર ચડે નવ લાખ રે!*

“બાદશાહ, મને એકલી જાણીને ઉપાડી જવાની ગુસ્તાખી કરતો હો, તો રહેવા દેજે. મારા નવ લાખ ગુર્જરો તને ધૂળ ચાટતો કરી દેશે.”

પછી કૉલેજના વિદ્યાર્થીઓ તરફ આંગળી ચીંધી મેઘાણીએ કહેલું : “આ કૉલેજની કોઈ પણ છોકરીની છેડતી થાય, તો તે ગુંડાને એમ કહી શકશે ખરી કે, મારી પાછળ મારા પાંચસો વીર બેઠા છે, તારી ખો ભૂલાવી દેશે!”

*– મકરંદ દવે*

*ઈર્ષારહિત સ્પર્ધા જ સફળતા અપાવે છે.*

કચ્છ

# કચ્છ જિલ્લાનું ઔદ્યોગિકીકરણ : આર્થિક વિકાસનો નવો આયામ

• એચ. સી. દેસાઈ •

*માસ ઓગસ્ટ-૨૦૧૧ના વિશેષાંકમાં કચ્છ જિલ્લાની માહિતીના સંદર્ભમાં અસમાવિષ્ટ બાકીના લેખ અત્રે પ્રસ્તુત કર્યા છે.*
*– મુખ્ય તંત્રી*

• **પ્રસ્તાવના :**

પરાપૂર્વથી કચ્છ તેની કલાકારીગરી અને ભાતીગળ સંસ્કૃતિ થકી મશહૂર છે. આમ તો દેશના પશ્ચિમ કાંઠે આવેલ આ સરહદી જિલ્લાના લોકો કુદરતી આપત્તિ અને વિટંબણાઓથી ટેવાઇ ગયા છે. પરંતુ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલ વિનાશકારી ધરતીકંપને લઇને જિલ્લાનું લોકજીવન સંપૂર્ણપણે તહસનહસ થઇ ગયું હતું. હજારો માણસોના મૃત્યુ થયા હતા અને લાખો માણસોએ તેમના ઘરબાર સમેત અબજો રૂપિયાની માલમિલકત ગુમાવી હતી. આમ છતાં, આ પ્રદેશની પ્રજાએ તેનું ખમીર ગુમાવ્યું ન હતું અને આ જ જુસ્સાને લઇને તેમજ વિશ્વના અનેક ભાગોમાંથી મળેલી સહાયનો રાજ્ય સરકાર દ્વારા સુનિયોજિત ઉપયોગ કરીને પુનઃનિર્માણની અસરકારક કામગીરીને પરિણામે ગુમાવેલ નુકસાન કરતાં જિલ્લાનું અર્થતંત્ર વિશેષ તેજીથી વધારે સારી રીતે બેઠું થઇ શક્યું છે. આનો યશ, પ્રદેશના લોકોને જ આપવો ઘટે.

ભૌગોલિક રીતે ફક્ત રાજ્યમાં જ નહિ પણ સમગ્ર દેશના તમામ જિલ્લાઓમાં સૌથી મોટો વિસ્તાર ધરાવતા કચ્છ જિલ્લામાં રાજ્યના ક્ષેત્રફળનો ૪૫,૬૫૨ ચોરસ કિલોમીટર જેટલો જમીનનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. કેટલાક રાજ્યોના ક્ષેત્રફળ કરતાં પણ કચ્છ જિલ્લાનો વિસ્તાર મોટો છે. જિલ્લાના કેટલાક ભાગમાં રણનો વિસ્તાર આવેલો છે, જ્યારે જિલ્લાને અડીને લગભગ ૩૬૦ કિલોમીટર જેટલો સાગરકાંઠો આવેલો છે. આમ રણ વિસ્તાર તેમજ સમુદ્રતટ બન્નેનો સમન્વય દેશના ફક્ત આ એક જિલ્લામાં જ થયેલ છે. જે એક કુદરતી વિસ્મય છે. છેલ્લી ગણતરી મુજબ જિલ્લામાં ૧૫,૮૨,૭૫૯ જેટલી માનવ વસતિ છે. આમ વસતિની ઘનતાની દૃષ્ટિએ પ્રતિ ચોરસ કિલોમીટરે ૩૪.૭ જેટલી વ્યક્તિઓ વસે છે. જેની સામે રાજ્યની ઘનતા પ્રતિ ચોરસ કિલોમીટરે ૨૫૮ જેટલી થવા જાય છે. જિલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ વસતિના ૫૨.૭૪ ટકા જેટલું નોંધાયેલ છે. સમગ્ર રાજ્યનું સાક્ષરતાનું પ્રમાણ ૬૯.૧૪ ટકા જેટલું નોંધવામાં આવેલ છે. આમ સાક્ષરતાની દૃષ્ટિએ જિલ્લો પછાત ગણી શકાય.

## કુદરતી સંપત્તિ

જિલ્લામાં આવેલ કુદરતી સંપત્તિની વિગત આ પ્રમાણે છે.

• **ખનિજ સંપત્તિ :**

ખનિજ સંપત્તિની ઉપલબ્ધિની દૃષ્ટિએ કચ્છ જિલ્લો રાજ્યમાં એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જિલ્લામાંથી મળી આવતા ખનિજોમાં મુખ્યત્વે લિગ્નાઇટ, બોક્સાઇટ, બેન્ટોનાઇટ, ચૂનાનો પથ્થર, જિપ્સમ, ફાયર ક્લે, ચાઇના ક્લે વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ ચૂનાનો પથ્થર, લિગ્નાઇટ, બેન્ટોનાઇટ, સિલિકા સેન્ડ અને બોક્સાઇટ ઉદ્યોગો માટે કિંમતી પેદાશો ગણી શકાય અને તેને આધારિત અનેક ઉદ્યોગોની સ્થાપના માટે સંભાવના રહેલી છે. જિલ્લામાં બોક્સાઇટ આધારિત એલ્યુમિનિયમની વિશાળ રિફાઇનરીની સ્થાપનાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે અને તેને પરિણામે આગામી સમયમાં મોટા પ્રમાણમાં રોજગારીની નવી તકો નિર્મિત થવાની સંભાવના છે.

• **કૃષિ સંપત્તિ :**

કચ્છમાં બાજરી, ઘઉં અને જુવારનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે. જ્યારે કઠોળમાં મગ, મઠ, ચણા, વાલ અને અડદની ઉપલબ્ધિ પણ સારા એવા પ્રમાણમાં છે. મગફળી લગભગ બધા જ તાલુકાઓમાં થાય છે. જ્યારે અન્ય મુખ્ય પાકોમાં ગુવાર, તલ, દિવેલ અને કપાસનો સમાવેશ થાય છે.

બાગાયત પેદાશોમાં ખારેક તથા બોરનો પાક લેવામાં આવે છે. આ ઉપરાંત માતૃછોડ વિકાસ યોજના હેઠળ આંબા, ચીકુ, બોર, નાળિયેરી, જામફળ તથા દાડમની કલમો તથા રોપાઓ તૈયાર કરવામાં આવે છે. આ કૃષિ પેદાશોની પ્રક્રિયા કરીને નવા ઉદ્યોગો સ્થાપી શકાય. જિલ્લામાં નજીકના ભૂતકાળમાં કેસર કેરીના વાવેતરના સફળતાપૂર્વક પ્રયાસો કરવામાં આવ્યા છે અને આગામી સમયમાં તેનો પાક મોટા પ્રમાણમાં થવાની શક્યતા ઊભી થઇ છે.

જિલ્લામાં એક પણ જંગલ આવેલ નથી પરંતુ મોટા ઘાસના બીડમાં બાવળ અને કાંટાળા ઝાડનો મોટા પ્રમાણમાં વિકાસ થયો છે. ગુજરાત વન વિકાસ નિગમ મારફતે ગુંદર અને ગૂગળનું ઉત્પાદન કરવામાં આવે છે, જ્યારે ગૌણ પેદાશોમાં મધ અને મીણનો સમાવેશ થાય છે.

*માફી આપવી એ મોટાઈનું લક્ષણ છે.*

● **દરિયાઇ સંપત્તિ :**

કચ્છ એક સમુદ્રતટીય પ્રદેશ હોવાને કારણે મીઠાનું ઉત્પાદન સ્વાભાવિક રીતે જ કચ્છનો મુખ્ય ઉદ્યોગ છે. રાજ્યમાં ઉત્પાદિત થતા મીઠાના કુલ ઉત્પાદનમાં કચ્છ જિલ્લો ૬૦ ટકા જેટલો ફાળો આપે છે. આ ઉદ્યોગનો વિકાસ અંજાર, ગાંધીધામ, મુંદ્રા, ભચાઉ અને રાપર તાલુકામાં સારા એવા પ્રમાણમાં થયો છે. તેથી મીઠા આધારિત ઉદ્યોગો માટે વિપુલ તકો રહેલી છે. આ ઉપરાંત મત્સ્યોદ્યોગ અને તેને આધારિત ઉદ્યોગોનો વિકાસ પણ ખૂબ થયો છે. મત્સ્યોદ્યોગના વિકાસ માટે જખૌ બંદર અને તેની આસપાસનો વિસ્તાર ખૂબ જ અનુકૂળ જણાયો છે.

## આંતરમાળખાકીય સુવિધાઓ

ઔદ્યોગિક વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધાઓની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધિ જરૂરી છે. ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ દ્વારા તાજેતરમાં દિલ્હી સ્થિત કન્સલટન્સી સંસ્થા દ્વારા એક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો અને કચ્છ જિલ્લામાં આગામી વર્ષોમાં આર્થિક વિકાસની ભાવિ સંભાવનાઓને લક્ષ્યમાં લઇને જરૂરી આંતરમાળખાકીય સુવિધાના વિકાસનું આકલન કરવામાં આવ્યું હતું અને તે અનુસાર સરકાર દ્વારા સુનિયોજિત પગલાં લેવાઇ રહ્યા છે.

● **ઔદ્યોગિક વસાહતો :**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે જિલ્લામાં હાલમાં ભુજ, નાગોર, અંજાર, અંજાર (નવી), ગાંધીધામ, માધાપર, મુંદ્રા (મીની), માંડવી, નખત્રાણા, માખેલ, ધ્રબ અને મીઠી રોહર ખાતે એમ કુલ-૧૨ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરેલ છે. કંડલા ખાતે ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા સ્થપાયેલ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન કાર્યાન્વિત છે. તદુપરાંત, મુંદ્રા ખાતે અદાણી જૂથ દ્વારા પણ એક સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સ્થપાઇ રહ્યો છે.

● **વીજળી :**

જિલ્લામાં લિગ્નાઇટની વિપુલ ઉપલબ્ધિ હોવાને કારણે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ૭૫ મેગાવોટની ક્ષમતા ધરાવતા ત્રણ એકમો કાર્યાન્વિત થઇ ગયા છે. જ્યારે મુંદ્રા ખાતે ૫૦૦ મેગાવોટની ક્ષમતા તથા અક્રીમોટા ખાતે ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટોની સ્થાપનાની કામગીરી હાલમાં ચાલુ છે. જે પૈકી અક્રીમોટા ખાતે ૧૨૫ મેગાવોટની ક્ષમતા ધરાવતું એકમ ઉત્પાદન માટે તૈયાર થઇ ગયેલ છે. ઉપરાંત જિલ્લામાં તાજેતરમાં જે નવા ઉદ્યોગો સ્થપાયા કે સ્થપાઇ રહેલ છે તેઓ તેમની વીજળીની જરૂરિયાત માટે સ્વવપરાશના નાના પાવર પ્લાન્ટોની સ્થાપના કરી રહેલ છે.

● **પાણીની ઉપલબ્ધિ :**

જિલ્લામાં ૩૪૬ મી.મી.ની સરેરાશ સાથે વરસાદ પડે છે. તદુપરાંત સરકાર દ્વારા સરદાર સરોવરની નર્મદા નહેર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. જેમાંથી પ્રતિદિન ૪,૫૦,૦૦,૦૦૦ લિટર જેટલું પાણી ઔદ્યોગિક વપરાશ માટે અનામત રાખવામાં આવેલ છે. તદુપરાંત જિલ્લો સમુદ્રતટ પર હોવાને લઇને ભવિષ્યમાં દરિયાના ખારા પાણીને મીઠું બનાવીને ઉપયોગમાં લેવાની વિપુલ સંભાવના રહેલી છે. જિલ્લામાં ચેકડેમો, અનુશ્રવણ તળાવો તથા સિંચાઇની અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આમ છતાં, અપૂરતી પાણીની ઉપલબ્ધિને પરિણામે જિલ્લામાં જળલક્ષી ઉદ્યોગો સ્થાપવાનું આયોજન કરવું સલાહભર્યું નથી.

● **બંદરો :**

જિલ્લાને સ્પર્શતા સાગરતટની લંબાઇ લગભગ ૩૬૦ કિલોમીટર જેટલી થવા જાય છે. જેની પર કંડલા, મુંદ્રા, માંડવી, જખૌ, કોટેશ્વર અને તુણા જેવા બંદરો આવેલા છે. જિલ્લામાં કંડલા ખાતે આવેલ બંદરને મહાબંદરનો દરજ્જો મળેલ છે. અને ત્યાં હાલમાં એક સ્પેશિયલ ઇકોનોમિક ઝોન પણ કાર્યાન્વિત છે. જ્યારે મુંદ્રા ખાતે અદાણી જૂથ દ્વારા એક આધુનિક બંદરનો વિકાસ કરવામાં આવ્યો છે. ત્યાં પણ એક સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સ્થપાઇ રહ્યો છે. માંડવી ખાતે મધ્યકક્ષાનું ફેરવેધર બંદરનું ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જખૌ ખાતે પણ એક ફેરવેધર લાઇટરેજ બંદર અસ્તિત્વમાં છે. અન્ય નાના બંદરોમાં કોટેશ્વર અને તુણાનો સમાવેશ થાય છે. માંડવી બંદર ખાતે બોટબિલ્ડિંગ ઉદ્યોગનો વિકાસ સારા એવા પ્રમાણમાં થયો છે.

● **માર્ગો અને રસ્તાઓ :**

જિલ્લામાંથી પસાર થતા માર્ગોની કુલ લંબાઇ ૫,૮૦૫ કિલોમીટર જેટલી થવા જાય છે. તે પૈકી ૨૬૩ કિલોમીટર જેટલી લંબાઇનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ૧૮૫૫ કિલોમીટર જેટલી લંબાઇના રાજ્ય ધોરીમાર્ગો, ૮૪૯ કિલોમીટરના મુખ્ય જિલ્લા માર્ગો તથા ૨૮૩૮ કિલોમીટરની લંબાઇના અન્ય તથા ગ્રામ્ય માર્ગોનો સમાવેશ થાય છે.

● **રેલવે સુવિધા :**

જિલ્લામાંથી કુલ ૩૮૫ કિલોમીટરની રેલલાઇન પસાર થાય છે, જેમાં ૧૨૩ કિલોમીટર લંબાઇની બ્રોડગેજ રેલવે લાઇનોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ગાંધીધામ મુખ્ય રેલવે સ્ટેશન છે અને દેશના અન્ય મહત્ત્વના કેન્દ્રો સાથે બ્રોડગેજ માર્ગે સંકળાયેલ છે. અન્ય મુખ્ય સ્ટેશનોમાં ભુજ તેમજ ભચાઉનો સમાવેશ થાય છે. પાલનપુર-ગાંધીધામ રેલવે લાઇનના ગેજપરિવર્તનનું કામકાજ હાલમાં પૂરજોશમાં ચાલુ છે અને તે પૂર્ણ થયેથી ઉત્તર ભારતના મહત્ત્વના કેન્દ્રો સાથેનું રેલ અંતર ઘટશે.

● **હવાઇપટ્ટી :**

જિલ્લામાં કંડલા અને ભુજ ખાતે હવાઇ પટ્ટીઓ આવેલી છે અને તેના દ્વારા કચ્છ જિલ્લો મુંબઇ સાથે હવાઇ માર્ગે સંકળાયેલો છે.

● **સંચાર સુવિધા :**

કુલ ૧,૦૩,૬૯૬ ટેલિફોન જોડાણોની મંજૂરી સાથે હાલમાં ૬૨૨ ગામોને આવરી લેતા ૨૧૦ જેટલા ટેલિફોન એક્ષ્ચેન્જો કાર્યરત છે અને તે દ્વારા કચ્છ જિલ્લો દેશના અન્ય ભાગો સાથે સંચાર સુવિધાથી સંકળાયેલો છે. જિલ્લાના મુખ્ય કેન્દ્રો જેવા કે આદિપુર, ભુજ, અંજાર, ગાંધીધામ, સામખિયાળી, રાપર, તો વળી મોબાઇલ ફોન સેવાઓથી પણ જોડાયેલા છે.

*જે પોતાના સુખને માટે વસ્તુઓની ઈચ્છા કરે છે તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે.*

● **બેન્કિંગ :**

ઉપલબ્ધ માહિતી અનુસાર જિલ્લામાં જુદી જુદી બેન્કોની ૨૦૧ શાખાઓ આવેલી છે જેમાં ૧૩૨ જેટલી રાષ્ટ્રીયકૃત બેન્કોની શાખાઓનો સમાવેશ થાય છે. હાલમાં જિલ્લામાં ધીરાણ કરતા થાપણનું પ્રમાણ વિશેષ છે. આમ છતાં, ઘણી બેન્કો ઔદ્યોગિક પ્રોજેક્ટોને ધીરાણ આપે છે. દેશના ગ્રામીણ ક્ષેત્રોમાંથી બેન્કોને જે થાપણો મળે છે, તે પૈકી કચ્છ જિલ્લામાં આવેલ બળદિયા ગામમાંથી સમગ્ર દેશમાં સૌથી મહત્તમ રકમની થાપણો મળે છે.

● **તબીબી સુવિધાઓ :**

જિલ્લામાં હાલમાં ૩ સિવિલ હોસ્પિટલ, ૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૩૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અસ્તિત્વમાં છે. જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે માનનીય પ્રધાનમંત્રીશ્રીના ભંડોળમાંથી રૂા. ૧૨૦ કરોડના ખર્ચે આધુનિક સાધનોથી સુસજ્જ હોસ્પિટલ તૈયાર થઇને કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આયુર્વેદ અને હોમિયોપેથીના દવાખાના પણ આવેલા છે. વિશેષમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ વિવિધ રોગોની સારવાર પૂરી પાડવામાં આવે છે.

## ઉદ્યોગોને આપવામાં આવતા પ્રોત્સાહન લાભો

ભૂકંપ બાદ જિલ્લાનું અર્થતંત્ર છિન્નભિન્ન થવાને પરિણામે, કચ્છ જિલ્લામાં આર્થિક પ્રવૃત્તિ વેગવંતી કરવાની જરૂરિયાત ઊભી થઇ હતી. ખાસ કરીને નવા ઉદ્યોગોની સ્થાપના થકી નવી રોજગારીની તકો નિર્મિત કરવાનું આવશ્યક જણાયું હતું. તેથી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા બહારના ઉદ્યોગકારોને જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા માટે આકર્ષવાના હેતુથી પ્રોત્સાહન લાભોની યોજના જાહેર કરવામાં આવી હતી. આમાં મુખ્યત્વે આબકારી જકાત મુક્તિ અને વેચાણવેરા મુક્તિ અથવા વિલંબિત ચૂકવણીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓની વિગત નીચે મુજબ છે.

● **આબકારી જકાતના લાભો :**

કચ્છમાં ઔદ્યોગિક ક્ષેત્રે નવું ઔદ્યોગિક મૂડીરોકાણ આકર્ષવાના હેતુથી અને ત્યાંની સ્થાનિક પ્રજા માટે રોજગારીની નવી તકો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે હેતુથી ભારત સરકારે નોટિફિકેશન નં. ૩૯/૨૦૦૧ - સેન્ટ્રલ એક્સાઇઝ, તા. ૩૧-૭-૨૦૦૧ દ્વારા આબકારી જકાત માફીના લાભો આપવાનું ઠરાવેલ છે. પ્રારંભમાં આ નોટિફિકેશનની તારીખથી બે વર્ષ માટે એટલે કે તા. ૩૧-૭-૨૦૦૧થી તા. ૩૧-૭-૨૦૦૩ સુધીમાં નવા એકમો સ્થપાય તેઓને આ યોજનાનો લાભ આપવાનું નિર્ધારિત કરેલ. ત્યારબાદ નોટિફિકેશન નં. ૪૫/૨૦૦૨ - સેન્ટ્રલ એક્સાઇઝ, તા. ૨-૯-૨૦૦૨ દ્વારા વધુ એક વર્ષની સમયમર્યાદા એટલે કે અમલીકરણનો ગાળો તા. ૧-૭-૨૦૦૪ સુધી લંબાવવામાં આવેલ હતો. ત્યારબાદ નોટિફિકેશન નં. ૯/૨૦૦૪ - સેન્ટ્રલ એક્સાઇઝ, તા. ૨૧-૧-૨૦૦૪ દ્વારા આ સમયગાળાની મુદત ૩૧-૧૨-૨૦૦૪ સુધી લંબાવવામાં આવી હતી. નોટિફિકેશન નં. ૫૫/૨૦૦૪ - સેન્ટ્રલ એક્સાઇઝ, તા. ૯-૧૧-૨૦૦૪ અન્વયે ફરી એકવાર આ સમયગાળાની મુદત ૩૧-૧૨-૨૦૦૫ સુધી લંબાવવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કચ્છ જિલ્લામાં જે નવા ઔદ્યોગિક એકમોની સ્થાપના કરવામાં આવશે, તેઓ દ્વારા પ્લાન્ટ અને મશીનરીમાં રૂા. ૨૦ કરોડ સુધી કરવામાં આવેલ રોકાણની બમણી રકમના વેચાણને પ્રતિવર્ષ ધ્યાનમાં રાખીને કુલ પાંચ વર્ષની મર્યાદામાં આબકારી જકાત માફીના લાભો આપવામાં આવે છે. જ્યારે પ્લાન્ટ અને મશીનરીમાં રૂા. ૨૦ કરોડથી વધુ મૂડીરોકાણ જે તે એકમ દ્વારા કરવામાં આવે તેવા કિસ્સામાં તેઓને પાંચ વર્ષના સમય માટે આબકારી જકાત માફીના લાભો કોઇપણ જાતની નાણાકીય મર્યાદા વગર મળી શકશે. પ્રથમ નોટિફિકેશનમાં જણાવેલ અપાત્ર ચીજવસ્તુઓને બાદ કરતા તમામ ચીજવસ્તુઓના ઉત્પાદન માટે તેઓને લાભો આપવામાં આવે છે.

● **વેચાણવેરાના પ્રોત્સાહન લાભો :**

રાજ્ય સરકારના ઠરાવ નં. આઇએનસી-૧૦૨૦૦-૯૦૩-આઇ, તા. ૯-૧૧-૨૦૦૧ અન્વયે કચ્છ જિલ્લામાં આવતા નવા મૂડીરોકાણ માટે વેચાણવેરાના પ્રોત્સાહન લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે. તા. ૩૧-૭-૨૦૦૧થી ૩૧-૧૦-૨૦૦૪ દરમિયાન જે એકમો ઔદ્યોગિક ઉત્પાદન શરૂ કરે તેઓને વેચાણવેરા મુક્તિના લાભો અથવા વિલંબિત ચૂકવણીના લાભો આપવાનું નક્કી કરેલ. જ્યારે ૩૧-૧૦-૨૦૦૪ સુધીની મુદત સુધીમાં જે તે એકમો ઉત્પાદન શરૂ કરી શકે નહિ, પરંતુ અમલીકરણ હેઠળ હોય અને તેઓએ ૩૧-૧૦-૨૦૦૪ સુધીમાં પ્રોજેક્ટોની સ્થાપના માટે નિર્દિષ્ટ અસરકારક પગલાં લીધા હોય તથા એકમ ૩૧-૧૦-૨૦૦૫ સુધીમાં ઉત્પાદનમાં જવાની બાંયધરી આપે તો તેવા કિસ્સાઓને પણ પાઇપલાઇન એકમ ગણીને યોજના હેઠળ લાભ આપવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ અન્ય એક ઠરાવ નં. આઇએનસી-૧૦૨૦૦-૯૦૩-આઇ, તા. ૧૩-૯-૨૦૦૪ અન્વયે અમલીકરણનો ગાળો લંબાવીને ૩૧-૧૨-૨૦૦૪ સુધીનો કરવામાં આવેલ. વળી પાઇપલાઇન એકમોને ઉત્પાદનમાં જવાની તારીખ ૩૧-૧૨-૨૦૦૬ સુધી લંબાવવામાં આવેલ. અન્ય એક ઠરાવ નં. આઇએનસી-૧૦૨૦૦-૯૦૩-આઇ, તા. ૭-૧-૨૦૦૫ હેઠળ પાઇપલાઇન એકમો માટે અસરકારક પગલાં લેવાની તારીખની મુદત ફરી એકવાર ૩૧-૧૨-૨૦૦૫ સુધી લંબાવવામાં આવેલ અને ઉત્પાદનની તારીખ ૩૧-૧૨-૨૦૦૭ સુધી લંબાવવામાં આવેલ.

તેથી આ યોજના હેઠળ જે તે ઉદ્યોગકારો કચ્છ જિલ્લામાં ૩૧-૭-૨૦૦૧ થી ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં પોતાના એકમની સ્થાપના કરીને ઉત્પાદન શરૂ કરે તેને વેચાણવેરાના પ્રોત્સાહન લાભો મળી શકે. આમ છતાં, જે એકમો અમલીકરણ હેઠળ હોય અને નીચે પ્રમાણેના અસરકારક પગલાં ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં લે તથા ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં તેમનું ઉત્પાદન શરૂ કરે તેમને પણ પ્રોત્સાહન લાભોની યોજનાનો લાભ મળી શકે.

*પરાજયથી સત્યાગ્રહીને નિરાશા થવી જોઇએ નહીં, બલકે તેનાથી તેની કાર્યક્ષમતા અને લગન વધે છે.*

૧. લઘુ ઉદ્યોગ, મધ્યમ કે મોટા ઉદ્યોગો માટે રજિસ્ટ્રેશનની અરજી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કરેલ હોવી જોઇએ.

૨. તા. ૩૧-૧૨-૨૦૦૫ અગાઉ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવેલ હોવો જોઇએ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી ધીરાણની મંજૂરી મળેલ હોવી જોઇએ.

૩. તા. ૩૧-૧૨-૨૦૦૫ અગાઉ ખાનગી વ્યક્તિ કે જીઆઇડીસી પાસેથી જમીન મેળવેલ હોવી જોઇએ.

ઉક્ત યોજના હેઠળ જે તે એકમ જેટલી રકમ સ્થાયી મૂડીરોકાણ તરીકે કરશે તેઓને તેના ૧૦૦ ટકા જેટલી રકમ માટે વેચાણવેરા મુક્તિ કે વિલંબિત ચૂકવણીના લાભો મળી શકશે. રૂા. ૧૦ કરોડ કે તેથી ઓછું સ્થાયી મૂડીરોકાણ હશે તેવા કિસ્સામાં આ લાભ પાંચ વર્ષની મર્યાદા માટે મળશે, જ્યારે જે એકમો રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ પરંતુ રૂા. ૫૦ કરોડથી ઓછા સ્થાયી મૂડીરોકાણથી ઉત્પાદન શરૂ કરશે તેવા એકમોને ૭ વર્ષ માટે, અને જે એકમ રૂા. ૫૦ કરોડથી વધુ સ્થાયી મૂડીરોકાણ કરશે તેઓને ૧૦ વર્ષ માટે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે. વધુમાં ઠરાવવામાં આવેલ છે કે રૂા. ૧૦૦ કરોડ કે તેથી વધુ સ્થાયી મૂડીરોકાણથી જે તે એકમો ઉત્પાદનમાં જશે તેઓને વેચાણવેરા મુક્તિ અને વેચાણવેરા વિલંબિત ચૂકવણીના સંયુક્ત લાભો મળવાપાત્ર થશે.

આ યોજના હેઠળ પાત્ર એકમોને પ્રતિવર્ષ કેટલો લાભ મળી શકશે તે બાબત એકમે પ્લાન્ટ અને મશીનરીમાં કરેલ મૂડીરોકાણ, કુલ સ્થાયી મૂડીરોકાણ, વર્ષ દરમિયાન થનાર ખરીદી/વેચાણ, જે તે વર્ષમાં લાગુ પાડવામાં આવેલ આબકારી જકાત અને વેચાણવેરાના દરો વગેરે પર આધારિત રહેશે.

કચ્છ જિલ્લામાં પ્રસ્તુત યોજના હેઠળ હાલમાં થયેલ તથા સંભવિત મૂડીરોકાણ

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ઉપરોક્ત યોજનાઓને સારો એવો પ્રતિસાદ સાંપડ્યો છે અને હાલમાં જિલ્લામાં યોજનાના અંત સુધીમાં કુલ મૂડીરોકાણ રૂા. ૨૮,૮૬૨ કરોડ જેટલું થવાની સંભાવના છે, જેની વિગત નીચે મુજબ છે. *(નીચે ટેબલમાં દર્શાવેલ છે.)*

ઉપરોક્ત મૂડીરોકાણ થકી ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટોમાં મુખ્યત્વે ટેરીટોવેલ, વિવિધ પ્રકારના માઇલ્ડસ્ટીલ તેમજ આયર્નના પાઇપો, લૉ ઍશ મેટલર્જિકલ કોક, એડિબલ ઓઇલ રિફાઇનરી, સિમેન્ટ, રસાયણો, સાબુ, ડિટર્જન્ટ બાર, ગ્રેનાઇટ ટાઇલ્સ, બ્રોમિન તથા સંલગ્ન રસાયણો, કાસ્ટિંગ, પવન ઊર્જા ઉત્પાદન કરવા માટે વપરાતી ટર્બાઇનો, વિડિયો સીડી વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે સ્થપાઇ રહેલા ઉદ્યોગોમાં મુખ્યત્વે એલ્યુમિનિયમ રિફાઇનરી, ગેલ્વેનાઇઝના પતરાંઓ તથા કોઇલ્સ, પીએફવાય, કલર ટેલિવિઝન સેટસ, રેફ્રિજરેટર એસેમ્બલી, ટીનપ્લેટ, મીઠા આધારિત રસાયણો, સ્પોન્જ આયર્ન, ફેરો એલોયઝ, વિટ્રીફાઇડ તથા ગ્લેઝ્ડ ટાઇલ્સ, વીજાણુ સાધનો, ગૃહ વપરાશના વિદ્યુત સાધનો, ટૂથબ્રશ, મેટલ પ્રિન્ટીંગ, મચ્છર મારવાની કોઇલ, સ્ટીલ અને એલ્યુમિનિયમ રોલિંગ, સ્ટીલ કાસ્ટિંગ્સ, સ્ટીલ પાઇપ્સ, કોલ્ડ કોઇલ્સ/શીટસ, ટીએમટી બાર, રોલ્ડ બિલેટસ, એરકન્ડિશનર્સ, વોશિંગ મશીન્સ, રિફ્રેક્ટરીઝ, વેજિટેબલ ઓઇલ, સબમર્સિબલ પમ્પસ, ઓપ્ટિકલ ડિસ્ક, પીગ આયર્ન, સોલ્વન્ટ ઓઇલ વગેરે જેવી પેદાશોનો

| | વિગત | પ્રોજેક્ટોની સંખ્યા | અંદાજિત મૂડીરોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| અ. | ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટો | | |
| | લઘુ ઉદ્યોગના એકમો | ૭૭૧ | ૪૧.૩૨ |
| | મધ્યમ અને મોટા ઉદ્યોગો | ૫૬ | ૩૦૪૬.૯૨ |
| | **કુલ ઉત્પાદનમાં ગયેલ એકમો** | **૮૨૭** | **૩૦૮૮.૨૪** |
| **બ.** | **અમલીકરણ હેઠળ રહેલ મધ્યમ અને મોટા ઉદ્યોગો** | **૯૭** | **૮૧૯૫.૫૪** |
| **ક.** | **વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક નિવેશક પરિષદ-૨૦૦૫ તથા ૧૨-૨-૦૫ના રોજ ગાંધીધામ ખાતે આયોજિત ગોળમેજી પરિષદ થકી સમજૂતી કરારો અને જાહેરાતો દ્વારા મળેલી નવા પ્રોજેક્ટોની દરખાસ્તો** | **૨૩** | **૧૭૫૭૮.૬૧** |
| | **કચ્છ જિલ્લામાં એકંદરે થનાર સંભવિત મૂડીરોકાણ** | **૯૪૭** | **૨૮૮૬૨.૩૯** |

*બીજાને માટે ત્યાગ કરનારો જ સાચો પરોપકારી કહેવાય.*

સમાવેશ થાય છે.

તદુપરાંત, જાન્યુઆરી, ૨૦૦૫માં અમદાવાદ ખાતે યોજાયેલ વૈશ્વિક નિવેશક પરિષદ દરમિયાન થયેલ સમજૂતી કરારો હેઠળ પણ કેટલાક માળખાગત સુવિધા ઊભી કરવાના પ્રોજેક્ટો જેવા કે લિગ્નાઇટ આધારિત વીજમથક, પવન ઊર્જા આધારિત વીજમથક, શીપ એન્જિનિયરિંગ સેવાઓ, બંદરીય સુવિધાઓ, કોટેશ્વર ખાતે નવી જેટીના બાંધકામ વગેરે પ્રોજેક્ટોની દરખાસ્તો મળેલ છે. ઉત્પાદન ક્ષેત્રે પણ સ્પોન્જ આયર્ન, સ્ટીલ પ્લેટ મિલ, ભારે વાહનો/પેસેન્જર કારની એસેમ્બલી, સ્ટીલ પાઇપ, પવન શક્તિથી ચાલતી ટર્બાઇન, જીઓસિન્થેટિક ક્લે લાઇનર્નસ, ટેક્ષટાઇલ્સ, રિરોલ્ડ પ્રોડક્ટસ, બ્રોમિન અને મીઠા આધારિત રસાયણો, સ્પીનિંગ વગેરે બનાવટો માટેના પ્રોજેક્ટો સ્થાપવા માટેની જાહેરાત થયેલ છે.

આમ, કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ ઔદ્યોગિક અને માળખાગત ક્ષેત્રે સારું એવું મૂડીરોકાણ થઇ રહ્યું છે. ઉપર્યુક્ત બાબતોને લક્ષ્યમાં લઇએ તો એવું કહી શકાય કે આગામી સમયમાં કચ્છ સૉ-પાઇપ્સ, સ્પોન્જ આયર્ન, પોલાદની વિવિધ પેદાશો, ગૃહવપરાશના સાધનો, વ્હાઇટ ગુડઝ, ખાદ્ય તેલો, એલ્યુમિનિયમ અને તેના સંબંધિત ઉદ્યોગો, સિરામિક પેદાશો, મીઠા આધારિત રસાયણો વગેરેના ઉત્પાદન માટે ભારતમાં એક મહત્ત્વનું મથક બની રહેશે. વળી કંડલા અને મુંદ્રા જેવા અતિ આધુનિક બંદરોને કારણે વધુને વધુ નિકાસલક્ષી એકમોની સ્થાપના કરવાનું વલણ જોવા મળશે. તદુપરાંત, સ્થપાયેલ ઉદ્યોગો ભવિષ્યમાં તેમની વિસ્તરણ તથા વૈવિધ્યકરણની યોજનાઓ પણ તેમના હાલના ઉદ્યોગના સ્થળે જ અમલમાં મૂકશે તેથી આગામી સમયમાં વધુને વધુ મૂડીરોકાણ થતું જોવા મળશે. આ ઉદ્યોગોની આનુષંગિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ચોક્કસપણે અન્ય ઉદ્યોગો અને સેવાઓની પણ આગામી સમયમાં મોટી માંગ ઊભી થશે. જેના પરિણામે કચ્છ ભારતના એક ખૂણામાં આવેલ હોવા છતાં ઔદ્યોગિક જિલ્લા તરીકે ઊભરી આવશે તે નિઃશંક બાબત છે.

આનુષંગિક ઉદ્યોગોમાં ખાસ કરીને એલ્યુમિનિયમ વાયર રોડ, એલ્યુમિનિયમ ફોઇલ, એલ.પી.જી. સીલિન્ડર્સ, વેલ્ડેડ લિન્ક ચેઇન્સ, એર અને ગેસ કોમ્પ્રેસર, કટિંગ ટૂલ્સ, મટિરિયલ્સ હેન્ડલિંગ ઇક્વિપમેન્ટ, પમ્પ્સ, ટેલિકોમ્યુનિકેશન કેબલ, લાઇટિંગ, ફીટિંગ અને ફિક્સચર્સ, પીવીસી પેકિંગ મટિરિયલ્સ, મીઠા આધારિત રસાયણો અને તેની બનાવટો, ફૂડ પ્રોસેસિંગ વગેરેનો સમાવેશ કરી શકાય.

સેવા પ્રકારની વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે ઇન્ફર્મેશન ટેકનોલોજી આધારિત સેવાઓ, કોમ્પ્યુટર રિપેરિંગ, ફોન તથા મોબાઇલ રિપેરિંગ, ઓટોમોબાઇલ ગેરેજ, મેડિકલ સ્ટોર્સ, પરિવહન સુવિધાઓ, ટેક્ષી સેવાઓ, મનોરંજન સેવાઓ, બંદર આધારિત સેવાઓ, ક્રેઇન અને અન્ય મટિરિયલ્સ હેન્ડલિંગ માટેના સાધનો ભાડે આપવાની સેવાઓ, હોટલ, મોટલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરેન્ટ તથા પ્રવાસન સંબંધિત સેવાઓ માટે ઉજળી તકો રહેલી છે.

### ● કચ્છની આવતીકાલ :

કચ્છમાં હાલમાં મોટાપાયે થઇ રહેલ ઔદ્યોગિકીકરણ, કંડલા બંદર ખાતેથી નિકાસમાં થઇ રહેલ સતત વૃદ્ધિ તથા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનનો વિકાસ, મુંદ્રા ખાતે અદાણી જૂથ દ્વારા આધુનિક બંદર તથા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની સ્થાપના, પાલનપુર-ગાંધીધામ વચ્ચેની રેલવેલાઇનની ગેજ પરિવર્તનની કામગીરી તેમજ સ્થાનિક પ્રજાની સાહસિકતાને ધ્યાનમાં લેતાં આગામી સમયમાં જિલ્લો ઔદ્યોગિક તેમજ વાણિજ્યિક પ્રવૃત્તિની દૃષ્ટિએ એક મહત્ત્વનું કેન્દ્ર તરીકે ઊભરી આવશે. આ પ્રવૃત્તિ માટે તાલીમી માનવબળની મોટા પ્રમાણમાં જરૂરિયાત ઊભી થશે. તદુપરાંત વિકાસની આ પ્રક્રિયાને પરિણામે આવાસ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને મનોરંજન જેવા ક્ષેત્રોમાં નાના રોકાણકારો માટે પણ નવી ક્ષિતિજો ખૂલશે.

ઔદ્યોગિકીકરણને લીધે હવાઇ, રેલવે અને માર્ગપરિવહનની સુવિધાઓમાં સારી એવી વૃદ્ધિ જોવા મળશે તેમજ કચ્છના બંદરોથી આગામી સમયમાં આંતરરાષ્ટ્રિય વેપારમાં પણ સારો એવો વધારો થવાની શક્યતા રહેલી છે. હાલમાં સ્થપાઇ રહેલ ઉદ્યોગો જ્યારે તેની ક્ષમતામાં વિસ્તૃતીકરણ કે વૈવિધ્યીકરણ આણશે ત્યારે આનુષંગિક ઉદ્યોગો અને સેવા પ્રકારની પ્રવૃત્તિની ઊભી થનાર માંગને પરિણામે જિલ્લાના ઔદ્યોગિકીકરણની માત્રાની તાસીર સમગ્રતઃ બદલાઇ જશે.

આમ, વિનાશક ધરતીકંપથી અસરગ્રસ્ત કચ્છ તેની ગઇકાલ ભૂલીને આવનારા દિવસોમાં થનાર વિકાસને પરિણામે ઉજ્જવળ ભાવિ તરફ ડગ માંડશે ત્યારે સ્થાનિક લોકોએ તેની પૂર્વતૈયારીરૂપે અત્યારથી જ તેના શૈક્ષણિક ધોરણોની ગુણવત્તામાં સુધારણા તથા ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર કૌશલ્ય વિકાસ સાધીને આ પ્રક્રિયાના મીઠા ફળો પરિશ્રમ દ્વારા પ્રાપ્ત કરવા જોઇશે. ઔદ્યોગિક પ્રવૃત્તિના વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી એક પૂર્વશરત ગણી શકાય અને સ્થાનિક પ્રજા, ઉદ્યોગોને આ બાબતમાં હાલ મુજબ જ સહકાર આપતી રહેશે તો જિલ્લામાં સ્થાનિક લોકો માટે વેપાર અને રોજગારી માટે નિરંતર તકો ઊભી થતી રહેશે અને તેઓએ આ માટે કચ્છની બહાર જવાની જરૂર રહેશે નહિ. જેને પરિણામે ટૂંક સમયમાં જ કચ્છની ગણના દેશના એક અત્યંત આધુનિક પ્રદેશ તરીકે કરવામાં આવે તો તે આશ્ચર્યજનક બિના નહીં લેખાય.

*ચીફ જનરલ મેનેજર - ઇન્ડેક્ષ્ટ-બી,*
*ગાંધીનગર.*

# કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ

● દીપક માંકડ ●

## ● પૂર્વભૂમિકા :

કુદરતી પ્રતિકૂળતાઓ વચ્ચે જીવતા કચ્છ પ્રદેશમાં સેવાકીય સંસ્થાઓ માટે કામગીરીની પહેલેથી વ્યાપક ગુંજાઇશ રહી છે. એક તરફ ખડીર જેવા દુર્ગમ વિસ્તાર, સરહદી અબડાસા તાલુકાની સૂકી બંજર જમીન, બન્નીના મેદાનો, માંડવી-મુંદ્રાનો સાગરકાંઠો, ધીણોધર અને કાળોડુંગર, ઐતિહાસિક અંજાર અને ભુજ જેવા શહેર તથા આધુનિક કચ્છના ચહેરા સમા ગાંધીધામ-આદિપુર જોડિયા શહેર, કંઠીપટ અને પટેલપટ્ટીના લીલાછમ વાડી-ખેત વિસ્તારમાં ધબકતું કચ્છ – દુષ્કાળ, વાવાઝોડા, ધરતીકંપ જેવી અનેક મુસીબતો સહીને પડકારો ઝીલીને અસ્તિત્વ ટકાવી બેઠું છે અને હવે ગુજરાતના ગ્રોથ એન્જિનની જેમ ઔદ્યોગિક વિકાસની દોડ લગાવી રહ્યું છે. એમાં કચ્છી માનવીઓની સંજોગો સામે ઝઝૂમવાની સ્વભાવગત લડાયકતા કે ખમીરનો સિંહફાળો છે.

આપણે અહીં કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ એ વિષય પર વાત કરવાની છે. એટલે આ પ્રવૃત્તિના કેન્દ્રમાં 'સેવા' શબ્દ રહેશે. 'સેવા' એટલે એવી સેવા જે દામ ચૂકવીને નહીં પરંતુ અંતરમાંથી નીપજી હોય અને તેમાં સમસંવેદનની, મદદ કરવાની ભાવના સમાયેલી હોય. હિન્દુ તત્ત્વજ્ઞાનમાં સ્વૈચ્છિક કામ અને કર્મ વચ્ચે ઝાઝો તફાવત નથી. સ્વૈચ્છિક પ્રવૃત્તિ આમ તો ભારતના મહાન સાંસ્કૃતિક વારસાનું પ્રદાન છે. બે બહુચર્ચિત મહામાનવ સ્વામી વિવેકાનંદથી લઇને મહાત્મા ગાંધી સ્વૈચ્છિક સેવાકીય પ્રવૃત્તિના ચુસ્ત હિમાયતી રહ્યા છે. 'વિવેકાનંદે જનસેવા એ જ પ્રભુસેવા' નો ઉપદેશ પ્રબોધ્યો છે. આચાર્ય વિનોબાજી સેવાને યજ્ઞની ઉપમા આપે છે. તેઓ કહે છે યજ્ઞ એટલે ઘસાવું. તન, મન, ધનનું સમર્પણ કરીને પરમાર્થ સાધવો.

## ● સંસ્થાની વ્યાખ્યા :

એન.જી.ઓ.ની વ્યાખ્યા જોઇએ તો એવું બિનસરકારી સંગઠન જે નફાના હેતુ વગર સ્થાનિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ફલક પર કામ કરે છે. સેવાભાવી સ્વભાવના લોકોનું જૂથ તેનું સંચાલન કરે છે અને બધાનો હેતુ સમાન છે. લોકોનું કલ્યાણ કરવું, મદદરૂપ બનવું.

કચ્છ માટે એન.જી.ઓ. શબ્દ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપ પછી વધુ જાણીતો થયો. ગ્રામીણ લોકો આજે પણ એન.જી.ઓ.ને 'સંસ્થા' તરીકે ઓળખે છે કે ઉલ્લેખે છે. રાજાશાહી વખતથી જાણે-અજાણે વ્યક્તિ કે સંસ્થા દ્વારા સેવાપ્રવૃત્તિ થતી રહી છે. વ્યક્તિગત સંસ્થાઓનું સ્મિથ સાહેબ ઉમદા દૃષ્ટાંત છે. સંવત ૧૯૫૭માં કચ્છના રાજકુટુંબના શિક્ષક તરીકે ભુજ આવ્યા બાદ શ્રી સ્મિથે દીન-દુખિયાઓની સેવા કરવા પુઅર પીપલ્સ રિલિફ ફંડ નામની સંસ્થા સ્થાપી હતી. આપણા સમાજમાં અત્યાર સુધી મહાજનોનું પ્રભુત્વ જળવાયું છે. આ મહાજન પ્રથાને એક રીતે એન.જી.ઓ. ગણી શકાય. જ્ઞાતિના નબળા લોકોને તેમજ સ્થળાંતરને લીધે કુટુંબથી અલગ પડેલા માનવીને જ્ઞાતિવાદી મંડળો કે મહાજનોએ હૂંફ પૂરી પાડી છે. આજે કચ્છનો-દેશનો ખૂણે ખૂણો રસ્તાથી જોડાઇ ગયો છે. પરિવહન અતિ સુગમ બન્યું છે, પરંતુ જ્યારે ગાડાંવાટ હતી, રસ્તા પર તેલથી જલતાં ફાનસ રોશની ફેલાવતાં અને ઇંધણથી દોડતાં વાહનોની કોઇએ કલ્પનાય નહોતી કરી એવા સમયે દેશ-દેશાવરની યાત્રા-મુસાફરી કરતા લોકો માટે ધર્મશાળા, સેલોર વાવ કે પરબનું અતિ મહત્ત્વ હતું. મહાજન સંસ્થાઓ કે દાતાઓએ ધર્મશાળા, સામુદાયિક ઓરડાઓના બાંધકામ તથા જાળવણીનું ઉમદા કામ કર્યાનું ઇતિહાસમાં નોંધાયેલું છે. સંવત ૧૩૦૦ના અરસામાં જગડુશા દાતારે કચ્છમાં ઘણી સખાવતો કરેલી. યાત્રિકો માટે સુવિધાઓ ઊભી કરાવી હતી અને ભદ્રેશ્વર તીર્થનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. કચ્છના કંઠીપટ તરીકે ઓળખાતા મુંદ્રાના કાંઠાળ વિસ્તારના ગામોમાં મુંબઇ મહાજન એક મોટું પરિબળ હતું. કચ્છી વીસા ઓસવાળ શ્રેષ્ઠીઓ વતનની વહારે ધાતા રહ્યા છે. મુંદ્રા-માંડવી વિસ્તારમાં ભાટિયા મહાજનનો ભૂતકાળ પણ ભવ્ય રહ્યો છે. પ્રતીકાત્મક ઉદાહરણ લઇએ તો ભુજની ડોસાભાઇ લાલચંદ ધર્મશાળા કે ભીડ બજારનું મેમણ મુસાફરખાનું કે માંડવીની જૈન ધર્મશાળા મહાજન પ્રથાનો ઉત્તમ નમૂનો લઇ શકાય.

- **પાંજરાપોળો :**

કચ્છમાં સ્વૈચ્છિક સેવાભાવી પ્રવૃત્તિની વાત કરવી હોય તો પાંજરાપોળ સંસ્થાઓ અને ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓનો ઉલ્લેખ જરૂરી છે. આ જિલ્લો સૈકાઓથી પાણીની અછત ભોગવતો પ્રદેશ રહ્યો છે એટલે બુઝુર્ગોએ પહેલેથી પાણીની બચત ઘાસચારા-અનાજની સાચવણીને કેન્દ્રમાં રાખતી જીવનશૈલી અપનાવી છે. જ્યારે જ્યારે દુષ્કાળનો કપરો ગાળો આવ્યો છે ત્યારે ઢોરોને સાચવવા માટે જીવદયા પ્રેમીઓના ઉપક્રમે ઠેર ઠેર પાંજરાપોળો કે પાંગળાપોળોની સ્થાપના થયેલી છે. કચ્છમાં ૫૦ જેટલી પાંજરાપોળો છે અને ગૌસદનો છે. કચ્છની સૌથી જૂની પાંજરાપોળ અંજારમાં ૧૭૫૬માં સ્થપાઇ છે. આ ઉપરાંત મંદિર-જાગીર ટ્રસ્ટો પોતાની ગૌશાળા ધરાવે છે. પાંજરાપોળો દ્વારા ઢોરોના નિભાવ ઉપરાંત પંખીઓની માવજત, ગૌમૂત્રમાંથી આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન, દેશી ખાતર જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

- **ખાદી પ્રવૃત્તિ :**

કચ્છમાં ખાદી પ્રવૃત્તિ ઊજળો ઇતિહાસ ધરાવે છે. ચરખા માટે ભીમાણી ખાદી કેન્દ્ર, ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ખાદીબાગ જેવી સંસ્થાઓના માધ્યમથી સમાજસેવાનું ઉમદા કામ થયું છે. માંડવીમાં જન્મેલા માવજી ધરમશી વેદ કચ્છની ખાદી પ્રવૃત્તિના સ્થાપક છે. ૧૯૩૯માં તેમણે ગઢશીશામાં 'ચરખામઢી'ની સ્થાપના કરીને તેમાં રાષ્ટ્રીય શાળા, બાલમંદિર, પુસ્તકાલય, ગૌશાળા, સાબુ, કાગળ, તેલઘાણી સહિતની પ્રવૃત્તિ શરૂ કરી હતી. એ પછી ભુજ, માંડવી, કોઠારા, લીલપર સુધી આ પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તાર્યો હતો.

ધાર્મિક અને જ્ઞાતિ સંસ્થાઓએ પણ કચ્છમાં ઇતર- સમાજને માટે ઉપયોગિતા પુરવાર કરે છે. તેની પ્રવૃત્તિમાં મુખ્યત્વે સમાજવાદી નિર્માણ, રાહતદરે ભોજનાલય, આરોગ્ય સુવિધાનો સમાવેશ થાય છે. રુદ્રાણી જાગીર ટ્રસ્ટ, સ્વામિનારાયણ મંદિર, બૅપ્સ, મણિનગર ગાદી સંસ્થાન ઉલ્લેખનીય છે.

કચ્છમાં શ્રેષ્ઠીઓ કે સમૃદ્ધ વ્યક્તિઓ જ સેવા ક્ષેત્રે યોગદાન આપે છે એવું નથી. જીવનભરની મૂડી ખર્ચીને વિધવા બહેનો કે સામાન્ય કુટુંબના વૃદ્ધજનોએ તળાવ, વાવ કે ધર્મશાળા માટે ફાળો આપીને જીવનની સાર્થકતા સમજતા આવ્યા છે. લોરિયા તળાવ, અબડાસામાં રાતા તળાવની ધર્મશાળા, ભારાપર સેનિટોરિયમના રસ્તે આવતી વાવના નિર્માણમાં આવા દાખલા છે. વળી કચ્છની સંસ્થાઓના ઉદ્ભવમાં એકસમાન બાબત એ છે કે, તેને આ પ્રદેશના વિષમ હવામાન, વિશિષ્ટ ભૌગોલિક રચના અને દુષ્કાળોની પરંપરાએ પ્રેરિત કરી છે. વિશાળ ભૂભાગ તથા ગામ-ગામ વચ્ચેના મોટા અંતરને લીધે કચ્છમાં પહેલેથી આરોગ્ય પ્રવૃત્તિની વિશેષ જરૂરિયાત રહી છે. આજીવિકા ક્ષેત્રે હસ્તકળાનું મહત્ત્વ પારખીને શ્રૃજન જેવી સંસ્થાએ ૧૯૬૮થી બહેનોનો હાથ પકડ્યો, તેમના હુન્નરને વ્યવસાયી ઢોળ આપ્યો તેની નોંધ લેવી રહી. ■

## વિપર્યય


*પિતા જ્યારે હોતા નથી*
*અને મા જ્યારે વૃદ્ધ થતી જાય છે*
*ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છે :*
*'આ પુત્ર મને સાચવશે ખરો...?'*
*આ એ જ મા...*
*જે મીઠાં હાલરડાંના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી.*
*આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઊઠે છે –*
*કે દીકરાનો હાથ એને દગો દેશે તો?*

***– વિપિન પરીખ***


## મંગલ મંદિર-શ્રેષ્ઠ લેખ, શ્રેષ્ઠ આંજો કાગર — નિર્ણાયક સમિતિ

'મંગલ મંદિર'ના માસ એપ્રિલ-૨૦૧૧થી માર્ચ-૨૦૧૨નાં અંકો પૈકી ઉપરોક્ત કામગીરી અર્થે એક નિર્ણાયક સમિતિની રચનાની વિગત ગત અંકમાં આપવામાં આવી છે.


તે નિર્ણાયક સમિતિના સદસ્યો નીચે પ્રમાણે છે.



**શ્રી ધીરજભાઇ સોમપુરા - અમદાવાદ**
M.A., Alumini, IIM-A'bad
સંયોજક



**શ્રી પ્રફુલભાઈ ઠક્કર - અમદાવાદ**
IAS (Retd.),
Ex-Secretary, Govt. of Gujarat
સભ્ય



**ડૉ. મોહનભાઈ પંચાલ - અમદાવાદ**
M.Ed., Ph.D.
સભ્ય

*ગ્રંથાલય એ પૂજાનું સ્થાન નથી પણ નવા વિચારોને જન્મ આપતું પ્રસૂતિગૃહ છે.*

વિચાર વિમર્શ

# માળખાકીય શોષણનો અંત ક્યારે?

● મુરજી ગડા ●

મધદરીયે બે વિશાળ તરાપા ઝોલા ખાઇ રહ્યા છે. એક તરાપા પર ખીચોખીચ માણસો બેઠા છે. આટલા લોકોનો બોજ ઉપાડી તરાપો માંડમાંડ તરી રહ્યો છે. બીજા તરાપા પર ઘણા ઓછા પણ શક્તિશાળી લોકો બેઠા છે. બંને તરાપાની ચારેબાજુ પાણીમાં બેસુમાર માણસો છે. એક હાથથી તરાપાના કિનારાને વળગી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની મથામણ કરી રહ્યા છે. જાણે અજાણે તેઓ તરાપાના હલેસાં પણ બની રહ્યાં છે.

પહેલા તરાપામાં બિલકુલ જગ્યા નથી, જ્યારે બીજા તરાપામાં ઘણી જગ્યા હોવા છતાં એના શક્તિશાળી લોકો કોઈને ઉપર આવવા દેતા નથી. તરાપાના સહારે પાણીમાં ટકી રહેવા મથતા લોકો જો જબરદસ્તીથી તરાપા પર ચડવા લાગે તો શું થાય? પહેલો તરાપો બધા લોકો સાથે કદાચ ડૂબી જાય જ્યારે બીજા તરાપા પર બળવો થાય. એનું પરિણામ જે પણ આવે તે સારું તો નહીં જ હોય.

શું એમ કહી શકાય કે તરાપાને સહારે ટકી રહેલા લોકો બળવો ન કરી પોતાના અસ્તિત્વના જોખમે ઉપર બેઠેલા લોકોને જીવતદાન આપી રહ્યા છે? કે પછી બીજા તરાપાવાળા પોતાના સ્વાર્થ અને સગવડ માટે બીજાઓનો ભોગ લઈ રહ્યા છે?

તરાપાઓનું આ દૃષ્ટાંત આપણા શ્રીમંત, ગરીબ અને મધ્યમવર્ગની સ્થિતિનું રૂપક છે. આમાં હજી એક વળાંક છે. આ તરાપાઓનો રોજ એક ટુકડો તૂટવાની એની નિયતિ છે.

દુનિયાની વસતિ બેફામ રીતે વધી રહી છે. ૧૮૧૦માં એક અબજની વસતિ હતી તે ૧૨૦ વરસ પછી ૧૯૩૦માં બમણી થઈ. બીજા ૬૦ વરસ પછી ૧૯૯૦માં પાંચ અબજની થઈ. ત્યાર પછી દર દસ વરસે એક અબજ વધે છે. અત્યારે તે સાત અબજ જેટલી છે. ટકાવારીની રીતે વૃદ્ધિદર ઓછો થઈ રહ્યો છે છતાં દર દસકે એક અબજ વધતા રહેવાના છે. એટલું જ નહીં, દરેક પ્રકારની કુદરતી સંપત્તિનો વ્યક્તિગત વપરાશ વસતિ કરતાં પણ વધારે ઝડપથી વધી રહ્યો છે, વધતો રહેવાનો છે.

આગળ વર્ણવેલ તરાપાની જેમ આપણી દુનિયામાં હજી જગ્યાની સંકડાશ નથી થઈ પણ કુદરતી સ્રોતોનું ભાવિ બહુ આધારભૂત લાગતું નથી. અત્યારના સાત અબજમાંથી બે અબજથી વધુ લોકો અતિશય ગરીબીમાં જીવે છે. એમ કહી શકાય કે સમાજરૂપી તરાપાની કિનાર પકડીને પોતાનું અસ્તિત્વ માંડમાંડ જાળવી રહ્યા છે જેથી બાકીના પાંચ અબજ લોકોની જરૂરિયાતો પોષી શકાય.

દુનિયાના મોટાભાગના દેશ હાલ વિકાસના પંથે છે. બધાને પોતાની પ્રજાનું જીવનધોરણ સુધારવું છે. ધારો કે આવતા ત્રણ-ચાર દાયકામાં દુનિયામાંથી ગરીબી તદ્દન નાબૂદ થઈ જાય, એટલે કે બધાને પૂરતું ખાવાનું મળે, બધા પાસે રહેવા માટે પાકું ઘર હોય જેમાં પાયાની જરૂરિયાત એવા પાણી, વીજળી વગેરે હોય અને બધા પાસે કામ હોય, આવકનું સાધન હોય.

સાથે એક વાત યાદ રાખીએ કે ત્યારે દુનિયામાં દસ અબજથી વધુ લોકો હશે જે રોજના ત્રણ લાખના દરે વધતા હશે. બીજું એ કે ગરીબી અને શોષણ વચ્ચેનો ભેદ સમજવો રહ્યો. ગરીબી દૂર થાય એટલે શોષણ દૂર થયું ન ગણાય. આજ સુધીનો વિકાસ સમાજના એક મોટા વર્ગના શોષણ દ્વારા થયો છે. સાચો વિકાસ એને કહેવાય જેમાં ગરીબી સાથે શોષણનો પણ અંત આવે.

સંપૂર્ણ આર્થિક સમાનતા એક પરિકલ્પના છે. એ શક્ય નથી.

દુનિયાની બધી સંસ્કૃતિઓ, બધા ધર્મો, બધાં રાજ્યો તેમજ બધી સમાજ વ્યવસ્થાઓમાં ખૂબ કુશળતાપૂર્વક માળખાકીય અન્યાય ઊભો કરવામાં આવેલ છે. માળખાકીય અન્યાય (સ્ટ્રક્ચરલ ઈનજસ્ટિસ) એટલે સમાજ વ્યવસ્થામાં એક વર્ગ દ્વારા બીજા વર્ગની જરૂરિયાતો અને હક્કો છીનવી લેવાય. આવી ગોઠવણથી આ દબાયેલા વર્ગનું આસાનીથી શોષણ થઈ શકે છે. અન્યાય અને શોષણ ગંભીર પ્રકારની હિંસા છે. માળખાકીય શોષણમાં સામાના વિચારો અને સ્વતંત્રતાને પણ દબાવી દેવામાં આવે છે. આવી ગોઠવણને ટકાવી રાખવા દમન પણ કરાય છે. આ પ્રકારના અન્યાય પરંપરાગત હોવાથી એના ભોગ બનેલાઓ પણ એને સાહજિક રીતે સ્વીકારતા આવ્યા છે.

પૂરી દુનિયામાં પહેલેથી જ એક નાનો વર્ગ બહોળા વર્ગનું સિફતથી શોષણ કરતો આવ્યો છે. એમની શોષણની રીત અને વ્યાપ એમના વર્ગ કે દરજ્જા પ્રમાણે બદલાય છે. છતાં એ બધામાં એક સમાનતા છે. ગોઠવાયેલ સામાજિક માળખામાં નજરે દેખાતું ન હોય છતાં શોષણ થતું આવે છે. આને સ્ટ્રક્ચરલ

એક્સ્પ્લોઈટેશન પણ કહી શકાય. પ્રસ્તુત માળખાકીય શોષણના થોડા નમૂના તપાસીએઃ

અત્યાર સુધી રાજાશાહી સર્વવ્યાપી હતી. રાજા અને એના નજીકના લોકો જેટલી સત્તા અને સગવડ ભોગવતા હતા એના પ્રમાણમાં સમાજની સુખાકારીમાં એમનો ફાળો નગણ્ય હતો. જૂજ અપવાદ બાદ કરતાં, મોટાભાગના રાજાઓ એશઆરામ કરતા. એમના ખુશામતિયાઓ પ્રજા પર જુલમ કરતા. એટલું પૂરતું ન હોય તેમ ઘણા રાજા પોતાને ઈશ્વરના પ્રતિનિધિ હોવાનું ગણાવતા અને લોકો એ સ્વીકારી લેતા.

જાગીરદારી અને જમીનદારી પ્રથા પણ વિશ્વવ્યાપી હતી. આ જાગીરદારો / જમીનદારો રાજાની નાની પ્રતિકૃતિ જેવા હતા. એમની સત્તા અને પહોંચ મર્યાદિત હતી તો બીજી બાજુ એમને રાજાની જેમ યુદ્ધ કરવા પડતા નહોતા. એમની સત્તા રાજવંશ ચાલતો હોય ત્યાં સુધી ટકી રહેતી.

આપણા જેવી લોકશાહીમાં રાજાઓ અને જમીનદારોની જગ્યાએ રાજકારણીઓ અને અમલદારો એ પ્રથા આગળ વધારી રહ્યા છે.

ધર્મગુરુઓ પ્રજાનો આદરભાવ માણતા આવ્યા છે. કેટલાક વળી જાહોજલાલીવાળી જિંદગી જીવે છે અને એમના અનુયાયીઓનું શોષણ પણ કરે છે. જો કે લોકશોષણમાં બધા જ ધર્મગુરુઓનું સૌથી મોટું "યોગદાન" છે. બીજી બધી શોષણ વ્યવસ્થાઓને ધર્મ અને શાસ્ત્રોના નામે દ્રઢ કરી ટકાવી રાખવાનું. એ માટે એમની પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતની વાતો ઘણો ભાગ ભજવે છે.

આ ઉપરાંત ભારતની વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાએ ઉપલા વર્ણોને એમનાથી નીચલા વર્ણોના શોષણનો અબાધિત અધિકાર આપી દીધો છે. શ્રીમદ્ ભાગવદ્ ગીતાનો પ્રખ્યાત શ્લોક "કર્મણેય અધિકારસ્તે, મા ફલેષુ કદાચનમ્" શાયદ બધા માટે કહેવાયો હોય. જોકે એનો ઉપયોગ પછાત વર્ગ માટે ખાસ કરવામાં આવ્યો છે. "તું અમારી બધી પ્રકારની સેવા કરતો રહે અને અમે જે અને જેટલું આપીએ એટલાથી સંતોષ માન. વધારેની અપેક્ષા ન રાખ કારણકે આ જ તારા આગલા જન્મોનું કર્મફળ છે"ના નામે વર્ણવ્યવસ્થા અને કર્મફળના સિદ્ધાંતે નીચલા વર્ગની આ નિયતિ બનાવી.

અન્યત્ર વર્ણવ્યવસ્થા નહોતી તો એટલી જ બદતર ગુલામી પ્રથા હતી. પ્રાણીઓની જેમ ખુલ્લા બજારમાં ગુલામોના સોદા થતા હતા. એમનાથી એમના કુટુંબો તૂટી જતા. એનો કોઈ ક્યારે વિચાર પણ કરતા નહોતા.

સોળમી સદીથી યુરોપિયનો દ્વારા શરૂ થયેલો સંસ્થાનવાદ પણ એટલો જ અન્યાયી અને જુલમી હતો. સદ્‌ભાગ્યે બીજા વિશ્વયુદ્ધ સાથે એનો અંત આવ્યો છે. એના સ્થાને હવે ઉદ્યોગપતિઓના સ્વાંગમાં શોષણખોરોનો નવો વર્ગ ઊભરી આવ્યો છે. સામાજિક સ્તરે શોષણના આ થોડા દાખલા હતા.

કૌટુંબિક સ્તરે માળખાકીય અન્યાય અને શોષણનો ચોટદાર દાખલો છે પરંપરાગત રીતે કુટુંબમાં સ્ત્રીનું સ્થાન. સ્ત્રીને ત્યાગ અને ક્ષમાની મૂર્તિ તરીકે બિરદાવીને એની જરૂરિયાતો અને હક્કોને ઝૂંટવી લેવાયા છે. ભારતમાં સ્ત્રીઓ અવારનવાર ઉપવાસ કે વ્રત રાખે છે જે મુખ્યત્વે એમની પોતાની સુખાકારી માટે ઓછા, જ્યારે પતિ કે બાળકોની સુખાકારી માટે વધુ હોય છે. નાની બાળાઓ પણ સારો પતિ મળે એટલા માટે ગૌરીવ્રત રાખે છે. સ્ત્રીઓને આશીર્વાદ પણ લાંબા આયુષ્ય કે સારા સ્વાસ્થ્ય માટે નહીં પણ "અખંડ સૌભાગ્યવતી ભવઃ"ના રૂપે એના પતિના લાંબા આયુષ્ય માટે અપાય છે. આને માળખાકીય અન્યાય એટલા માટે કહ્યો છે કે સ્ત્રીઓને આમાં વાંધા જેવું લાગ્યું નથી. એમણે એનો વિરોધ કર્યા વગર બધું હોંશેહોંશે સ્વીકાર્યું છે.

કૌટુંબિક સ્તરે જોવા મળતો બીજો અન્યાય છે ઉંમરને અપાતું વધું પડતું મહત્ત્વ. વડીલપણાની પરંપરાને લીધે મહાભારતના યુધિષ્ઠિરને એના નાના ભાઈઓ દ્યુત રમતા અટકાવી શકતા નથી. એના પરિણામ સર્વવિદિત છે. આજે પણ કેટલાક કુટુંબોમાં ૪૦-૫૦ની ઉંમરના પુરુષ, એમની કૌટુંબિક પરંપરાને લીધે પોતાને લગતા નિર્ણય લેતાં અચકાતા જોવા મળે છે. જોકે કૌટુંબિક અન્યાય અને એની સાથે સંકળાયેલું સૂક્ષ્મ શોષણ હવે ઓછા થતા જાય છે.

માળખાકીય શોષણની યાદી હજી લાંબી બનાવી શકાય, જોકે એના વ્યાપનો ખ્યાલ આપવા માટે આટલું પૂરતું છે. આ બધી વ્યવસ્થાઓ એટલી સજ્જડ હતી કે સદીઓથી એ ટકી રહી છે.

આવી અમાનુષી સમાજ વ્યવસ્થા સુધારવાના કે બદલવાના પ્રયાસ અવારનવાર થયા છે. ક્યાંક કોઈને આંશિક સફળતા મળી છે પણ મોટાભાગના પ્રયાસો નિષ્ફળ ગયા છે.

માળખાકીય શોષણ અને વ્યક્તિગત શોષણ બે અલગ બાબતો છે. કોઈ માથાભારે પતિ, પત્ની કે કુટુંબની અન્ય કોઈ વ્યક્તિ જોહુકમી કરી બીજા પાસેથી પોતાનું ધાર્યું કરાવે એ એક પ્રકારનું શોષણ જ છે. કુટુંબમાં, સમાજમાં કે કામના સ્થળે કોઈ એક ચોક્કસ વ્યક્તિ સાથે થતા અન્યાય જેવા વિષયની ચર્ચા અહીં નથી થતી.

વર્તમાનમાં દરેક ક્ષેત્રે ખૂબ ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે. કેટલાક માળખાકીય શોષણનો અંત આવી રહ્યો છે જ્યારે શોષણકર્તાઓના અને એમનો ભોગ બનનારાઓના નવા વર્ગ ઊભરી રહ્યા છે. શોષણનો અંત શક્ય છે?

આ દિશામાં થયેલ પ્રયાસો, વર્તમાનના પ્રવાહો તેમજ ભવિષ્યની શક્યતાઓની ચર્ચા અલગ લેખમાં થશે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

# સૂર્યચિંતન

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

ઉત્તર શબ્દમાં જ ઊર્ધ્વતાનો સંદર્ભ છૂપાયેલો છે. ઉત્તરાયણ એટલે ઉત્તર દિશા તરફની ગતિ. ઉત્તરાયણ કેવળ સૂર્યને જ નહીં, માનવી માત્રને ગમે. કારણ કે એ ઊર્ધ્વપ્રયાણ છે. ઉપર તરફની યાત્રા છે. ભારતીય સંસ્કારોમાં પૂર્વ જેટલો જ, બલકે એથીય અદકેરો મહિમા ઉત્તર દિશાનો છે કારણકે કૈલાસ ઉત્તરમાં છે. હિમાલય અને એને ખોળે પાંગરેલાં તીર્થો અને ગંગા-યમુના-સરસ્વતી, સિંધુ કે બ્રહ્મપુત્ર અને માનસરોવર ઓતરાદી દિશામાં આવેલાં છે. કાકાસાહેબ 'હિમાલયનો પ્રવાસ' લખીને અટકી જતા નથી. એ 'ઓતરાદી દીવાલો'ની વાત પણ માંડે છે. લોકમાતા ગંગાનું વર્ણન કરતાં એ કેવા મુગ્ધ બની જાય છે! પોતાને ધર્મનિરપેક્ષ નેતા તરીકે ઓળખાવવા જીવનપર્યંત પ્રયત્નશીલ પંડિત જવાહરલાલ નહેરૂ ગંગાને જોઇને ઘેલા થઇ જતા હતા. યુવાવયે એમણે કૈલાસ માનસરોવરની સાહસિક યાત્રાની તૈયારીઓ કરેલી. એમનું કૈલાસયાત્રાનું સોણલું અધૂરું રહી ગયાનો વસવસો એમની આત્મકથા વાંચનાર પણ આબેહૂબ અનુભવી શકે એવો તીવ્ર છે. મરતાં મરતાં એમણે પોતાનાં અસ્થિ હિમાલયનાં શિખરો પર વિખેરી દેવાનું અને પવિત્ર ગંગામાં વહેવડાવી દેવાનું વીલ કર્યું તે શું સૂચવે છે? આત્માની ઊર્ધ્વગતિના પ્રતીક પંથે પાંડવો હિમાળે હાડ ગાળે છે અને ઋષભદેવ કૈલાસ ('અષ્ટાપદ') ને ચરણે દેહના બંધ છોડે છે. ઉત્તરનો કોઇ ઉત્તર નથી. એ લા-જવાબ છે. ખગોળની ભાષામાં સૂર્ય - માત્ર એક - સ્વયંપ્રકાશિત તારો છે. સૃષ્ટિ એની આસપાસ ફેરફૂદરડી ખાય છે. દૃષ્ટિભ્રમને લીધે સૂર્યનારાયણ ફરતા લાગે છે. પૃથ્વી સ્થિર લાગે છે! ક્યારેક ગેલિલિયોને આટલું જ સત્ય બોલવા બદલ આકરી, જીવલેણ સજા વેઠવી પડી હતી. આપણા આર્યભટ્ટ કે ભાસ્કરાચાર્યને એ સત્ય ઘણું વહેલું લાધ્યું હતું. એનો ક્યાંય પ્રતિકાર થયાનું જાણમાં નથી, પરંતુ આપણે મૂળભૂત રીતે કવિતા જીવનારી પ્રજા છીએ. તેથી સૂર્યને આગનો ગોળો ગણવાનું આપણને ફાવે જ નહીં. એ તો જાગતો દેવતા છે : સૂર્યનારાયણ છે. ઋષિએ એને ફક્ત તમોડરિ - અંધકારનો શત્રુ કહીને સંતોષ નથી માની લીધો. એણે સૂર્યને 'સર્વપાપઘ્ન' - બધાં પાપોને હણનાર 'દિવાકર' કહીને નમસ્કાર કર્યા છે. ભારતીય સંસ્કૃતિ સૂર્ય-સંસ્કૃતિ છે. સૂર્યપૂજા દુનિયાભરમાં થતી રહી, પણ ટકી આપણી ભૂમિમાં. સૂર્યપૂજકોના દેશમાં માણસ માત્ર પ્રકાશ તરફ ગતિ કરવા ઝંખે એ સ્વાભાવિક છે. तमसो मा ज्योतिर्गमय. અજ્ઞાનનાં અંધારાંમાંથી જ્ઞાનનાં અજવાળાં ભણી વળવાની આ સુષુપ્ત લિપ્સા જ આપણને અન્ય પ્રજાઓ કરતાં જુદા પાડે છે. એ જ કદાચ આપણી શાશ્વતતાનું કારણ હશે. मृत्योर्मा अमृतं गमय - અજવાળાંની સાથે જ આપણે અમૃત પણ ઝંખ્યું છે.

ઉત્તરાયણ કદાચ એક માત્ર એવો દેશવ્યાપી હિંદુ તહેવાર છે, જે ગ્રેગરીઅન કેલેન્ડર મુજબ ચૌદમી જાન્યુઆરીએ જ ઉજવાય છે. સૂર્યદેવનો મકર-પ્રવેશ નિશ્ચિતપણે આ જ અરસામાં થતો હોય છે. ગ્રેગરીઅન કેલેન્ડર મુજબ ઉજવાતો બીજો એક રાષ્ટ્રીય તહેવાર છે 'બૈસાખી.' એ પંજાબ અને ઉત્તરાંચલ ('ઉત્તરાંચલ' એટલે એ નામે તાજેતરમાં અસ્તિત્વમાં આવેલું રાજ્ય એકલું જ નહીં, બલકે ઉત્તર ભારત સમસ્ત)નો તહેવાર છે. એ તેરમી એપ્રિલે આવે છે. સૌર પંચાંગની આજ તો કમાલ છે. રમજાન ઇદ ફરતી ફરતી કોઇ પણ મોસમમાં આવી શકે, પણ ઉત્તરાયણ - મકરસંક્રાન્તિ નિશ્ચિત તારીખે જ આવે. બાવીસમી ડિસેમ્બરથી ખરું ઉત્તરાયન (ઉત્તર + અયન) શરૂ થઇ જાય છે. દિવસ લાંબા થવા માંડે છે. ઠંડી ઘટવા લાગે છે. દેશભરમાં આ સંક્રાન્તિ એક યા બીજા સ્વરૂપે ઉજવાય છે. ક્યાંક ક્યાંક તો મકરસંક્રાન્તિ ('પોંગલ')થી નવું વરસ પણ બેસે છે. પૂર્વાંચલમાં એ 'બિહુ'નો ઉત્સવ છે, દક્ષિણાપથમાં પોંગલ. સૂર્યની ઉત્તર-કૂચનાં સર્વદેશીય વધામણાં આપણા ઋતુવિજ્ઞાનની સાહેદી પૂરે છે. શાસ્ત્ર પણ સૂર્યને અનુસરે છે. ભીષ્મ પિતામહ સૂર્યના ઉત્તરાયણની પ્રતીક્ષા કરતા બાણશય્યા પર પોઢી રહ્યા, તે જ કેવું મહિમાવંતુ દૃષ્ટાંત છે! સૂર્ય ઉત્તરના થાય એ પછી જ જીવ એના અજવાળે મોક્ષમાર્ગની યાત્રા આરંભે છે. આ આપણી આસ્થા છે.

મકરસંક્રાંતિની લગોલગ વસંતપંચમી આવી જ સમજો. હવે પ્રકૃતિ નવાં ક્લેવર ધરશે. વૃક્ષોનાં પર્ણ ખરવા લાગ્યાં છે. એકવાર શિશિરની કસોટીમાંથી તવાઇને ટકી ગયેલાં વૃક્ષોને નવી કૂંપળો ફૂટશે. વસંતના આગમન સાથે જ જીવમાત્રમાં ઉલ્લાસની લહેર દોડી જશે. કોકિલ ઘેલો થઇને ટહુકી ઊઠશે. પવનમાં પણ ઉન્માદ જાગશે. ભમરા ગુંજન કરતા કરતા ફૂલોનું અમૃત ચૂસી લેશે. રાજાએ પ્રજા પર કેટલો કર નાખવો જોઇએ? ચાણક્યે કહ્યું : ફૂલને ઇજા પહોંચાડ્યા વગર એનું મધુ ચૂસનાર ભ્રમરની પાસે એનો જવાબ છે! વસંત વરણાગી ઋતુરાજ છે. એ કામદેવની મિત્રતા થકી રળિયાત છે. ભલભલા ચમરબંધીઓને એણે ધૂળભેગા કરી દીધા છે. એણે મહાદેવ જેવા મહાદેવનું અભિમાન ઉતારી દીધું છે!

કુંભપર્વ પણ અદ્દલ મકરસંક્રાન્તિથી મૌની અમાવસ્યા પર્યંત ચાલશે. એ રીતે જોતાં આ દિવસો માનવીની શાશ્વત અમરત્વઝંખનાના દિવસો ગણાય. કોઇ પણ જાહેરાત વગર કે કોઇ પણ સરકારી સમર્થન વગર કુંભમેળામાં કેવડો મોટો માનવ-મહેરામણ ઊમટે છે! કરોડોનું કીડિયારું

*આપણા વ્યક્તિત્વની ઉત્પત્તિ આપણા વિચારોમાં છે.*

ઊભરાય છે, છતાં કાયદો કે વ્યવસ્થાની કોઇ જ સમસ્યા સરજાતી નથી. વિશ્વની આ સૌથી મોટી સ્વયંસ્ફુરિત મેદનીમાં સામેલ થવા દુનિયાભરના જિજ્ઞાસુઓ દોડી આવ્યા છે. પેલા ભવમાં કદાચ એ બધા આ દેવભૂમિમાં વિચર્યા હશે! આપણી ભોમકા વિશે આપણને નથી, એવડો અહોભાવ આ પારકી પ્રજાને છે. એ કેવા સમર્પણભાવથી ગંગાસ્નાન કરે છે! સૂર્ય તો એમના દેશમાં પણ ઊગે છે, પણ ભારતવર્ષના સૂર્યમાં એમને યુગોનું સંચિત તપ તપી રહેલું વરતાય છે. એમનું ચાલે તો એ બધા અહીં જ રહી પડે - ગંગાકિનારે જ શેષ આયુષ્ય સમર્પિત કરી દે. આવું આપણને કેમ નહીં થતું હોય વારુ? આપણે પેલા કસ્તૂરી મૃગ જેવા છીએ : દૂંટીમાં છુપાયેલી સુગંધને પણ ઓળખી શકતા નથી. કોક મેક્સમૂલર કે કોક બર્નાર્ડ શૉ આપણને આપણી ઓળખાણ કરાવે ત્યારે જ આપણી શાન ઠેકાણે આવે છે. શાકુંતલને માથે મૂકીને કેટલા ભારતીયો નાચ્યા હશે? ગટે એની પૂંઠળ ગાંડો થયો ત્યારે આપણને સમજાયું કે આ તો બહુ જબરી ચીજ છે! ટાગોર કે ડૉ. ખુરાના કે ડૉ. અમર્ત્ય સેનને ઓળખાવા માટે પશ્ચિમનાં પ્રમાણપત્રો લાવવાં પડ્યાં છે. આપણે તો એમને ઉકરડે જ નાખ્યા હોત!

સૂર્યની ઉત્તર ગતિમાં શુભત્વનો શ્વાસ અંતર્નિહિત છે. આપણે પરંપરાને અનુસરી સંક્રાન્તિના પૂર્વેના કેટલાક સમયગાળાને ‘કમૂરતાં’ જેવું અપશુકનિયાળ નામ આપ્યું છે. સૂર્ય માટે કોઇ સ્થળ, કોઇ ક્ષણ - કોઇ પળ અશુભ હોઇ શકે ખરાં? એ તો દેવોનો દેવ. રાજાઓનોય રાજા. એને શુકન-અપશુકન જેવી ક્ષુલ્લક બાબતો સાથે શો સંબંધ? છતાં આપણે પામર જીવો એ બધી પળોજણો થકી ટેવાઇ ગયા છીએ. સૂર્યને એથી કશો ફરક નથી પડતો. એ તો પુરુષાર્થનું મહાકાવ્ય છે. એની અખંડ યાત્રા ચાલુ જ છે. એને મન કોઇ પ્રદેશ અસ્પૃશ્ય નથી. એ તો બધે જ અજવાળાં ઢોળે છે. અમૃત રેલાવે છે. કોણ કેટલું ઝીલે છે, એની પણ એને તમા નથી. અહર્નિશ પોતાની કર્મયાત્રામાં પરોવાયેલો સૂર્ય જીવસૃષ્ટિનો કારક છે. જરા કલ્પના તો કરી જુઓ : એકાદ દિવસ સૂર્ય ઊંઘી જાય તો!!! આપણને એ વિભાવરીની સોડમાં સૂતેલો ભાસે છે, ત્યારે પણ એ કોઇ બીજા ભૂખંડમાં તો જાગતો જ હોય છે. સૂર્યથી મોટો કોઇ જાગતો જોગંદર હોઇ શકે ખરો? न तत्र भाति सूर्यः કહીને ગીતાનાયક જે ઊંચી ફિલસૂફી ડહોળે છે, એ તો આપણા મગજમાં ઊતરે જ શાની? આપણને તો શ્રીરામ કે શ્રીકૃષ્ણ પણ સૂર્યને અંજલિ અર્પતા રહે, એ જ અપેક્ષિત હોય. સમગ્ર સૃષ્ટિના જીવનનું મૂળ સ્રોત સૂર્ય છે. ભગવાન પણ સૂર્યનો જ અંશ હોવો જોઇએ. એવા સૂર્ય સામે બાથ ભીડવાની બાળ હનુમાન હિંમત કરે છે : लील्यो ताहि मधुर फल जानू.... આપણા કવિને કોણ પહોંચી શકે? એટલેસ્તો કહ્યું હશે : ‘જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ!’

સૂર્યોપનિષદ ગાવા જ બેઠા છીએ ત્યારે એના વિભૂતિ-તત્ત્વનો સારશ્લોક કેમ વીસરીએ?

*उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।*
*सम्पत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥*

સૂર્ય ઊગતી વેળાએ જ નહીં, આથમતી વખતે પણ રાતો જ દીસે છે. મહાપુરુષને મન વળી સંપત્તિ શું ને વિપત્તિ શું?

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

# પાલક માતા!

● ડૉ. આઈ. કે. વીજળીવાલા ●

'શું થયું છે આને? કેમ આ બાળક આટલું દૂબળું છે?' મારી બાજુમાં અત્યંત દૂબળા હાડપિંજર જેવા બાળકને ખોળામાં લઈને બેઠેલાં માજીને મારાથી પૂછાઇ ગયું. 'કેવડું છે? ઉંમર કેટલી થઈ? એને માતાનું દૂધ નથી મળતું?'

'ના સાહેબ! માનું ધાવણ મળતું હોય તો આવી દશા હોય ખરી? આ દોઢ મહિનાનો દીકરો થયો. જન્મ્યો ત્યારથી ભેંસનું દૂધ જ આપીએ છીએ!' દાદીથી હળવો નિસાસો નંખાઇ ગયો. હું આખી વાત પામી ગયો.

'અત્યારે શું તકલીફ થઇ છે?' મેં કેસની વિગતો નોંધવાનું શરૂ કર્યું.

'આઠ દિવસથી ભૂંકણિયા મોઢે (ખૂબ જ) ઝાડા થાય છે. કાંઇ કરતાં કાંઇ જ પેટમાં ટકતું નથી. જુઓ ને! સુકાઇને લાકડું થઇ ગયો છે.' માડીએ કહ્યું. ત્યાર બાદ અન્ય વિગતો પણ એમણે જણાવી. એ બધું નોંધ્યા પછી મેં બાળકને તપાસ્યું. દોઢ મહિનાનો બાળક સુકાઇને એક કિલો ને બસો ગ્રામનો થઇ ગયો હતો. ડોળા ફેરવતું અને શ્વાસ લેતું હાડપિંજર જ જોઇ લો જાણે!

'માડી! એને દાખલ કરી દેવો પડશે.' બાળકને તપાસી લીધા પછી મેં કહ્યું.

'સાહેબ! એને દાખલ કરવા માટે જ આવ્યાં છીએ!' એ લોકો બાળકને દાખલ કરવા માટેની ઘરેથી તૈયારી કરીને જ આવ્યા હતા.

'જુઓ! કેટલા દિવસ રહેવું પડશે તે નક્કી ન કહી શકાય,' બાળકની નાજુક હાલત જોઇને મેં કહ્યું.

'કંઇ વાંધો નહીં. અમારે તો છોકરો સાજો થઇ જાય તે જ જોઇએ છીએ. ભલેને ગમે તેટલા દિવસ રહેવું પડે!' દાદીમા બોલ્યાં.

મેં બાળકને દાખલ કર્યું. એના રોગની વિગત તેમજ સારવાર અંગે એનાં સગાંને બધું સમજાવ્યું.

આવાં બાળકોની કઠણાઇ એ હોય છે કે માતાનું દૂધ ન મળવાને લીધે ફરજિયાત એમને ઉપરનું દૂધ આપવું પડતું હોય છે. જન્મ પછી છ મહિના સુધી બાળકનાં આંતરડાં માતાના દૂધ સિવાય બીજું કંઇ પણ પચાવી શકવા માટે જરા પણ શક્તિ નથી ધરાવતાં હોતાં. માતાના દૂધની અવેજીમાં એમને ગાય, ભેંસ કે બકરીનું દૂધ અપાતું હોય છે. જે દૂધ જે-તે પ્રાણીનાં બચ્ચાંના આંતરડાંને માફક આવે તે પ્રમાણે બનેલું હોય છે. માનવબાળના પેટ તેમજ પાચનક્ષમતાને અનુરૂપ એની રચના ન હોય તે ખૂબ જ સ્વાભાવિક છે. એમાંય જો આવું દૂધ લેતા બાળકને એકાદ વાર પણ આંતરડાનો ચેપ લાગે કે ઝાડાઊલટી થાય તો પરિસ્થિતિ વધારે વણસે છે. એના કારણે દૂધમાં રહેલા લેક્ટોઝ નામના તત્ત્વને પચાવવાની રહીસહી શક્તિ પણ લાંબા સમય માટે નાશ પામે છે. આવાં બાળકોને પછી થોડુંક દૂધ આપવામાં આવે તો પણ એમને ઝાડાનું પ્રમાણ વધતું જ જાય છે. બજારમાં મળતા લેક્ટોઝ વિનાના પાઉડરના ડબ્બા પણ પચાવવામાં આવાં બાળકોને અઘરા પડતા હોય છે. આવાં બાળકો જેમ જેમ દિવસો વીતે તેમ તેમ સુકાઇને હાડપિંજર જેવાં થતાં જાય છે. મોટું માથું, મોટી મોટી આંખો, કરચલીવાળો ચહેરો તેમજ સાવ ચીમળાઇને હાડકાંઓ પર ચોંટી ગયેલી ચામડી વડે એમનો દેખાવ વિચિત્ર બની જતો હોય છે. આવાં બાળકો માટે પછી બચવાના ઉપાય તરીકે એક જ વસ્તુ બાકી રહે છે અને એ છે માતાનું ધાવણ. પણ અહીં તકલીફ એ જ હતી, આ બાળક માટે એ અમૃત જ દોહ્યલું બની ગયું હતું.

બાળકને દાખલ કરી અમે સારવાર શરૂ કરી. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ! એમ દિવસોનો સરવાળો થતો ચાલ્યો, સાથોસાથ ઝાડાની સંખ્યાનો સરવાળો પણ થતો જતો હતો. અને તબિયતની બાદબાકી ચાલી રહી હતી. પાંચમા દિવસે થાકીને અમે માનવલોહીમાં રહેલું પ્રવાહી જેને પ્લાઝમા કહે છે તે ચડાવ્યું. એમાંથી મળતા પ્રોટીન તેમજ અમુક જરૂરી ઘટકોના લીધે બાળકની તબિયતમાં થોડોક સુધારો દેખાયો. પણ ઝાડા ઘટવાનું નામ નહોતા લેતા. છેલ્લામાં છેલ્લી જાતના એન્ટિબાયોટિક્સ ઇંજેક્શન વપરાતાં હતાં તેમ છતાં ઝાડામાં આવતા પરુનું પ્રમાણ એક તસુભાર પણ ઓછું નહોતું થતું.

સાતમા દિવસની સાંજે સાત વાગ્યે બાળકની તબિયત વધારે લથડી. મારા તપાસવાના ટેબલ પર જ એ દોઢ મહિનાના બાળકે એટલો મોટો ઝાડો કર્યો કે એનું શરીર ઢીલું પડી ગયું. એની નાડી (પલ્સ) પણ ધીમી પડી ગઇ. ડોળા ચડી ગયા. તરત જ એને નસ દ્વારા પ્રવાહી શરૂ કરવામાં આવ્યું. મારી પર અતૂટ શ્રદ્ધા ધરાવતાં બાળકની દાદીના ચહેરા પર ચિંતાની રેખાઓ ઊપસી આવી. બાળકની નાડી પર હાથ રાખી હું જરૂરી ઇંજેક્શન અપાવતો જતો હતો. મારી સામે મંડાયેલ દાદીમાની દૃષ્ટિમાં અમંગળ તેમજ અશુભના ઓછાયાઓ સ્પષ્ટ દેખાતા હતા.

'સાહેબ! હવે શું થશે?' એમનાથી પૂછાઇ ગયું.

'માડી! થશે તો ભગવાને ધાર્યું હશે તે જ, પણ... આની તબિયત આજે વધારે નાજુક બની ગઇ છે, અને!' પરિસ્થિતિની ગંભીરતા

*શબ્દ ગૌણ છે, વિચાર મુખ્ય છે અને તેની અસર લાંબા ગાળા સુધી છે.*

બરાબર સમજાવવા માટે મેં હાથે કરીને જવાબ અધૂરો છોડ્યો હતો.

'એકેય દવાની કારી નથી ફાવતી ને?'

'ના માડી! પહેલી વાર આવી રીતે મારા હાથ હેઠા પડતા જોઉં છું. તમે એક કામ કરો. બીજા કોઇ બાળરોગ નિષ્ણાતનો અભિપ્રાય લઇ જુઓ. કદાચ મારા મનમાં સારવારનો કોઇક અગત્યનો મુદ્દો ન આવતો હોય કે બીજા ડૉક્ટર સૂચવી પણ શકે.' મેં કહ્યું.

'જુઓ સાહેબ!' દાદીમાએ ટટ્ટાર થઇને કહ્યું, 'બીજા કોઇનેય બતાવવું નથી. હવે તો મારો તો પણ તમે અને બચાવો તો પણ તમે! અમે તો એને તમારે ખોળે નાખી દીધો છે. અને અમારાં ભાગ્યમાં જ એ નહીં હોય તો બીજા કોઇ દાક્તર પણ શું કરવાના છે?'

મારા પરનો એમનો વિશ્વાસ જોઇને હું લાગણીશીલ બની ગયો. માડીએ પણ સાડલાના છેડાથી આંખોના ખૂણા સાફ કરી લીધા. પછી મને કહે કે, 'સાહેબ! તમે દવા લખવામાં જરા પણ મૂંઝાતા નહીં. ગમે તેવી મોંઘી દવા પણ અમે લઇ આવીશું. બસ એવું કહો કે કયા ઉપાયે એ બચી શકે?'

'ધાવણથી!' મારાથી અચાનક બોલાઇ ગયું. સાથોસાથ મનમાં પ્રકાશનો એક ઝબકારો પણ પથરાયો. માતાનું ધાવણ જો મળે તો આ બાળક જરૂર બચી શકે. માનવદૂધમાં રહેલી જંતુનાશક શક્તિ આ બાળકના ઘસાઇ ગયેલાં આંતરડાંને ફરીથી કાર્યરત જરૂર કરી શકે. પોષણ અને સારવાર એમ બંને ખૂટતી કડીઓને જોડવાનું કામ માનવદૂધ જ કરી શકે. પણ સૌથી અગત્યનો સવાલ એ હતો કે એ માટે ધાવણ કાઢવું ક્યાંથી? આપણે અહીંયાં હજુ બ્લડબેંકની માફક માનવદૂધની બેંકો તો બની નથી. છતાં પણ આશાના ભાવ સાથે મેં કહ્યું, 'માડી! જો કોઇ બહેન આ બાળકને ધાવણ આપવા તૈયાર થાય તો આની જિંદગી બચી શકે છે. કોઇ એવું તમારા ધ્યાનમાં?'

'હા સાહેબ! મારા નાના દીકરાની વહુને ચાર મહિનાની છોકરી ધાવણી છે. એને બોલાવીએ તો?'

'બોલાવો,' મેં કહ્યું, 'પણ એની દીકરીને શું? આમ તો ધારે તો એ બહેન બંને બાળકોને પેટ ભરાવી શકે. પણ એમ કરવા માટે એ રાજી થશે ખરી?'

'હવે એ તો એને અહીંયાં બોલાવીએ પછી ખબર પડે.' દાદીમાના અવાજમાં ઉત્સાહ હતો. મારા મનમાં એક નવું આશાકિરણ પ્રગટી રહ્યું હતું.

બીજા દિવસે સવારે પેલા બાળકની કાકી આવી. પોતાની ચાર મહિનાની હૃષ્ટપુષ્ટ બાળકીને જેઠાણીના હાથમાં સોંપી. પછી પેલા હાડપિંજરને ખોળામાં લીધું. સગી જનેતા લે એમ સાચવીને એને છાતીએ વળગાડ્યું. અને ત્રણ ત્રણ કપરા કાળની આરપાર નીકળેલ ખેડૂત પર વરસાદની પ્રથમ ધાર પડે અને એ સમાધિમાં ઊતરી ગયા જેવો ભાવ અનુભવે કંઇક એવી જ રીતે પેલું બાળક જિંદગીમાં જાણે પ્રથમ વાર જ અમૃતપાન કરી રહ્યું હતું. બાળકની કાકી, દાદી, જેઠાણી અને અમે.... અમે બધાની આંખમાં આનંદનાં મોતી ઝળકી ઊઠ્યાં હતાં. આશરે પંદર મિનિટ જેટલો સમય ધાવણ લીધા પછી એ બાળક ગાઢ ઊંઘમાં સરી પડ્યું. આઠ દિવસમાં પ્રથમ દિવસ એ ઘેનની કે ચૂંકની દવાની મદદ વગર જ સૂઇ ગયું હતું.

એ ઊંઘી ગયું પછી હળવેથી એને ખાટલામાં મૂકી એ બાઇ ઊભી થઇ. પોતાની સગી દીકરીને તેડીને ખૂબ જ વહાલ કર્યું. પછી બીજી છાતીએ એને ધરાઇ રહે ત્યાં સુધી ધાવણ આપ્યું. ફરી એક વખત એને ખૂબ જ રમાડી, હસાવીને વહાલ કર્યું. પછી પોતાની જેઠાણીના હાથમાં મૂકીને બોલી કે, 'બહેન! આ દીકરી અત્યારથી તમને સોંપી. એને લઇને ઘરે જતાં રહો. એને આપણી ભેંસનું દૂધ પીવડાવીને સાચવજો. હું હવે આ મુનિયાને સાજો લઇને જ આવીશ. અને જલદી જતાં રહો. નકર એ પાછી મને મૂકશે નહીં. 'આંખમાં આંસુ સાથે એ આડું જોઇ ગઇ. જાણે એમ કહેતી ન હોય કે - જલદી જાવ નહીંતર હું એને નહીં મૂકી શકું!'

જેઠાણી (દાખલ થયેલ બાળકની સગી માતા) દેરાણીની દીકરીને તેડીને ઘરે ગઇ. ધાવણરૂપી અમૃત મળવાને કારણે પેલા બાળકની તબિયત ઝડપભેર સુધરવા માંડી. છઠ્ઠા દિવસે તો એનું વજન ચારસો ગ્રામ વધી ગયું. સાતમા દિવસે મેં એને હોસ્પિટલમાંથી રજા આપી. આઠ દિવસ પછી બતાવી જવાનું કહ્યું. આઠ દિવસ પછી બાળકને લાવવામાં આવ્યું ત્યારે એનું વજન બીજું સાડા ત્રણસો ગ્રામ વધી ગયું હતું. એક વખતનું હાડપિંજર ધીમે ધીમે હવે ગલગોટાનું સ્વરૂપ લઇ રહ્યું હતું. એ બાળક એની પાલક માતાને ખભે એવું કિલકિલાટ કરી રહ્યું હતું કે ક્યારેક જશોદામાતાને ખભે બાલશ્રીકૃષ્ણ પણ આમ જ રમ્યા હશે એવો ભાસ થઇ આવે!

એ પછી એકાદ મહિને જ્યારે રસી મુકાવવા માટે એને લાવવામાં આવ્યો ત્યારે જેઠાણી અને દેરાણી બંને જોડે હતાં. બાળકનું વજન દોઢ કિલો જેટલું વધી ચૂક્યું હતું. દોઢ મહિના પહેલાંનું આ એ જ હાડપિંજર છે એ હવે એને જોવાથી કોઇ ઓળખી પણ ન શકે. તે દિવસે માડી પણ જોડે આવેલાં.

'સાહેબ! હવે આ બંને જણિયું પોતપોતાનાં છોકરાંવને લઇ લે તો ચાલે? બાબાને હવે ઉપરનું દૂધ શરૂ કરીએ અને છોકરી એની માનું ધાવણ લ્યે.' માડીએ પૂછ્યું.

'હુંઉ...ઉં...ઉં...! ચાલે!' અવઢવ સાથે મેં જવાબ દીધો.

'હાલો તો સાહેબની હાજરીમાં જ ફેરબદલી કરી નાખો. બહેન, તું બાબલાને એની માને આપી દે!' માડીએ કહ્યું. પેલી બંને બહેનોને તો માડી કહે તેનું પાલન કરવાનું જ હતું. એ બંનેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો નીતરતા હતા. અને નિખાલસપણે કહું તો મારું મન પણ આ દૃશ્ય જોવા જરાય રાજી નહોતું. આત્મા તો એવું જ કહેતો હતો કે હવે જેમ છે એમ જ ભલે ચાલ્યે રાખે. પણ અમારે મોઢેથી એવું કહેવાનો વારો જ ન આવ્યો. ભગવાને જાણે કે અમારા મનની વાત સાંભળી લીધી હતી. પેલા દીકરાએ એની પાલક માને ન છોડી અને દીકરીએ જેઠાણીને ન મૂકી. બંને બાળકોએ રડારોળ કરી મૂકી. બધાએ ઘડીક પ્રયત્નો કર્યા પણ કોઇ કરતાં કોઇ ઉપાય ન ફાવ્યો. બંને માતાઓએ પોતાનાં મૂળ સંતાનોને પોતાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)**

*જેની ભીતર કોઇપણ ઇચ્છા હોતી નથી, તેની જરૂરિયાતોની પૂર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.*

# વિચારોનું વજન ઘટે અને અંધશ્રદ્ધાનો ઉત્પાત વધે ત્યારે...

• દિનેશ પાંચાલ •

માણસ આ દુનિયાના રંગમંચનો કલાકાર છે. પચ્ચીસ ત્રીસ વર્ષની ઉંમરે એની ભૂમિકા નક્કી થઇ જાય છે. તે મોટો માણસ બની શકે તો સોનાના હીંચકે ઝૂલે છે પણ ખોટો માણસ બની જાય તો ફાંસીના માંચડે ઝૂલે છે. દાઉદ ઇબ્રાહિમ સોનાના હીંચકે ઝૂલે છે. પરંતુ એક સાધારણ માણસને લાકડાના હીંચકે ઝૂલતી વેળા જેટલી શાંતિ હોય છે તેટલી શાંતિ તેને નથી હોતી. શાંતિ હીંચકામાંથી નહીં, હૈયામાંથી પ્રગટે છે. માણસ સદ્કર્મોથી આનંદમાં રહી શકે છે. દુષ્ટતામાંથી પાશવી સુખ મળે છે. વાલિયા લૂંટારાએ થોડો સમય એવા સુખની મજા માણી હતી. પછી એણે ભૂલ સુધારી લીધી હતી. વાલિયાના અત્યાચારની માત્રા અલ્પ હતી. દાઉદની દુર્જનતાની ક્ષમતા ન્યુટ્રોન બોમ્બ જેવી છે.

સોનાના હીંચકે અથવા ફાંસીના માંચડે પહોંચવા માણસને અનેક માણસોની મદદ પ્રાપ્ત થાય છે. દાઉદને પણ નસીબ જેવું હોય છે. બધા ગુંડા દાઉદ બની શકતા નથી. દાઉદને હું મૂર્ધન્ય ગુંડો ગણું છું. રાતોરાત ટાટા બિરલા બની જવાતું નથી. દાઉદ ઇબ્રાહિમ, છોટા રાજન કે વીરપ્પન બનવું એ ખાવાના ખેલ નથી. બન્નેમાં તનતોડ મહેનત કરવી પડે છે. સંસારના લાખો મનુષ્યો મહાત્મા ગાંધી બની શકતા નથી. તેઓ દુર્યોધન કે રાવણને વખોડી શકે છે. પણ દુર્યોધન કે રાવણ બની શકવાનું ય તેમાંનું ગજું હોતું નથી.

અહીં ધાડ પડે છે. મોંઘવારી વધી જાય છે. ભૂખમરો માઝા મૂકે છે. આવી સ્થિતિમાં કોઇપણ સરકારને ગાળ પડે છે. સરકારને ભાંડવાનું કામ સહેલું અને પરિણામશૂન્ય કામ છે. રામચંદ્રજીના રામરાજ્યમાં પણ વસતિ આટલી પ્રચંડ હોત અને સુનામીની આપત્તિ આવી પડી હોત તો અયોધ્યામાં લંકા જેટલી જ જાનહાનિ થઇ હોત. રામચંદ્રજી તેમની પ્રજાને બચાવી શક્યા ના હોત. અમુક સ્થિતિમાં રામ રાવણની હાલત સરખી થઇ જાય છે. બાસુંદીની કલ્પના કરવા કરતાં તેને બનાવવાનું કામ અઘરું હોય છે. દુનિયાના તમામ રાજકીય વિશ્લેષકોના હાથમાં સત્તા આપવામાં નહીં આવે ત્યાં સુધી તેમને સરકાર ચલાવવાનું કામ ડાબા હાથનો ખેલ લાગે છે. દુર્યોધન કે રાવણના ટોળા કેવળ પાર્લામેન્ટમાં નથી. પ્રજા વચ્ચે પણ એમનો રાફડો ફાટ્યો છે. (દુર્યોધન, રાવણ અને કંસના સમયમાં નસબંધીનું ઓપરેશન થઇ શકતું નહોતું તેથી આ જગતમાં તેમના વંશવેલા વધ્યા છે) આ દેશની મોંઘવારી, બેકારી, ગરીબી, ભૂખમરો, વસતિવધારો, ભ્રષ્ટાચાર, હિંસા અને સાંપ્રદાયિક દંગા... આ બધાને કાબૂમાં લેવાનું કામ, તેની સમીક્ષા કરવા કરતાં અઘરું છે. સફળ થવા કરતાં નિષ્ફળ જવાનું સહેલું છે. સજ્જન બનવા કરતાં માથુ ફેરવીને દુર્જન બની જવામાં ઓછી મહેનત પડે છે. (અને ક્યારેક તો લીલાલહેર થઇ જાય છે) સત્યનો જ હંમેશાં જય થાય છે એવું કહેવાય છે. પણ સ્થિતિ હવે બદલાઇ છે. સત્યનો શિરચ્છેદ થાય છે અને જૂઠાઓનો જયજયકાર થાય છે. રાવણની લંકા સલામત રહી જાય છે અને રામની અયોધ્યામાં આગ લાગે છે.

માણસ સદ્માર્ગે સફળ થાય તો એને ફૂલહાર મળે છે. કુમાર્ગે સફળ થાય તો કારાગાર મળે છે. બન્નેમાં એક ચીજ કોમન હોય છે. પેપરમાં એક જ પાને બન્નેના ફોટા છપાય છે. એકના ચહેરા પર સંતોષ અને સફળતાનું સ્મિત હોય છે. બીજાના ચહેરા પરથી નૂર ઊડી ગયું હોય છે. તેના હાથમાં હાથકડી હોય છે. બાજુમાં પોલીસ ઊભો હોય છે. આ બે સ્થિતિ વચ્ચે ગોલ્ડમેડલ અને દાણચોરીમાં પકડાયેલા સોનાના બિસ્કીટ જેટલો તફાવત છે.

હમણાં એક કહેવાતા સંતની અમૃતવાણી સાંભળવાનું બન્યું. લગભગ બધા જ ભગવાધારી સાધુઓ માણસને સંસારની માયા છોડવાનો ચીલાચાલુ ઉપદેશ આપતા રહે છે. પરંતુ તેમનું વસ્ત્ર કોઇ ખેંચી લે તો તેમનો ઉપદેશ કેટલો જૂઠો છે તેની જાણ થઇ શકે. શ્વાસ લેવા એ પાપ છે એવું કહેવાની હિંમત કોઇ સંત કરી શકતો નથી. કેમકે એ પ્રક્રિયા કુદરતી છે. મોહ-માયા, તૃષ્ણા, ઇચ્છા એ કુદરતી હોવા છતાં એનો ત્યાગ કરવાનું સંતો વારંવાર ઉપદેશતા રહે છે. પરંતુ માયા છૂટતી નથી. (તે છોડવાની જરૂર પણ શી છે?) માયામાં રહીને પણ સદ્કર્મો થઇ શકે છે. ભગવાનને ભજી શકાય છે. પૃથ્વી પર મનુષ્યનું સર્જન એક માત્ર ઇશ્વર પ્રાપ્તિ અર્થે થયું છે એવી ગેરસમજ ધરાવનારા સંતોએ સમગ્ર મનુષ્યજાતિને ગેરમાર્ગે દોરી છે. સ્ત્રીનું મોઢું ન જોતા સાધુઓને કારણે સ્ત્રીજાતિને રતિભાર નુકસાન નથી. સ્ત્રીઓને આટલું સમજાય તો ભયોભયો! પણ દિમાગમાં શ્રદ્ધાનો ભાર વધે અને વિચારોનું વજન ઓછું થઇ જાય ત્યારે એવા સાધુઓના દૂરથી દર્શન કરીને પણ સ્ત્રીઓ ધન્ય ધન્ય થઇ જાય છે. સાધુઓને માફ કરી શકાય. સ્ત્રીઓને માફ કરવા મન બહુ મોટું કરવું પડે!

એક સંતે તેમની કથામાં એક પંક્તિ ઉચ્ચારી- 'પૈસો મારો પરમેશ્વર અને પત્ની મારી ગુરુ...!' આ મોહમાયાના સંસારમાં પૈસાની તાકાત સાવ મિથ્યા છે. અને પત્નીને ગુરુ ના માની શકાય એવું તેમના વ્યંગમાં અભિપ્રેત હતું. આમ કહી તેમણે પૈસા ભેગું પત્નીનું પણ અવમૂલ્યન કર્યું. સત્ય એ છે કે પૈસા જેટલું જ મહત્ત્વ સંસારમાં પત્નીનું ય છે. પૈસા વિના સાધુની લંગોટી ખરીદી શકાતી નથી. સાધુનો ચીપિયો, કમંડળ ઇશ્વર તરફથી ખેરાતમાં નથી મળતા. સાધુની પાવડીનાય

*આપણો સાચો સલાહકાર આપણો અંતરાત્મા છે.*

પૈસા લાગે છે. પૈસા વિના આ જગત અને પત્ની વિના આ સંસાર અસાર લાગે છે. પત્ની માટે પૈસા વિના ઘર ચલાવવાનું કામ અઘરું છે. સંસારમાં કેટલીય પત્નીઓ પોતાના કર્મે લખાયેલા વંઠેલ પતિને નિભાવી લે છે. ઘણા કિસ્સાઓમાં પત્ની ધીરજપૂર્વક પત્નીને સીધે પાટે લાવે છે. તેને જાનવરમાંથી ઇન્સાન બનાવે છે. દરેક ડફોળ પતિને ગુરુ નથી હોતો પણ એક પત્ની હોય છે. ગુરુથીય ન થઇ શકે એવું અઘરું કામ પત્ની કરે છે. ગુરુમાં આધ્યાત્મિક ઘમંડ હોવાની શક્યતા છે. પત્ની ગમે તેવી સ્વયંસિદ્ધા કે શક્તિસ્વરૂપા હોય તોય પોતાના પતિને સુધાર્યાનો ઘમંડ કરતી નથી. પેલો 'આખલો' વખત જતાં પાંચમાં પૂછાતો થાય ત્યારે તે કોઇ શેખચલ્લી જેવા ગુરુને પગે લાગે છે. પણ પત્નીએ આપેલો ભોગ તેના ધ્યાનમાં આવતો નથી.

સંસારની કોઇ પત્નીને હજી સુધી શ્રેષ્ઠ જીવનસાથીનો ઍવૉર્ડ મળ્યો નથી. મંદોદરીએ રાવણને વેઠી લીધો પણ તેને લંકાની પ્રજાએ આદર્શ પત્નીનો ઍવૉર્ડ નહોતો આપ્યો. લક્ષ્મણની પત્ની ઊર્મિલાએ ૧૪ વર્ષ સુધી, છતા પતિએ વિયોગ વેઠ્યો હતો. ગાંધારીએ પોતાના પતિ ધૃતરાષ્ટ્રના આંખના અંધાપાને કારણે પોતે પણ આંખે પાટા બાંધ્યા હતા. ધર્મગુરુઓ એવી પત્નીઓના ઉત્કટ પ્રેમને નજરઅંદાજ કરીને માત્ર મોહમાયા છોડવાની ઘીસીપીટી વાતો કર્યે રાખે છે. સુખસાહ્યબીની માયા છોડવાની સલાહ આપતા ગુરુઓ પોતે મારુતિમાં ફરતા હોય છે. એરકન્ડિશન્ડમાં સૂતા હોય છે. તેમના નોકરોને જ ખબર હોય છે કે તેઓ કેવી અજબગજબની માયામાં ફસાયેલા હોય છે. માયા છોડવાનું સહેલું નથી. કેમકે તેમાં કુદરત સંડોવાયેલી છે. એક વાતનો ઇન્કાર થઇ શકે એમ નથી. ભગવા વસ્ત્રોની આડમાં સેક્સકાંડ આચરતા સાધુઓ કરતા સમાજસ્વીકૃત માર્ગે સંસાર ભોગવતા સંસારીઓ લાખ દરજ્જે સારા. માણસની અંદરની સાત્વિકતાને બદલે તેના બાહ્યાડંબરને માપદંડ બનાવવામાં આવે છે ત્યારે માણસનું ખોટું માપ નીકળવાની ગેરંટી હોય છે.

એક વાત સમજાય છે. નિયમિત બાઇબલનું પઠન કરવું એ પાપ ન કરવાની બાંયધરી નથી. નમાઝ પઢ્યા પછી પણ માણસ બોમ્બબ્લાસ્ટ કરી શકે છે. રોજ બે કલાક ગીતા વાંચતો માણસ લૂચ્ચો હોઇ શકે છે. રામાયણ, મહાભારત, કુરાન વાંચ્યા પછીય માણસના ભીતરની તમામ દુષ્ટતા અકબંધ રહી જાય છે. બીજી તરફ ઇશ્વરમાં ન માનતા માણસો નેકદિલના માનવતાવાદી ઇન્સાન હોઇ શકે છે. રોજ મંદિરમાં મૂર્તિની સાત વાર પ્રદક્ષિણા કરતો શ્રદ્ધાળુ માણસ ભાડાનું ઘર ખાલી કરતાં પહેલાં મકાન માલિકને સાતસો ધક્કા ખવડાવે છે. બીજી તરફ મટન માર્કેટમાં માંસ વેચતો માણસ સાફ દિલનો ઇમાનદાર માણસ હોય એવું બને છે. માણસોની દુનિયામાં બધું જ શક્ય છે. અહીં કસાઇઓ દયાળુ હોઇ શકે છે અને રામનામની ચાદર ઓઢનારા બગલમાં છૂરી છૂપાવીને ફરતા હોય છે. ઇશ્વરને પામવો સહેલો છે પણ માણસને ઓળખવો બહુ અઘરો છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

# પિશાચી લાલસાઓ

● ટોકરશી વોરા ●

પિશાચી લાલસાઓમાં રમણ કરવાનો માનવ જાતનો મૂળભૂત સ્વભાવ છે, એમ જો કહેવામાં આવે તો ભડકવાની જરૂર નથી! ભોગી હોય કે જોગી, સભ્યતાનો કવચ ફૂટી જતાં, માનવ મનની અંદર રહેલી પિશાચી લાલસાઓ ધૂણવા માંડે છે! કુદરતનો એક કાનૂન છે, અંધારાને ઉતારવાની જરૂર પડતી નથી. પ્રકાશને બુઝવી નાખો, પાછળ અંધારું જ રહેશે. પ્રકાશને પ્રગટ કરવા માટે કે બુઝાવવા માટે કર્તાની જરૂર પડે છે, જ્યારે અંધકાર સમગ્ર બ્રહ્માંડમાં ગૂંચળા વાળીને પ્રથમથી ખડકાયેલું પડ્યું છે. એને પાથરવા કે ખેંચી લેવા કર્તાની જરૂર પડતી નથી. કુદરતના કાનૂન પ્રમાણે અંધકાર એ બ્રહ્માંડનો જેમ મૂળભૂત સ્વભાવ છે, તેમ શેતાની - પિશાચી લાલસાઓ પણ માનવ વૃત્તિઓનો મૂળભૂત સ્વભાવ છે!

ઘટના, પછી તે ગમે તે જાતની હોય, પરંતુ તે ઘટના સંબંધમાં માનવ મનમાં પહેલાં જે ભાવ ઊઠે છે, તેમાં સૂક્ષ્મ કે સમગ્રપણે પિશાચી લાલસાઓ ધબકતી જ હોય છે! સભ્ય સમાજમાં આવી ધબકતી લાલસાઓના સળગતા અણુઓ ઉપર સભ્યતાની રાખ પડેલી હોય, એ ખરું. પરંતુ આ રાખને ખંખેરી નાખતાં, પિશાચી લાલસાઓ ભભૂકી ઊઠે છે અને ત્યારે માનવીના હૃદયમાં માનવતાના નહીં પરંતુ પશુતાના દર્શન થાય છે.

બીજાઓને પીડા પહોંચાડીને તેમાંથી આનંદ શોધવાની પિશાચી લાલસાઓ સામાન્યપણે સર્વત્ર જોવા મળે છે. રોમન સામ્રાજ્યની પ્રાચીન સુમેરુ સંસ્કૃતિના સભ્ય માનવ સમાજની જે આછેરી ઝલક પ્રાપ્ત થઇ છે, તે મુજબ આ સમય દરમિયાન માનવ સમુદાયમાં શેતાની લાલસાઓને તૃપ્ત કરીને તેમાંથી આનંદ મેળવવાની વૃત્તિ પ્રચૂરપણે ફેલાયેલી હતી. આવી લાલસાઓને પોષવા માટે વિશાળ સ્ટેડિયમો બંધાતા. તેમાં મોટે ભાગે મોતની બાજીઓ ખેલાતી. વિશાળ સ્ટેડિયમોમાં હજારો માણસો બેસી શકતા. વચ્ચેના રક્ષિત ગોળાર્ધમાં ગુનેગારોને મોકલવામાં આવતા. એમના ઉપર ભયંકર વિષધરો કે રાની પશુઓને છોડી મૂકવામાં આવતા. રાની પશુઓ તીક્ષ્ણ નહોર અને અણીદાર દાંતો વડે પેલા ગુનેગારોને રમાડી રમાડીને ચીરી નાખી મોતને હવાલે કરતા. આનંદી ચિચિયારીઓ સાથે સ્ટેડિયમ ગૂંજી ઊઠતું. માનવ મનની અંદર ધરબાયેલી પિશાચી લાલસાઓ આ વખતે ઉન્મત્ત થઇને નાચી ઊઠતી!! અલબત્ત આવા સ્ટેડિયમના ખંડેરો આજે પણ ત્યાં જોવા મળે છે.

સાપ અને નોળિયાનું જીવલેણ યુદ્ધ જોવા માટે એકઠા થતાં લોકોના ટોળાની ઝીણી થતી આંખો તરફ નજર કરજો. મોતની રમાતી રમત જોઇને એમની આંખોમાં પિશાચી લાલસાઓમાંથી આનંદ લેવાની વૃત્તિ ઉભરતી દેખાશે. એમના સ્નાયુઓ એટલા અક્કડ થઇ ગએલા દેખાશે, જાણે તેઓ ખુદ મોતની આ બાજી ખેલી રહ્યા ન હોય!

જાતીય વૃત્તિઓના ઊંડાણમાં પણ પરપીડનની વૃત્તિ લગભગ દેખાશે. આવા સમય દરમિયાન શેતાની લાલસાઓ ફુગ્ગાની જેમ ફુલાય છે અને અન્યોન્ય બચકા સુધી ભરી લે છે.

કોઇ બહુમાળી ઇમારતને પાનાના મહેલની જેમ ઢળી પડતી જોનારના પહેલા ભાવ રોમાંચ ઊભા થઇ જાય તેવી લાલસા પૂર્તિના આવે છે. ભય પામવું એ બુદ્ધિનો વિષય છે, પરંતુ રોમાંચ ઊભા થવાનો અર્થ છે, પિશાચી લાલસાઓનો વિજય!

ઈર્ષા એ પિશાચી લાલસાઓની પરિવર્તન પામેલી કૃતિ છે. ઈર્ષાળુ ઇચ્છે છે કે સામેની વ્યક્તિને ચોટ પહોંચે. એના દિલને આઘાત લાગે. એના અહમના ચૂરેચૂરા થઇ તે ભાંગી પડે. આવી જાતની કામના સફળ થાય છે, ત્યારે પેલી ઈર્ષાળુ વ્યક્તિ અવર્ણનીય પીશાચી આનંદમાં મસ્ત બની જાય છે! નિઃસંતાન વ્યક્તિઓ તથા નિષ્ફળ પ્રેમીઓ મોટે ભાગે આવી લાલસામાં સપડાઇ જાય છે.

ખૂબ દારૂ ઢીંચતી વ્યક્તિઓના માનસનું પૃથક્કરણ કરવા જેવું છે. આવી વ્યક્તિઓ પોતાના જ અહમ વડે તરછોડાયેલી હોય છે. એમની અતૃપ્ત રહેલી ઇચ્છાઓમાંથી અહમ ભડકે બળવા માંડે છે. આમ થાય છે, ત્યારે અતૃપ્ત ઇચ્છાઓનું પરિવર્તન અન્ય પ્રતીકોમાં કરવા માટે પિશાચી લાલસાઓની ઓથ શોધી, પ્રતીકોના માધ્યમ વડે પિશાચી આત્મા સંતુષ્ટિ અનુભવે છે. બહુ ઓછી બોલતી વ્યક્તિઓ અથવા કૌટુંબિક યા સામાજિક નિષ્ફળતા વડે ઘેરાયેલી વ્યક્તિઓ પર આવી શેતાની લાલસાઓ સવાર થઇ જાય છે. એટલું જ નહીં, તેમાંનો મોટો ભાગ ડ્રગના નશાની આદતનો ભોગ થઇ પડે છે.

પિશાચી વૃત્તિઓને નિષ્ફળ કરવા માટેની નહીં, પરંતુ સારા આચરણ માટેની ભાવના મંદિરોના નિર્માણ પાછળ રહેલી છે એમ કહેવાય છે. પરંતુ આ ભાવના પાછળ રહેલું મનોવૈજ્ઞાનિક સત્ય સમજવા જેવું છે. મંદિરોમાં જે મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવે છે, તે મૂર્તિઓ આમ તો કલ્પનાસર્જિત હોય

*દોષ કાઢવો સરળ છે પરંતુ તેને સુધારવો મુશ્કેલ છે.*

છે, પરંતુ કહેવામાં આવે છે કે મંદિરમાં સ્થાપન પામેલ દેવ યા ભગવાન લાલસાઓ રહિત છે. આમ કહીને એમના દર્શને જનારાઓ એવા ભ્રમનું સર્જન કરવા માંગે છે, કે અમે પણ આવી મૂર્તિઓમાં રહેલા ગુણોની જેમ લાલસાઓ રહિત છીએ. હકીકતના મૂળમાં ધરબાયેલી આ ભાવના રેશમી કાપડમાં વિંટળાયેલા સાપ જેવી છે.

આપણે આ લેખની શરૂઆતમાં જ સ્વીકાર્યું છે કે પીશાચી લાલસાઓ માનવ માત્રનો મૂળભૂત સ્વભાવ છે. સભ્યતાના ઓઠા હેઠળ એનું દમન કરી શકાય, નાશ નહીં. મનોવિજ્ઞાનનો એ સિદ્ધાંત છે કે જે ઇચ્છાઓનું દમન કરવામાં આવે છે, તે ઇચ્છાઓ રાગ દ્વારા પરિવર્તન પામીને, અન્ય અવલંબનો શોધી, તે મારફત પોતાની પૂર્તિ કરવાનો પ્રયત્ન કરે છે. જેમ કોઇ જાદુગર એક ખાલી ડબ્બામાં ચકલીના બચ્ચાને નાખીને એજ ડબ્બામાંથી સફેદ કબુતર કાઢી બતાવે છે તેવું દમિત લાલસાઓનું છે. ધર્મસ્થાનકમાં પ્રવેશતી ઇચ્છાઓ એના ગર્ભદ્વારમાંથી બહાર નીકળે છે, ત્યારે એ કહેવાતા ધાર્મિક આવરણ વડે રક્ષાયેલી હોય છે. દૃષ્ટિભ્રમ ઉત્પન કરે છે, હકીકતમાં એનું પરિવર્તન વિષધરમાં થઇ ચૂકેલું હોય છે. અનેક ધર્મસ્થાનકોના ગર્ભ દ્વારોમાંથી આવતા પોકારો અને આક્રંદોના સનસનાટીભર્યા અહેવાલો વર્તમાનપત્રોના પાનાઓ પર અનેક વખત ચમકતા હોય છે. એ શું બતાવે છે? એ જ કે લઘુતાગ્રંથિથી પીડાતી વ્યક્તિઓ અથવા સમાજની ભીડ વ્યક્તિઓ આવા દેવસ્થાનના ઓઠા હેઠળ પિશાચી લાલસાઓને પોષવા મથે છે!

પિશાચી લાલસાઓની ઉન્મત્ત દશામાં માનવી સૂધ-બૂધ ખોઇ બેસે છે. એના જ્ઞાનતંતુઓ સંકોચાઇને તંગ બની જાય છે. મગજમાં એટલો બધો સખત તનાવ પેદા થાય છે, કે તે ફુત્કાર કરી નાચવા માંડે છે. લોકભાષામાં "તે ધૂણે છે અથવા તેના અંગમાં ભૂત-પ્રેત કે વ્યંતરિક દેવ પ્રવેશ્યા છે" એમ કહે છે. હકીકતમાં આવા માનવીઓ અભાન અવસ્થામાં જે બડબડાટ કે જે બુડબુડાહટ કરે છે, તે એની અતૃપ્ત લાલસાઓના પરિવર્તન પામેલા કલ્પના સર્જ્યા પ્રતીકો જ છે. એ આ સ્થિતિ દરમિયાન અધૂરી રહેલી શેતાની લાલસાઓની પૂર્તિ અર્થે આવી હરકતો કરે છે. તે ઇચ્છે કે પોતાના અહમ આગળ બધા ઝૂકતા આવે અને જ્યારે એની આસપાસ વિંટળાયેલો સમુદાય એને ઝૂકીને નમે છે ત્યારે તે ભાવવિભોર બની પેલી અધૂરી લાલસાઓમાં રમણ કરવા પ્રયત્ન કરે છે.

માનવી માત્રની સાથે પડછાયાની જેમ ઘૂમતી શેતાની લાલસાઓના ઉદ્‌ભવતા બીજા જે કારણો હોય તે, પરંતુ એની મુખ્ય જડ તો પ્રકૃતિના એ સિદ્ધાંતમાં છે, જે પોતાના 'તાલબદ્ધતા'ના ગુણધર્મ માટે પ્રખ્યાત છે.

'તાલબદ્ધતા'ની એક પેટા કલમ છે, "સ્વવૃદ્ધિ અર્થે સ્વરક્ષણ"! સ્વવૃદ્ધિ શબ્દ પ્રયોગ પોષકના અર્થમાં નથી વપરાયો, પરંતુ "હું છું" એની પ્રતીતિ અન્યોને કરાવવા માટે અન્યોન્ય ભાવનાઓની વચ્ચે જે સંઘર્ષ ચાલુ રહે છે એ સંઘર્ષની વચ્ચે અપરાજિત રહેવાના અર્થમાં પણ વપરાયો છે. હવે આ ભાવનાઓ અપરાજિત તોજ રહે જો માનવ મનમાં સ્ફુરણા પામતી બધીજ ઇચ્છાઓ કલ્પવૃક્ષની માફક પૂરી થતી જાય! આપણે સમજીએ છીએ, આ શક્યતા હવાઇ કિલ્લા જેવી છે. માનવીની અનેક ઇચ્છાઓને આજની સભ્યતા ગરદનમાંથી પકડીને મરડી નાખે છે. જે લાલસાઓનો મેળ સભ્યતાની સાથે બેસી શકે, તેજ લાલસાઓની પૂર્તિ અર્થે માનવી પ્રયત્ન કરી શકે. અન્ય બધીજ લાલસાઓ બેહૂદી છે, એવા સામાજિક નિર્ણયની સામે નિઃષિદ્ધ લાલસાઓ છૂપાઇ જવા પ્રયત્ન કરે છે! આમ જે લાલસાઓની વૃદ્ધિ થવી જોઇએ તેની આડે બંધ આવી પડતાં 'સ્વવૃદ્ધિ'ના નિયમ સામે ખતરો આવીને પડે છે, પરિણામે સ્વરક્ષણની ભાવના સતેજ થાય છે અને તે સભ્યતાની સામે બંડ પોકરે છે. આમ આપણે જોયું કે "સ્વવૃદ્ધિ અર્થે સ્વરક્ષણ"ના જટિલ નિયમની સામે પિશાચી લાલસાઓ તાણાવાણાની જેમ અનાદિકાળથી વણાયેલી પડી છે અથવા તો પડછાયાની જેમ આ નિયમની સાથે રહેલી છે.

અલબત્ત આવી પિશાચી લાલસાઓની હસ્તિ અંગે ખુદ માનવી પોતે સભાન છે જ. એટલે જ એણે પ્રાચીનકાળથી આધ્યાત્મિકવાદની શરૂઆત કરી દીધી છે. માનવીનું માનવું છે, આધ્યાત્મિક વાદ પિશાચી લાલસાઓની અસરને નાબૂદ કરવા સમર્થ છે. ઠીક છે, એમ કહીને માનવી પળભર માટે પોતાની ખોજ પ્રત્યે સંતોષ વ્યક્ત કરી શકે છે! પરંતુ આ સંતોષ અલ્પજીવી એટલા માટે છે, કે માનવીએ ઊભી કરેલી સભ્યતા અથવા એની ખોજ આધ્યાત્મિકવાદ પેલા ઇંડાના ઉપરના કવચ જેટલા પાતળા અને બરડ છે. નજીવા આઘાતથી આ કવચને ફૂટી જવાની પૂરેપૂરી શક્યતા છે.

તો શું માનવી અને પશુમાં ફરક નથી? અવશ્ય છે! કારણ, માનવીએ બુદ્ધિનો સહારો શોધી લીધો છે. એટલું જ નહીં, પરંતુ તેણે પોતામાં રમણ કરતી પિશાચી લાલસાઓને પણ ઓળખી કાઢી છે. બસ, પશુતા અને માનવતા વચ્ચે આટલોજ ફરક છે. હજારો વર્ષોથી માનવીએ શીખી લીધું છે નિઃષિદ્ધ મનાયેલી પાશવી લાલસાઓને છૂપાવીને કેમ રાખવી! અલબત્ત આવી છૂપાવેલી લાલસાઓ કંઇ ભીતર પડી નથી રહેતી. તે પોતાની તમામ શક્તિ વડે એની પૂર્તિ ચોક્કસ દિશા નક્કી કરી, કરે જ છે.

છેલ્લે જ્યારે જ્યારે ચારે તરફ હોળીનો જશ્ન ખેલાતો હોય તો એમાંથી છટકીને કોઇ પણ કોરો કેમ જઇ શકે! રંગના છાંટા ઊડે જ.

અસ્તુ.

*૨૦૨ અરિહંત આશિયાના,*
*૩-૪-૬/૭ બરકતપુરા*
*ડો. બમ્મના લેન, કાચી ગોડા, હૈદ્રાબાદ-૨૭*
*ફોન : ૬૬૬૩૩૩૭૭*

# કથા

• શાંતિલાલ સંઘવી •

'કથા' એટલે કહેવામાં આવેલી વાત. એક જમાનામાં લોકોમાં શિક્ષણનું પ્રમાણ અતિ અલ્પ હતું ત્યારે લોકરંજન તથા લોકશિક્ષણ માટે કથાઓનો ઉપયોગ થતો. કથાઓ દ્વારા જ લોકોને બોધ તથા સારા-નરસાની સમજ મળતી અને સમાજમાં મૂલ્યોની સ્થાપના થતી. કથાઓ દ્વારા જ ધર્મની અને સંસ્કૃતિની સમજણ આપવામાં આવતી.

અને લોકો પણ કથાઓમાં કહેવાયેલી વાતોને સાચી બનેલી હકીકત માનતા. એ કથાઓને જ ઇતિહાસ માની લેતા. આજે પણ ખૂબજ મોટા પ્રમાણમાં, ખાસ કરીને આપણા દેશમાં, લોકો વિવિધ કથાઓને સત્ય ઇતિહાસ માને છે. કથાઓ ભગવાનની પણ હોઇ શકે, દેવી દેવતાઓની પણ હોઇ શકે, ઋષિ મુનિની પણ હોઇ શકે મનુષ્યો કે પશુ-પક્ષીઓની પણ હોઇ શકે, ભૂતપ્રેતની પણ હોઇ શકે.

ફેન્ટસી વગર કથા બની શકે નહિ. ચમત્કારો વગરની કથા લોકરંજન કરવામાં નિષ્ફળ જાય. મસાલાઓ ઉમેર્યા વગર કોઇપણ વાનગી સ્વાદિષ્ટ બની શકે નહિ. કથાઓમાં નવે નવ રસ ઉમેરવા જ પડે. તે વગર લોકોને કથા માટેનો રસ જાળવી રાખવાનું મુશ્કેલ બને. આપણા વિવિધ ગ્રંથોમાં કથાઓ અને ઉપકથાઓનો ભંડાર ભરેલો છે. કુશળ કથાકારો અને આખ્યાનકારો આ કથાઓને પોતાની રજૂઆતની કળા દ્વારા શ્રોતાઓ સમક્ષ રજૂ કરતા રહે છે અને લોકો ફરી ફરીને વાર્તારસ માણતા રહે છે. કથાઓનું વારંવાર પુનરાવર્તન થતું રહે છે અને એ દ્વારા લોક માનસ કેળવાતું રહે છે. લોકો તો શાસ્ત્રો વાંચી શકવાના નથી. તત્વજ્ઞાન કે ફિલસુફીમાં કોને રસ પડે? તત્ત્વજ્ઞાન હંમેશાં નીરસ જ હોય. એમાં મનોરંજનને અવકાશ હોઇ શકે નહીં. એટલે કથાઓ દ્વારા જ ઇષ્ટનું આચરણ અને અનિષ્ટના ત્યાગની વાતો લોકો સુધી પહોંચાડી શકાય. આમ કથાઓની ઉપયોગિતા સ્વતઃ સિદ્ધ થાય છે.

પરંતુ તકલીફ ત્યારે સર્જાય છે જ્યારે ઇતિહાસના આધારે નહીં પણ કથાઓના આધારે વિવિધ ધર્મમાર્ગના અનુયાયીઓ અને વિવિધ સંપ્રદાયના લોકો વચ્ચે મતભેદ અને મનભેદ સર્જાય છે. તેમના વચ્ચે સંઘર્ષ પણ થાય છે. વારતાઓને સાચી માની લેવાના કારણે આવું અવળું પરિણામ નીપજે છે. કથાકારો ક્યારેય એવો ખુલાસો કરતા નથી કે અમે કહીએ છીએ તે માત્ર વારતા છે - ઇતિહાસ નથી.

કથાઓ સાંભળીને લોકો કથાના પાત્રો પ્રત્યે ભક્તિભાવ કે ઘૃણાભાવ ધારણ કરી લે છે અને આમ એક સાવ અવાસ્તવિક વાતાવરણ સર્જાય છે.

ખૂબ સરળતાથી, માત્ર પાંચ-છ મહિનામાં જ, એ સાબિત કરી શકાય છે કે રામકથા હોય કે કૃષ્ણ કથા હોય કે શિવકથા હોય કે મહાવીર કથા હોય આ તમામ માત્રને માત્ર બોધકથાઓ છે, ઇતિહાસ નથી. અને આવી કાલ્પનિક કથાઓ માટે પ્રજામાં સંઘર્ષ થાય એ મૂર્ખતાની નિશાની છે. આ પ્રકારના રાગદ્વેષયુક્ત સંઘર્ષના કારણે પ્રજાની ઉન્નતિનો ખ્યાલ તો બાજુ પર રહી જાય છે અને પ્રજાના પતનના રસ્તા ખુલી જાય છે. પ્રજા અંદરોઅંદર લડવા ઝઘડવા લાગે છે, પ્રજાની શક્તિ વેડફાઇ જાય છે.

આનો વિશ્વની અન્ય ચતુર પ્રજા પૂરપૂરો લાભ ઉઠાવે છે. તેઓ આપણને લડતા રાખે છે પોતે વિજયી થતા જાય છે. આપણે દિન-પ્રતિદિન પરાજિત અને ગુલામ બનતા જઇએ છીએ. કથાની વાતોને જડતાપૂર્વક વળગી રહીએ છીએ. કથાની વાતોને જ ધર્મ માની લઇએ છીએ, એને જ સત્ય માની લઇએ છીએ અને પછી પોતાના સત્ય અને અન્ય લોકોના સત્ય વચ્ચે ઝઘડા ચાલતા રહે છે. તમામ ધર્મ માર્ગના તમામ સંપ્રદાયો, એ તત્ત્વજ્ઞાનના મતભેદમાંથી નીપજેલા નથી પણ કથાઓમાં વર્ણવાયેલા જુદા જુદા પ્રસંગો અને ઘટનાઓમાંથી નીપજેલા છે જેને હકીકતનો કોઇ જ આધાર નથી.

ઇતિહાસ કોઇની શરમ રાખતો નથી. કોઇ રાજી થાય કે નારાજ એની ઇતિહાસને પરવા હોતી નથી. ઇતિહાસના સમુદ્ર મંથનમાંથી અમૃત પણ નીકળે અને ઝેર પણ નીકળે. પોતાને મનગમતી વાત નીકળે તો સૌ રાજી થાય પણ અણગમતી વાત નીકળે તો સ્વીકારવા તૈયાર ન થાય. આ જ આપણી સૌથી મોટી નબળાઇ છે.

બધાજ લોકો બોલવામાં 'સત્ય' ને 'અહિંસા' ના જાપ જપે પણ જ્યાં સત્યને સ્વીકારવાની વાત આવે ત્યાં નામુકર જાય. આચરણમાં સત્ય પણ નહીં અને અહિંસા પણ નહીં. લગભગ હજારેક વર્ષથી પરદેશીઓ

આપણી આ મૂર્ખતાનો પૂરો લાભ ઉઠાવે છે. છતાં આજની તારીખ સુધી પણ આપણે આ કથા આધારિત મતભેદોની કશી જ કિંમત નથી એ વાત સમજ્યા નથી. જ્યાં સુધી મનુષ્યના શીલ અને ચરિત્રને સંબંધ છે ત્યાં સુધી કોઇ આમ માને કે તેમ માને તેની કશીજ કિંમત નથી. માણસ કોની ભક્તિ કરે છે, કયો મંત્ર બોલે છે, કોના મંદિરમાં જાય છે, કઇ કઇ સ્થુળ ક્રિયાઓ કરે છે એ બધાની કશી જ કિંમત નથી. પરંતુ મનુષ્યનું આચરણ કેટલું શુદ્ધ અને પવિત્ર છે તેની જ કિંમત છે.

સમગ્ર પ્રજા અર્થહીન બેવકૂફી ભરેલી બાબતો માટે લડતી ઝઘડતી હોય તો તેનું ભવિષ્ય સદાય અંધકારમય જ હોય.

પ્રજા હંમેશાં તેજસ્વી, પ્રામાણિક, મજબૂત, પરાક્રમી અને ખુમારી વાળી હોવી જોઇએ. નમાલી પ્રજાની ભક્તિ કેવી હોય?

ઘણા ભગવાનો, ઘણા દેવી દેવતાઓ, ઘણા ધર્મો, અસંખ્ય સંપ્રદાયો અને પેટા સંપ્રદાયો હોવા છતાં આપણો ઇતિહાસ કહે છે કે આપણે સદા ધન અને સત્તા પાસે પૂંછડી પટપટાવતા જ આવ્યા છીએ - આજે પણ આજ સ્થિતિ છે.

ખોટી જગાએ તાળીઓ પાડીએ છીએ. ખોટા માણસોનો જય જયકાર કરીએ છીએ, ખોટી બાબતોને મહત્ત્વ આપીએ છીએ, બીજા લોકોની ખોટી નકલ કરીએ છીએ, ખોટા લોકોની ખુશામત કરીએ છીએ તાકાત ન હોવા છતાં બણગાં ફૂંકીએ છીએ.

અને છતાં મહામૂર્ખની જેમ ચિલાવી ચિલાવીને બરાડા પાડીએ છીએ કે 'મેરા ભારત મહાન.' આપણે એટલોયે વિચાર નથી કરતા કે નમાલા, આળસુ, કામચોર, દંભી અને અંદરોઅંદર કુસંપ અને લડતા ઝઘડતા માણસો મહાન કેવી રીતે હોઇ શકે? મૂર્ખ માણસો કદી મહાન બની શકે નહીં.

રવીન્દ્રનાથ ટાગોરે કહેલું 'આ દેશ મહાપુરુષોનો અને અધમ પ્રજાનો છે.' કેમ આટલા બધા મહાપુરુષોની આપણને સતત જરૂર પડે છે? ગામલોક જો ડાહ્યું હોય તો એક ડોક્ટર પણ બસ થઇ પડે. આઇન્સ્ટાઇને કહેલું કે 'કદાચ ભવિષ્યમાં બ્રહ્માંડની સીમા જાણી શકાશે પણ મનુષ્યની મૂર્ખાઇની સીમા જાણવી શક્ય નથી.'

વારતા એટલે હકીકત નહીં. કોઇએ કહ્યું એટલે આપણે માની લેવાનું? કહેનારાને પોતાનો સ્વાર્થ હોય. એને પોતાનો અલગ ચોકો બનાવવો હોય એટલે કહે. પણ આપણે સમજવું જોઇએ.

જો તે આપણી બુદ્ધિમાં ઉતરે નહિ અને જો તે કોમન સેન્સથી વિરુદ્ધ હોય તો તેમની વાત માનવી નહીં.

જ્યાં પણ કોઇપણ ચમત્કારની વાત હોય તો તે વારતા છે, હકીકત નથી, એમ સમજવું. કારણકે સાચો માણસ કદી ચમત્કાર કરે નહીં અને ખોટા માણસમાં ચમત્કાર કરવાની શક્તિ હોય નહીં. જે દેવી-દેવતાઓનો આપણે સ્વીકાર કર્યો છે તે તમામનો જગતની ૯૫% ટકા વસતિએ અસ્વીકાર કરેલ છે. આ ૯૫% ટકા લોકો ખોટા છે એમ માનવું એ તો અહંકાર ગણાય.

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હોલ પાસે,
ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

# બે 'નારા' – લેનારા અને દેનારામાં કયો ચડે?

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

સમાજમાં લેનારા ઘણાં છે તો દેનારાઓનો પણ તોટો નથી. પણ ક્યારેક દેનારા કરતાંયે લેનારાની ઊંચાઈ જોવા મળે છે ત્યારે ભલે તેનો હાથ નીચે રહેતો હશે પણ દિલ ઊંચું છે એમ કહ્યા વિના રહેવાતું નથી. આવી જ એક ઘટના હમણાં વાંચવા મળી.

જ્યારથી આ ઘટના જાણવા મળી ત્યારથી અભાવ દારિદ્રય અને સ્વભાવ દારિદ્રયની ભેદરેખા સ્પષ્ટ થઈ ગઈ. દેનારામાં અભાવ દારિદ્રય અને સ્વભાવ દારિદ્રય નથી હોતું એ તો અનેકવાર જોવા મળે છે. પણ લેનારમાં પણ સ્વભાવ દારિદ્રય ન હોય એ તો ઘણું પ્રશંસનીય ગણાય.... પ્રસંગ આ રીતનો છે.

સાંજનો સમય છે. ડૉ. સ્મોલેટ લટાર મારવા નીકળ્યા છે. કુદરતના વૈભવનો કારોબાર પૂરબહારમાં છે પણ ડૉક્ટર આજે ઉતાવળમાં છે. એક એપોઈન્ટમેન્ટ આપી છે અને તેનો સમય થઈ ગયો છે. ચાલ ઉતાવળી છે. એવામાં પાછળથી એક યાચકનો અવાજ કાને પડ્યો. સ્વરમાં યાચના હતી. ઊભા રહી પાછળ વળીને જોયું તો લંગડાતા પગે અને લથડતી ચાલે એ ડૉક્ટર તરફ આવી રહ્યો હતો. એની ધીમી ગતિ જોઈને ડૉક્ટરને જ થયું, આ બિચારો ક્યારે નજીક આવશે? તેથી ઉતાવળમાં હોવા છતાં તેઓ જ સામે ગયા. એનું દયામણું મોં જોયું, લંબાયેલો કૃશ હાથ જોયો. ગજવામાં હાથ નાખ્યો અને જે સિક્કો હાથમાં આવ્યો તે યાચકના હાથમાં મૂકીને એવી જ ગતિથી આગળ ચાલ્યા.

વળી યાચકનો અવાજ સંભળાયો, પગ થંભ્યા. યાચક હવે ઉતાવળો થઈ નજીક આવી રહ્યો હતો. એના લંબાયેલા હાથમાં પેલો સિક્કો ચળકતો હતો.

સાહેબ, આ લ્યો... આપે ઘણી મોટી રકમનો સિક્કો આપી દીધો છે. આવો સિક્કો ન હોય... સામાન્ય સિક્કો આપો.

ડૉક્ટરે ગજવામાંથી એવો જ બીજો સોનાનો સિક્કો કાઢી ફરી યાચકને આપ્યો અને કહ્યું, 'પહેલો સિક્કો તારી યાચનાનો અને બીજો સિક્કો તારી પ્રામાણિકતાનો.' આટલું કહી યાચક પાસેથી વળતા કોઈપણ ઉત્તરની અપેક્ષા વિના ડૉક્ટરે આગળ ચાલવા માંડ્યું.

યાચક બે હાથમાં બે સિક્કા લઈ ડૉક્ટરના રૂપમાં આવેલા કોઈ ફરિસ્તાને જોઈ રહ્યો.

હાથમાં આવેલા સિક્કાને 'આ વધારે પડતું છે માટે લઈ લો...' એવું દાતાને સામેથી કહેનાર યાચક પણ મહાન છે.

દેનારા અને લેનારા એ બંને શબ્દોમાં 'નારા' શબ્દ તો આવે જ છે.

તો આ બંનેમાં કોણ ચડે?

કોઈને પણ વિચારતા કરી મૂકે એવું છે.

આવી જ એક બીજી વાત છે - પાલિતાણાની. ત્યાં માનસિંગ ઠાકોરનું રાજ્ય ચાલે. એના રાજ્યમાં કરશન ચોપદાર નામનો ભગત હતો. એનો અવાજ અષાઢી મેઘની ગર્જના જેવો અને લહેકો જાણે મોરનો ટહુકો. શત્રુંજય પર્વત પર દાદા આદીશ્વર પ્રભુના દરબારમાં આ કરશન છડી પોકારે. છડી બોલાય ત્યારે ભલભલા ડોલી ઊઠે, કરશનના રણકારમાં શ્રદ્ધાનો રંગ હતો. એક દિવસ ઠાકોર સાહેબ ગિરિરાજની યાત્રાએ પધાર્યા. તે જેવા દાદાના દરબારમાં આવ્યા ત્યારે કરશને હલકદાર કંઠે દાદાની છડી પોકારી. ઠાકોર ખુશખુશાલ થઈ ગયા. ખુશાલી પ્રગટ કરવા પોતાના જમણા પગનો સોનોનો તોડો હતો એનો પેચ કઢાવી હાથમાં લીધો. સવાસો તોલાનો એ નક્કર તોડો કરશનને આપવા હાથ લાંબો કર્યો. પણ કરશને ડાબો હાથ ધર્યો અને કહ્યું, જમણો હાથ તો દાદા પાસે જ ધરાય. ઠાકોર બોલ્યા, 'તો થયું.' અને તોડો ન આપ્યો.

એકવાર વિજયા દશમીના દિવસે દશેરાની સવારી ઠાઠમાઠથી નીકળી છે. પાલિતાણાના રાજ ઠાકોર માનસિંગ હાથી ઉપર બેઠા છે. સાજન, માજન રસાલો પણ બહોળો છે. સવારી હવાઈ મહેલથી નીકળી ગામની મધ્યમાં થઈ તળેટી તરફ આગળ વધી રહી છે. ત્યાં ખીજડિયો ઓટલો હતો. ત્યાં કરશન ચોપદાર બેઠો હતો. સવારી ત્યાંથી પસાર થતી હતી ત્યારે હાથી પર બેઠેલા રાજા માનસિંગની નજરે આ કરશન ચડ્યો. ચાલુ સવારી થોભાવી અને કરશનને કહ્યું, 'કરશન, છડી બોલ. તને આખું ઘેટી ગામ ઈનામ દઈશ.' આખી સવારી અને ભેગા થયેલા લોકોના કાન સરવા થઈ ગયા કે કરશન શું બોલે છે!

કરશને કહ્યું, 'છડી તો દાદા પાસે જ બોલાય. ઘેટી તો શું બધા ગામ દઈ દો તોય હું અહીં છડી ન બોલું.' રાજા માનસિંગ ચૂપ થઈ ગયા. બધા લોકો કરશનની નીડરતા અને દાદા પ્રત્યેની અવિચલ આસ્થાની વાતો અહોભાવથી કરતા રહ્યા. આપણને પણ આ ખુમારી સ્પર્શી જાય તેવી છે... કે માંગવાનું મન થાય... આપણામાં પણ આવી ખુમારી પ્રગટે તો કેવું સારું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

*આંખથી નીકળેલાં સાચાં આંસુ મનનો મેલ ધૂવે છે.*

વિચાર મંથન

# પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ

• ડૉ. ઊર્મિલા શાહ •

હું રોજ સવારે પૂજા કરવા બેસું એટલે નાનકડો અર્ચન મારી બાજુમાં આવીને ગોઠવાઈ જાય... હું જે કંઈ કરું તેનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરે... દીવો, અગરબત્તી, પૂજા, ફૂલ ચડાવું બધું જ તેને કરવાનું મન થાય... અને પછી હું આંખો મીંચીને ભગવાનની પ્રાર્થના બોલું ત્યારે પણ તે જ રીતે પ્રાર્થના ગાવાનો પ્રયત્ન કરે. હવે તેને ગાયત્રી મંત્ર પણ લગભગ મોઢે થઈ ગયો છે. નવકાર મંત્ર પણ ઠીક ઠીક આવડતો જાય છે. સ્કૂલમાં પણ પ્રાર્થનામાં બોલાતાં સ્તોત્રો અને શ્લોકો ધીરે ધીરે તેને કંઠસ્થ થવા માંડ્યા છે. હજી તો માંડ સાત વર્ષનો થવા આવ્યો છે પણ બાળકનું નિરીક્ષણ પણ કેટલું બધું સૂક્ષ્મ હોય છે! અને એ નિરીક્ષણ પછી તેનું આબેહૂબ અનુકરણ, બાળકનું સામાજિકરણ આમ જ થાય છે. તેનું ઘડતર આમ જ થાય છે. પણ તે સાથે તેની તર્કશક્તિ પણ સતત કામ કરતી જ રહે છે અને તેથી જ તેણે મને એક દિવસ પ્રશ્ન પૂછ્યો...

'દાદીમા, ભગવાન ક્યાં છે?'

'મેં મૂર્તિ બતાવી કહ્યું, ભગવાન આ રહ્યા દીકરા....'

તો તેને સંતોષ ન થયો. તેણે ફરી પૂછ્યું... 'પણ દાદીમા, આ તો પથ્થરના દેવ છે. એમને ભગવાન કહેવાય? સારું કામ કરે તે જ ભગવાન કહેવાય. આ તો પથ્થરનાં દેવ છે, એ હાલીચાલી તો શકતાં નથી... એ સારું કામ કેવી રીતે કરતા હશે? એકવાર તમે જ તો મને કહેતા હતા કે ભગવાન લોકોનું ભલું કરે, દુઃખિયાને મદદ કરે... હાલીચાલી ન શકે એ આવું કામ કેવી રીતે કરી શકે...?'

અને હું પણ મૂંઝાઈ... શ્રદ્ધા અને તર્ક... અને છતાં તેના મનનું સમાધાન ન કરું તો તેની શ્રદ્ધા તૂટી જાય... એકવાર મંદિરમાં એ મારી સાથે આવ્યો હતો. નાનો હતો... પણ મેં તેને હાથ જોડી પગે લાગવાનું કહ્યું તો એણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું... પગે ન લાગ્યો. મને થયું... એના મનમાં ભગવાન વિશે ખાસ્સી મથામણ ચાલતી હોવી જોઈએ અને એટલે મેં તેને હાથ જોડવા માટે બહુ આગ્રહ ન કર્યો, ફરજ ન પાડી. ને મારી પાછળ પાછળ મારો છેડો પકડીને તે પણ મંદિરની બહાર આવ્યો...

થોડા દિવસ થયા હશે... ને હું સવારે પૂજામાં બેઠી હતી... આંખો બંધ કરી સ્તોત્રો, પાઠ બોલી રહી હતી. બાજુમાં અર્ચન આવી ગોઠવાઈ ગયો. પૂજા પૂરી થઈ ને મેં આંખો ખોલી. ને એણે તરત જ પ્રશ્ન કર્યો... 'દાદીમા, મારે ભગવાન જોવા છે. તમને ભગવાન દેખાય છે?'

'હા... બેટા! મને તો ભગવાન દેખાય છે...'

'કેવી રીતે દાદીમા?'

'મારી જેમ તું પણ આંખ બંધ કરે તો તને ભગવાન દેખાશે બેટા!'

'દાદીમા, તમેય કેવું કહો છો? આંખ બંધ કરીએ તો કશું જ ન દેખાય... પછી ભગવાન કેવી રીતે દેખાય?'

'બેટા! ભગવાન આપણા હૃદયમાં હોય છે. એમને જોવા હોય તો આપણે અંતરમાં નજર નાખવી પડે.'

'દાદીમા, અંતરમાં નજર નાખવી પડે? અંતર ક્યાં હોય?'

મેં છાતી પર હાથ મૂકી તેને અંતરનું સ્થાન ચિંધ્યું.... પણ તેના મનમાં સખત મથામણ હતી... ભગવાનના દર્શન માટે દાદીમા પૂજા કરવા બેસે છે... ને આંખ બંધ કરી તેમના દર્શન કરે છે. આંખ બંધ કરીને તે વળી દર્શન કેવી રીતે કરાય? અંતરમાં ભગવાન હોય! અંતરમાં રહેલાં એ ભગવાનના તે વળી કેવી રીતે દર્શન કરાય? એનાં મનમાં સતત આ પ્રશ્ન ઘૂંટાયા જ કરતો હતો... પણ એને હું કહું પણ કેવી રીતે કે 'બેટા! તારી આંખોમાં જે નિર્દોષ પ્રેમ દેખાય છે તેમાં જ મને ઈશ્વરના દર્શન થાય છે. તારા નિર્દોષ અને કિલકિલાટ હાસ્યમાં મને દેવના દર્શન થાય છે. તારી આ નાજુક નાજુક આંગળીઓમાં મને ઈશ્વરની અનુભૂતિ થાય છે... ઈશ્વર ક્યાં નથી?... આપણે એને મંદિરમાં પ્રસ્થાપિત કર્યા છે, પથ્થરમાંથી મૂર્તિ કંડારી તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી મંદિરમાં તેને પ્રસ્થાપિત કર્યા છે. કારણ હૃદયમાં રહેલાં એ દેવને આપણે નિરખી શકતાં નથી. આપણી ઈન્દ્રિયો સતત બહારની બાજુ, ચારેબાજુ દોડ્યા કરતી હોય છે. આંતરદૃષ્ટિ એ ક્યાં કરી શકે? અને એટલે જ નિરાકાર પૂજાથી અંતરમાં રહેલાં એ દેવનાં દર્શન આપણા માટે મુશ્કેલ છે. જેને કારણે આપણે સાકાર પૂજાનો આધાર લીધો છે અને એ મૂર્તિની સામે આપણે આંખો બંધ કરી હૃદયમાં બિરાજેલ દેવ તરફ આંતરદૃષ્ટિ કરવાનો પ્રયત્ન કરીએ છીએ... આવાં કેટકેટલા પ્રયત્નો પછી ક્યારેક જ કોઈ વિરલ હોય તેને અંતરમાં રહેલ એ દેવનાં દર્શનનો લાભ મળી શકે છે... આપણી એ આંતરખોજ સતત ચાલુ રહે છે. દેવ તો હૃદયમાં જ છે, પણ તેને નિરખવા માટે આપણાં જીવનમાં દૃષ્ટિ જોઈએ. એ દૃષ્ટિ વિના સાક્ષાત્કાર થાય નહીં...' જીવનની આવી ગહન વાત આટલા નાનકડા અર્ચનને હું કેવી રીતે સમજાવું? અને છતાંય હું તેને દૃષ્ટિ આપું નહીં તે પણ કેમ ચાલે? અને એટલે જ હું

*સુખની ઈચ્છાથી સુખ મળતું નથી એ નિયમ છે.*

રોજ જ ઘરમાં પૂજા કરું છું, પૂજામાં બેસું છું. રોજેરોજ એ પૂજા કરતાં કરતાં જ તેનામાં શ્રદ્ધા જાગશે... અને એ શ્રદ્ધામાંથી જ તેનામાં એ આંતરદષ્ટિ કેળવાશે.

આજે ઠેર ઠેર મંદિરો બંધાતા જોવા મળે છે. ફક્ત ભારતમાં જ નહીં, વિશ્વભરમાં નવા નવા મંદિરો બની રહ્યાં છે, તો બીજી બાજુ હરણફાળે આગળ વધતી ટેકનોલોજી અને વિજ્ઞાનને કારણે માણસ વધુને વધુ બુદ્ધિશાળી બનતો જાય છે, પણ જીવનમાં બુદ્ધિ અને લાગણી બંનેનું સાતત્ય જળવાય એ બહુ જ જરૂરી છે. માણસને સાચા અર્થમાં માનવ બનવું હશે તો લાગણી, ભાવના વિના એ માનવ બની શકશે નહીં અને એ ભાવના જાગશે શ્રદ્ધામાંથી. આપણે એની એ શ્રદ્ધાને કેળવીએ છીએ ખરા! તેનામાં શ્રદ્ધા જગાડીએ છીએ ખરા! ઘરેઘરમાં મંદિર જેવું પવિત્ર વાતાવરણ છે ખરું?... ઘરેઘરમાં વડીલો દિવસમાં પાંચેક મિનિટ પણ જો પૂજા કરવા એકાગ્ર ચિત્તે બેસી શકતા હશે તો જ બાળકમાં એ શ્રદ્ધા વિકાસ પામશે, પણ આજે...!

ચિંતને જમવાની ઉતાવળ કરી... 'મા, હમણાં મારો રિક્ષાવાળો આવી જશે... મારે સ્કૂલનું મોડું થશે. મને જમવા આપી દે ને!...' ત્યાં તો તેની મમ્મી ગુસ્સે થઈ ગઈ... 'તું બહુ ઉતાવળ કરે છે ચિંતન... હું તો કેટલી ધમાલ કરું? સહેજ મોડો પડીશ તો શું ફેર પડી જવાનો છે? પ્રાર્થનામાં મોડો પડીશ તો કંઈ આભ તૂટી પડવાનું છે?... હા, ભણવાનું બગડતું હોય તો સમજ્યા... ખોટી ધમાલ શું કામ કરે છે?' અને બાળકનું સાચું ઘડતર જેણે કરવાનું છે એ જ મા બાળકમાં પ્રાર્થનાનું જીવનમાં કેટલું મહત્ત્વ છે એ સમજાવવાને બદલે એની ઉપેક્ષા કરતાં શીખવે છે. મને માને કહેવાનું મન થઈ ગયું... "બહેન! તમારા મા-બાપે ઈશ્વર માટે એ શ્રદ્ધા તમારામાં રેડી હતી તો તમે જીવનમાં ઊભા થતા ઝંઝાવાત સામે ટકી શકો છો... તો આજે તમે પણ જો બાળકમાં આ શ્રદ્ધાનું ઘડતર નહીં કરો તો ભવિષ્યમાં એ બાળક ઝંઝાવાત સામે કયા બળને આધારે ટકી શકશે? જીવનમાં શ્રદ્ધા જેવું તો એકેય બળ નથી ને એ કેળવાય છે માત્ર પ્રાર્થનાથી... પૂજા ને પ્રાર્થના, તેની તો જીવનમાં ખૂબ જ જરૂર છે. જીવન ઘડતરમાં એ ખૂબ જ મહત્ત્વનાં પરિબળો છે...' એ આજની શિક્ષિત માતાઓને કેવી રીતે સમજાવવું?

મને હજી આજેય યાદ છે, મારા સંતાનો સી.એન. વિદ્યાવિહારમાં ભણતા અને ત્યારે ત્યાં પ્રાર્થનાનું જે વાતાવરણ હતું... જાણે રવીન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનમાં ન હોઈએ! અને ત્યારે કોઈપણ મહેમાન આવે તો એ પ્રાર્થનાસભામાં હું ખાસ લઈ જતી... આંખો બંધ કરી હું પણ એ પ્રાર્થના માણતી અને ત્યારે હૃદયમાં પ્રભુ ભક્તિનાં, શ્રદ્ધાનાં તાર ઝણઝણી ઊઠતાં. શારદા મંદિરની પ્રાતઃ પ્રાર્થના.... એ પણ આવી જ શ્રદ્ધાનો સંચાર હૃદયમાં કરતી. એ ભવ્ય વાતાવરણ, સુમધુર સંગીત... હૃદયમાં જાણે આપોઆપ ઈશ્વરના દર્શન થતા. એ માટે નવી પેઢીને દૃષ્ટિ મળતી. દેવના દર્શન માટે આંતરચક્ષુની જરૂર છે, એ આંતરચક્ષુ આ પ્રાર્થનાથી જ લભ્ય બને છે... એ આપણે કેમ ભૂલીએ?

પ્રાર્થના એટલે પ્રભુ સાથેનો સંવાદ.

***૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,***
***કર્ણાવતી ક્લબની સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***ફોન : ૨૬૯૨૯૭૦૦***

# વયસ્ક વિશ્રામ સ્થાન - (૨)

● શશિકાંત ઠક્કર - માધાપર ●

વયસ્ક વિશ્રામ સ્થાનની અનિવાર્યતાની વિગતો આ અગાઉ આપણે જોઈ ગયા. ૨૦૦૭માં પાર્લામેન્ટે પસાર કરેલ ખરડાની જોગવાઈ અનુસાર દરેક જિલ્લામાં ઓછામાં ઓછી ૧૫૦ પથારીવાળા એક વૃદ્ધાશ્રમ સ્થાપવાની કાર્યવાહી હજુ તો શરૂ પણ થઈ નથી.

કચ્છના સંદર્ભમાં વયસ્કો માટેના આશ્રય સ્થાનો અંગે વિચાર કરીએ તો કચ્છમાં મહિલા કલ્યાણ કેન્દ્ર દ્વારા ભુજમાં ચલાવાતી સંસ્થા ત્યક્તા અને પીડિત મહિલાઓને તેમજ અનાથ બાળકોને સંભાળે છે. શ્રી ભુજ લોહાણા મહાજનના ઉપક્રમે ચાલતું મહિલા આશ્રમ – વૃદ્ધ, નિરાધાર અને ત્યક્તાઓને રહેવાની વ્યવસ્થા તથા રોકડ અને વસ્તુરૂપે કેટલીક મદદ આપે છે. આ સંસ્થામાં ૬૦ જેટલા રૂમો ઉપલબ્ધ છે. માધાપરમાં પટેલ જ્ઞાતિ માટે પૂર્ણરૂપે વૃદ્ધાશ્રમ કહી શકાય તેવી સંસ્થા 'અપના ઘર' ચાલે છે. નાગર જ્ઞાતિ દ્વારા પણ કંઈક આવી વ્યવસ્થા ભુજમાં થઈ છે. પરંતુ જ્ઞાતિબાધ સિવાય સાર્વજનિક સ્વરૂપનું સૌપ્રથમ વૃદ્ધાશ્રમ સન ૧૯૯૫માં નખત્રાણા તાલુકાના રોહા ગામે શરૂ થયું છે. આ સંસ્થામાં સારી સગવડ સાથે ૪૨ જેટલા વૃદ્ધોને આશ્રય અપાયો છે. બીજું આવું વૃદ્ધાશ્રમ નારાયણ સરોવરમાં સન ૧૯૯૭માં શરૂ થયું છે. તેમાં વીસેક જેટલા વૃદ્ધોને આશ્રય અપાયો છે. ત્રીજું આવું વૃદ્ધાશ્રમ માધાપરમાં ઊભું કરાઈ રહ્યું છે.

સામાજિક સંદર્ભમાં 'અનિષ્ટ' હોવા છતાં અનિવાર્ય જરૂરિયાત તરીકે વૃદ્ધાશ્રમોની વ્યવસ્થા સમાજમાં જરૂરી બની છે. ભુજના એક શ્રેષ્ઠી શ્રી તુલસીદાસ પ્રાગજી ઠક્કર અને તેમના વેવાઈ ભૂતપૂર્વ નાયબ કલેક્ટર સ્વ.શ્રી માધવજીભાઈ કોટવાલ દ્વારા વૃદ્ધાશ્રમ માટે વિચારણા થઈ હતી. તેમણે આ માટે માધાપરમાં જમીન પણ રાખેલી અને કેટલુંક ફંડ પણ અલાયદા રાખેલ હતું. એક યા બીજા કારણોસર આ યોજના અમલમાં લાવી શકાઈ નહીં. માધાપર લોહાણા સમાજ પાસે આ વાત બે વર્ષ પહેલાં આવી હતી પરંતુ જમીનનું સ્થળ અનુકૂળ ન હોવાથી આ બાબત વિલંબમાં પડી. છેલ્લે જૂના ગામતળ નજીક અનુકૂળ જમીન ઉપલબ્ધ થતાં જૂની જમીન વેચીને આ જમીન તેમણે ખરીદી. "શ્રી હરિ શાંતિ નિકેતન" નામે સાર્વજનિક ટ્રસ્ટની સ્થાપના શ્રી તુલસીદાસ ભાઈએ કરી. આમ, જમીનનો પ્રશ્ન હલ થતાં આ પ્રોજેક્ટના નકશા અને અંદાજ પણ તૈયાર કરી આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તા. ૨૦-૮-૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું. ટ્રસ્ટના સંચાલન માટે કાયમી ટ્રસ્ટીઓ, સંસ્થાગત ટ્રસ્ટીઓ અને નિમાયેલા ટ્રસ્ટીઓ એમ ત્રિ-સ્તરીય ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ સાર્વજનિક ધોરણે કાર્ય કરશે. સંચાલન માધાપર લોહાણા સમાજ જેવા આદર્શ સમાજને સુપરત કરવામાં આવ્યું છે. આ પ્રયાસની સફળતાના કારણે ખાતમુહૂર્તના દિવસે જ વૃદ્ધાશ્રમ માટેના તમામ રૂમો, હોલ અને વિંગના બુકિંગ થઈ ગયા અને વધારાના ચાર રૂમો પણ બુક થઈ ગયા.

કોઈપણ સંસ્થાની સફળતાના પાંચ પગથિયાં છે. પ્રથમ પગથિયું પારદર્શી વહીવટ, બીજું પગથિયું સૌને વિશ્વાસમાં લેવાની ભાવના, ત્રીજું અંગત નિઃસ્વાર્થપણું, ચોથું વહીવટમાં શક્ય એટલી કરકસર અને પાંચમું વિરોધીઓ માટે પણ કડવાશનો અભાવ. એ પાંચ પગથિયાં સમજપૂર્વક અને સૌની શક્તિનો યથોચિત ઉપયોગ કરવાની કળા જે સંસ્થા અપનાવે તેની સફળતામાં કોઈ શંકા રહેતી નથી. સદ્‌નસીબે માધાપર લોહાણા સમાજમાં મહદ્‌અંશે આ ભાવના કેળવાઈ છે. તેના પરિણામે આજે ૨૨ વર્ષ પછી પણ સંપ અને સંગઠનની ભાવનામાં કોઈ તિરાડ પડી નથી.

શ્રી હરિ શાંતિ નિકેતનમાં પ્રાર્થના ખંડ, ભોજન ખંડ, રસોડું, કર્મચારી ક્વાર્ટર ઉપરાંત ૧૭ રૂમો દરેક બે બેડના થશે. આમ પ્રથમ તબક્કે ૩૪ જેટલા વયસ્કોને આશરો આપી શકાશે. બાંધકામ ખર્ચ આશરે રૂપિયા સાંઈઠ લાખ થશે. અત્યારે ચાલતું બાંધકામ છત ભરવા સુધી પહોંચ્યું છે. દરેક રૂમમાં ટોઈલેટ, બે કબાટ, બે સેટી પલંગ, બે ખુરશી અને ટી.વી.ની સુવિધા અપાશે.

બાંધકામ ખર્ચને પહોંચી વળવા પછી પણ વૃદ્ધાશ્રમ ચલાવવા માટેના રોજ-બરોજના ખર્ચને પહોંચી વળવા કાયમી ફંડ ઊભું કરવાનો પણ પ્રશ્ન છે. જેથી નિરાધાર વૃદ્ધોને તેમના સંધ્યાકાળે સર્વ પ્રકારે સુખ અને સગવડ કાયમી ધોરણે આપી શકાય. આ પ્રોજેક્ટ ઘણો મોટો અને ખર્ચાળ હોવા છતાં આપણા ઉદાર શ્રેષ્ઠીઓ અને તેમના વિશાળ દિલ ઉપર વિશ્વાસ રાખીને આ કામગીરી થઈ રહી છે. તમામ ઉદાર દિલ દાતાઓ નાતજાતના ભેદભાવ વિના શ્રી હરિ શાંતિનિકેતન ટ્રસ્ટને પોતાનું યોગદાન આપશે તેવી અપેક્ષા રખાઈ છે.

આનંદ અને ગૌરવ એ વાતનું છે કે અત્યારથી જ કાયમી ફંડ માટે સુજ્ઞ દાતાઓ તરફથી યોગદાન મળવું શરૂ થઈ ગયું છે. અને તેમાંયે જ્યારે તદ્દન સામાન્ય આર્થિક સ્થિતિ ગણી શકાય તેવા કુટુંબો અને ખુદ ગૃહઉદ્યોગ ચલાવી ગુજરાન ચલાવતી વિધવા બહેનો તરફથી પણ લાખ અર્ધા લાખની રકમ નોંધાવાય છે ત્યારે આંખો હર્ષના અશ્રુથી છલકાય છે.

દાન મોકલવા માટે "શ્રીહરિ શાંતિ નિકેતન", ઠે. માધાપર લોહાણા સમાજવાડી, બસ સ્ટેન્ડ પાસે, માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦. ફોન : (૦૨૮૩૨) ૨૪૧૧૦૧ ઉપર સંપર્ક કરી શકાય છે. દાનની રકમ શ્રી પંજાબ નેશનલ બેંક - માધાપર, ખાતા નં. ૪૫૭૦૦૦૦૧૦૦૦૦૦૭૭૩૦ અથવા શ્રી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિ. - માધાપર, ખાતા નં. ૦૦૦૭-૦-૦૫-૦-૦૭૦૯૫૫માં "શ્રીહરિ શાંતિ નિકેતન"ના નામે પરબારે પણ જમા કરાવી શકાશે. ■

*પોતાનાં મન-મસ્તિષ્કના થોડાક ભાગમાંથી ખરાબ વિચાર બહાર કાઢી નાંખો. તુરત જ ખાલી સ્થાન સર્જનાત્મકતાથી ભરાઈ જશે.*

માહિતી

# તરંગને સહારે લક્ષ્ય અંતરાલનું

● ડૉ. ગિરીશ વીછીવોરા ●

સમયે ઓળખાણ વીસરાવી ન હતી. ગેલેરીમાં હાથીની સૂંઢની જેમ સામેના ઝાડની ડાળી ઝૂલતી ઝૂલતી સ્વાગત કરી રહી હતી. કવિતાથી એને નવડાવી હતી તે કદાચ ભૂલી નહિ હોય. એના ઝૂલણમાં સ્વાગતના આનંદ સાથે અપેક્ષા હતી. જાણે કહેતી હોય, આવ્યા તો ભલે, ઓણવારની જેમ બધું અધકચરું મૂકી ભાગી નહિ જતા. એના પર જરાક હાથ ફેરવ્યો. ઝણઝણાટી ને કંપારી, દેહપરના પ્રશ્વેદ સમાં વર્ષાના બિંદુ જરાકશાં ખંખેરી વ્યક્ત કરી. ખુરશી ખેંચી ગેલેરીની કોરે હરખપદુડી ડાળખીના સમીપે જ બેસી રહ્યો. વરસાદ ભાઈને એ નહીં ગમ્યું હોય તે જરીક ટપક્યો. ફોરાં આછાં, પણ ઘટ્ટ ને મોટાં. હાથ પર ઝીલતાં એમની બાળ લપડાક જરીક વાગે. ઝૂલતી ડાળખીએ મન મોટું કર્યું. કહે, આ તો બે ઘડીનો મહેમાન છે. એને પંપાળ. હું તો શાશ્વત છું. અહીંજ ઊભી રહી તારી વાટ જોતી રહી. ફોરાં સાથે ફેરકૂદડી ફરી ઘડીક એને ફુલાવ.

ફોરું નીચે પડે. ક્ષણિક નજર સમક્ષ થઇ અવરોહણ એટલું ઝડપી કરે, બાજ નજર રાખવી પડે. પહેલા માળેથી નીચે જમીન પર પડતાં ફોરામાં ફેરફાર ગતિનો જ - જરાક વધારો થાય. એને પણ ગુરુત્વાક્ષણ ગુંગળાવેને! એવું ન હોય તો ફોરાં અહીંતહીં ઝાડપાન, કોઇ પંખીનો માળો યા કોઇ પપૈયાની કાયા પર ઠરીઠામ થઇ શું કામ એમનું સાનિધ્ય ન માણે! ફોરું જમીન પર પડ્યું એના જેવાજ એના ભાઇભાંડુ સાથે. રેતાળ જમીન. ક્રિકેટના સમતળ મેદાન પર ક્યાંક પાતળા પાણીનું પડ દેખાય. એવીજ એક પાણીની પતરાવળી પર ફોરું ખાબક્યું ને વમળ ઉપસાવ્યાં. વમળ ગોળ. ગોળાકાર ફેલાતો જાય. એનો પરીઘ એના જ ભાંડુએ બનાવેલા ગોળાકાર સાથે સંયોજન કરે, એકબીજામાં વિલય પામે ને એક બને. અરે! આ તો કુદરતની પ્રયોગશાળા! વમળ ઊઠે. એકબીજામાં મળે, મોટાં થાય ને વધુ મોટામાં મળે ને આમ સર્વત્ર ફેલાઇ જાય. વાયુના તરંગ એમ જ ફેલાય. પૃથ્વી પરનું વાતાવરણ આવા તરંગો વિહંગમાં ફેલાવે ને એ તરંગોને સહારે, સંદેશાઓ પૃથ્વીની આજુબાજુ શેષનાગની નાગચૂડ બનાવતા જાય! વાહ, કૃષ્ણનો કાળીનાગ, કાલિદાસનો મેઘદૂત આવા જ તરંગો ફેલાવતા હતા ને સંદેશા પહોંચાડતા હતા! ને, એવા સંદેશાનું ઉદ્ભવસ્થાન સાવ નાનું નમણું નગણ્ય! વામનમાંથી વિરાટ તે આજ? એવા ઉગમસ્થાનને પકડી બેઠો હતો. સરસ્વતીચંદ્રના ગો.મા. ત્રિપાઠી યાદ આવ્યા.

*"મોટા નાનાં છે મોટામાં, તો નાનાં પણ મોટા,*
*વ્યોમદીપ રવિ, નભબિંદુ, તો ઘરદિવડા શા ખોટા!"*

મારું ઘરદિવડું ફોરું ફુલણજી થઇ ફરક્યું. એના ફરફરાટે ધરણી ધણધણી.

બે દિવસ નિસર્ગમાં જ મહાલવું હતું. કાલીદાસ ક્યારનો ખભે ચડી બેઠો હતો. વર્ષા ઋતુનો છેવાડો. ડુંગરાળ પ્રદેશમાં હજી મેઘદૂતોની આણ વર્તાય ને ક્યારેક ઘેરી લઇ ગલગલિયાં પણ કરે. નજર જરા દૂર ગઇ કે ઝરણાંની મૌકતિક માળાની શેરની હારમાળા જોઇ છક્કા જ છૂટી જાય. અલબત્ત, આ ઉમાશંકરના રોતાં ઝરણાં નો'તા. એમની આંખલડી લો'વાની જરૂર નો'તી. આ તો કાંતના 'ઉજળાં, જળ નીતરતાં ને સર્પ સમાં સરતા' હતાં. એ ઝરણાની મોતીની માળા કયો રાજકુમાર પહેરી શકે. પ્રકૃતિ કોના પર ફિદા થઇ આ વરમાળા એના ગળામાં પહેરાવે!

દૂરનાં ડુંગરા ને ઝરણાં રળિયામણાં ભાસે, પણ રહે દૂરજ. હૃદયસિંહાસન પર એને કેમ સ્થાપી શકાય? એમનાં દર્શને ઓછુંજ પાવન થવાયું છે? એટલે જ ઘરદિવડા જેવાં આજુબાજુનાં સાવ નાના નગણ્ય, એક શેર મોતીની માળા જેવાં, તૂટયાં ફૂટયાં વહેળાનાં વમળ માણવા ધ્યાન કેમ કેન્દ્રિત ન કરવું. એ ચૂપચાપ વહેતાં રહે છે. નથી એમની પાસે કોઇ દોર દમામ, નથી આભૂષણ અલંકાર પણ, એમની પાસે જે પોતાપણું છે, આત્મીયતા છે, નજાકતતા છે તે પેલા માતેલા સાંઢ જેવા અલ્લડ ઝરણાં ક્યાંથી ઉપસાવી શકે. ડુંગરાની કોરે વહી જતી, યજ્ઞોપવિત જેવી કાલીઘેલી, કુમારાભરી કુંવારી કોઇ કેડીને સહારે ન એમનું સાનિધ્ય માણવા મળે. કેડી જેનો ભાર વહી રહી છે એની મનોવાંછના ત્યારે જ પામી જાય ને એવા જ સ્થાને એને ખડો કરી દે. બસ, કેડીનું કામ પત્યું. ભઇલા, મેં તને ઓવારે આણી દીધો, પીવું ન પીવું, કેટલું ને કેવું એ બધી તારી નિસ્બત. એમ કહેતીક, જરાક ઓઢણી સંકોરતી એ તો વહી નીકળે. આપણને સાવ 'એકલા, અટૂલા ને ઝાંખા પાડતી' વિહરતી જાય.

જરાક ઊભો રહ્યો. સાવ શાંત વાતાવરણ. ક્યાંય કોઇ ચકલુંયે ન ફરકે. ટાંકણી પડે તે સંભળાય. કોલાહલથી કોહવાયેલા કાનને ટ્યૂન કરવા પડે. ટ્યૂનિંગ થતું રહે, ને સ્વરાભિમુખ થવાની યાત્રાનો શુભારંભ શરૂ થઇ જાય. થોડીક જ વારમાં અહોઆશ્ચર્યમ્. કેડીની કમાલ પર ઓવારી જવાય. કૂણો, કુમળો, કૂણપ ભર્યો સ્વર ક્યાંકથી ઉપસતો દેખાય. ટ્યૂનિંગ થતું રહે. દૃષ્ટિ કામ કરતી થઇ, ટ્યૂનિંગને સહારે વિહરતી રહે ને છેવટે થંભી જાય. અવાક્ થઇ જવાય. સાવ બાલિશ વહેતા વારિનો શેરડો, ટચલી આંગળી જેવો પણ જીવંત સન્મુખ થઇ જાય. કાન સરવા કરવા પડે. કાચા કાન ન ચાલે. બધું ભૂલી જઇ શ્રવણેન્દ્રિય પ્રદીપ્ત કરી

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)

*સ્વબળે સક્રિય રહો, માર્ગમાં મુશ્કેલીઓ નહીં આવે.*

# રિવર્સ મોર્ટગેજ (લોન) : માર્ગદર્શન

● રાજેન ગાલા - મુંબઈ ●

પર્યાપ્ત નિવૃત્તિ યોજનાના અભાવે, સામાજિક સલામતીના તંત્રની ગેરહાજરીમાં, તબીબી અને જીવન જીવવાના ધોરણોની કિંમતમાં વધારો થતા વરિષ્ઠ નાગરિકો માટે રિવર્સ મોર્ટગેજની બાબત વિચારણામાં લેવામાં આવી છે. વરિષ્ઠ નાગરિકોનું માનવું છે કે તેઓની રહેઠાણની મિલકતોની કિંમત કુલ સંપત્તિમાં મોટો હિસ્સો ધરાવે છે.

આ ખ્યાલ ભારતમાં નવો છે પરંતુ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને સિંગાપોરમાં ખૂબ જ પ્રચલિત છે. ભારતમાં રિવર્સ મોર્ટગેજની દરખાસ્ત ૨૦૦૭-૨૦૦૮ના અંદાજપત્રમાં નાણા પ્રધાન પી. ચિદમ્બરમ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

રિવર્સ મોર્ટગેજ એક પ્રકારની લોન છે જે વરિષ્ઠ નાગરિકોને તેઓના ઘરની મિલકતને આવક તરીકે રૂપાંતર કરવામાં આવે છે. ઉછીના લેનાર (બોરોઅર) (વરિષ્ઠ નાગરિક) પોતાની મિલકત નાણા ઉછીના આપનારને (બેંક અથવા હાઉસિંગ ફાઈનાન્સ કંપની) તારણમાં (પ્લેજ) આનુષંગિક બાબત તરીકે લોનની રકમ મેળવવા માટે આપે છે. લોનની રકમ ભારતમાં રિવર્સ મોર્ટગેજ માટે ચોક્કસ સમયગાળા માટે ઊંચા વ્યાજના દરે હોય છે. ઉછીના લેનાર વ્યક્તિનું મૃત્યુ નીપજવાના કિસ્સામાં અથવા ઉછીના લેનાર પોતાની મિલકત કાયમી ધોરણે છોડી દે ત્યારે ઉછીના લેનારના લાભકર્તાઓ - બેનીફિસીયરીઝ દ્વારા લોન એકત્રિત વ્યાજના દર સાથે ભરપાઈ કરવામાં આવે છે અથવા ઘરની મિલકતના વેચાણ મારફતે ભરપાઈ કરવામાં આવે છે. જો મિલકતના વેચાણમાંથી વધુ રકમ ઉપજે તો તે રકમ ઉછીના લેનારને અથવા તેનો લાભ મેળવનારાઓને (બેનીફિસીયરીઝ) પરત કરવામાં આવે છે. ઉછીના લેનારની રહેઠાણની મિલકતનો સીક્યુરિટી તરીકે ઉપયોગ કરવામાં આવે છે, જે રિવર્સ મોર્ટગેજની ચૂકવણીમાં જો કોઈ કસૂરના પરિણામે ઉપજતા જોખમ માટે છે.

રિવર્સ મોર્ટગેજનું નામ યોગ્ય રીતે આપવામાં આવ્યું છે કારણ કે ચૂકવણીનો પ્રવાહ ઊલટો-રિવર્સ થાય છે. નિયમિત મોર્ટગેજમાં ઉછીના આપનારને માસિક નિયમિત ચૂકવણી કરવામાં આવે છે તેને બદલે અહીં ઉછીના આપનાર ઉછીના લેનારને પણ ચૂકવણી કરે છે. નિયમિત મોર્ટગેજથી વિરુદ્ધ અહીં ઉછીના લેનાર વ્યક્તિ પોતે મોર્ટગેજ કરેલી ઘરમાં કોઈપણ જાતના ભય વગર જીવનકાળ દરમ્યાન રહી શકે છે.

તાજેતરમાં, નેશનલ હાઉસિંગ બેંક જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગૌણ બેંક છે, તેણે રિવર્સ મોર્ટગેજ માટે આખરી કાર્યરત માર્ગદર્શિકા બહાર પાડી છે. આ યોજનાની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

★ જે વ્યક્તિએ ૬૦ વર્ષની ઉમર પૂર્ણ કરી હોય તેને આ સવલત મળશે. સંયુક્ત માલિકીના કિસ્સામાં જીવનસાથીને પણ તે મળી શકશે. ભલે પછી ઉછીના લેનાર પૈકી કોઈ એક ૬૦ વર્ષથી ઓછી વયનો હોય.

★ આ યોજના માત્ર સ્વયં સંપાદિત કે સ્વયં ઉપાર્જિત મિલકતોને લાગુ પડે છે, વરિષ્ઠ નાગરિકની માલિકીની હોવી જોઈએ તેમજ ત્યાં ઓછોમાં ઓછા ૨૦ વર્ષથી તે રહેતા હોવા જોઈએ.

★ રહેઠાણની મિલકત કોઈપણ પ્રકારના બોજાથી મુક્ત હોવી જોઈએ.

★ રિવર્સ મોર્ટગેજ વાણિજ્ય વિષયક મિલકતોને લાગુ પડતું નથી.

★ ઉછીના લેનાર વ્યક્તિ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર માસિક, ત્રિમાસિક, વાર્ષિક કે કોઈપણ સમયે ચોક્કસ આશરે રકમ ચૂકવવાનું પસંદ કરી શકે છે.

★ લોનની રકમ રહેઠાણની મિલકતની બજાર કિંમત પર આધારિત રહેશે, પ્રાઈમરી લેન્ડિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જે આકારણી થાય તે કિંમત, ઉછીના લેનારની ઉંમર અને પ્રવર્તમાન વ્યાજના દર મુજબ રહેશે.

★ પ્રાઈમરી લેન્ડિંગ ઈન્સ્ટિટ્યૂટે કાળજી રાખવાની રહેશે કે રહેઠાણ મિલકત અંગે ઉછીના લેનારની ઈક્વિટી લોનનો સમયગાળાને ધ્યાનમાં લેતા ૧૦ ટકાથી ઓછી હોવી જોઈએ નહીં.

★ ઉછીના આપનાર સંસ્થાઓ પોતાની આંતરિક નીતિ મુજબ માર્ગદર્શિકા ઠરાવી શકે છે પરંતુ તેની સંપૂર્ણ જાણકારી પોતાની સમક્ષના ઉત્સુક નાણા ઉછીના લેવા આવનારને જણાવવાની રહેશે.

★ રિવર્સ મોર્ટગેજ મારફતે મેળવેલી રકમ લોન તરીકે ગણાશે અને આવક તરીકે નહીં, તેથી તે કરની જવાબદારીને પાત્ર બનશે નહીં.

★ બેંક અથવા હાઉસિંગ ફાઈનાન્સ કંપની દ્વારા દર પાંચ વર્ષે એક વખત મિલકતનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવશે.

★ રિવર્સ મોર્ટગેજ લોનની રકમનો ઉપયોગ ઉછીના લેનારાઓ વિવિધ જરૂરિયાતો જેવી કે, ઘરને સુધારવા, બાંધકામ કરવા અને ઈમારતની જાળવણી માટે કરી શકશે. ઉપરાંત લોનની રકમ વિવિધ હેતુઓ જેવા કે રહેઠાણની મિલકતનું

*દુનિયાનો પ્રેમ ઘટે છે ત્યારે પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગે છે.*

પુનઃનવીનીકરણ-રિનોવેશન અને વિસ્તૃતીકરણ (એક્સ્ટેન્શન), તબીબી ખર્ચ વગેરે માટે કરી શકશે. પરંતુ રિવર્સ મોર્ટગેજનો ઉપયોગ સટ્ટાખોરી કે વ્યાપારના હેતુ માટે પ્રતિબંધિત રહેશે.

★ વ્યક્તિ ચોક્કસ શરતોને અધીન રહીને મોર્ટગેજ મિલકતનું વસિયતનામું પણ કરી શકશે.

રિવર્સ મોર્ટગેજ વરિષ્ઠ નાગરિકો માટે નાણાકીય મદદની હેલ્પલાઈન છે જેના દ્વારા તેઓ પોતાનું જીવન ધોરણ આગળ ધપાવી શકે છે અને કોઈપણના આધારિત બન્યા વગર પોતાની વપરાશ વિષયક જરૂરિયાતોને પહોંચી વળી શકે છે. તે નિવૃત્તિ પછીની વરિષ્ઠ નાગરિકો માટેની લાભકારક સામાજિક સલામતી યોજના છે. ખૂબ જ અલ્પ એવી મોટી ઉંમરની વ્યક્તિઓ માટેની વૈશ્વિક સામાજિક સલામતી યોજનાઓ પૈકી રિવર્સ મોર્ટગેજ પ્રોત્સાહક બજાર બની શકે છે. આવકના ધોરણ અંગે ઉંમરની બાબત ધ્યાનમાં લેતા સામાન્ય રીતે લોન ન આપી શકાય તેમ છતાં આ લોન આપવામાં આવે છે. જો કે, સૌથી અગત્યનો લાભ ઉછીના લેનારને ઘર બનાવવા અંગે પોતાની મિલકત પરનો માલિકીનો સત્વાધિકાર-ટાઈટલ જાળવી રાખે છે, જે ભારતીયોમાં પોતાનું ઘર હોવાથી કુદરતી તીવ્ર ઇચ્છા વધુ પ્રચલિત છે જેને તે સાકાર કરે છે.

જો કે, બીજી તરફ, પ્રણાલિકાગત સંયુક્ત પરિવાર પદ્ધતિમાં, મજબૂત વારસાઈનું પ્રયોજન અને સ્થાવર સંપત્તિનું ઓછું મૂલ્યાંકનમાં બિનહિસાબી નાણું, કરચોરી, બેનામી ધારણ આ યોજના માટે મુખ્ય ભયજનક બાબત છે.

બેંકો અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ રિવર્સ મોર્ટગેજની દરખાસ્ત કરે છે તેમાં પંજાબ નેશનલ બેંક (બાગબાન) અને દિવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (સક્ષમ) છે. અન્ય બેંકોએ પણ વરિષ્ઠ નાગરિકો માટે મોર્ટગેજ સ્કીમની દરખાસ્ત કરવાનો ઇરાદો જાહેર કર્યો છે.

*બી-૧૦૪, રાજમનોર,*
*નેવી કોલોની સામે, મલાડ, મુંબઈ.*

**પાલક માતા** **(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

પાસે પાછાં બોલાવવા ખૂબ વહાલથી બોલાવ્યાં, રમાડવાની કોશિશ સુદ્ધાં કરી જોઈ. પણ વિધાતાએ જાણે માતાઓની આ અદલાબદલી ફાઇનલ છે એવી મહોર જ મારી દીધી હતી!

'માડી! જેમ છે એમ રહેવા દઈએ તો?' મેં કહ્યું.

'તો ભલે ને એમ જ રહે બાપા! ભગવાનને ગમ્યું ઇ ખરું!' દાદીમા આ બાબતે ખૂબ સરળ નીકળ્યાં. અમને સૌને એમનાં વાક્યોથી ઘણી હાશ થઈ. વાતાવરણમાં હળવાશ આવી ગઈ. દવાઓ લખીને મેં એમને વિદાય કર્યા. પાલક માતાના ખભે માથું રાખીને મારી ચેમ્બરમાંથી જતાં જતાં પેલો છોકરો મરકતો હતો. જાણે નટખટ નંદકિશોર એની આંખોથી પ્રસન્નતા વેરતો વેરતો જઈ રહ્યો હોય એમ એણે વિદાય લીધી...

(એ પછી પેલી બાળકી ઉપરના દૂધ પર જ મોટી થઈ. પેલો બાળક દોઢ વરસનો થયો ત્યાં સુધી તેણે ધાવણ લીધું. બંને બાળકો અત્યારે એકદમ સાજાં અને સરસ છે. દાદીમા એમને લઈને આવે ત્યારે આ વાત હજુ યાદ કરે છે અને એ વખતે મારું મન એક ન સમજાય એવી પ્રસન્નતાથી ભરાઈ જાય છે.)

*લેખકના પુસ્તક 'સાઈલન્સ પ્લીઝ!' માંથી સાભાર*

**તરંગને સહારે લક્ષ્ય અંતરાલનું** **(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

શ્રવણ કરતાં કરતાં સાવ કૂણો કોમળ સ્વર ઉપસતો ભાસશે. સ્વરના ઊગમ સ્થાને નજર પહોંચશે તો સમજાશે કે આમ તો એને સ્વર ઉઠાવવાની કંઇ જરૂર નો'તી. જરાકશી આડશને ઓળંગતાં અનાયાસે સ્વર સન્મુખ થવાનું થઇ ગયું છે. બસ, એ જ કામ. એ જ ઠેકાણું. એ જ કેન્દ્રબિંદુ એ સ્વરપર સર્વધ્યાન લગાવી આજુબાજુનું બધું ભૂલી જઇ સ્વરને માણતાં માણતાં, એમાં ખોવાઇ જતાં, કદાચ, ક્યારેક કંઇક થઇ જશે. સ્વરમાં રહેલી તૂટ છતી થતી દેખાશે. એ તૂટ, એ ફાચર, એ ખાલી જગ્યા જ સર્વસ્વ છે. એના પર જ બધું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. એ તૂટ, બે સ્વર વચ્ચેની ખાલી જગ્યા જ સર્વસ્વ છે. એ છે અંતરાલ. અંતરાલમાં કંઇ નથી. સંપૂર્ણ ખાલીપો. એ અંતરાલની શોધ અનાદિકાળથી થતી રહી છે. સ્વરસમ્રાટનું લક્ષ્ય આ અંતરાલ હોય છે. કોઇપણ વાજિંત્રનું લક્ષ્ય મૌન હોય છે. અંતરાલ-મૌન-એ ચરમશિખર છે. વાંસળી વગાડતાં વગાડતાં જયારે અંતરાલ જડે ત્યારે એ અંતરાલમાં રમમાણ રહી મૌન થઇ જાય છે. વાંસળી એને માટે નકામી થઇ જાય છે. કુદરતના હર ઘટક પાસે આવો અંતરાલ મોજૂદ છે. એની ખોજ કરનારા વીરલા એટલા માટે જ કુદરતના સાનિધ્યને વહાલું કરે છે. અંતરાલ એટલે ચરમ પદ ધ્વનિનું પરમપદ મૌન. હર સરિતા સાગરમાં સમાધિ, વિલીન થઇ મૌનમાં ગરકાવ થઇ જાય છે. તેવું જ કુદરતના પ્રત્યેક ઘટકનું છે. અંતરાલની ખોજ પરમપદની ખોજ છે. માંહી પડનારા વીરલાને એ જરૂર મળી જાય છે.

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

**"આરતી પરિવાર"** **(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

જિલ્લાના અંતરિયાળ ગામ આલમનગરમાં તાજેતરમાં ઉપરોક્ત આરોગ્ય કેન્દ્ર શરૂ કર્યું. આવનાર દિવસોમાં આ કેન્દ્ર ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. એટલું જ નહીં બિહાર જેવા બદનામ વિસ્તારમાં પણ સેવાકાર્યની જ્યોત જગાવી.

આ તો એક દષ્ટિપાત છે. અન્ય ઘણી પ્રવૃત્તિઓ લખનારની જાણ બહાર હશે જ અને આરતી પરિવારના કોઈપણ સભ્ય એની માહિતી નહીં આપે. 'એમાં શું નવાઈ કરી, એ તો આપણો નાગરિક ધર્મ છે' એવો સહજ પ્રતિભાવ મળશે.

પ્રવૃત્તિઓનો હેતુ... વધુ ને વધુ દાતાઓ જાગૃત બને, રચનાત્મક, પરિણામલક્ષી સેવા પ્રવૃત્તિઓમાં તન, મન, ધનથી માનવતાવાદી અભિગમ અપનાવે જેથી જરૂરિયાતમંદ માનવસમાજ બિચારો નહીં, ભાઈચારાના ટેકાથી બેઠો થાય અને સ્વમાનપૂર્વક આત્મનિર્ભર બને.

આપણા દીર્ઘદૃષ્ટા વડીલોએ, ભૌતિક અસુવિધાઓ અને દુકાળો વચ્ચે પણ ઉજળી કરેલી 'મહાજન પરંપરા'ને એના યથાર્થ સ્વરૂપે વધુ ઉજાગર કરીએ એજ અભ્યર્થના. ■

# "આરતી પરિવાર" સરસ્વતીની ભલામણથી આવેલી લક્ષ્મી

● લાલ રાંભિયા ●

આરતી પરિવાર. મૂળે નાના ભાડિયાનો ગોગરી પરિવાર. પાંચ પેઢીની વણથંભી વિકાસ યાત્રા. વિશાળ વટવૃક્ષના મૂળમાં દાદા રામજી લખધીર, બીજી પેઢીએ સોલિસિટર પિતા વલ્લભજી, ત્રીજી પેઢીએ ચંદ્રકાંત, રાજેન્દ્ર, ઇંદિરા, ભાનુ, ચોથીએ હેતલ, રેશેષ, રેનીલ, મિરિક અને પાંચમી પેઢીએ આશય અને આર્નવ. વિદ્યાદેવી મા સરસ્વતીની કૃપા પાંચે પેઢીએ અનરાધાર વરસી છે. પરિવારના તમામ સભ્યો, પુત્રવધૂઓ સુદ્ધાં સાક્ષર! સાક્ષર એટલે ગ્રેજયુએટ નહીં પણ વિશિષ્ટ પદવીધારકો, UDCTના સ્કોલર કેમિકલ એન્જિનિયર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ડૉક્ટર, IIT સ્કોલર....! પણ જ્ઞાનનો કોઇ ભાર કે દેખાડો નહીં. સરળ, સહજ, સાત્ત્વિક જીવન, સહૃદયતા અને પરોપકાર વૃત્તિ અને એટલે જ મા સરસ્વતીએ જાણે લક્ષ્મીદેવીને ભલામણ કરી હશે કે અહીં વરસો તો વિસ્તરશો.

આ વિશ્વાસને આરતી પરિવારે સાર્થક કર્યો છે. માતા ધનવંતી પાસેથી ૫૦૦૦ રૂપિયા લઇને શરૂ કરેલ કેમિકલ ઇન્ડસ્ટ્રી આજે વાર્ષિક ૨૨૦૦ કરોડનું ટર્નઓવર કરતી આરતી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ! છતાં આજે પણ સામાન્ય મજૂર કે જરૂરિયાતમંદ વ્યક્તિ, નાત જાત કે પ્રાંતના ભેદભાવ વગર ચેરમેનશ્રી ચંદ્રકાંત ગોગરીની ચેમ્બરમાં વગર એપોઇન્ટમેન્ટે પ્રવેશી શકે છે.

પ્રાપ્ત ધનસંપત્તિનો હું ટ્રસ્ટી છું. મારા હક્ક અને જરૂરિયાત પૂરતું રાખીને બાકીનું જનસમુદાયનું છે એ ભાવનાને સમસ્ત ગોગરી પરિવારે સાર્થક કરી છે. વસુધૈવ કુટુમ્બકમ્ ને પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. માનસન્માન, નામ કે તક્તીની અપેક્ષા કે આગ્રહ વગર રચનાત્મક સેવાકાર્યો, ખાસ કરીને ગ્રામીણ ઉત્કર્ષ, શિક્ષણ, આરોગ્ય, કુદરતી હોનારતે રાહત જેવી બાબતે આરતી પરિવારના યોગદાનથી આપણે સૌ સુપરિચિત છીએ. સુપાત્ર સંસ્થાઓ, મહાજનો, સંઘો કે વ્યક્તિઓને ચોક્કસ સેવાહેતુ માટે પરોક્ષ દાન તો ખરું જ પણ લાંબાગાળાની પરિણામલક્ષી પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષરૂપે સંકળાઇને આરતી પરિવારે દિશાસૂચક દૃષ્ટાંતો પ્રસ્થાપિત કર્યા છે એના પર એક આછેરો દૃષ્ટિપાત :

★ **મેન ત્સી ખંગ (તિબેટીયન ઉપચાર કેન્દ્ર) :** હિમાલયન વનૌષધિઓના સફળ પરિણામોથી પ્રેરાઇને એનો લાભ મુંબઇગરાઓને પણ મળે એ માટે પૂ. દલાઇ લામા સાથે વિચાર-વિમર્શ કરીને એની શાખા વાશી-નવી મુંબઇમાં સ્થાપી. વર્ષોથી કાર્યરત આ ઉપચાર કેન્દ્રનો લાભ અનેક દરદીઓ લઇ રહ્યા છે.

★ **તુલસી વિદ્યામંદિર, નાના ભાડિયા :** ગ્રામીણ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ એ એક સમસ્યા હતી. છ વર્ષ પહેલાં માદરે વતન નાના ભાડિયા ગામમાં પ્રાયોગિક ધોરણે માધ્યમિક શાળા શરૂ કરી. નાપાસ, ચડાવ પાસ, અન્ય સ્કૂલોએ નકારેલા, વર્ષ બે વર્ષ ઘરે બેઠેલા વિદ્યાર્થીઓને પણ પ્રવેશનો વિચિત્ર સિલસિલો શરૂ કર્યો. આજુબાજુના ૧૨ ગામના છોકરા છોકરીઓ અહીં હોંશભેર ભણવા લાગ્યા. વિનામૂલ્યે! અને એસ.એસ.સી.ના પરિણામે શિક્ષણ જગતને સ્તબ્ધ કરી દીધા. રાજય, જિલ્લા અને તાલુકા કક્ષાએ પણ ઉચ્ચતમ પરિણામ! આ વિદ્યાર્થીઓની જ્ઞાનયાત્રા થંભી ન જાય એ માટે બે વર્ષ પહેલાં ઉચ્ચ માધ્યમિક પણ શરૂ કરી. S.S.C.ના છેલ્લા ચાર વર્ષના અને H.S.C.ના છેલ્લા બે વર્ષના શ્રેષ્ઠ પરિણામોએ ગ્રામીણ શિક્ષણ ક્ષેત્રે અનુકરણીય દૃષ્ટાંત બેસાડ્યો છે. આજે ૩૮૮ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

★ **તુલસીધામ :** નિષ્ઠાવાન શિક્ષકો એ સમાજની મૂડી છે. તુલસી વિદ્યામંદિરના શિક્ષકોને રહેવા માટે ગામમાં જ તુલસીધામ બનાવ્યું. ગ્રામીણ સેવા ક્ષેત્રે પ્રેરણા મિત્ર એવા સ્વ. તુલસી ગજરાની પાવન યાદમાં ચંદ્રકાંત ગોગરીએ તુલસી વિદ્યામંદિર, તુલસીધામ નામ આપ્યા છે.

★ **મહાવીર સ્કૂલ ઓફ નર્સિંગ :** ગુજરાત, સાબરકાંઠાના વાત્રક ગામે રજવાડાના સમયથી કાર્યરત મહારાવશ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલ નાણાભીડ અનુભવી રહી છે. વાત એક મિત્ર મારફત કાને આવતાંજ ચંદ્રકાંતભાઇએ એમાં અંગત રસ લઇને એને બેઠી કરી. એટલું જ નહીં અહીં નર્સિંગ સ્કૂલ શરૂ કરી. જયાં આદિવાસી બહેનો 'નર્સ' બની રહી છે. આજે આ સ્કૂલ ગુજરાતભરમાં નામાંકિત છે.

★ **મહાવીર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, બિહાર :** બિહારમાં કોશી નદી હોનારત બાદ રાહતકાર્ય અને પુનર્વસન ભંડોળ માટે કચ્છ નવનિર્માણ અભિયાનની અપીલને માન્ય રાખી બે ગામ દત્તક લીધા. આ ગામ સમગ્ર બિહાર માટે મોડલ બન્યા. અહીંની ગ્રામીણ અવદશા જોઇને મધેપુરા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)**

*ટાઇમ મેનેજમેન્ટથી સફળતાનો માર્ગ મળે.*

**વ્યક્તિ વિશેષ**

# સમર્થ વાર્તાકાર, ઉત્તમ ચિત્રકાર, માનવતાવાદી તબીબ અને અનન્ય કામદાર નેતા : ડૉ. જયંત ખત્રી

• સંજય ઠાકર •

ગુજરાતી વાર્તાને નવો વળાંક આપનાર પ્રતિભાવંત સર્જક, અચ્છા ચિત્રકાર, માનવતાવાદી તબીબ અને અગ્રણી કામદાર નેતા ડૉ. જયંત ખત્રીનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૦૯ના રોજ મુંદ્રા ખાતે કચ્છ રાજ્યના સરકારી તબીબ ડૉ. હીરજી હંસરાજ ઘેલા (ખત્રી)ને ત્યાં થયો હતો. ભુજ મધ્યેથી ઑલ્ફ્રેડ હાઇસ્કૂલમાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું અને ઉચ્ચ શિક્ષણ મુંબઇમાં. બાળપણથી જ ડૉ. ખત્રી અલગારી મિજાજ ધરાવતા હતા. કોઇને કોઇ ચિંતન, મનન તેમના આંતરમનમાં ચાલ્યા જ કરે ને એટલે તેઓ ઘર અને શેરીઓમાં રમવાને બદલે શહેરની બહાર પ્રકૃતિની ગોદમાં રખડપટ્ટી કર્યા કરે. કચ્છની ભોમકા ડો. ખત્રીને સાંત્વના, ચેતના અને પ્રેરણા અર્પતી... એથી જ તો એમની વાર્તાઓમાં કચ્છની વિશિષ્ટ ધરા, એના લોકો, વાતાવરણ માનો કે કચ્છ જીવંત બની ડોકાયા કરે છે.

૧૯૩૨માં કુટુંબ મુંબઇ જઇ વસતાં, ડૉ. ખત્રીના શૈક્ષણિક જીવનનો પ્રારંભ થયો. મુંબઇની ન્યૂ ભરડા હાઇસ્કૂલમાં ભણતા ત્યારે નામાંકિત વાર્તાલેખક બકુલેશ (રામજી અર્જુન ગજકંધ: ૧૯૧૦-૫૭) સંપાદિત હસ્તલિખિત ત્રિમાસિક 'પરિમલ'ના પાને પાને જયંતભાઇ અંકિત સુશોભનો અને ચિત્રો જોવા મળતા. તેઓ ત્વરિત સ્કેચ તૈયાર કરવાની કુશળતા ધરાવતા હતા. તેઓ ગુજરાતી દીપોત્સવી અંકોના સુશોભનો કરીને પોતાની ખિસ્સાખર્ચી પ્રાપ્ત કરી લેતા. કૉલેજકાળ દરમ્યાન જયંતભાઇએ કાવ્યો રચવા પર પણ હાથ અજમાવ્યો હતો. એમના કેટલાંક કાવ્યો પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થયા હતા. ડૉ. ખત્રીના પરમમિત્ર બકુલેશે તેમને વાર્તા લખવા કહ્યું અને મોંપાસાની વાર્તાઓનો સંગ્રહ વાંચવા આપ્યો. એ રીતે તેમનામાં વાર્તાકારની વૃત્તિ જાગૃત થઇ.

૧૯૨૮માં મેટ્રિક પાસ કરી. ૧૯૩૫માં એલ.સી.પી. એન્ડ એસ. ડૉક્ટર થયા. કૉલેજકાળ દરમ્યાન રેખાંકન બનાવવાનો શોખ જન્મ્યો અને ડૉ. ખત્રીમાં એક ચિત્રકારની પ્રતિભા પાંગરી હતી. મુંબઇમાં મિલોની હડતાળો એમણે નિકટથી નિહાળી હતી. એ જમાનામાં પ્રગતિશીલ ગણાતા અને ગુજરાતના ઉત્તમ લેખકો જેણે આપ્યા હતા એવા 'હિંદુસ્તાન-પ્રજામિત્ર' સાપ્તાહિકના મુખપૃષ્ઠ પર તેમણે અંકિત કરેલું હડતાળનું ચિત્ર સરકારને વાંધાજનક લાગતાં એ અંકની બધી જ નકલો જપ્ત કરવામાં આવી હતી. તેઓ રંગ અને રેખાના ખેલંદા હતા. તેઓ છાયાચિત્રોના વિખ્યાત ચિત્રકાર કનુ દેસાઇની હરોળમાં સ્થાન ધરાવતા હતા. કલમ અને પીંછીના સમર્થ સ્વામી ડૉ. ખત્રી દિલરુબા જેવા તંતુવાદ્ય પર પણ સારી હથોટી ધરાવતા હતા.

માટુંગા (મુંબઇ)માં ડૉ. ખત્રીનો તબીબી વ્યવસાય સારી રીતે ચાલતો હતો પણ એમનું મન કચ્છની ધરતીને ઝંખતું હતું. વતન તરફનું ખેંચાણ પ્રબળ બનતા ૧૯૪૨માં ડૉ. ખત્રી માંડવી આવ્યા અને જીવનના છેલ્લા શ્વાસ સુધી અહીં રહીને વિવિધ ક્ષેત્રે પોતાનું અમૂલ્ય પ્રદાન કર્યું.

ગુજરાતી નવલિકા-સાહિત્યના સર્જનમાં તેનાં સ્વરૂપ અને ઘડતરને વાસ્તવિક વળાંક અર્પનાર ડૉ. જયંત ખત્રી ગુજરાતી સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતી નવલિકા-સાહિત્ય પાંગરતું હતું ત્યારે તે સાહિત્યને તેના રૂઢ ચીલામાંથી ઉગારી લેવા જ જાણે ડૉ. ખત્રીનો નવલિકા-ક્ષેત્રે પ્રવેશ થયો! 'ફોરાં' (૧૯૪૪), 'વહેતાં ઝરણાં' (૧૯૫૨) અને 'ખરા બપોર' (૧૯૬૮) ના સર્જક ડૉ. જયંત ખત્રી વાસ્તવવાદની નવી કેડી ચીંધનાર ફક્કડ વાર્તાકાર ગણાય છે. એ ત્રણ વાર્તા સંગ્રહોમાં તેમની ૪૧ જેટલી વાર્તા ગ્રંથસ્થ થઇ છે. એમની વાર્તાઓમાં આધુનિકતાનો પ્રવેશ દર્શાવતાં પ્રતીક, ચેતન પ્રવાહ, તટસ્થતા, પ્રથમ પુરુષ, કથનપદ્ધતિ, પીઠ ઝબકાર, આંતરિક એકોકિત વગેરે તત્વો જોવા મળે છે.

ડૉ. ખત્રીની પ્રથમ નવલિકા 'વર્ષાની વાદળી' એક પડકારરૂપ સર્જાઇ અને ૧૯૪૪ના સપ્ટેમ્બરના તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'ફોરાં'થી ગુજરાતી નવલિકા-સાહિત્યના ઇતિહાસમાંનું સીમાચિહ્ન પ્રસ્થાપિત થયું. 'લોહીનું ટીપું' વાર્તાને ગુજરાતી સાહિત્ય સંસદનું મહિડા પારિતોષિક મળ્યું તો 'તેજ ગતિ અને ધ્વનિ', 'ખીચડી', 'નાગ' જેવી વાર્તાઓએ ગુજરાતી સાહિત્યમાં ધરતીકંપ સર્જર્યો - તે પહેલાં કોઇ સર્જકે જીવનની કટુતાને આટલા નગ્ન સ્વરૂપે ધરવાની હિંમત કરી ન હતી. ૧૯૫૨માં 'વહેતાં ઝરણાં'થી પ્રતિભાવંત સર્જક તરીકે ડૉ. ખત્રી આરુઢ થયા અને ૧૯૬૮માં (ડૉ. ખત્રીના મૃત્યુ બાદ બે મહિના) 'ખરા બપોર'થી ગુજરાતી સાહિત્ય પરિષદનું ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત કરી ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ શિખર સર કર્યા. એક બૌદ્ધિક વાર્તાકાર તરીકેની છબી ધરાવતા ડૉ. જયંત ખત્રી સમકાલીનોથી અલગ તરી આવતા અને એમનાથી ઘણા આગળ હતા. મુંબઇ વસવાટ દરમ્યાન ડૉ. ખત્રીને લેખકો, કલાકારો અને રાજકીય આગેવાનોનો મેળાપ થયો હતો. પ્રગતિશીલ લેખક સંઘ, ચલચિત્ર પત્રકાર મંડળના સભ્ય તરીકે બકુલેશ અને ડૉ. ખત્રી બુદ્ધિજીવીઓના વર્તુળોમાં પ્રિય બનેલા ત્યાર પછી માંડવી સ્થાયી થયા પછી પણ મુંબઇના 'વાર્તાવર્તુળ'માં તેમનું આદરભર્યુ સ્થાન હતું. એમની વાર્તાઓના હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં ભાષાંતરો પ્રસિદ્ધ થયા છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્યપુસ્તકોમાં એમની વાર્તા સ્થાન પામી છે. એટલું જ નહિ,

*ચાહે સાધુ બનો યા ગૃહસ્થ – જ્યાં સુધી કામના રહેશે ત્યાં સુધી શાંતિ નહીં મળી શકે.*

એમની 'લોહીનું ટીપું' વાર્તાનું ઉર્દૂ ભાષાંતર પાકિસ્તાનના ૧૧-૧૨ ધોરણોના પાઠ્યપુસ્તકોમાં સ્થાન પામ્યું છે.

ડૉ. ખત્રી બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા. મુંબઇમાં કચ્છી પ્રજાકીય પરિષદની પ્રવૃત્તિઓમાં સક્રિય કામગીરી બજાવી હતી. પરિષદના કોડાય ખાતેના અધિવેશન (૧૯૪૮)માં પરિષદનું વિસર્જન કરી દેવાના ઠરાવનો તેમણે જોરદાર વિરોધ કર્યો હતો. માંડવીમાં પણ એમની પ્રગતિશીલ સામાજિક-રાજકીય પ્રવૃત્તિ, તબીબી પ્રેક્ટિસની સાથોસાથ ચાલુ જ રહી હતી. માંડવી શહેરી સંઘની સ્થાપના કરી તેના મંત્રીપદની જવાબદારી લીધી હતી. પચાસના દાયકાના પ્રારંભિક વર્ષોમાં માંડવી નગરપાલિકાની ચૂંટણી યોજાઇ ત્યારે ડૉ. ખત્રીએ પોતાના અન્ય સાથીઓ સાથે ચૂંટણીમાં ઝૂકાવીને કોંગ્રેસની એકહથ્થુ સત્તાને પડકારી હતી. નગરપાલિકામાં વિરોધપક્ષની સ્થાપના કરીને એની આગેવાની લીધી. રાજકારણને અંગત કારકિર્દી બનાવ્યા વિના પ્રજાકારણનું વ્યાપક અને મજબૂત બળ ઊભું કર્યું. માંડવી નગરપાલિકાના ઉપપ્રમુખપદે (૧૯૫૪-૬૦) રહીને એમણે ગરીબવર્ગની ઘણી સેવા કરી. નગરપાલિકાના સફાઇ કામદારોએ પોતાની માગણીઓના ટેકામાં હડતાળ પાડી ત્યારે એમની નેતાગીરી ડૉ. ખત્રી અને પ્રાણલાલ શાહે લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ (૧૯૩૯-૪૫)માં માર્યા ગયેલા કે ગુમ થયેલા ખલાસીઓના પરિવારોને વળતર અપાવવાનો પ્રશ્ન ડૉ. ખત્રીએ હાથ ધર્યો હતો અને ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી. એ દરમિયાન તેમણે કચ્છ નાવિક મંડળ અને કંડલા પોર્ટ કામદાર યુનિયનની પોતાના પ્રમુખપદે સ્થાપના કરી હતી. કંડલા પોર્ટ કામદાર યુનિયનને સબળ બનાવવા શરૂઆતથી જ ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ સાથે જોડી દીધું. કેન્દ્રીય સ્તરની સલાહકાર સમિતિમાં કામદારોના પ્રતિનિધિ તરીકે ડૉ. જયંત ખત્રીની નિમણૂક થઇ હતી. આના પરિણામે ખલાસીઓના પ્રશ્નો ઝડપથી ઉકેલાવા લાગ્યા હતા. કંડલા પોર્ટ ટ્રસ્ટમાં કામદાર ટ્રસ્ટી તરીકે ડૉ. ખત્રીની નિમણૂક થઇ હતી. ગુજરાત રાજ્યની રચના (૧૯૬૦) પછી કચ્છમાં એસ.ટી. કામદાર યુનિયનની સ્થાપના એમની આગેવાની હેઠળ થઈ હતી. ડૉ. ખત્રીની કામદાર સેવાની સ્મૃતિ કાયમ રાખવા કંડલા પોર્ટ વર્કર્સ યુનિયને નવા કંડલા ખાતેના પોતાના ભવનને ૧૯૯૫માં તેમનું નામ આપ્યું હતું. કચ્છમાં ગામેગામ તાવના વાયરા હોય કે ૧૯૫૬નો અંજારનો ભયાવહ ભૂકંપ, ડૉ. ખત્રી અને તેમના સાથી તબીબો નિઃસ્વાર્થ સારવાર માટે દોડી જતા હતા. એક સવારે દાઢી કરતી વેળાએ એક નાની સરખી ગાંઠ ડૉ. ખત્રીની નજરે ચડી અને તેઓ નિયતિને આબાદ ભાળી ગયા. ડૉ. ખત્રીના લીવરના કેન્સરના વ્યાધિએ બીજો ઊથલો ખાધો ત્યારે મુંબઈના બે પ્રખ્યાત તબીબી નિષ્ણાતોએ આ તબીબી સર્જકને ઉગારવા મસલત કરેલી. 'ડૉક્ટરો એ ડૉક્ટરને છેતરી ન શકે' એવી સાફ વાણી સંભળાવતા ડૉ. ખત્રીએ મૃત્યુને જાણે પામી લીધું હોય તેમ આપણી વચ્ચેથી તા. ૬ઠ્ઠી જૂન, ૧૯૬૮ના રોજ ૫૯ વર્ષની ઉંમરે માંડવી ખાતે ચિર વિદાય લીધી. મૃત્યુ વખતે પણ એમને છાડબેડ પાકિસ્તાનને સોંપાયાનો વસવસો હતો અને કચ્છ પ્રત્યે ચિંતિત હતા. એમની અંતિમ વાર્તા યોગાનુયોગ 'ડેડ એન્ડ' (અંતિમ છેડો) હતી!

***લેખકના પુસ્તક***
***"કચ્છની શતાબ્દી પ્રતિભાઓ"માંથી સાભાર***

# આસામી સાહિત્યકાર – ડૉ. ઇંદિરા ગોસ્વામી

• દામજી માણેક ગડા •

આપણે આપણાં દેશના નોર્થઇસ્ટના રાજ્યો અને તેમના લોકો વિશે બહુજ ઓછું જાણીએ છીએ. નાગાલેન્ડના મારા મિત્રો મને જણાવે છે કે જ્યારે અમે ભારતના દિલ્હી કે બીજા શહેરોમાં જઇએ છીએ ત્યારે લોકો અમને સવાલ કરે છે કે શું તમે ચીનમાંથી આવ્યા છો? માત્ર અમારા ચહેરાથી અમને ચીની તરીકે ઓળખાણ મળે છે. આવા પ્રશ્નો અમારા માટે પીડાજનક હોય છે. આપણે નોર્થઇસ્ટના સાહિત્ય, સભ્યતા અને સંસ્કૃતિ વિશે બહુજ અલ્પ જાણીએ છીએ. એનો સ્વીકાર કરીને, આપણા જ દેશના આ લોકો આપણા જ બંધુઓ છે, એમના સુખદુઃખમાં આપણે ભાગીદાર બનીએ છીએ. એક ભારતીય તરીકે આપણી ફરજ બની રહે છે કે આપણાથી અજાણ એવા રાજ્યના સાહિત્ય વિશે જાણીએ. એ લોકો સાથે સંવાદ કરીને આપણી રાષ્ટ્રીય શક્તિને મજબૂત કરીએ.

જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ડૉ. ઇન્દિરા ગોસ્વામી સાથેની મારી પ્રથમ મુલાકાત પટણામાં મારા મિત્રો સાથે આજથી ત્રણ વરસ પહેલાં સાહિત્ય સભામાં થઇ હતી. ગઇકાલે જ મારા પટણાના લેખક મિત્ર રવીન્દ્ર ભારતીએ જણાવ્યું કે ડૉ. ઇન્દિરા ગોસ્વામી બીમાર છે. આ જ્યારે સાંભળ્યું ત્યારે તેમના વિશે લખવાનું મેં મન બનાવ્યું. જ્ઞાનપીઠ પુરસ્કાર સ્વીકારતી વખતે તેમણે જે સંબોધન કરેલું તે આપણી રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે છે. ડૉ. ઇન્દિરા ગોસ્વામીની ગણના આસામના પ્રખ્યાત સાહિત્યકાર તરીકે કરવામાં આવે છે.

ડૉ. ઇન્દિરા ગોસ્વામીને ૨૦૦૦ના વરસમાં જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવેલ. એમનો જન્મ ૧૯૪૨માં ગૌહત્તી આસામમાં થયેલ. ગૌહત્તી વિશ્વવિદ્યાલયમાંથી આસામ સાહિત્યમાં પીએચ.ડી. થયેલ. દિલ્હી વિશ્વવિદ્યાલયમાં આધુનિક ભારતીય ભાષાના વિભાગમાં આસામી ભાષાના પ્રોફેસર તરીકે કાર્ય કરેલ છે. એમણે લખેલ વાર્તાઓ, કાદંબરીઓ અને નિબંધોનો હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ થયેલ છે. એમણે લેખનની શરૂઆત કથાઓ લખીને કરી હતી. "ચિનાકી મરમ" "કઇના" અને "હૃદય એક નદીર" આ તેમના ત્રણ કથા સંગ્રહ. તેમની પ્રથમ કાદંબરી "ચિનાબર સ્રોત" ૧૯૭૨માં પ્રકાશિત થયેલી. ત્યારપછી "નિલકંઠી બ્રજ" "અહિરત", "મા મેરધારા તારોવાલ" અને તેમની મહત્ત્વપૂર્ણ કાદંબરી "આધા લેખા દસ્તાવેજ" તેમની ઉચ્ચતમ અને હૃદયસ્પર્શ શૈલી માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ કાદંબરીમાં એક શિક્ષિત જાગૃત સ્ત્રીની સંવેદના પ્રગટ કરવાની તેમણે હિંમત બતાવી છે.

જ્ઞાનપીઠ પુરસ્કાર મળવા બદલ તેમણે જણાવ્યું કે દેશનો સૌથી શ્રેષ્ઠ સાહિત્ય પુરસ્કાર જ્ઞાનપીઠ મળવા બદલ હું આપનો આભાર માનું છું. આસામના અને નોર્થઇસ્ટના લોકો આ પુરસ્કારને સાહિત્યની મહાન ઘટના તરીકે માને છે. અમે બ્રહ્મપુત્રા નદીના તટ પર રહીએ છીએ. જે બ્રહ્મપુત્રા નદી તેના વેગ અને ઊર્જા આપનારી નદી તરીકે જાણીતી છે. હજારો વરસોથી આ નદી અમારા આસામના ગ્રામીણ પ્રદેશોમાંથી વહે છે અમને પ્રેરણા આપે છે. પુરાણમાં કહેવામાં આવ્યું છે કે બાણસુરાની રૂપવતી કન્યા ઉષાના લગ્ન ભગવાનશ્રી કૃષ્ણનાં પુત્ર અનિરુદ્ધ સાથે થયાં ત્યારે ઉષા આસામની નૃત્યકળા પોતાની સાથે ગુજરાતમાં લઇ આવી. આ નદીના મધ્યમાં ગોરંગરૂપ નામથી પ્રખ્યાત થયેલ ઉમાનંદ અથવા ભસ્માચલદ્વીપ છે. તે ગૌહત્તી શહેરની બરાબર સામે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ અને પાર્વતી નીલાડુંગરોમાં અને બ્રહ્મપુત્ર નદીનાં બહુરંગી વાતાવરણમાં અખંડ નૃત્ય કરતા હોય છે.

વરસો અગાઉ આસામ પર બર્માના (હમણાંનું મ્યાનમારા) આ હોમ જનજાતિના લોકોનું રાજ્ય હતું. તેઓ ઇરાબાડી હિમાલયનાં પ્રદેશમાંથી આસામમાં આવેલા હતાં. તેઓએ આસામના આ પ્રદેશો પર ૬૦૦ વરસ સુધી રાજ્ય કર્યું હતું. તેઓએ આસામની સભ્યતા, સંસ્કૃતિ અને સાહિત્યને સમૃદ્ધ કરેલ છે. આ હોમ શાસનના સમયનાં ઇતિ-વૃત લેખનને આજે મુખ્ય સાહિત્ય તરીકે માન્ય કરવામાં આવ્યું છે. આ ઇતિ-વૃત કથા તરીકે વાંચવામાં આવે છે. આહોમના શાસકોનું જીવનવૃત્તાંત અને એ શાસનકાળમાં બનેલી મહત્ત્વપૂર્ણ ઘટનાઓનું જીવંતપણે વર્ણન કરવામાં આવે છે.

આ ઇતિવૃત્ત સાહિત્યમાં ફુલેશ્વરીના જીવન વિશેના ચિત્રો બનાવવામાં આવે છે. તે પ્રથમ મંદિરમાં નર્તકી કે દેવદાસી હતી. તેમાંથી પ્રગતિ કરતાં કરતાં તે આહોમ રાજ્યની શક્તિશાળી રાણી બની હતી. તિબેટ-બર્મા સમુદાયનાં રાજા મહામાણિક્ય તેમણે વાલ્મિકી રામાયણને આસામી ભાષામાં કરવા માટે સંસ્કૃતના મહાનપંડિત માધવ કન્ડાલીને રક્ષણ આપ્યું હતું અને તેમને પ્રોત્સાહિત કર્યા હતાં, આસામના મહાન સંત શંકરદેવ અહિસાનો સંદેશો ભાગવત આધારિત નવવૈષ્ણવધર્મનાં મારફત પ્રચાર કર્યો. શંકરદેવ ભક્તિમાર્ગના સંત હતાં. તેમણે તેમના ઉપદેશમાં જાતિ વ્યવસ્થા પર આધારિત સામાજિક વ્યવસ્થાની ટીકા કરી હતી અને

*સંપીને રહેવામાં જે મજા છે તે 'ઝઘડો' કે 'વાદવિવાદમાં' નથી.*

જણાવ્યું હતું કે આ વ્યવસ્થા માનવ માનવ વચ્ચે ભેદ પાડે છે. સર્વ જાતિ સમાન છે. તેમણે મંદિરોના દરવાજા સર્વ સમાજ માટે ખુલ્લા કરી દીધા હતા. મારા પૂર્વજો બ્રાહ્મણ હતા. અમારા ગુરુ દામોદર શંકરદેવના શિષ્ય હતા. શંકરદેવ કાયસ્થ હતા. શંકરદેવના પ્રભાવથી આસામનાં લોકોમાં સામાજિક પરિવર્તન આવ્યું હતું. શંકરદેવના કારણે આસામી સાહિત્ય વધુ સમૃદ્ધ બન્યું છે.

બ્રિટીશકાળના સમયમાં આસામી સાહિત્યનો પ્રવાહ મંદ પડ્યો. અમેરિકન બાપ્ટી મિશનરીએ આસામી ભાષાને પુરાતન વૈભવ પ્રાપ્ત કરવામાં ઘણી સહાય કરી હતી. જ્યાં સુધી બ્રહ્મપુત્રાનો પ્રવાહ વહેતો રહેશે ત્યાં સુધી આસામી ભાષાનો વિકાસ થતો રહેશે. આસામના લોકો કુદરતી વાતાવરણમાં ઉછરે છે. Nature Loving Peoples છે. આસામના લોકો ગેંડાઓને પાળે છે અને તેનો ખેતર ખેડવા માટે ઉપયોગ કરે છે. આ જોવું અત્યંત રોમાંચકારી લાગે છે. આનું વર્ણન બ્રિટીશ કાળના સમયમાં Forest ઓફિસર જોન રાઉન્ફીએ પોતાના સંસ્મરણોમાં જણાવેલ છે. આસામી ભાષામાં પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર ડૉ. વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યને તેમની "મૃત્યુજય" કાદંબરી માટે મળેલ. તેમાં તેમણે આસામી પ્રજાનું ભારતની આઝાદીની લડતમાં કરેલા ત્યાગ અને બલિદાનનું વર્ણન કરેલ છે.

ડૉ. ઇન્દિરા ગોસ્વામી જણાવે છે કે મારા લેખનની શરૂઆત હું જ્યારે શાળામાં અભ્યાસ કરતી હતી ત્યારથી થઇ છે. મારા બાળપણનો મોટાભાગનો સમય અમારા પૂર્વજોના વૈષ્ણવમઠમાં ગાળ્યો. થોડા વરસો પછી "દાતાર હાતિર" અને "ખોળા હાવરા" આ કથાઓ લખી. આ વાર્તાઓ આ મઠ આધારિત હતી. ભૂતકાળમાં આ મઠ પૈસે ટકે અને જમીન જાયદાદમાં ઘણો સમૃદ્ધ હતો. આ મઠનો એક હાથી હતો તે ગાંડો થઇ ગયો હતો. એના ગાંડપણના કારણે એક ખેડૂતનું મોત થયું હતું. પાછળથી આ હાથીને ગોળી મારીને ઠાર કરવામાં આવ્યો હતો. આ કાદંબરીમાં મેં અફીણના વ્યસની ખેડૂતો અને મઠમાં રહેતી બ્રાહ્મણ વિધવા સ્ત્રીઓની દયનીય હાલતનું વર્ણન કરેલ છે. અફીણનો વેપાર ધીરે ધીરે ખતમ થઇ ગયો. આ સમયમાં મઠનાં અનુયાયીઓ જે ખેત મજદૂરો હતા. આ ખેત મજદૂરોએ પોતાનાં હક્કો માટે ઉગ્ર સંઘર્ષ શરૂ કર્યો.

મારી વાર્તાનો નાયક સુધારાવાદી છે. સુધારાવાદી નાયક પરંપરામાં જકડાયેલા સમાજ અને પોતાના હક્કો માટે સંઘર્ષ કરતાં મજદૂરોનાં અધિકારો મેળવવામાં નિષ્ફળ નીવડે છે. છેવટે નાયક આંદોલનમાં મરણ પામે છે. આ કાદંબરીમાં મેં પ્રથમ આસામનાં અતિ પછાત અને દૂરના કામરૂપ પ્રદેશ વિશે ઉલ્લેખ કરેલ છે. કામરૂપ પ્રદેશનાં લોકો અને ત્યાનાં રિવાજો વિશે લોકોને પ્રથમવાર મારી કાદંબરી મારફત જાણવા મળ્યું.

લેખને મને રક્ષણ આપેલ છે. મારી ખરાબ માનસિક સ્થિતિમાં, સાહિત્યે મને મૃત્યુયોગમાંથી બચાવેલ છે. મારી ૨૬ વરસની યુવાન વયે કાશ્મીરમાં બંધાઇ રહેલ સુઇના પુલના અકસ્માતમાં મારા પતિનું અવસાન થયેલું. ૨૬ વરસની યુવાનવયે દુઃખી મન અને થાકેલ શરીર લઇને હું વૃંદાવનમાં રહેતી બંગાળી વિધવા સ્ત્રીઓની દયનીય હાલત જોઇ. મોટાભાગની વિધવા સ્ત્રીઓ પશ્ચિમ બંગાળમાંથી આવેલી. ખુલના, રાજાશાહી અને મૈમનસિંહ જે (અત્યારે બંગલાદેશ) છે ત્યાંથી થોડી વિધવાઓ જોવા મળી હતી. આ વિધવા સ્ત્રીઓ ખંડેર જેવા મંદિરોમાં ઝૂંપડીઓ બાંધીને રહેતી હતી.

આ વિધવા સ્ત્રીઓને મૃત્યુના ડર કરતાં મૃત્યુ પછી તેમનું દાહસંસ્કાર કોણ કરશે? કોઇક ને કોઇક દિવસે એકાદ વિધવા સ્ત્રીનું મરણ થતું હતું. તેમનું શબ નાની એવી જગ્યામાં કલાકોનાં કલાકો સુધી પડ્યો રહેતો. ઘણાં કલાકો પછી સફાઇ કામદારો આવીને આ શબને ઊચકીને યમુના નદીમાં ફેંકી દેતાં. આ વિધવા સ્ત્રીઓ ભીખ માંગીને બીજાએ આપેલા દાન પર મંદિરોમાં ભજન કરીને પોતાની ભૂખ સંતોષતી હતી. મંદિરોનાં પુજારી અને તેમના વ્યવસ્થાપકો આ વિધવા સ્ત્રીઓનું માનસિક અને શારીરિક શોષણ પણ કરતા હતા. આવી દયનીય અને નિરાશાજનક વિધવાઓની હાલત જોઇને મેં મારું મન સાહિત્યમાં લગાડ્યું.

લેખનના માધ્યમ દ્વારા મારા ગુસ્સાને હું કાબૂમાં રાખી શકી. આને હું મારા જીવનની એક ચમત્કારી ઘટના માનું છું. લેખન મારા જીવનની કપરી ક્ષણોમાં સારા મિત્ર તરીકે પુરવાર થયેલ છે. ખાનગી કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરતા મજદૂરો પર મેં ત્રણ કાદંબરી લખેલ છે. ચીનાબ નદી પર બંધાતા પુલો, ૧૯૭૪માં મધ્યપ્રદેશના "આહિરાત" જલ પ્રકરણનાં બાંધકામ અને ૧૯૮૩માં ઉત્તરપ્રદેશનાં સહી પ્રોજેક્ટનાં મજદૂરો સાથે રહીને લખી છે. વાર્તાના ખાસ વિષય પર લખવા થોડા દિવસ માંસના વેપારીઓની દુકાનોમાં અને કસાઇઓની વસતિઓમાં પણ રહી છું. મોટાભાગનું મારું લેખન મેં જીવનમાં પ્રત્યક્ષ અનુભવેલા અનુભવ આધારિત હોય છે.

મારા લેખનની શૈલી મારી પોતાની છે. એ સારી છે કે ખરાબ છે તેની મને ખબર નથી. બ્રહ્મપુત્રા નદીના પરિસરમાં મારો વિશાળ વાંચક વર્ગ છે. તે પણ મને લખવા પ્રેરે છે. આ મારા માટે આનંદનો વિષય છે. સંત શંકરદેવનાં ઉપદેશોએ મારા હૃદયમાં સ્થાન મેળવેલ છે. સંત શંકરદેવને જેટલી માનવીના માટે ચિંતા હતી તેટલીજ ચિંતા તેઓ મૌન પશુ પક્ષીઓ માટે કરતા હતા. તેઓ કહેતા હતા કે પશુ પક્ષીઓમાં પણ આત્મા હોય છે. મારી નવી કાદંબરી "છિન્ના મસ્તા"માં કામરૂપના મંદિરોમાં પશુઓને બલિ ચઢાવવાની પ્રથાનો મેં વિરોધ કરેલ છે. પશુઓના લોહીથી અભિષેક કરવાની પ્રથા આજે પણ હયાત છે. મારા પશુબલિના વિરોધના કારણે આસામના મારા વાંચકોએ ઉગ્ર પ્રતિક્રિયા આપી છે. ૭૫ ટકા યુવાનો બલિ પ્રથાની પરંપરાનો વિરોધ કરે છે.

મારા લેખનનાં માધ્યમ મારફત મેં મારી કર્મભૂમિના જે ભાગો અંધારામાં રહ્યા છે તેમના પર પ્રકાશ પાડેલ છે. મારા પ્રદેશની જનતાના કષ્ટો અને તેમના દુઃખોને હજી સુધી મારા લેખન મારફત સંપૂર્ણ વાચા આપી શકવા નિષ્ફળ રહી છું. સાહિત્ય પર આસામી લોકોનો પ્રેમ અનોખો છે. સાહિત્યની સભા પર પહોંચવા તે રાતભર ચાલીને ત્યાં પહોંચે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)**

*ઈશ્વરની મરજી વગર બધાં કાર્યો અધૂરાં છે, તેથી ઈશ્વરનો ઉપકાર માણસે કદી ભૂલવો ન જોઈએ.*

**સાહિત્ય આચમન**

(ટૂંકી વાર્તા)

# ઈચ્છારામ માસ્તર

● ટોકરશી વોરા ●

ઘંટ વાગી ચૂક્યો હતો. પાઠશાળા છોડી બાળકો ઘર ભણી જઇ રહ્યા હતા. પાઠશાળાની જર્જરિત ઓફિસમાં વયોવૃદ્ધ ઇચ્છારામ માસ્તર એકલા બેઠા હતા. ચારે તરફ નીરવ શાંતિ પથરાયેલી હતી. પરંતુ કેમ જાણે માસ્તરનું મન અશાંતિથી ઘેરાયલું હતું. એમના માનસપટ પર શંકા કુશંકાઓ વચ્ચે તુમુલ ઘર્ષણ ચાલી રહ્યુ હતું. કારણ પણ હતું. જ્યારથી ગામને પાદર હાઇસ્કૂલની ઇમારતનો પાયો નખાયો હતો ત્યારથી એક છૂપો ભય એમના અંતરમાં ઘૂમરીઓ લઇ રહ્યો હતો.

પાંત્રીસ પાંત્રીસ વર્ષોથી આ પાઠશાળા સાથે એમનો નાતો હતો. બાળકોને ભણાવતા પોણા ભાગની જિંદગી વહી ગઇ હતી. પાઠશાળાના એક એક પથ્થર સાથે પ્રીત બાંધી બેઠા હતા. પરંતુ જ્યારથી હાઇસ્કૂલ માટેની નવી ઇમારત બાંધવાનો પાયો નંખાયો, માસ્તર સમજી ચૂક્યા હતા કે આ પાઠશાળાને તાળાં લાગશે.

હાઇસ્કૂલમાં તો વધુ ભણેલા, ક્વોલિફાઇડ શિક્ષકો આવશે. એમની વચ્ચે પોતાનું સ્થાન શક્ય જ ન હતું. વૃદ્ધ થઇ ચૂક્યા હતા. લખતાં હાથ ધ્રૂજતા હતા અને ક્યારેક ચાલતાં પણ ચૂકી જતા હતા. વળી નવી કેળવણીની ક્ષિતિજો પણ વિસ્તરી ચૂકી હતી અને એમના મનમાં જે ભય ઘૂંટાતો હતો તે આજે સાચો પણ પડ્યો હતો. પોતાને નિવૃત્તિ આપતો સરકારી આદેશનો પત્ર પણ મળી ચૂક્યો હતો.

માસ્તરની ઉઘાડી આંખો સમક્ષ અતીતની યાદો ધસી આવી. એ યાદો પર તરતી તરતી આંખો ઊભરતી દેખાઇ. પત્નીની આંખોમાં જાણે વહાલપનો દરિયો ઘૂઘવતો હતો... સંકટ સમયે હંમેશાં એ કહેતી... 'હું છું ને!' વીલિન થતા એ દૃશ્યની સાથે ઉપસી આવી બીજી બે પાણીદાર આંખો. પ્રભુ! પોતાનો એકનો એક પુત્ર! ફક્ત દસ વર્ષની નાની વયે નદીમાં આવેલા ગાંડાતૂર પાણીમાં તણાઇ ગયો. પત્ની અને પુત્ર મહાકાલના ખપ્પરમાં હોમાઇ ગયા. પોતાને એકલો નિરાધાર છોડીને. વળી જીવન નિર્વાહનો જે આધાર હતો તે પણ ખતમ થશે. હવે એ ઘર ઘર ભટકશે ચપટી લોટ માંગવા. દુઃખદ વિચારોની ધારા હજી આગળ ચાલત પરંતુ એ તંદ્રામાં વિક્ષેપ પાડતી એક સરકારી જીપ પાઠશાળાના દરવાજે આવીને ઊભી રહી. એમાંથી નીચે ઉતર્યો સફારી સુટમાં સજ્જ થયેલો એક હસમુખો યુવાન.

માસ્તરની આંખો સાથે આંખ મેળવતો એ યુવાન માસ્તરની સામે બે હાથ જોડી ઊભો રહ્યો. કહ્યું, "આપ પોતે પૂજ્યશ્રી ઇચ્છારામ માસ્તર?"

"હા, હું પોતે. આવો. બેસો." ટૂંકા શબ્દોમાં આવકાર આપતાં માસ્તરે કહ્યું.

આસન ગ્રહણ કરતા પેલા યુવાને કહ્યું, "સર! હું સિદ્ધાર્થ. કેળવણી ખાતા તરફથી આપના માટે એક અગત્યનો સંદેશ લઇ આવ્યો છું."

માસ્તરનો ધ્રૂજતો હાથ અચાનક ટેબલ તરફ લંબાયો. એમને મળેલો નિવૃત્તિ પત્ર ત્યાં પડ્યો હતો. સંદેશ તો મળી ચૂક્યો છે. એવું કંઇક મનોમન બબડ્યા પણ ખરા. પરંતુ બીજી જ પળે હાથ પાછો ખેંચી લેતા બોલ્યા... "કહો..."

"સર! કેળવણી ક્ષેત્રે આપે લાંબી સેવાઓ આપી છે. આપ તો જાણો છો સર! કે આપણા ગામને પાદર બંધાઇ રહેલી હાઇસ્કૂલની ઇમારત તૈયાર થઇ ગઇ છે. સર! કેળવણી ખાતાની એવી ઇચ્છા છે, આપની સેવાઓની કદર રૂપે હાઇસ્કૂલની ઇમારતનું અનાવરણ આપના હાથે થાય." વિવેક પૂર્ણ શબ્દપ્રયોગ સાથે સિદ્ધાર્થે સરકારી આદેશ માસ્તર ઇચ્છારામ સામે મૂક્યો.

પળભર માસ્તરની આંખો બીડાઇ ગઇ. પોતે કંઇ નાના બાળક નહોતા કે સિદ્ધાર્થે મૂકેલા પસ્તાવનો અર્થ ન સમજે. એક તરફ નિવૃત્તિનો આદેશ અને બીજી તરફ અનાવરણનો પ્રસ્તાવ. પણ એનાંથી શું એમની ખાલી ઝોળી ભરાઇ જશે! મોતી જેવડા બે અશ્રુબિંદુ એમના ગાલ પર દડી પડ્યા.

સામે બેઠેલો સિદ્ધાર્થ અવાચકપણે જોઇ રહ્યો... તે ઊભો થયો. ખૂણામાં પડેલા મટકામાંથી પાણીનો ગ્લાસ ભરી માસ્તર સામે ધરતાં કહ્યું "સર!" ધ્રૂજતા હાથે પાણીનો ગ્લાસ લઇ, માસ્તર એક શ્વાસે પી ગયા. ચશ્માં ઉતારી રૂમાલ વડે આંખો લૂંછતા કહ્યું... "ભલે હું આવીશ."

માસ્તરે અનાવરણ વિધિ કરવાનો સ્વીકાર કર્યો. યુવાન સિદ્ધાર્થની આંખો પાછી હસી ઊઠી. માસ્તરની ચરણરજ માથે લેતાં કહ્યું "આપે અમારી વિનંતીનો સ્વીકાર કર્યો છે તે બદલ ખૂબ ખૂબ આભાર! અને એક અગત્યની વાત છે. આ પ્રસંગે પંત પ્રધાન પધારવાના છે અને તેઓ આપને મળશે..."

અનાવરણ વિધિ કરવાનો દિવસ આવી પહોંચ્યો... બરાબર નવ વાગ્યે એ વિધિને પૂર્ણ કરવા સરકારી કારમાં માસ્તર ઇચ્છારામ આવી પહોંચ્યા. એમની પડખે હતો પેલો હસમુખો યુવાન સિદ્ધાર્થ. વિધિમાં ભાગ લેવા

*શાણો માણસ બીજાની સ્પર્ધા નથી કરતો, પોતાની સ્પર્ધા કરે છે.*

આવેલા લોક મહેરામણથી ગામનું પાદર ઊભરાતું હતું. વિશાળ સ્ટેજ પરથી કાર્યક્રમો પ્રસારિત થઇ રહ્યા હતા. શહનાઇની સૂરાવલિઓ રેલાઇ રહી હતી. નગારા ગડગડી રહ્યા હતા. બેન્ડવાજાંની ધૂનોથી દિશાઓ ડોલી રહી હતી. માઇક પરથી ઇચ્છારામ માસ્તરનો વારેવારે જય ઘોષ થઇ રહ્યો હતો. જ્યાં કાર ઊભી રહી ત્યાંથી માંડીને છેક ઇમારતના વિશાળ દરવાજા સુધી લાલ જાજમ બિછાવેલી હતી. સોળે શણગાર સજિત કોઇ નવોઢાની જેમ શણગારેલી ઇમારતને માસ્તર જોતા રહી ગયા. કોઇ અપ્સરા સદેહે સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતરીને આવી હોય તેવી મોહક લાગતી હતી.

માસ્તરનું સ્વાગત કરવા ધૂરંધર મહાનુભાવો સસ્મિત હાથ જોડી નમસ્કાર કરતાં માસ્તરની સામે ઊભા રહ્યા... એક ખાદીધારી પ્રૌઢ વ્યક્તિ માસ્તરને લાલ જાજમ પરથી દોરતી આગળ ચાલી. અન્ય મહાનુભાવો પાછળ પાછળ આવવા લાગ્યા. મુખ્ય દરવાજાની સામે આવીને ઊભા રહ્યા. દરવાજાની ઉપર શાહીનનો એક વિશાળ પડદો લટકતો હતો... ખાદીધારી વ્યક્તિએ નીચે સુધી લટકતી એક રેશમની દોરી માસ્તરના હાથમાં આપી, અનાવરણ કરવા વિનંતી કરી. માસ્તર જેમ જેમ દોરી ખેંચતા ગયા તેમ તેમ પાછળના વિશાળ બોર્ડ પર અંકિત સોનેરી અક્ષરો એક પછી એક બહાર ઊભરતા આવ્યા... છેલ્લા આંચકા સાથે પડદો સ્થિર થયો... બોર્ડ પરના પ્રત્યેક શબ્દો સ્પષ્ટ વંચાતા હતા.

'પૂ. માસ્તર ઇચ્છારામ હાઇસ્કૂલ"

ભ્રમને અવકાશ ન હતો. સૂર્યના સોનેરી કિરણો એ અક્ષરો પર સીધા પડતા હતા.

'પૂ. માસ્તર ઇચ્છારામ હાઇઈસ્કૂલ' જેના પૂરાણા સફેદ કોટમાં અનેક કરચલીઓ પડી ચૂકી હતી. જેના પગના જોડાના તળિયાં ઘસાઇ ચૂક્યા હતા. બોલતા જેમની જીભ અચકાતી હતી. આવતીકાલથી જે બેકારોની લાઇનમાં ઊભો હશે... ઘર ઘર ચપટી લોટ માંગતો હશે. પૂરો અકિંચન... અને તેના નામે અપ્સરા જેવી ઇમારત! હતપ્રભ થઇ ગયા માસ્તર!

ત્યાં સિદ્ધાર્થ માસ્તરની સામે આવીને ઊભો રહ્યો... એમને વિંટળાઇને ઊભેલા બધા વિખરાઇ ગયા... સિદ્ધાર્થે કહ્યું, 'સર! ખૂબ ખૂબ અભિનંદન સર! આપના ચેમ્બરમાં પંત પ્રધાન આપને મળવા આતુર છે. આપણે ચાલશું....?'

દૂધ જેવા ધવલ મારબલના પગથિયા પાર કરી ઇમારતના લાંબા પરિસરમાં બંને પ્રવેશ્યા ત્યારે માસ્તરનું હૃદય ધડકી રહ્યું હતું. અજબ વાત હતી. એક અકિંચન પંતુજીને મળવા પંતપ્રધાન આતુર હતા!

સિદ્ધાર્થ કહી રહ્યો હતો "સર! પંતપ્રધાન તો ગરીબોના બેલી છે. આપને મળવાની એમને ઘણી ઉત્કંઠા છે. આ ગામમાં હાઇસ્કૂલ કરવાનો આદેશ પણ એમનો છે...."

વાતો અધૂરી રહી. પરિસરના છેડે આવેલા એક વિશાળ ચેમ્બર સામે બન્ને ઊભા રહ્યા... ચેમ્બરની એક તરફ એક તક્તી લટકતી હતી. જેના પર નામ હતું : "પૂ. માસ્તર ઇચ્છારામ."

દરવાજા ખૂલ્યા.

"આપ અંદર પધારો" સિદ્ધાર્થે કહ્યું.

માસ્તર અંદર દાખલ થયા તેવાજ દરવાજા દેવાઇ ગયા.

માસ્તરની સામે ઊભો હતો સૌંદર્યની મૂર્તિ સમો એક નવયુવાન. પૂરા છ ફૂટની કાયા. ભરાવદાર દેહ. વિશાળ છાતી. પાણીદાર આંખો. સફેદ ખાદીનો ઝભ્ભો અને પાયજામો પહેરેલ તે યુવાન દેવદૂત જેવો લાગતા હતો. જોતાવેંત હેત ઊભરાઇ આવે.

ઇચ્છારામ માસ્તર ધારીધારીને એ યુવાન પંત પ્રધાનને નીરખી રહ્યો. જેમણે અનેકની જીવન રેખાઓ ઉકેલી નાખી તેમના માટે આજે પરીક્ષાની ઘડી હતી.

યુવાને બે હાથ જોડી માસ્તરને આવકાર આપ્યો... ચરણરજ માથે ચડાવી. ના, માસ્તર થાપ નહોતા ખાઇ રહ્યા... યુવાનને નીરખી જરૂર રહ્યા હતા પરંતુ પોતે તો અતીતમાં ખોવાઇ ગયા... ધીરે ધીરે પેલા યુવાનની સ્મિત વેરી રહેલી આંખોની પાછળથી એક એવી તસ્વીર ઉભરાવવા માંડી કે જેને પેલા નિષ્ઠુર મહાકાલે લાંબા સમય સુધી છૂપાવીને રાખી હતી. માસ્તરની વિખરાયેલી યાદો હળવે હળવે અતીતને ઉકેલવા લાગી. રહસ્યના પડદા હટવા લાગ્યા. યુવાનના મોં પર અંકિત રેખાઓ સ્પષ્ટ થવા લાગી. અને છેલ્લે એકજ ઝટકે ઓળખની આડે આવતી બધી દિવાલો ભૂંસાઇ ગઇ. તે સાથે સંયમની સરહદો એકસાથે તૂટી ગઇ. લાગણીઓના સાચવીને બાંધેલા બંધ એક સાથે વરાળ થઇ વિખરાઇ ગયા. હૈયામાંથી હેતની હજારો હજારો સરવાણિઓ ફૂટવા લાગી. માસ્તરે એ યુવાન પંતપ્રધાનના મોંની રેખાઓને ઉકેલી નાખી.

હા, એ પ્રભુજ હતો! પોતાનો એકનો એક એ પુત્ર કે જે પાણીના ભ્રમણમાં ખેંચાઇને ખોવાઇ ગયો હતો - હા તે જીવંત હતો. પોતાની સામે ઊભો હતો. મોં પર એજ બાળ સ્મિત... એમના હાથમાંથી લાકડી પડી ગઇ. એ ધરતી પર પડે તે પહેલાં તો એમના ખોવાયેલા પુત્રે પોતાના પિતાને ઝીલી લીધા અને એ પિતાની બાથમાં સમાઇ ગયો જે અકિંચન હોવા છતાં આજની આ પળે દુનિયાનો વધુમાં વધુ સમૃદ્ધ હતો.

છેલ્લે ચેમ્બરમાં બે જ જણ રહ્યા : એક પિતા એક પુત્ર.

*૨૦૨, અરિહંત આશિયાના,*
*૩-૪-૬/૭, બરકતપુરા,*
*ડૉ. બમ્મના લેન, કાચીગોડા,*
*હૈદ્રાબાદ-૨૭. ફોન : ૬૬૬૩૭૩૭૭*

તંદુરસ્તી

# આળસ : મનની બીમારી

● ડૉ. (પ્રો.) મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

## કેસ સ્ટડી-૧

૪૫ વર્ષના એન્જિનિયર રોહિત બારેક મહિનાથી કામ પર અનિયમિત જતો હતો. ઘણી વખત અડધો દિવસ કામ કરી ઘરે પાછો આવી જતો. ઘણી વખત ઘરેથી કામ પર જવા નીકળે પરંતુ અડધે રસ્તેથી ઘરે પાછો આવી જાય. છેલ્લા બે મહિનાથી કામ પર જવાનું સદંતર બંધ કરી દીધું હતું. રોહિતને કામ પર જવાની બિલકુલ ઈચ્છા થતી ન હતી. સવારના મોડેથી ઊઠી, ધીમે ધીમે મોડેથી તૈયાર થતો. ત્યાં સુધી બપોરના બારેક વાગી જતા. છાપું વાંચી, બપોરે જમી સૂઈ જતો. સાંજે ગમેતેમ સમય પસાર કરતો. ટી.વી. કાર્યક્રમ જોઈ, રાત્રે જમી સૂઈ જતો. આમ પૂર્ણ દિવસ પસાર થતો (કોઈપણ ઉપયોગી, જવાબદારીનું કામ કર્યા વગર).

ઘરમાં તથા સગાંસંબંધીઓ એને કામ પર જવાની સલાહ વારંવાર આપતા હતા. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. બધાને થયું કે એને હવે કામ કરવું નથી. આળસુ થઈ ગયો છે. બેસી બેસીને ખાવું છે. પત્નીને આને લીધે ઘણું જ સહન કરવું પડતું હતું. ઘરમાં બે બાળકો ભણનારા હતા. પૈસાની ખેંચ પડતી હતી.

રોહિત કામ પર જતો ન હોવાથી, રોહિત સાથે કામ કરનાર એક સહકર્મચારી રોહિતને ઘરે મળવા આવ્યો. રોહિતની પત્નીએ બધી વાત કરી. સહકર્મચારીએ સમજાવ્યું કે કામ પર ન જવું એ એક મનની બીમારીનું લક્ષણ છે. એના સાળાને પણ આવું જ થતું હતું. મનોચિકિત્સકની સારવાર બાદ એ હવે નિયમિત પૂર્વવત કામ પર જાય છે તથા પોતાની સર્વ જવાબદારી સભાનપૂર્વક સંભાળે છે.

રોહિતને લેખક પાસે અભિપ્રાય માટે લઈ આવ્યા. મનની તપાસ કરતાં અન્ય લક્ષણો નીચે પ્રમાણેના હતા. એને જિંદગીમાં રસકસ રહ્યો ન હતો. નજીવી બાબતમાં રોહિત ચીડાઈ જતો હતો. પોતે કામ નહીં કરી શકે, કામમાં ભૂલો થશે એવી સતત બીક રહ્યા કરતી હતી. નકારાત્મક વિચારો આવતા હતા. ભવિષ્યમાં કાંઈપણ સારું નહીં થાય એવી લાગણી સતત રહ્યા કરતી હતી. પોતે કામનો નથી, નિષ્ફળ વ્યક્તિ છે એવી ભાવના રહેતી હતી. આના કરતાં મોત સારું એવા વિચારો આવતા હતા, ભૂખ ઓછી થઈ ગઈ હતી. વજન ૩ કિલો ઓછું થઈ ગયું હતું.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

● **નિદાન :**

આ એક હતાશાની બીમારીનો કેસ છે. કામ પર ન જવું, કામ પર અનિયમિત જવું, અધવચ્ચેથી ઘરે પાછા આવવું — આ હતાશાની બીમારીના લક્ષણો છે. રોહિત જાણી કરીને મરજીથી કામ પર નથી જતો એવું આ કિસ્સામાં ન હતું.

જેવી રીતે કમળો થાય ત્યારે નબળાઈ આવે છે, દર્દી જાણી જોઈને નબળાઈ છે એમ નથી કહેતો તેમ આળસ આવવી, કામ પર ન જવું એ પણ મનની બીમારીનું લક્ષણ છે.

● **સારવાર :**

હતાશાની બીમારીની સારવાર શરૂ કરી. હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. હતાશાની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં રહેલ સૂક્ષ્મ કોશિકાઓમાં રાસાયણિક (neurotransmitters) ફેરફારો થાય છે. સીરોટોનિન, નોરએપ્રીનેફિનની માત્રામાં ફેરફારો થાય છે, જે હતાશા પ્રતિરોધક દવાઓથી નોર્મલ થાય છે.

ફક્ત ચાર અઠવાડિયાની સારવારમાં રોહિતમાં અપેક્ષિત પરિણામ મળ્યા. મહિનાની સારવારમાં તો રોહિત કામ પર જવા લાગ્યો.

એક વર્ષ બાદ રોહિત નોર્મલ છે. પૂર્વવત નિયમિત કામ પર જાય છે. નિયમિત નોર્મલ જીવન જીવે છે. કુટુંબ સુખી છે.

## કેસ સ્ટડી-૨

૩૦ વર્ષનો અશોક બે-એક વર્ષથી કામ પર જતો ન હતો. ત્રણેક વર્ષ પહેલાં કામ પર લાગ્યો હતો. શરૂઆતમાં કામ પર નિયમિત જતો હતો. છએક મહિના બાદ કામ પર અનિયમિત જવા લાગ્યો. કોઈપણ કારણ વિના વારંવાર કામ પર ગેરહાજર રહેતો હતો. કામમાં બેધ્યાન રહેતો હતો. કામમાં ભૂલો થતી હતી. કામ કરતી વખતે પોતાના વિચારોમાં ખોવાયેલો રહેતો હતો. આ બધાને લીધે કંપનીએ અશોકને કાઢી મૂક્યો હતો અને

*પરિસ્થિતિને વશ થવાને બદલે આપણે પરિસ્થિતિને વશ કરવી જોઈએ.*

બે વર્ષથી કામ પર ન હતો.

આ કામની પહેલાં પણ ત્રણ વર્ષમાં એણે પાંચ કામ છોડ્યા હતા. થોડોક વખત કામ પર જતો, પછી અનિયમિત થઈ જતો. બે જગ્યાએ તો પોતાના નોકરીના પૈસા લેવા પણ ગયો ન હતો.

કુટુંબીજનો અશોકની આ વર્તણૂકથી (કામ પર ન જવાની) પરેશાન થઈ ગયા હતા. ઘણું સમજાવ્યું પણ અશોકને કામ પર મોકલવા અસફળ રહ્યા. અશોકના મોટા ભાઈએ પોતાના મિત્ર જોડે કામ બાબત કહ્યું ત્યારે મિત્રે સલાહ આપી કે અશોકની આ વર્તણૂક મનની બીમારીનું લક્ષણ છે. મનોચિકિત્સકની સલાહ લઈ યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

મનની તપાસ દરમ્યાન નીચેના લક્ષણો બહાર આવ્યા. છએક મહિનાથી અશોક ઘરમાં પણ પોતાના વિચારોમાં ખોવાયેલો રહેતો હતો. ઘરની બીજી વ્યક્તિઓ જોડે વાતચીત નહીં જેવી જ હતી. પોતાના તરફથી તો કોઈને બોલાવતો નહીં. બીજી વ્યક્તિઓ પૂછે તો જવાબ એક જ શબ્દમાં આપતો અથવા ઈશારાથી આપતો. ઘણી વખત દિવસો સુધી ઘરની બહાર ન નીકળતો. એકીટસે મટકું માર્યા વગર કલાકો સુધી શૂન્યાવકાશમાં જોતો રહેતો. રાત્રે ઊંઘ પણ વ્યવસ્થિત આવતી ન હતી. સવારના બ્રશ કર્યા વગર ચા-પાણી નાસ્તો કરતો. સ્નાન પણ દરરોજ ન કરતો. ચોપડીમાં કાંઈક લખ્યા કરતો. અશોક પોતાની અલગ દુનિયામાં જાણે રહેતો હતો.

● **નિદાન :**

આ એક મનોભ્રમનો (અલિપ્ત કેટાટોનિક મનોભ્રમ - Withdrawn Catatonic Schizophrenia) કેસ છે.

યોગ્ય કારણ વગર વારંવાર નોકરી બદલવી, કામ પર અનિયમિત જવું અશોકના કિસ્સામાં મનોભ્રમ બીમારીનું લક્ષણ છે. જાણી કરીને કે પોતાની મરજીથી કામ પર ન જવું એવું નથી.

● **સારવાર :**

મનોભ્રમની બીમારીમાં મગજના ઉચ્ચ કેન્દ્રોના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટરમાં (ડોપામીનમાં) ફેરફારો થાય છે. જેથી મનોભ્રમના લક્ષણો દેખાય છે. યોગ્ય દવાઓ (ન્યુરોલેપ્ટિક્સ તથા એટિપીકલ એન્ટીસાયકોટીક્સ) વડે આ ફેરફારો પૂર્વવત્ નોર્મલ કરાય છે.

અશોકના કેસમાં એટિપીકલ એન્ટીસાયકોટીક્સ દવાઓ શરૂ કરી. બે અઠવાડિયામાં ધીમે ધીમે સુધારો જણાયો. છ અઠવાડિયામાં નોંધપાત્ર સુધારો થયો. વાણી, વર્તણૂક, વિચાર, એકાગ્રતા, કાર્યશક્તિમાં સુધારો જણાયો. ત્રણ મહિનાની સારવાર બાદ અશોક કામ પર જવા લાગ્યો.

● **મનોવૈજ્ઞાનિક વાસ્તવિક્તા :**

કામ પર ન જવું, કામ પર વારંવાર ગેરહાજર રહેવું, યોગ્ય કારણ વગર વારંવાર નોકરી બદલવી, કામ પર ભૂલો થવી, જવાબદારી ન સ્વીકારવી વગેરે મનની બીમારીના લક્ષણો છે. ઉપરોક્ત બંને કેસ પરથી જાણકારી મળે છે કે આ લક્ષણો મનની અલગ અલગ બીમારીમાં જોવા મળે છે. મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી યોગ્ય મનોચિકિત્સા કરવાથી અપેક્ષિત પરિણામો મળી શકે છે. ■



# બાબુડે જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મંગલબાપા પાંજે ફ્લેટથી ત્રે બસ સ્ટોપ જતરા પર્યા રેંતા ને રોજ પાંજે ફ્લેટજી બાજુમેં મંદિર આય, ઓતે દર્શન કરેલા અચેંતા ને પોય પગે હલેને પંઢજે ઘરે વેનેતાં... ચાર પંજ ડીં થી હકડો સ્કૂટરવારો પણ રોજ ઈજ સમય તે ઉતાનું વેનેતો તડેં મંગલબાપા ગિયા પંઢજો સ્કુટર ઊભો કરેને કીં પૂછેતો... બાપા 'ના' ચેંતા ને પોય સ્કુટરવારો હલ્યો વેનેતો ને બાપા પણ હલધા હલધા પંઢજે ઘરેં વેનેતા... તું જરા તપાસ કઈજ ને ઓતે ઊભો રોજ, ને સ્કૂટરવારો કુરો પૂછેતો સે સુણજ ન ન સુણાજે તડેં બાપાકે પૂછજ...

બચુડો : (તપાસ કે ને ચેં) આંઉ મંગલબાપા કે પુછ્યો તડેં બાપા ચ્યાં... હી સ્કૂટરવારો આયસે લિફ્ટજો સેલ્સમેન આય ક ન સે મુંકે ખબર નાંય પણ મુંકે રોજ પૂછેતો 'બાપા, લિફ્ટ ખપેતી, લિફ્ટ ડીંયાં....?' આંઉ અનકે નાં ચાંતો... પણ અજતા આંઉ ચ્યો, મુંકે લિફ્ટ નતી ખપે... આંઉ ગ્રાઉન્ડ ફ્લોર તે જ રાંતો....

## ખિલજા મ ભલા

પપ્પા : બંટી બેટા, મેં તારી પાસે ખાનામાં પડેલો ચેક કાઢી મારા હાથમાં આપવા કહ્યું તો પણ તું ક્યારનો ચેક ટેબલ પર કેમ પછાડ્યા કરે છે?

બંટી : પપ્પા, આજે તમે ફોન પર વાત કરતા હતા ત્યારે બોલ્યા હતા કે ચેક બાઉન્સ થશે તો ખર્ચો હું ભોગવીશ અને બીજો ચેક આપીશ... એટલે મને નવાઈ લાગી કે ચેક રબ્બર કે સ્પંજનો નથી પણ કાગળનો જ છે છતાં તે બાઉન્સ કઈ રીતે થાય છે. એ મારે ખાતરી કરવી હતી તેથી હું ટેબલ પર ચેક પછાડતો હતો.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મારા પર કરવામાં આવનારું ઑપરેશન ગંભીર છે, ખરુંને....? સફળતાની તક કેટલી... ચાન્સ કેટલો...?

ડૉક્ટર : સો એ સો ટકા... આવા ઑપરેશન દસ ટકા જ સફળ થાય છે. આવા મેં નવ ઑપરેશન કર્યા છે તે બધા દર્દી ઑપરેશન દરમ્યાન જ મરી ગયા છે. એટલે આંકડાશાસ્ત્રની રીતે આ ઑપરેશન સફળ થવાની પૂરી આશા છે.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, તમારી દવાથી હવે હું ધીરે ધીરે સ્વસ્થ થયો છું. તમારું બિલ કેટલું થયું?

ડૉક્ટર : મારા બિલનો આંકડો સાંભળી આઘાત સહન કરી શકે એટલું મજબૂત તમારું હૃદય થયું નથી.

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર : (પ્રખ્યાત ડૉક્ટરને) સાહેબ, તમે ક્યારેય ગંભીર ભૂલ કરી છે?

ડૉક્ટર : હા, એકવાર થઈ ગઈ છે. એક કરોડપતિ શેઠને અઠવાડિયામાં જ સાજા કર્યા હતા.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : બોલો કાકા, તમને શું તકલીફ છે?

કાકા : પહેલા હતી પણ હવે નથી.

ડૉક્ટર : તો પછી તમે મારી પાસે શા માટે આવ્યા?

કાકા : મને ચક્કરની તકલીફ હતી. પણ આરામ કરવાથી ફાયદો થઈ ગયો.

ડૉક્ટર : આરામ....?

કાકા : મારો વારો આવતા ત્રણ કલાક બહાર બેસી રહેવું પડ્યું તેમાં આરામ થઈ ગયો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સ્ત્રીઓનું મોઢું ખોલાવી શકે અને તેની બોલતી બંધ કરી શકે એવું કોણ છે?

આદિત્ય : સાહેબ.... ડૉક્ટર.... દાંતના ડૉક્ટર.

☺ ☺ ☺ ☺ ☺

યુવાન દર્દી : (નર્સને) તું મને બહુ ગમે છે. મારી સારી દેખરેખ રાખે છે. એટલે હું સાજો થવા માંગતો નથી. મારે હોસ્પિટલમાં વધુ સમય રહેવું છે જેથી તારો સહવાસ માણી શકું.

નર્સ : એમ જ થશે... ડૉક્ટર મારા પ્રેમમાં છે અને તારા ઈરાદાની એને ખબર પડી ગઈ છે. એથી તને તે સાજો કરશે જ નહીં.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જે માણસો આજની સજ્જતા સાચવી શકે છે એના માટે આવતીકાલ હંમેશાં તૈયાર હોય છે.*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

● સુરભિ નીરવ વસા ●

## દિવાળી સ્પે. રેસિપી

આ વખતે કંઈક અલગ પણ તાત્કાલિક બનાવી શકાય તેવા નાસ્તા અને જમ્યા બાદ આપવાની વાનગી (ડેઝર્ટ) બનાવવાની રીત જાણીશું.

### રેપીડ રાઉન્ડ

***સામગ્રી :*** ૧/૨ કપ બાફીને અધકચરી ક્રશ કરેલ અમેરિકન મકાઈ, ૨ ટે.સ્પૂન ઝીણા સમારેલા કેપ્સીકમ, ૩ ક્યુબ ચીઝ, ૧ ટી. સ્પૂન લાલ મરચું, ૧/૨ ટી. સ્પૂન મરી પાવડર, ૧ ટી. સ્પૂન ચીલી સોસ, ૧ ટે. સ્પૂન ટોમેટો સોસ, ૧/૨ ટી. સ્પૂન ઓરેગાનો, ૧/૨ ટી. સ્પૂન પેપ્રીકા, ૮-૧૦ નંગ બ્રેડ (રાઉન્ડ કટ કરેલ), બટર.

*રીત : સ્ટફીંગ માટે :* ૧ ટે.સ્પૂન બટર મૂકી તેમાં કેપ્સીકમ અને કોર્ન સાંતળો. ૨-૩ મિનિટ માટે સાંતળવાનું છે. હવે તેમાં લાલ મરચું, મરી પાવડર, ચીલી સોસ, ટોમેટો સોસ, ઓરેગાનો, પેપ્રીકા ઉમેરી સરસ રીતે મિક્ષ કરો. હવે ગેસ બંધ કરી ૧ ક્યુબ ચીઝ છીણીને ઉમેરી મિક્ષ કરો. સ્ટફિંગ તૈયાર છે.

બ્રેડ સ્લાઈસ લઈ તેને રાઉન્ડ કટ કરવી. હવે તેના પર બટર લગાવી, તૈયાર કરેલ સ્ટફીંગ લગભગ ૨ ટે.સ્પૂન જેટલું મૂકી ઉપરથી છીણેલું ચીઝ ભભરાવો. તેના પર થોડું પેપ્રીકા અને ઓરેગાનો છાંટો.

હવે આ તૈયાર કરેલ બ્રેડને ફ્લેટ પૅનમાં અથવા તો નોનસ્ટીક તવીમાં જરાક બટર લગાવી ગોઠવો. પૅન પર ઢાંકણ ઢાંકી ૩-૫ મિનિટ ચીઝ થોડું મેલ્ટ થાય ત્યાં સુધી ગરમ કરી સોસ સાથે ગરમા ગરમ પીરસો.

સ્ટફિંગ તૈયાર હોય તો ઝડપથી પીરસી શકાય છે.

ઓરેગાનો તથા પેપ્રીકા, એ ઇટાલિયન હર્બ્સ (મસાલા) છે.

★ **ઓરેગાનો :** ઓરેગાનો અજમાના ફ્લેવરનો હોય છે. જો ઓરેગાનો ન હોય તો તેના બદલે ચપટી અજમો હાથેથી મસળીને ઉમેરી શકાય.

★ **પેપ્રીકા :** પેપ્રીકા બનાવવા માટે ૮-૧૦ નંગ કાશ્મીરી સૂકા લાલ મરચાંને મિક્સિમાં અધકચરા પીસવા. (મિક્સિને ૩-૪ વખત ચાલુ કરીને તુરંત બંધ કરવી.) આ રીતે પેપ્રીકા તૈયાર થશે. (મરચાંને પણ સાથે જ પીસવા.)

### ખસ્તા કચોરી

*સામગ્રી :*

- *વાટવાનો મસાલો :* ૨ ટે.સ્પૂન આખા ધાણા, ૧ ટી.સ્પૂન તેલ, ૨ ટે.સ્પૂન વરિયાળી, ૧/૨ ટી.સ્પૂન અજમો, ૧ ટે.સ્પૂન તલ, ૧ ટે.સ્પૂન જીરું, ૫-૭ નંગ લીમડાના પાન, ૪-૫ લવિંગ, ૧ તજનો ટુકડો.
- *પાવડર માટે :* ૧ ટી.સ્પૂન સંચળ પાવડર, ૧ ટે.સ્પૂન લાલ મરચું, ૧ ટી.સ્પૂન આમચુર પાવડર, ૧/૪ ટી.સ્પૂન હીંગ.
- *લોટ માટે :* ૨ ટી.સ્પૂન મોણ માટે ઘી, મીઠું સ્વાદ અનુસાર, ૧ કપ મેંદો.
- *અન્ય સામગ્રી :* ૫૦ ગ્રામ મગની મોગર દાળ, ગ્રીન ચટણી, મીઠી ચટણી, દહીં, સેવ, બુંદી.

*રીત :* ૧ પૅનમાં તેલ મૂકી તેમાં આખા ધાણા, વરિયાળી, અજમો, જીરું, તલ, લીમડાના પાન ઉમેરી શેકો. થોડા શેકાય એટલે તેમાં આખા તજ-લવિંગ ઉમેરી શેકો. શેકાઈ જાય એટલે ઠંડું પાડી મિક્સિમાં પીસી ઝીણો મસાલો તૈયાર કરવો.


મગની દાળને એકદમ છૂટી રહે એ રીતે બાફવી. અને બાફીને નીતારીને થોડી ડ્રાય થાય પછી કરકરી પીસવી. (જો દાળ ગળી જશે અથવા તો ગરમ પીસવામાં આવશે તો લોચા જેવું થઈ જશે.)

હવે આ પીસેલી દાળમાં ૪ ટે.સ્પૂન શેકીને વાટેલો મસાલો તથા ૩ ટે.સ્પૂન તૈયાર કરેલ પાવડર, સ્વાદ અનુસાર મીઠું ઉમેરી મિક્ષ કરો.

*લોટ માટે :* મેંદાના લોટમાં ઘી, મીઠું અને જરૂર મુજબ પાણી ઉમેરી થોડો કઠણ લોટ બાંધવો. જાડી નાની પૂરી વણી તેમાં ૨ ચમચી જેટલો ઉપર તૈયાર કરેલ સ્ટફીંગ ભરી કચોરીની જેમ બરાબર ઉપરથી બંધ કરી હાથેથી દબાવી ફરીથી જરાક વણવું. (વણેલી કચોરી કપડા નીચે ઢાંકીને રાખવી.) તેલ ગરમ કરી ધીમા તાપે કચોરી તળવી. જેથી કચોરી સરસ રીતે ફુલશે. આ કચોરીને વચ્ચેથી ખાડો પાડી તેમાં ગ્રીન ચટણી, મીઠી ચટણી, સેવ, બુંદી, ઝેરેલું દહીં તથા કોથમીર છાંટી ચાટની જેમ સર્વ કરવી.

આ કચોરીને ૧૦-૧૫ દિવસ સ્ટોર કરી શકાય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)**




### ૨૧ કરોડમાંથી ૭૦૦ કરોડ

ઓગસ્ટના અંકમાં શ્રી મુરજીભાઈ ગડાનો લેખ "ખોરાકની પસંદગી – સ્વાસ્થ્ય માટે કે શાસ્ત્રો આધારે?" વાંચીને ઘણી પ્રસન્નતા થઈ. મંગલ મંદિરના સર્વે વાંચક મિત્રો એ લેખ રસપૂર્વક તેમજ નિસ્બતપૂર્વક વાંચે અને જૂના તમામ પૂર્વગ્રહો છોડીને વૈજ્ઞાનિક અભિગમનો સ્વીકાર કરે તો ઘણું સારું.

વસતી શાસ્ત્રીઓના મત મુજબ ૨૫૦૦-૨૬૦૦ વર્ષ પહેલાં જગતની માનવ સંખ્યા આશરે ૨૧થી ૨૨ કરોડ જેટલી હતી. આજે સાતસો કરોડ જેટલી છે. અને આ સદીના અંત સુધીમાં નવસો કરોડ જેટલી થવાની તેમની ધારણા છે. જન્મદર ઘટાડવા માગતા અનેક લોકો ફેમિલી પ્લાનિંગ કરે છે. એ જો ન કરે તો વસતી એક હજાર કરોડની સંખ્યાને પણ આંબી જાય. મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે એ સાચું પણ હવે મનુષ્ય જન્મ સુલભ થઈ ગયું છે તે સૌના લાભની અને આનંદની વાત છે. પાપ-પુણ્યની વ્યાખ્યા બદલવાની જરૂર નથી લાગતી?

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

● ● ● ● ●

### ઐતિહાસિક અંક

આપશ્રીના મેગેઝિનનો ૪૦૦મો અંક એ ખૂબજ માહિતીસભર અંક છે. આ અંકની ગણના એક ઐતિહાસિક અંક તરીકે કરી શકાય. આપનો આ અંક એ કચ્છના વારસાને સાચવનારા એક સીમાચિહ્ન સમાન છે. કચ્છ અને કચ્છીયત પર ટાંકવામાં આવેલી દરેક સામગ્રી એ સંપૂર્ણપણે પ્રામાણિક છે. આ કાયમી સંગ્રહ કરવા લાયક અંક છે તથા લાઈબ્રેરીમાં સ્થાન મેળવવાને પાત્ર છે.

આપશ્રીએ કરેલ ઉમદા કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું તથા આવનાર ભવિષ્યમાં આવા જ ધરોહરને ટકાવવાના આગવા કાર્યો કરતા રહો એવી અનેકગણી શુભકામનાઓ.

*સી.એ. કૈલાસકુમાર ગઢવી - અમદાવાદ*

● ● ● ● ●

### માહિતીસભર અને અભ્યાસપૂર્ણ અંક

સર્વાંગ સુંદર 'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક મળ્યો. માહિતી સભર અને અભ્યાસપૂર્ણ. દરેક લેખ એક કરતાં વધારે વાર વાંચવાનું મન થાય તેવા. આ અંક માટે અભિનંદન.

*દિનકર મહેતા - ભુજ*

● ● ● ● ●

### પ્રા. પૃથ્વી શાહનો લેખ

'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૧૧ના અંકમાં પ્રા. પૃથ્વી શાહનો લેખ "ક વર્ગના રાજ્ય દરમ્યાન કચ્છનો વિકાસ અને આજની સ્થિતિ" સારો માહિતીપ્રદ રહ્યો. એમણે દર્શાવેલ કેટલીક વિગતો ભૂલાઈ ગયેલી હતી, તે ફરીથી તાજી થઈ અને કેટલીક નવી વિગતો પણ જાણવા મળી છે. માહિતીપ્રદ સરસ લેખ આપવા બદલ પૃથ્વી શાહનો આભાર.

*પોપટલાલ નેણશી ધરોડ - અમદાવાદ*

● ● ● ● ●

### ભ્રષ્ટાચાર નાબૂદી

આજે સમગ્ર દેશમાં એક મોટો લોકજુવાળ પેદા થયો છે. બાળકથી માંડી વૃદ્ધો "અન્ના હમ તુમ્હારે સાથ હૈ..."ના નારા સાથે રેલીઓ, સરઘસો અને સભાઓ ગજવે છે. પરંતુ લોકપાલ બિલ એ શું છે અને અન્નાની લડત શેના માટે છે એની સંપૂર્ણ જાણકારી લોકો પાસે નથી. ભ્રષ્ટાચાર નાબૂદી માટે જ લોકપાલ છે એવું અગર લોકો સમજતા કે જાણતા હોય તો ભ્રષ્ટાચાર નહીં કરવાના, લાંચ લેવી કે આપવી નહીં તેવા સોગંદો લેવા જોઈએ. આ માત્ર લખવા કે બોલવા માટે સારું લાગે છે પરંતુ આવો, જોઈએ એની વાસ્તવિક્તા કેટલી છે? તેઓ કઈ બાબતે ધ્યાન આપશે?

૧. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા પોલીસ રૂા. ૨૦૦/-ની પાવતી બનાવે તો રૂા. ૫૦/-માં પતાવટ કરવાનું માંડી વાળશે? કે પછી....

૨. રેલવેમાં ટિકિટ કન્ફર્મ ન થાય તો ટી.સી.ને ગમે તેમ પટાવી, રૂા. ૧૦૦, રૂા. ૨૦૦માં સીટ મેળવશું?

૩. બાળક અભ્યાસમાં નબળું હોય તો એને પાસ કરાવવા માટે કે સારી સ્કૂલમાં નંબર આવે તે માટે કોઈ લાંચ આપવી પડે તો?

૪. સરકારી નોકરીમાં બદલી, બઢતી કે સારી જગ્યાએ નિમણૂક માટેના ચોક્કસ પ્રયત્નો જેવા કે...... કરીશું?

૫. અરે! મંદિરમાં પણ પાછલા બારણેથી પૂજારીને.... બક્ષિસ આપી દર્શન કરશું?

૬. જો કોઈ બસ અકસ્માત થાય તો દેશની મિલકતને નુકસાન પહોંચાડશું?

આ માત્ર પાયાની વાતો જ છે અને એનો જો અમલ કરવાની માનસિક તૈયારી હોય તો જ 'લાંચ નહીં લઉં કે નહીં આપું'ના સોગંદ લેવા જોઈએ. બીજી તરફ ડગલે ને પગલે એવાં કેટલાયે પ્રસંગો બને છે અને તે સમયે આપણે લીધેલા સોગંદો ભૂલી જઈએ છીએ.

આપણો સ્વાર્થ સાધવા માટે દેશને અને દેશની આવકને નુકસાન પહોંચાડતા હોઈએ છીએ. જ્યાં સુધી દરેક વ્યક્તિના મનમાં દેશ પ્રત્યે અંતરમાં સદ્‌ભાવ, જાગૃતિ કે દેશપ્રેમ ખરા હૃદયથી નહીં જાગે ત્યાં સુધી ભ્રષ્ટાચાર નાબૂદી માટેના ગમે તેટલા બુલંદ અવાજો ફુંકાશે પરંતુ એનું પરિણામ જોઈએ તેવું નહીં હોય. કારણકે અન્ય દેશના નાગરિકોમાં જેટલો દેશપ્રેમ હોય છે તેટલો દેશપ્રેમ આપણે ત્યાં નથી.

*ભવિષ્ય, આપની આજના પાયા પર નિર્ભર હોય છે.*

પરંતુ હવે જોઈએ, લોકપાલ બિલ લોકસભામાં પાસ થાય તો દેશની પરિસ્થિતિ કેવી બદલાય છે!

આશા રાખીએ, માત્ર વાતો જ નહીં પરંતુ ખરા હૃદયથી દેશને ચાહીએ અને દેશને નુકસાન કરનારાઓને દૂર કરીએ. આ માટે મક્કમ મનોબળ જોઈશે. લાંચ લેવી કે આપવી નહીં એ બોલવું સહેલું છે પરંતુ વાસ્તવિક જીવનમાં ખૂબ જ કપરું છે. દેશ અને દેશની જનતાને પરમાત્મા બચાવે.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

● ● ● ● ●

## મુંદ્રા તાલુકાના ડૉક્ટરોની આવકમાં ધરખમ વધારો

તા. ૧૦-૮-૨૦૧૧ના 'જન્મભૂમિ'માં આવેલ અહેવાલ મુજબ મુંદ્રા તાલુકાનો માત્ર ૩૬ કિ.મી.ની ત્રિજ્યામાં કોલસા આધારિત ત્રણ પાવર પ્લાન્ટ આવી રહ્યા છે. જેમાંથી અદાણી જૂથના અદાણી પાવર લિ.નો દેશનો સૌથી મોટો, કોલસા આધારિત ૪૬૨૦ મેગાવોટની ક્ષમતાનો પ્લાન્ટ શરૂ થઈ ગયો છે અને અત્યારે ૧૯૬૦ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરે છે. બીજો પ્લાન્ટ ફક્ત ૮ કિ.મી. દૂર તાતા જૂથનો કોસ્ટલ ગુજરાત પાવર લિ.નો ૪૦૦૦ મેગાવોટ (૮૦૦ x ૫)નો પ્લાન્ટ શરૂ થવાની તૈયારીમાં છે. આ ઉપરાંત અદાણી જૂથનો લગભગ ૨૮ કિ.મી. દૂર, ભદ્રેશ્વર આગળ ૩૩૦૦ મેગાવોટ (૬૬૦ x ૫)ની ક્ષમતાના પ્લાન્ટની તૈયારી ચાલુ છે. આ ત્રણે પ્લાન્ટ શરૂ થતાં જ વાર્ષિક ૩ કરોડ ૫૦ લાખ ટન જેટલો કોલસો પોતાના ટર્બાઈનમાં બાળશે. જેના લીધે સંખ્યાબંધ ચીમનીઓમાંથી હવામાં રાસાયણિક વાયુઓ કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન અને સલ્ફર ડાયોક્સાઈડ જેવા ઝેરી વાયુઓ ફેલાશે. જેનાથી તાપમાનમાં વધારો થશે અને તેમના સ્પેન્ટ કુલિંગ વોટર તરીકે ઓળખાતા સાધનોમાંથી દરિયામાં ખૂબ મોટા પ્રમાણમાં પ્રદૂષિત પાણી છોડાશે. જેનાથી સામાન્ય હવામાન અને દરિયાઈ પર્યાવરણનો સોથ નીકળી જશે. આ પર્યાવરણની અસરો લોકોના જીવનમાં સામાજિક અને આર્થિક રીતે બરબાદી પેદા કરશે.

ભારતમાં ગુજરાત સિવાય બીજે ક્યાંય પણ બે થર્મલ પાવર આટલા નજીક નથી.

આ ઉપરાંત મુંદ્રા બંદર ઉપર અદાણી જૂથ વાર્ષિક ૬ કરોડ ટન કોલસાનું હેન્ડલિંગ કરે છે. જેની ક્ષમતા વધારીને બે વર્ષમાં ૧૦ કરોડ ટનની થશે. જેનાથી બંદર સંકુલની આજુબાજુ વસતા લોકોનાં આરોગ્ય ઉપર કેવી અસર થશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

દેશના વિકાસ માટે વીજખાધ નિવારવી જરૂરી છે પરંતુ એક જ ઠેકાણે ત્રણ ત્રણ પ્લાન્ટ ચાલુ કરવા માટે મંજૂરી આપવી કેટલી યોગ્ય છે? આ બાબતમાં આગોતરી જાગૃતિ લાવવી જરૂરી છે. જોખમોને નિવારવા માટે સતત પર્યાવરણ નિરીક્ષણ કરતી સમિતિ રચાવી જોઈએ. જેમાં સરકાર, લોકો અને કંપનીની સમાન ભાગીદારી હોય.

*અમૃતલાલ નાનજી માલદે - દહીંસર (ઈસ્ટ), મુંબઈ*

● ● ● ● ●

## 'મંગલ મંદિર' વિશેષાંક

૧. 'મંગલ મંદિર'નો વિશેષાંક મળ્યો. કચ્છના જનજીવનને સ્પર્શતા વિવિધ વિષયોની ગઈકાલ, આજ અને આવતીકાલનું સિદ્ધહસ્ત લેખકો દ્વારા કરાયેલ નિરૂપણ એક સંદર્ભગ્રંથની ગરજ સારે તેવું છે. વિષયોની વિવિધતા, ચિંતનની વ્યાપકતા, ગોઠવણીની સુઘડતા અને છપાઈકામની સુંદરતા ગ્રંથને ચાર ચાંદ લગાડે છે. વર્ષોથી 'મંગલ મંદિર'નો વાચક અને ચાહક હોવાના નાતે કહી શકું છું કે આ માસિકની ઉત્તરોત્તર સર્વાંગી પ્રગતિ થતી રહી છે અને તેના પરિણામે વાચકોને સરસ અને અધિકૃત માહિતી ઉપલબ્ધ થતી રહે છે.

૨. મંગલ મંદિર એ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર હોવા છતાં તેમાં કચ્છને સ્પર્શતા તમામ મહત્ત્વના વિષયો, સમાચારો, લેખો અને માહિતીનું સંકલન કરાય છે તે સરાહનીય છે. કચ્છનો જૈન સમાજ પરાપૂર્વથી માનવસેવા અને જીવદયાના ક્ષેત્રે થતી પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે અને કચ્છ અને કચ્છ બહાર આ સમાજે ઘણા સેવા સંસ્થાનો ઊભા પણ કર્યા છે અને સુપેરે ચલાવે પણ છે.

૩. અમારો લોહાણા સમાજ પણ અગાઉના સમયમાં આવી જ વિચારધારા ધરાવતો હતો અને તે દૃષ્ટિએ ખાસ કરી શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં સારું પ્રદાન કર્યું હતું. પરંતુ વચ્ચેના સમયમાં આ વિચારધારામાં પરિવર્તન આવતાં જુદા જુદા ભૌગોલિક વિભાગોની દૃષ્ટિએ વાડાભેદ ખૂબ વકર્યો. સમાજના મોભીઓને આ વાત ખટકી અને તેમણે છેલ્લા વીસ પચ્ચીસ વર્ષોથી આ વાડાભેદ મિટાવવા સતત પ્રયત્નો કર્યા છે અને કરે છે. આમ છતાં કચ્છને સંબંધ છે ત્યાં સુધી હજુ અહીં વાડાભેદ ઊભો થયો નથી.

૪. છેલ્લા કેટલાક સમયથી અંગત રીતે મને એમ લાગ્યા કરે છે કે જૈન સમાજ જે વિશ્વ બંધુત્વની ભાવનાથી માનવસેવાની વિચારધારા ધરાવતો હતો તેમાં કંઈક ફરક પડતો જાય છે અને તે ઊલટી દિશામાં જ્ઞાતિ અને ધર્મના સંકુચિત વાડામાં ધીમેધીમે પ્રવેશ કરતો હોય તેમ મને લાગ્યું છે. હું તદન ખોટો ઠરું તો મને ખૂબ આનંદ થશે. અમારા અહીંના સમાજમાં પણ અન્ય જ્ઞાતિઓને સંકલિત કરી સહભાગી બનાવવા કેટલાક વર્ષોથી પ્રયત્ન કરું છું પરંતુ હજુ જોઈએ તેવી સફળતા મળી નથી. કદાચ આજ મુશ્કેલી જૈન સમાજમાં પણ હશે. ખેર, આ તો આડવાત થઈ.

૫. મુખ્ય વાત તો એ કરવી છે કે જૈન સમાજ દ્વારા અમદાવાદમાં શાહીબાગમાં જે 'કચ્છી વિશ્રામ ગૃહ'નું સંચાલન થાય છે તે તમામ કચ્છીઓને અને બહારગામથી આવતા યાત્રિકો દર્દીઓને ખૂબ ઉપયોગી સેવા પૂરી પાડે છે તેમાં બેમત નથી. ઉતારા માટે રાખવામાં આવેલ ભાડાના દરો એવા તો નથી જ કે વ્યવસ્થા ખોટમાં ચાલતી હોય. આમ છતાં આ ભવનની

*સ્વયંમાં પરમાત્માનું દર્શન ધ્યાન છે, બીજામાં દર્શન પ્રેમ છે અને બધામાં પરમાત્માનું દર્શન જ્ઞાન છે.*

નિભાવણી તરફ જોઈએ તેવું ધ્યાન અપાતું નથી તેવો મારો અનુભવ છે. સામાન્યતઃ સેવા સંસ્થાઓની ઊણપો તરફ કોઈ ફરિયાદ કરવાનું ટાળે તે સ્વાભાવિક છે પરંતુ તેના પરિણામે મેનેજમેન્ટ માટે સાચી મુશ્કેલીઓની વાત પહોંચતી હોતી નથી અને તેથી ઉપાયો થતા નથી. આથી મને લાગ્યું કે આ બાબતો આપની સંસ્થાના મેનેજમેન્ટ સુધી પહોંચાડવી. જેથી તેના ઉપાયો થઈ શકે. આ અંગે અલગથી વિગતવાર મુદ્દાઓ મોકલું છું. તે ફરિયાદ સ્વરૂપે નથી પરંતુ યાદી સ્વરૂપે ગણવા વિનંતી છે.

૬. કોઈપણ સંસ્થાની સફળતાના પાંચ પગથિયાં છે : પ્રથમ પગથિયું પારદર્શી વહીવટ, બીજું પગથિયું સૌને વિશ્વાસમાં લેવાની ભાવના, ત્રીજું અંગત નિઃસ્વાર્થપણું, ચોથું વહીવટમાં શક્ય કરકસર અને પાંચમું વિરોધીઓ માટે પણ કડવાશનો અભાવ છે. એ પાંચ પગથિયાં સમજપૂર્વક અને સૌની શક્તિનો યથોચિત ઉપયોગ કરવાની કળા સાથે જે સંસ્થા અપનાવે તેની સફળતામાં કોઈ શંકા રહેતી નથી.

***શશિકાંત ઠક્કર - માધાપર (તા. ભુજ), કચ્છ***

• • • • •

## શાહીબાગ મધ્યે ચાલતા
## "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" અંગેના સૂચનો

૧. ભવનના બાંધકામ સમયે એક મહત્ત્વની ભૂલ થઈ છે. કેટલાક રૂમોના ટોઈલેટમાં વેન્ટના બદલે મોટી બારી રાખવામાં આવી છે. આ બારીઓની સ્ટોપરો એલ્યુમિનિયમની હલકી કક્ષાની હોવાથી બરાબર કામ કરતી નથી. લાકડાને વેધર ઈફેક્ટ પણ થાય છે. આથી ક્યારેક બારી બરાબર બંધ થતી નથી અને ઓચિંતી ઉઘડી પણ જાય છે. સામે રહેણાંકના ફ્લેટો છે. કોઈ ટોઈલેટમાં બેઠું હોય અને બારી ઉઘડી જાય તો સામેના ફ્લેટોવાળાની સીધી નજર પડે તે ક્ષોભજનક સ્થિતિમાં મૂકે.

૨. બારી દરવાજાના હેન્ડલ, લોક, સ્ટોપરો વગેરેની સમયાંતરે યોગ્ય નિભાવણી થતી નથી.

૩. કેટલાયે રૂમોમાં ટી.વી. ચાલતા નથી.

૪. મોટાભાગના એ.સી. આઉટડેટ થઈ ગયા છે અને રાત્રે બે-ત્રણ કલાક ચાલ્યા પછી ઓચિંતા કુલિંગ બંધ થઈ જાય છે. આમાં ક્યાંક ચાલાકી થતી હોય તેવી મને શંકા છે.

૫. ટોઈલેટમાં પાણીનો નળ જમણા હાથ તરફ હોવો જરૂરી છે, જે ઘણા રૂમોમાં નથી.

૬. વોશ બેસીન અને અરીસાની ઉપરના ભાગે લાઈટનો બલ્બ હોવો જોઈએ. તેથી વિરુદ્ધ દિશામાં હોય તે ચાલે નહીં.

૭. ઘણા રૂમોમાં વોશબેસીન પરનો બલ્બ છત તરફ હોય છે. તેથી પ્રકાશ નીચે પડવાના બદલે છત પર પડે છે. મોટી ઉંમરના લોકોને (મારા જેવાને) દાઢી બનાવતી વખતે બરાબર દેખાતું નથી.

૮. ભવન બન્યા પછી વ્હાઈટવોશ કે રંગરોગાન થયું નથી.

૯. ઘણા રૂમોમાં નાઈટલેમ્પ ચાલતા નથી અગર હોતા નથી.

૧૦. પંખાની સ્પીડ ઓછી વધુ થતી નથી.

૧૧. લિફ્ટની યોગ્ય નિભાવણી થતી નથી.

૧૨. કેન્ટીનની વ્યવસ્થા આશીર્વાદરૂપ છે પરંતુ તેમાં ઘણા સુધારા જરૂરી છે. જો કેન્ટીનમાં જગ્યા, ફર્નિચર, વાસણો, લાઈટ, પાણી એ બધું કોન્ટ્રાક્ટરને મફતમાં મળતું હોય તો તેના પ્રમાણમાં ખોરાક - નાસ્તો અને ચા-પાણીની ગુણવત્તા સારી હોવી જોઈએ. ગોપી હોટલમાં રૂા. ૮૫/-માં જે થાળી મળે છે તેમાંથી ઉપરોક્ત સવલતોનો ખર્ચ બાદ કરતાં તેની ગુણવત્તા સાથે આપણી કેન્ટીનના ખોરાકની ગુણવત્તા કોઈ સી.એ. પાસેથી કોસ્ટિંગ કઢાવીને ચકાસવાની જરૂર છે. લોકોને જમવા અને ચા-પાણી માટે બહાર જવાની ઈચ્છા જ ન થાય તેવી કેન્ટીન હોય તેવી અપેક્ષા રાખવી ખોટી નથી.

૧૩. હાલ જે રૂમ ભાડાના દરો રાખવામાં આવ્યા છે તેમાંથી આ ભવનની રખરખાવટ ખૂબ સારી રીતે થઈ શકે તેમ હું માનું છું. સેવા સંસ્થાનો હેતુ નફો કરવાનો હોતો નથી પરંતુ ન નફો, ન નુકસાનના ધોરણે લોકોને સારી સુવિધા ઉપલબ્ધ બને તે હોય છે.

***શશિકાંત ઠક્કર - માધાપર (તા. ભુજ), કચ્છ***

• • • • •

## સંબંધનો સેતુ

'મંગલ મંદિર'ના માધ્યમથી શ્રી કચ્છી જૈન સેવા સમાજનો પરસ્પરના સંબંધનો સેતુ વધુ ને વધુ મજબૂત થતો રહે છે. આ ભગીરથ કાર્ય માટે માન.શ્રી તંત્રીશ્રી, પ્રમુખશ્રી તથા તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ. તેમજ હજુ પણ ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિના સોપાનો સર કરી ખૂબ ખૂબ યશ અને કીર્તિ પ્રાપ્ત કરે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા થતી અનેક પ્રવૃત્તિઓ જેવી કે સરસ્વતી સન્માન, યુવા મેળો, મેડિકલ સેવા વગેરેની વિશિષ્ટ જાણકારી 'મંગલ મંદિર' દ્વારા અમને સતત મળતી રહે છે. તેમાં પણ મુખ્યતંત્રી માન.શ્રી અશોકભાઈ મહેતાની કલમ તો ખરેખર અદ્‌ભુત છે. सुज्ञेषु किं बहुना.

આપના આગામી વિશેષાંકો માટે ખૂબ ખૂબ શુભકામના સાથે અસ્તુ. જય જિનેન્દ્ર.

***પ્રતિમાબહેન જી. શાહ - અમદાવાદ***

• • • • •

## અળશી ખાવામાં આળસ હોય?

'મંગલ મંદિર' જુલાઈ-૨૦૧૧ના અંકમાં લેખક શ્રી માણેક એમ.

*સફળતા માટે સક્રિયતાની સાથે સતર્ક રહેવું જરૂરી છે.*

સંઘોઈનો લેખ 'અળશી ખાવામાં આળસ હોય?' વાંચ્યો. તે સરસ સમજૂતી તથા તેના ઉપયોગ વિશે જે લેખકશ્રીએ લખ્યું છે તેથી મારા જેવા સામાન્ય માણસને તેની સમજ - વાપરવાની ખબર પડી શકે છે. તેના ઉપયોગ અને ગુણો પણ લેખકશ્રીએ જે રીતે લખ્યા છે તે માટે તેઓશ્રીને મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું. મંગલ મંદિરનો અષાઢી બીજના અંકમાં કવર પેજમાં જે ઊંટ સાથેનો ફોટો છે, તે રાજસ્થાન પોલીસ ટુકડીનો છે. અમો રાજસ્થાન ઇ.સ. ૨૦૦૪માં જાન્યુ. ૨૮ના ૮ દિવસ માટે ટૂરમાં ગયા હતા. ત્યારે અમોએ જોધપુરના કિલ્લા પાસે આ પોલીસ ટુકડીની ઊંટોની સવારીને જોયેલ છે.

*મણિલાલ કે. છેડા - ડોંબીવલી (ઈસ્ટ), જિ. થાણા*

• • • • •

**કચ્છડો બારેમાસ**

આકસ્મિક રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' જોવા મળ્યું. તેમાં રસ પડ્યો એટલે છેલ્લા ચારેક અંકો મેળવીને વાંચ્યા. પ્રભાવિત થવાયું. તેમાં ગેટ-અપ અને સામગ્રીથી, વિજ્ઞાપનો અને માહિતી - જાણકારી સમાચારોથી બધા અંકો દળદાર અને સમૃદ્ધ બન્યા છે. ૪૦૦મા અંકની મજલે તમે પહોંચ્યા છો અને ૩૬ વર્ષોની તમારી એકનિષ્ઠ સાધના - આરાધના છે. તમે અંકોમાં કચ્છની સુરેખ અને સુવાંગ છબી ઉપસાવી છે. ઘેર બેઠા વાચકને કચ્છનું સુપેરે દર્શન કરાવો છો અને કચ્છની લોકસંસ્કૃતિ અને ભોમકાનું સર્વાંગ પ્રતિબિંબ ઝીલો છો. મારા અંતરના અભિનંદન અને શુભેચ્છા સ્વીકારશો. આપને મળતા પ્રતિભાવો અને પ્રતિસાદોમાં પ્રસન્નતાનો સૂર પુરાવતાં આનંદ અનુભવું છું. તમે 'કચ્છડો બારેમાસ' ઉક્તિને મુખપત્ર દ્વારા સાર્થક કરો છો.

*રાજેન્દ્ર ઉપાધ્યાય, M.A., B.Ed.,*
*નિવૃત્ત આચાર્ય - અમદાવાદ*

• • • • •

જયજિનેન્દ્ર સાથે 'કચ્છની ગઈકાલ, આજ અને આવતીકાલ' અંગેનો માહિતીસભર દળદાર ૪૦૦મો અંક મળ્યો. આનંદ. આભાર.

અંકમાં નામાંકિત લેખકોના લેખથી અને અંકના માનદ્ સલાહકાર શ્રી હંસરાજ કંસારાના માર્ગદર્શનથી તૈયાર થયેલ અંક સૌને ગમી જાય તેવો છે. ફરી ફરીને અભિનંદન.

*માણેકલાલ પી. શાહ*
*મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ - ભુજ*

## ભૂલ સુધાર

(૧) 'મંગલ મંદિર'ના માસ ઓગસ્ટ-૨૦૧૧ વિશેષાંકમાં પાના નંબર-૩૯, ફકરા-૩ માં.... "આ સમયે તે સમયના મુખ્યમંત્રી"ના સ્થાને "એક સમયના મુખ્યમંત્રી" વાંચવા વિનંતી.

(૨) 'મંગલ મંદિર'ના માસ ઓગસ્ટ-૨૦૧૧ વિશેષાંકમાં પાના નંબર-૨૩૦ પર ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગના અહેવાલમાં કો-ઓપ્ટ ટ્રસ્ટીના પ્રથમ ક્રમાંકમાં શ્રી અશ્વિન હીરજી સાવલાનું નામ વાંચવા વિનંતી. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદનો માસિક અહેવાલ

● **શનિવાર, તા. ૩૦-૭-૨૦૧૧**

☆ આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા અમદાવાદ ખાતે ગોઠવવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રીમતી વિજ્યાબહેન શેઠ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ સભામાં વર્ષ ૨૦૧૦-૧૧ના ઓડિટેડ હિસાબોને મંજૂર કરવામાં આવેલ હતા. વર્ષ ૨૦૧૧-૧૨ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવામાં આવેલ હતી. નવા હોદ્દેદારોને નક્કી કરવાના મુદ્દે એજ હોદ્દેદારોની ફરી નિમણૂક કરવામાં આવેલ હતી. જે અનુસાર ચેરમેન તરીકે શ્રી અશોક મહેતા, ઉપાધ્યક્ષ તરીકે શ્રી શશીકાંત ઠક્કર, સેક્રેટરી તરીકે શ્રી પ્રતાપ દંડ તથા કોષાધ્યક્ષ તરીકે શ્રી કે.ડી. શાહની વરણી કરવામાં આવેલ હતી. શ્રી કૈલાસદાન ગઢવીને કાઉન્સિલના મેમ્બર તરીકે સર્વાનુમતે સ્વીકારવામાં આવેલ હતા. આ મિટિંગમાં ઇતિહાસ આલેખન અંગે થયેલ પ્રગતિની માહિતી આપવામાં આવેલ હતી.

● **શુક્રવાર, તા. ૧૨-૮-૨૦૧૧**

☆ ઇતિહાસ આલેખન અંગેના પ્રથમ પ્રૂફ ચેક કરી ખંડ-૧ ના ૧૭ પ્રકરણ તથા ખંડ-૨ના ૧૮ પ્રકરણ (પ્રથમ સ્વરૂપે) શ્રી મનુભાઈ શાહ, શારદા મુદ્રણાલય પર મોકલી આપવામાં આવેલ હતા. પ્રૂફ રીડિંગ માટે ફરી એ પ્રકરણો પરત આવે ત્યારે આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ પત્રની વિગત ડૉ. કાંતિભાઈ ગોર - ભુજ, શ્રી નરેશભાઈ અંતાણી - ભુજ તથા શ્રી હંસરાજભાઈ કંસારા - અમદાવાદને મોકલી આપવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૨૦-૮-૨૦૧૧**

☆ શ્રી મનુભાઈ શાહ, શારદા મુદ્રણાલયમાં અગાઉ મોકલેલ વિગતોમાં જે જે સ્થળે અધૂરાશ રહેવા પામેલ તે વિગતોને એકત્રિત કરી પ્રથમ શ્રી હંસરાજભાઈ કંસારા સાથે ચર્ચા કરવામાં આવેલ અને ત્યારબાદ આ વિગતો પણ શ્રી મનુભાઈ શાહને શારદા મુદ્રણાલય પર મોકલી આપવામાં આવેલ હતી.

## મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના વર્ષ ૨૦૧૧નાં નર્મદા પારિતોષિક જાહેર

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ ગત વર્ષથી કવિ નર્મદના જન્મદિન ૨૪ ઓગસ્ટને વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો અને તેને વિશ્વભરમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આ વર્ષે પણ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ, ચાલુ માસના અંતે મુંબઇ મધ્યે ઉજવવામાં આવશે.

૨૦૧૧ વર્ષના નર્મદા પારિતોષિક માટે ગુજરાતી ભાષાના સાહિત્યકાર રમેશ શુક્લ અને મરાઠી ભાષાના કવિ મંગેશ પાડગાંવકરનું નામ જાહેર કરવામાં આવ્યું છે. શાલ, શ્રીફળ અને રૂા. ૫૦ હજારનો ચેક આ પારિતોષિકનું સ્વરૂપ હોય છે. એમ અકાદમીના કાર્યાધ્યક્ષની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## પ્રતિમાનું અનાવરણ

ગીતાબહેન રાંભિયાના ૧૮મા શહીદ દિન નિમિત્તે તેમની પ્રતિમાની અનાવરણ વિધિ અને તેમને શ્રદ્ધાંજલિ અર્પવાનાં એક કાર્યક્રમનું આયોજન તા. ૨૭-૮-૨૦૧૧ના રોજ તેમના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટના સંચાલક શ્રી બચુભાઈ પી. રાંભિયા અને તેમના સહયોગીઓએ છેલ્લા એક માસમાં અમદાવાદ તેમજ શામળાજી પોલીસ હદ વિસ્તારમાંથી લગભગ ૫૦૦ અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને લઈ જતાં બચાવીને અભયદાન આપવાની કામગીરી કરી હતી. તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું છે.

## રેસિપી — જૈન વાનગી માટે

(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)

### ચોકલેટ વૉલનટ પુડિંગ

***સામગ્રી :*** ૨૫૦ ગ્રામ દૂધ, ૨ ટે.સ્પૂન કોકો પાવડર (અથવા ૨ ટે.સ્પૂન મેલ્ટેડ ડાર્ક ચોકલેટ), ૩ ટે.સ્પૂન ખાંડ, ૧ ટે.સ્પૂન કસ્ટર્ડ પાવડર, ૫-૬ નંગ ચોકલેટ બિસ્કીટના ટુકડા (હાથેથી ટુકડા કરવા), ૨ ટે.સ્પૂન અખરોટના ટુકડા, ૨ ટે.સ્પૂન ડ્રિન્કિંગ ચોકલેટ પાવડર, ૧ ટી.સ્પૂન ચોકલેટ વર્મિસેલી, ૨ સ્કૂપ વેનીલા આઈસ્ક્રીમ.

***રીત :*** એક બાઉલમાં ૧/૨ કપ દૂધ લઈ તેમાં કોકો પાવડર, કસ્ટર્ડ પાવડર, ડ્રિન્કિંગ ચોકલેટ, ખાંડનો ભૂકો ઉમેરી ગઠ્ઠા ન પડે તે રીતે મિક્ષ કરી મિશ્રણ તૈયાર કરવું.

એક પૅનમાં દૂધ લઈ ગરમ કરવું. દૂધ ઉકળે એટલે તેમાં ઉપર મુજબ તૈયાર કરેલ મિશ્રણ ઉમેરી સતત હલાવતા રહેવું. મિશ્રણ ઘટ્ટ થાય ત્યાં સુધી સતત હલાવતા રહેવું.

હવે ગેસ પરથી ઉતારી તેમાં બિસ્કીટના ટુકડા અને અખરોટના ટુકડા ઉમેરી મિક્ષ કરો. હવે પુડિંગ ઠંડું પડે એટલે ફ્રિજમાં લગભગ ૨-૩ કલાક સેટ કરવું. સેટ થયા પછી સર્વિંગ બાઉલમાં કાઢી વેનીલા આઈસ્ક્રીમનો સ્કૂપ મૂકી ચોકલેટ વર્મિસેલીથી સજાવીને પીરસી શકાય.

*એ/૩, નિર્માણ ફ્લેટ, પ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૨૭૯૧૦૭૧૩, મો. ૯૯૯૮૯ ૫૭૫૨૦*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ જુલાઈ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. ભુજ શહેર. (પાના : ૧૯)

૨. એટલા માટે કે તેમને સફળતા કરતાં નિષ્ફળતા અને ભૂલોનો અનુભવ વધારે હોય છે. (પાના : ૭૬)

૩. અળશી. રોટલીના લોટમાં, ખીચડીમાં, ઢોકળા, મુઠિયા, હાંડવો તેમજ શેકીને મુખવાસમાં. (પાના : ૫૬)

૪. કચ્છ સૂકો છતાં હેત અને ખંતથી લીલોછમ થયો છે. (પાના : ૧૭)

૫. બૈજુ બાવરા. મન તડપત હરિ દર્શન કો આજ. મહંમદ રફી સાહેબે. (પાના : ૪૬)

૬. ભાવનગર જિલ્લાના રાણપરડા ગામ. દેહદાનનો સંકલ્પ. વલ્લભ સવાણી તથા માવજી સવાણી નામના બે ભાઈઓના પ્રયત્નથી. (પાના : ૨૫)

૭. ગોરજી માણેકજી મેરજી. મોટી પોશાળ જાગીર. હેમચંદ્રાચાર્ય સાથે.

*જુલાઈ-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી.*

| | | |
|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૨. | યોગિની ચેતન શાહ | - અમદાવાદ |
| ૩. | જયોત્સના અરવિંદ શાહ | - અમદાવાદ |
| ૪. | વર્ષાબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૫. | જયોતિબહેન એલ. શાહ | - અમદાવાદ |
| ૬. | રમણિકભાઈ કુંવરજી ગોસર | - અમદાવાદ |
| ૭. | મધુરીબહેન આર. ગોસર | - અમદાવાદ |
| ૮. | દક્ષાબહેન ધનસુખભાઈ શાહ | - અમદાવાદ |
| ૯. | મીનાક્ષીબહેન એ. માંકડ | - અમદાવાદ |
| ૧૦. | અલકા એ. સંઘવી | - અમદાવાદ |
| ૧૧. | શોભનાબહેન સી. દંડ | - અંકલેશ્વર |
| ૧૨. | કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૧૩. | કલ્યાણજી મોણશી સંઘવી | - મુંબઈ |
| ૧૪. | લીલાધર ઉમરશી સાવલા | - ભુજ |
| ૧૫. | અમી નીતિનકુમાર શાહ | - અમદાવાદ |
| ૧૬. | ઝરણા એમ. પારેખ | - અમદાવાદ |
| ૧૭. | મીનાક્ષી રજનીભાઈ પારેખ | - અમદાવાદ |
| ૧૮. | નયના એ. ગાલા | - અમદાવાદ |

*જૂન-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનાર, પાછળથી આવેલ વાચકમિત્રોના નામ નીચે મુજબ છે.*

| | | |
|---|---|---|
| ૧. | કલ્યાણજી મોણશી સંઘવી | - દાદર, મુંબઈ |
| ૨. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ |
| ૩. | જિતેન્દ્ર ઠાકરશી શાહ | - ભુજ |
| ૪. | અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |

★ **માસ ઓગસ્ટ-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. મધ્યસ્થ સરકારે કોને ભારતના પ્રથમ એલચી બનાવ્યા? કયા દેશના?

૨. કચ્છનું પ્રથમ મહિલા સંમેલન કોના પ્રમુખપદે યોજાયું? તેનું ઉદ્‌ઘાટન કોણે કર્યું? કયા સ્થળે સંમેલન ભરાયું હતું?

૩. કચ્છના સાંસ્કૃતિક જગતમાં યાદ રહે તેવા રાજવી કોણ હતા? મોગલ શહેનશાહે તેમને શાનો ખિતાબ આપ્યો હતો? તેમણે શરૂ કરાવેલા ઘણા ઉદ્યોગોમાંથી કોઈ પણ ત્રણના નામ આપો.

૪. સીમા સુરક્ષા માટે અસરકારક વ્યવસ્થા કયા વડાપ્રધાને ક્યારે કરી? વ્યવસ્થાનું નામ અને સમય?

૫. કોઈની શેહશરમ રાખ્યા વિના કચ્છ રાજની બદીઓને ઉઘાડે છોગે આલેખનાર પત્રકાર કોણ હતા? કચ્છનું સૌથી જૂનું અખબાર કયું?

૬. કોના બલિદાનને કારણે કચ્છમાં જાડેજા રાજવંશ શરૂ થઈ શક્યો? શું બલિદાન આપ્યું હતું?

૭. ભરતકામના ગૃહઉદ્યોગના વિકાસ માટે એક સંસ્થા શું પગલા લઈ રહી છે? સંસ્થાનું નામ અને કામ જણાવો. ગૃહ ઉદ્યોગનું વર્ષો સુધી ભવિષ્ય ઉજ્જવળ રહે તે માટે કારીગરે શું ધ્યાન રાખવું જોઈએ?

***જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૯-૨૦૧૧ છે. જવાબો મોડા (એટલે નવો અંક બહાર પડે એ પહેલા) મળશે તો એ પછીના અંકમાં એમના નામ પ્રસિદ્ધ થશે. જવાબો મોકલતી વખતે આપના ફોન નંબર અવશ્ય મોકલશો. ધન્યવાદ.***

***જવાબો મોકલવાનું સરનામું :*** શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

---

## આસામી સાહિત્યકાર ડૉ. ઇંદિરા ગોસ્વામી

**(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)**

છે. તોફાન ભરીને વહેતી નદીના પ્રવાહમાં તરીને પણ તે સાહિત્ય સભામાં પહોંચે છે. એમના માટે સાહિત્યસભા એક મહાન સાહિત્ય સંસ્થા છે. આસામી લોકોની પોતાની સંસ્થા છે.

મેં આસામની વર્તમાન પરિસ્થિતિ પર ઘણી વાર્તાઓ લખી છે. છેલ્લા થોડા વરસોથી ઉગ્રવાદીઓનાં આંદોલનના કારણે આસામની ભૂમિ ખૂનથી લાલ થઇ ગઇ છે. આવા વખતે કોઇ પણ સંવેદનશીલ અને જાગૃત લેખક મૌન રહી શકે નહીં. આસામના ઉગ્રવાદીઓ સાથે બેસીને તેમનું મન સમજીને તેના પર લખવાની મારી ઇચ્છા છે.

મારું એક સ્વપ્ન છે. આસામના ગામડે ગામડે શાંતિનું વાતાવરણ નિર્માણ થાય. અહીંયાં ભગવાન શિવ અનંતકાળથી પ્રેમથી નૃત્ય કરી રહ્યા છે. હરિયાળા ડુંગરો અને બ્રહ્મપુત્રા નદીની લાલ માટીના પ્રદેશમાં વાંસળીનાં મધુર સ્વરો અને નૃત્યની લય બંદૂકોનાં અવાજમાં ખોવાઇ ગઇ છે. ફરી એ શાંત ભરી ધ્વનિનું ગુંજન મારા કાનોમાં સંભળાશે એવો મારો અતૂટ વિશ્વાસ છે. ■

*કોઈ કોઈવાર નિષ્ફળતા મળે એ સારું છે, કારણકે સફળતા કરતાં નિષ્ફળતામાંથી વધારે શીખવાનું મળે છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**ઓગસ્ટ – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.**

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- અનિલ શાંતિલાલ વોરા — ભુજ, કચ્છ
- અલ્પેશ અશોકકુમાર મહેતા — ગાંધીધામ, કચ્છ

### ૩ વર્ષનું લવાજમ

- મણિલાલ ડી. મલ્લ — વલસાડ
- મેઘજી હંસરાજ ગાલા — અંધેરી (વેસ્ટ), મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- દામજી ઉમરશી સાવલા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

### ૮ વર્ષનું લવાજમ

- દામજી માણેક ગડા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

### આજીવન લવાજમ

- વિરલ મનુભાઈ છેડા — ઉધના, સુરત

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- નરેન્દ્ર ચાંપશી શાહ — દાદર (ઈસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ રામજી સાવલા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- લક્ષ્મીચંદ કુંવરજી દેઢિયા — ગાંધીધામ, કચ્છ
- મનીષ અમૃતલાલ મહેતા — સુરત
- વિનોદ દિનેશ પટેલ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- કીર્તિભાઈ દિનેશ પટેલ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- દિલીપ દિનેશ પટેલ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- દિનેશ દયારામ પટેલ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- કિશોર લાલજી નાગડા — હુબલી (મહારાષ્ટ્ર)
- લીલાબહેન બી. અજાણી — બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
- વિનોદ કાનજી મોરબિયા — મુંદ્રા, કચ્છ
- પાર્શ્વ પ્લાય પેલેસ — અંજાર, કચ્છ
- દિનેશ આર. નાગડા — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- પ્રમોદ એચ. વોરા — દાદર (વેસ્ટ), મુંબઈ
- લીલાધર મહેતા — સાયન (વેસ્ટ), મુંબઈ

### ૩ વર્ષનું લવાજમ

- જયંત ચંદુલાલ નાગડા — ખીરકિયા (મધ્ય પ્રદેશ)
- નીલેશ લાલજી દેઢિયા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- જયેશ વસંતલાલ સતરા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- મહેન્દ્ર એમ. શાહ — ચેન્નાઈ
- રીમા ટ્રેડર્સ — એલિસબ્રિજ, અમદાવાદ

### આજીવન

- કેતન મહેન્દ્ર ચાલીસહજાર — પાલડી, અમદાવાદ
- હરખચંદ કેશવજી છેડા — વલસાડ
- વીરચંદ કુંવરજી કોરાણી — દાદર (વેસ્ટ), મુંબઈ
- ધર્મેશ સુરેન્દ્ર વીરા — મહેસાણા
- નગીનદાસ મણિલાલ દોશી — એલિસબ્રિજ, અમદાવાદ
- પંકજ તલકશી ગાલા — ડોબીવલી (ઈસ્ટ), મુંબઈ

## કોઈક હિતેચ્છુએ મંગલ મંદિર પર મોકલેલ 'SMS'

| | | |
|---|---|---|
| ફિલ્મ | : | લૂટ લો ઈન્ડિયા |
| હીરો | : | મનમોહનસિંઘ |
| હીરોઈન | : | સોનિયા ગાંધી |
| વિલન | : | રામદેવ બાબા, અન્ના હજારે |
| સપોર્ટિંગ એક્ટર | : | સુરેશ કલમાડી, એ રાજા |
| સ્ક્રીપ્ટ | : | કરુણાનિધિ |
| મિત્ર આર્ટિસ્ટ | : | રાહુલ ગાંધી |
| કોમેડી | : | કપીલ સિબ્બલ |
| કેરેક્ટરલેસ એક્ટર | : | એન.ડી. તિવારી, શરદ પવાર તથા અજીત પવાર |
| ડાન્સર | : | શીલા દીક્ષિત |
| સ્પેશિયલ લુંઘી ડાન્સ | : | ચિદમ્બરમ્ |
| ગેસ્ટ આર્ટિસ્ટ | : | અજમલ કસાબ તથા અફઝલ ગુરુ |
| બેન્કિંગ પાર્ટનર | : | મધુ કોડા, હસન અલી તથા બલવા |
| ફાઈનાન્સ્ડ બાય | : | ભારત દેશનો સામાન્ય નાગરિક. |

***સૂચના*** : ભારત દેશ જાગી ઉઠે ત્યાં સુધી આ સમાચાર તમારા દરેક ઓળખીતાને મોકલતા રહો.

***નોંધ*** : મંગલ મંદિર પર આવેલ ઉપરોક્ત SMSની નીચે સૂચના તથા એ હિતેચ્છુની ઈચ્છા અનુસાર આ SMS અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે.

*– મંગલ મંદિર*

## 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે ગ્રાહકોના લવાજમ ઓગસ્ટ-૨૦૧૧ પૂરાં થઈ ગયેલ છે અને સપ્ટેમ્બર-૨૦૧૧માં પૂરા થવાના છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

નીચે મુજબના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે.

### ઓગસ્ટ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | પ્રદીપ પાલીવાલ | ઉદયપુર (રાજસ્થાન) |
| ૨. | સમીર શશીકાંત શાહ | રાજકોટ |
| ૩. | શૈલેષ વી. બકાણિયા | ભાવનગર |
| ૪. | હરીશ પ્રવીણભાઈ ધરમશી | પાલિતાણા |
| ૫. | જયેન્દ્ર સી. સંઘવી | ભુજ (કચ્છ) |
| ૬. | વાસંતીબહેન ગૌતમ શાહ | વાસણા, અમદાવાદ |
| ૭. | નીલેશ રતિલાલ છેડા | મણિનગર, અમદાવાદ |
| ૮. | વસંતલાલ ડી. ઝોતા | માટુંગા (સે.રે.), મુંબઈ |
| ૯. | અનિલ એલ. શાહ | ચુનાભઠ્ઠી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૦. | જયચંદ માણેકજી લોડાયા | ગદગ (કર્ણાટક) |
| ૧૧. | ભૂપેન્દ્ર યુ. શાહ | ધમતરી (છત્તીસગઢ) |
| ૧૨. | કમલ એ. શાહ | કલકત્તા |

### સપ્ટેમ્બર-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ધીરેન લક્ષ્મીકાંત શાહ | ભુજ, કચ્છ |
| ૨. | જવાહરલાલ એમ. સંઘવી | ભુજ, કચ્છ |
| ૩. | છગનલાલ રાયચંદ પારેખ | ભુજ, કચ્છ |
| ૪. | કુલીનકાંત એન. મોમાયા | ભુજોડી, માધાપર, કચ્છ |
| ૫. | ચેતન જયસુખલાલ મહેતા | રાપર, કચ્છ |
| ૬. | મહેન્દ્રસિંહ નથુભા જાડેજા | ગાંધીધામ, કચ્છ |
| ૭. | શરદ એમ. ઝાલા | આદિપુર, કચ્છ |
| ૮. | હસમુખ હરજીવન વોરા | સેટેલાઈટ, અમદાવાદ |
| ૯. | હસમુખ વિનોદ મકવાણા | સેટેલાઈટ, અમદાવાદ |
| ૧૦. | ક્વોલિટી પલ્પ એન્ડ પેપર મિલ્સ | વાપી (ગુજરાત) |
| ૧૧. | ચંદ્રકાંત એલ. ગાલા | દાદર, મુંબઈ |
| ૧૨. | દામજી ઘેલાભાઈ ગાલા | દાદર (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | વિજય હીરજી મામણિયા | વિરેપારલે (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | મુકેશ લાલજી વોરા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | અજયભાઈ બી. છેડા | દહાણું રોડ (વેસ્ટ), થાણા |
| ૧૬. | અજિતભાઈ યુ. ગાલા | દહાણું રોડ, થાણા |
| ૧૭. | મહેશભાઈ કે. શાહ | દહાણું રોડ (વેસ્ટ), થાણા |
| ૧૮. | મણિભાઈ આર. પટેલ | દહાણું રોડ, થાણા |
| ૧૯. | રમેશ એમ. શાહ | દહાણું રોડ, થાણા |
| ૨૦. | પીયૂષ ચીમનલાલ મોમાયા | યવતમાલ (મહારાષ્ટ્ર) |
| ૨૧. | તીર્થસ્વરુપ પુણ્યધામ ચે.ટ્રસ્ટ | હૈદ્રાબાદ |
| ૨૨. | કાંતિલાલ ખીમજી સંગોઈ | ચેન્નાઈ |

## ઇશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો

એકવાર મંગોલ સમ્રાટ ચંગીઝખાન સૈનિકો સાથે શિકારે નીકળ્યો. સવારથી બપોર સુધી રખડ્યા પણ કોઈ શિકાર ન મળ્યો. બધા થાકી ગયેલા સૈનિકોને આરામ કરવાનું કહી ચંગીઝખાન એકલો આગળ વધ્યો. તેની સાથે ફક્ત તેનો વહાલો બળવાન બાજ હતો. ચંગીઝખાન ખૂબ દૂર દૂર નીકળી ગયો. ક્યાંય શિકાર હાથ લાગ્યો નહીં. માથું ફાડી નાખે એવા મંગોલિયાના ઉનાળાના તાપમાં રખડી રખડીને ચંગીઝખાનને સખત તરસ લાગી હતી. પણ ક્યાંય પાણીનું નામ નિશાન નહોતું. નદીઓ, તળાવ, નાળાં બધું સૂકાઈ ગયું હતું. આશ્ચર્ય વચ્ચે ચંગીઝખાને જોયું કે પર્વતની એક ધારેથી ટીપું ટીપું પાણી ટપકતું હતું. ચંગીઝખાન ઊભો રહી ગયો. બાજ આજુબાજુ ચક્કર લગાવા માંડ્યો. ચંગીઝખાન પાસે ચાંદીનું પવાલું હતું. તેણે પર્વતની ધાર નીચે પવાલું ધરી રાખ્યું. પવાલું ભરાયું કે તરત પવાલું મોઢે માંડી તે પાણી પીવા ગયો ત્યાં તો બાજે ઝપટ મારી તેના હાથમાંથી પવાલું નીચે પાડી દીધું. બીજા કોઈએ આવી હરકત કરી હોત તો એ જ પળે ચંગીઝખાને તેની વલે કરી હોત, પણ આ તો પોતાનો માનીતો વહાલો બાજ હતો.

પવાલું સાફ કરી ચંગીઝખાને ફરી પવાલું ધર્યું. ટીપાં થોડા ધીમા થયા હતા. પોણો પ્યાલો ભરાયો ને ચંગીઝખાન પવાલું મોઢે માંડવા ગયો ત્યાં ઝપટ મારી બાજે ફરી પવાલું પાડી નાખ્યું. ચંગીઝખાને બીજો ગુનો પણ માફ કર્યો. પાણીના ટીપાં હવે અત્યંત ધીમે પડતા હતાં. પવાલું અડધું ભરાયું અને બાજે ફરી તરાપ મારી પવાલું ઢોળી નાખ્યું. આ વખતે ચંગીઝખાને તરત જ બાજના પેટમાં તલવાર ઉતારી દીધી. ચંગીઝખાન જ્યારે ફરી પવાલું ભરવા ગયો, ત્યારે પાણી ટપકતું બંધ થઈ ગયું હતું.

આખીય ઘટનાનું રહસ્ય પામવા ચંગીઝખાન પર્વતની ધારે ચડ્યો. એણે જોયું કે એક ખાબોચિયામાં અત્યંત ઝેરી સાપ મરેલો પડ્યો હતો. મરેલા સાપના શરીરથી ઝેરી બનેલું પાણી ઊભરાઈને ટપકતું હતું. મરેલા લોહીલુહાણ બાજને લઈ ચંગીઝખાન સૈનિકો પાસે ગયા. બધી વાત કરી. મરેલા બાજની સોનાની મૂર્તિ બનાવવા હુકમ કરી એમણે કહ્યું. તેની એક પાંખ પર લખજો :

*"સાચા મિત્ર પર વિશ્વાસ રાખજો."*

અને બીજી પાંખ પર લખજો :

*"ઉતાવળે ગુસ્સામાં કરેલું કામ નાશ નોતરે છે."*

આપણે ત્યાં શ્રી સાંઈબાબાના ઉપદેશના બે સૂત્રાત્મક શબ્દો એમની આસપાસ લખ્યા છે.

શ્રદ્ધા અને સબૂરી. ઈશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો.

***સાભાર : "પરિત્રાણ"***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# સાર સમાચાર

★ 'સોશિયલ વોચ'ના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૦૮માં સુપ્રીમ કોર્ટમાં ૨૪૯૬૬ જાહેર હિતની અરજીઓ થઇ હતી. તેમાંથી માત્ર ૨૨૬ અરજીઓની જ સુનાવણી થઇ.

★ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી હરિભાઇ પટેલે વડોદરા ખાતેની કંપનીના સંકુલમાં એંસી હજાર જેટલા વડના ઝાડ ઉગાડ્યા છે. આ ઉપરાંત હરિભાઇએ સિક્કા ખાતે આવેલી એક અન્ય કંપનીના કેમ્પસમાં પણ પચાસ હજાર જેટલા વડના ઝાડ ઉગાડ્યા છે.

★ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, દિલ્હીના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અરુણકુમારના જણાવ્યા મુજબ હિન્દુસ્તાનને આઝાદી મળ્યા પછી અત્યાર સુધીમાં ૭૩ હજાર અબજ રૂપિયાના ભ્રષ્ટાચાર થયા છે.

★ ઉત્તરપ્રદેશના બહુજન સમાજના અગિયાર ધારાસેવકો બળાત્કારના ગુનામાં સંડોવાયેલા જણાયા છે. તેમાંથી પાંચ ધારાસેવકો ઉપરના બળાત્કારના આરોપ સાબિત થઇ જતાં તેઓ અત્યારે જેલમાં છે.

★ બંગાળના મુખ્ય સેવક મમતાજીએ બંગાળના દસ હજાર મદ્રેસાઓને સરકારી માન્યતા પ્રદાન કરી છે. એટલે હવેથી એ બધાને સરકારી ગ્રાન્ટ મળશે.

★ ગુજરાત પોલીસે ૭૬ આતંકવાદીઓને પકડીને કેન્દ્ર સરકારને સોંપેલ છે. આ વાતને ચાર વર્ષ થયા. હજુ એમાંના એકને પણ સજા કરવામાં આવેલ નથી.

★ નર્મદા યોજનામાં બનેલી નહેરોમાં ૩૮૦ ગાબડાં પડ્યાં છે. આ ગાબડાં ઉંદરોને લીધે પડ્યા એમ જાહેર કરવામાં આવેલ છે. જોકે હજુ સુધી ઉંદરોની ઓળખ થઇ શકી નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ અને ચેક-અપ સેન્ટર દ્વારા સ્વાસ્થ્ય અંગેની અંગત માહિતી દર્શાવતી એક પોકેટબુક હંમેશાં સાથે રાખી શકાય તેવા હેતુથી તૈયાર કરવામાં આવી છે. કોઈપણ સમયે શારીરિક સારવાર અથવા તો ઈમર્જન્સીના સમયે તેમાં જણાવેલ વિગત ખૂબજ ઉપયોગી બનશે. વ્યક્તિનું નામ, સરનામું, ફોન નંબર, બ્લડ ગ્રૂપ, ફેમિલી ડૉક્ટર, તાત્કાલિક સંપર્ક થઈ શકે તેવી વ્યક્તિનું નામ, ફોન નંબર, મેડિક્લેઈમ અને ક્લિનિકલ દરેક વિભાગોમાં થતાં પરીક્ષણ અને તેનાં પરિણામ સંબંધી બધી જ વિગત અને માહિતી ઉપરોક્ત જણાવેલ ૧૬ પાનાની પોકેટ બુકમાં નોંધી રાખવાથી દરેક વ્યક્તિને પોતાની શારીરિક સારવાર તેમજ અન્ય હેતુસર ખૂબજ ઉપયોગી થશે.

સમાજના કોઈ સભ્ય અત્રે જણાવેલ પોકેટબુક મેળવવા ઈચ્છતા હોય તો મેડિકલ સેન્ટરનાં કાઉન્ટર પરથી પ્રાપ્ત કરી શકે છે.

*કન્વીનર, મેડિકલ અને ચેક-અપ સેન્ટર*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*

## NAVNEET નવનીત મેડિકલ સેન્ટર *તથા*

## શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

*શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - ઍલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૭૪૬૮*

## મેડિકલ સેન્ટરમાં સારવાર આપવા માટે આવતા ડૉક્ટર્સનું લિસ્ટ

| ઓ.પી.ડી. | રૂમ નં. | સમય | દિવસ | ડૉક્ટર |
|---|---|---|---|---|
| (૧) મેડિસિન | ૩૧૭ | ૦૯.૦૦-૧૨.૦૦ | સોમથી શનિ | ડૉ. નીતુબહેન પરીખ M.D. |
| | ૩૧૭ | ૧૬.૦૦-૧૮.૩૦ | સોમથી શનિ | ડૉ. નીતુબહેન પરીખ M.D. |
| | ૩૧૯ | ૧૭.૦૦-૧૯.૦૦ | સોમથી શનિ | ડૉ. ખુશાલીબહેન પટેલ M.D. |
| | ૩૧૫ | ૦૯.૦૦-૧૦.૩૦ | સોમ–બુધ–શુક્ર | ડૉ. દેવાંગ શાહ M.D. |
| | ૩૧૧ | ૧૦.૦૦-૧૩.૦૦ | સોમથી શનિ | ડૉ. નીતિન ગોસ્વામી M.D. |
| (૨) આંખનો વિભાગ | ૩૦૩ | ૦૯.૦૦-૧૨.૦૦ | સોમથી શનિ | ડૉ. દેવલ શાહ M.S. (Ophts.) |
| | ૩૦૩ | ૧૭.૦૦-૧૯.૦૦ | સોમથી શનિ | ડૉ. લીના કોઠારી M.S. (Ophts.) |
| (૩) જનરલ સર્જન | ૩૦૪ | ૧૧.૦૦-૧૨.૩૦ | સોમથી શનિ | ડૉ. અપૂર્વ પટેલ M.S. (Gen. Sur.) |
| (૪) બાળરોગ વિભાગ | ૩૦૫ | ૦૯.૦૦-૧૦.૩૦ | સોમ – ગુરુ | ડૉ. નીતિન શાહ M.D. (Ped.) |
| | ૩૦૫ | ૦૯.૦૦-૧૦.૩૦ | મંગળ – શનિ | ડૉ. પરેશ શાહ M.D. (Ped.) |
| | ૩૦૫ | ૦૯.૦૦-૧૦.૩૦ | બુધ – શુક્ર | ડૉ. આતિશ શાહ M.D. (Ped.) |
| | ૩૦૪ | ૧૬.૩૦-૧૮.૦૦ | સોમ – શનિ | ડૉ. આતિશ શાહ M.D. (Ped.) |
| | ૩૦૪ | ૧૬.૩૦-૧૮.૦૦ | મંગળ – ગુરુ | ડૉ. નીતિન શાહ M.D. (Ped.) |
| | ૩૦૪ | ૧૬.૩૦-૧૮.૦૦ | બુધ – શુક્ર | ડૉ. પરેશ શાહ M.D. (Ped.) |
| (૫) સ્ત્રી રોગ વિભાગ | ૩૦૫ | ૧૧.૦૦-૧૨.૩૦ | સોમ–બુધ–શુક્ર | ડૉ. નીતા ઠાકરે M.D. (Gynaec.) |
| | ૩૦૫ | ૧૧.૦૦-૧૨.૩૦ | મંગળ–ગુરુ–શનિ | ડૉ. કિરણ શાહ M.D. (Gynaec.) |
| | ૩૦૫ | ૧૬.૩૦-૧૮.૦૦ | સોમ–બુધ–શુક્ર | ડૉ. રીંકલ મિસ્ત્રી M.D. (Gynaec.) |
| | ૩૦૫ | ૧૬.૩૦-૧૮.૦૦ | મંગળ-ગુરુ-શનિ | ડૉ. પ્રિયનભાઈ ગાંધી M.D. (Gynaec.) |
| (૬) હાડકાનો વિભાગ | ૩૦૪/B | ૦૯.૦૦-૧૦.૩૦ | સોમ–બુધ–શુક્ર | ડૉ. મિલન શેઠ M.S. (Ortho.) |
| | ૩૦૪/B | ૦૯.૦૦-૧૦.૩૦ | મંગળ-ગુરુ-શનિ | ડૉ. રાજેશ પરીખ M.S. (Ortho.) |
| | ૩૦૮ | ૧૭.૦૦-૧૮.૩૦ | સોમ–બુધ–શુક્ર | ડૉ. સ્નેહલ શાહ M.S. (Ortho.) |
| | ૩૦૮ | ૧૭.૦૦-૧૮.૩૦ | મંગળ-ગુરુ-શનિ | ડૉ. દિલીપ પેથાણી M.S. (Ortho.) |
| (૭) ચામડીના રોગો | ૩૦૭ | ૯.૦૦-૧૦.૩૦ | સોમ–બુધ–ગુરુ–શુક્ર | ડૉ. જૂલી દેસાઈ M.D. (Skin) |
| | ૩૦૭ | ૧૦.૦૦-૧૧.૩૦ | શનિવાર | ડૉ. જૂલી દેસાઈ M.D. (Skin) |
| | ૩૦૭ | ૯.૦૦-૧૦.૩૦ | મંગળવાર | ડૉ. તુષાર પટેલ M.D. (Skin) |
| | ૩૦૭ | ૧૧.૦૦-૧૨.૩૦ | ગુરુ–શનિ | ડૉ. પન્ના શાહ M.D. (Skin) |
| | ૩૦૭ | ૧૬.૦૦-૧૭.૩૦ | સોમ–બુધ–શુક્ર–શનિ | ડૉ. જૂલી દેસાઈ M.D. (Skin) |
| | ૩૦૭ | ૧૬.૦૦-૧૭.૩૦ | મંગળ–ગુરુ | ડૉ.મધુબેન શાહ M.D. (Skin) |
| (૮) કાન, નાક, ગળાનો વિભાગ | ૩૧૫ | ૧૧.૦૦-૧૨.૩૦ | સોમ-મંગળ-શુક્ર | ડૉ. રાજીવ ઝા M.S. (ENT) |
| | ૩૧૫ | ૧૧.૦૦-૧૨.૩૦ | બુધ–ગુરુ–શનિ | ડૉ. રાગેશ ફડિયા M.S. (ENT) |
| | ૩૧૫ | ૧૭.૦૦-૧૮.૩૦ | સોમ–બુધ-શુક્ર | ડૉ. તેજલ શાહ M.S. (ENT) |
| | ૩૧૫ | ૧૭.૦૦-૧૮.૩૦ | મંગળ-ગુરુ-શનિ | ડૉ. કૌશલ શાહ M.S. (ENT) |

*સાચી સલાહ માનવી એટલે આપણી યોગ્યતા વધારવી.*

| ઓ.પી.ડી. | રૂમ નં. | સમય | દિવસ | ડૉક્ટર |
|---|---|---|---|---|
| **(૯) દાંતનો વિભાગ** | ૩૦૬<br>૩૦૬<br>૩૦૬ | ૦૯.૦૦-૧૫.૦૦<br>૧૦.૦૦-૧૪.૦૦<br>૧૫.૦૦-૧૯.૦૦ | સોમથી શનિ<br>સોમથી શનિ<br>સોમથી શનિ | ડૉ. હાર્દિક શેઠ B.D.S.<br>ડૉ. ટીના જૈન B.D.S.<br>ડૉ. વૈશાલીબહેન શાહ B.D.S. |
| **(૧૦) ઓર્થોડોન્ટીસ્ટ** | ૩૦૬ | ૧૫.૦૦-૧૭.૦૦ | બુધ | ડૉ. મોનીષ કોહલી MDS (Orthodontist) |
| **(૧૧) પેરીઓડોન્ટીસ્ટ** | ૩૦૬ | ૧૫.૦૦-૧૭.૦૦ | સોમ | ડૉ. શીતલ જોષી MDS (Periodontist) |
| **(૧૨) ઓરલ સર્જન** | ૩૦૬ | ૧૫.૦૦-૧૭.૦૦ | શુક્ર | ડૉ. તુષાર મકવાણા MDS (Oral Surgeon) |
| **(૧૩) કાર્ડિયોલોજી વિભાગ** | ૩૧૪ | ૧૧.૦૦-૧૨.૦૦ | ગુરુવાર | ડૉ. ઊર્મિલ શાહ MD, DM (Cardiologist) |
| **(૧૪) ગેસ્ટ્રોએન્ટ્રોલોજી એન્ડ લેપ્રોસ્કોપિક સર્જરી** | ૩૧૪ | ૧૭.૦૦-૧૮.૦૦ | શુક્ર | ડૉ. પ્રેમલ દેસાઈ M.S.M.Ch. (G.I. Surgery A.I.I.M.S. - New Delhi) Gaestrointustrinal & Laproscopic Surgeon |
| **(૧૫) યુરોલોજી** (પેશાબને લગતા રોગો) | ૩૧૯<br><br>૩૧૯ | ૦૯.૦૦-૧૦.૦૦<br><br>૧૦.૦૦-૧૧.૦૦ | સોમવાર<br><br>ગુરુ | ડૉ. આશિષ પરીખ FRCS (Eng.) FRCS (Edin.) Dip.Urology (Eng.)<br>ડૉ. હિમાંશુ શાહ M.Ch. |
| **(૧૬) નેફ્રોલોજી (કિડની મૂત્રમાર્ગના રોગોના નિષ્ણાત)** | ૩૧૯ | ૧૧.૦૦-૧૨.૦૦ | બુધ | ડૉ. જગદીપ શાહ, M.D.D.M.(Naphrology) DNB (Naphrology) |
| **(૧૭) મનોચિકિત્સા** (માનસિક રોગો) | ૩૧૯ | ૧૧.૦૦-૧૨.૩૦ | મંગળ–ગુરુ–શનિ | ડૉ. મૈત્રેય પરીખ D.P.M., M.D. (Psy.) |
| **(૧૮) કેન્સર વિભાગ** | ૩૧૯ | ૧૧.૦૦-૧૨.૦૦ | સોમવાર | ડૉ. રૂપેશ મોદી, M.S. (Oncology) |
| **(૧૯) ફેફસાનો વિભાગ** | ૩૧૯ | ૧૦.૦૦-૧૧.૦૦ | શુક્ર | ડૉ. દિપાલી કામદાર, M.D.D.N.B. (Pulmonology) |
| **(૨૦) પેઈન ક્લિનીક** | ૩૧૫ | ૯.૦૦-૧૦.૦૦ | મંગળ – શનિ | ડૉ. હેમાક્ષી અંબાણી |
| **(૨૧) આયુર્વેદ માતુશ્રી મેઘબાઈ પાસુભાઈ દેઢિયા આયુર્વેદ વિભાગ** | ૩૦૪/A | ૯.૦૦-૧૧.૦૦<br>૯.૦૦-૧૧.૦૦ | મંગળ<br>શુક્ર | ડૉ. અમિત ભટ્ટ M.D. (Ayu.), F.R.H.S. |
| **(૨૨) હોમિયોપેથી** | ૩૦૮ | ૦૯.૦૦-૧૧.૦૦ | સોમ-બુધ-શુક્ર<br>૦૯.૦૦-૧૧.૦૦ | ડૉ. ચાર્મિ શાહ (B.H.M.S.)<br>મંગળ-ગુરુ-શનિ ડૉ. નિલય શાહ (B.H.M.S.) |
| **(૨૩) ડાયેટીશિયન** | ૩૦૮ | ૧૧.૦૦-૧૨.૩૦ | બુધ | ડૉ. ચાર્મિ શાહ Dietician |
| **(૨૪) પેથોલોજી લેબોરેટરી** | ૩૨૧ | ૦૮.૩૦-૧૮.૩૦ | સોમથી શનિ | ડૉ. માસુમ ભાવસાર, M.D. (Path.) |
| **(૨૫) એક્સ-રે** | ૩૨૩ | | | |
| **(૨૬) સોનોગ્રાફી અને કલર ડોપ્લર** | ૩૧૬<br>૩૧૬ | ૦૯.૦૦-૧૩.૦૦<br>૧૫.૩૦-૧૭.૩૦ | સોમથી-શનિ<br>સોમથી-શનિ | ડૉ. આનંદ મજમુદાર, M.D. (Radio.)<br>ડૉ. કેતકીબેન પટેલ, M.D. (Radio.) |
| **(૨૭) ફિઝિયોથેરાપી** | ૦૦૬<br>ભોંયરામાં | ૦૯.૦૦-૧૨.૩૦<br>૧૫.૩૦-૧૯.૦૦ | સોમથી શનિ<br>સોમથી શનિ | ડૉ. શચી શાહ, BPT<br>ડૉ. શાલ્વી દોશી, BPT |
| **(૨૮) કાનની બહેરાશની તપાસ અને સ્પીચ થેરાપીની સુવિધા** | ૩૧૬ | ૧૨.૦૦-૧૩.૩૦<br>૧૭.૩૦-૧૮.૩૦ | બુધ – શનિ<br>મંગળ – શુક્ર | રૂચિ શાહ Audiologist & Speech Therapist<br>જિજ્ઞેશ ઠક્કર Audiologist & Speech Therapist |
| **(૨૯) ઓબેસિટી સારવાર** | | ૧૦.૦૦-૧૨.૦૦<br>૧૬.૩૦-૧૮.૩૦ | બુધવાર<br>બુધવાર | |
| **(૩૦) સાઈકોથેરાપી વિભાગ** | ૩૧૧ | ૧૭.૦૦-૧૮.૦૦ | શનિ | ડૉ. પૂર્ણિમા ગુપ્તા |

**દવા વિતરણ કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવેલ છે. રૂમ નં. : ૩૦૨**

**ડોક્ટરોના મળવાના દર્શાવેલ સમય કરતાં તેમનો કેસ કાઢવાનું પંદર મિનિટ પહેલાં બંધ થાય છે. ● સંજોગોવશાત ઉપરના સમયમાં ફેરફાર થઈ શકે છે.**

## હમ અકેલે હી ચલે થે, જાની બે મંઝિલ મગર લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા...

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ મધ્યે તા. ૧-૧૨-૨૦૧૦થી 'શ્રી જલારામ અન્નક્ષેત્ર' શરૂ થઇ ગયું છે. આ યોજના મુજબ તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં કચ્છથી પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમની સંભાળ અર્થે સાથે રહેનાર સગાં-સંબંધીઓને વિના મૂલ્યે દરરોજ નાસ્તો તેમજ બન્ને સમય ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલના સમયે આ યોજના અંતર્ગત દૈનિક ૩૫ જેટલા લાભાર્થીઓ રહે છે.

**શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ કોટી વૃક્ષ અભિયાનના પ્રણેતા હાલે બિદડા સ્થિત શ્રી એલ.ડી. શાહ અને તેમના પરિવારજનોની પ્રેરણા સાથે યોજનાની શરૂઆત રૂા. ૧૦.૦૦ લાખના તેમના દ્વારાના અનુદાનથી આ સેવાકીય પ્રવૃત્તિના મંડાણ થયા હતા.**

આ પ્રકારની જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો આર્થિક સહયોગ મોકલાવવા 'મંગલ મંદિર'ના માધ્યમથી વારંવાર અપીલ થઇ રહી છે... તેના પરિણામે આ યોજનામાં અત્યાર સુધી પ્રાપ્ત થયેલ રકમની વિગત અત્રે આપેલ છે.

### શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે અત્યાર સુધી નોંધાયેલ ડોનેશનની વિગત

| | | |
|---|---|---|
| ૧. | ૧૦,૦૦,૦૦૦ | શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ, દાદર-મુંબઇનાં ટ્રસ્ટી શ્રી એલ.ડી. શાહ, બિદડા-કચ્છ |
| ૨. | ૧,૦૮,૦૦૦ | કચ્છ-નાના ભાડિયાના હાલ અમદાવાદ નિવાસી માતુશ્રી કંકુબહેન મગનલાલ ધનજી ગડા. હા. શ્રી બંસીલાલ મગનલાલ ગડા |
| ૩. | ૧,૦૮,૦૦૦ | કચ્છ-નાના ભાડિયાના હાલ મુંબઇ નિવાસી માતુશ્રી સુશીલાબહેન ભવાનજી વાલજી રાંભિયા, હા. શ્રી ધર્મેશભાઇ ભવાનજી રાંભિયા |
| ૪. | ૧,૦૮,૦૦૦ | કચ્છ-પુનડીના હાલે લાલબાગ-મુંબઇ નિવાસી માતુશ્રી જ્વેરબહેન કાંતિલાલ લાલજી સંઘોઇ, કિરણબહેન હિતેશ સંઘોઇ દ્વારા |
| ૫. | ૧,૦૮,૦૦૦ | શ્રી મેઘજી થોભણ સ્વજ્ઞાતિ સહાયક ફંડ (માંડવી-કચ્છ) |
| ૬. | ૧,૦૮,૦૦૦ | માતુશ્રી રમીલાબહેન મૂલચંદ નાનજી ગડા (કોડાય) ગ્રાન્ટ રોડ, મુંબઇ. હા. શ્રી રમેશભાઇ મૂલચંદ ગડા (સહયોગ : શ્રી બંસીલાલભાઇ મગનલાલ ગડા - મુંબઇ) |
| ૭. | ૨૭,૦૦૦ | શ્રી ઉમેશભાઇ ઠક્કર - બેંગ્લોર |
| ૮. | ૯,૦૦૦ | શ્રી પરબતભાઇ શિવજીભાઇ પટેલ |
| ૯. | ૯,૦૦૦ | નારણપુરા, અમદાવાદ સ્થિત એક સદ્‌ગૃહસ્થશ્રી તરફથી |
| ૧૦. | ૯,૦૦૦ | શ્રીમતી મીનલબહેન શૈલેષભાઇ ગાલા (ભોજાય) મુંબઇ |
| ૧૧. | ૯,૦૦૦ | શ્રીમતી સાકરબહેન પ્રેમજી ગાલા (ભોજાય) મુંબઇ |
| ૧૨. | ૬,૦૦૦ | શ્રી કે.ડી. નાકડાણી - સુરત |
| ૧૩. | ૫,૦૦૦ | સ્વ. કીર્તિભાઇ પરીખ. હા. શ્રી ચંદ્રવદન પરીખ - અમદાવાદ |
| ૧૪. | ૫,૦૦૦ | શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ, ઝરિયા-ધનબાદ |
| ૧૫. | ૩,૦૦૦ | શ્રી નવીનભાઇ હીરજીભાઇ દંડ - વેરાવળ |
| ૧૬. | ૨,૫૦૦ | શ્રી અજિતકુમાર મહેતા - અમદાવાદ |
| ૧૭. | ૨,૫૦૦ | શ્રી મૂલચંદ કરમશી શાહ - માંડવી (કચ્છ) |
| ૧૮. | ૨,૦૦૧ | શ્રી મહેશ ચંદ્રકાંત ગાંધી - અંકલેશ્વર |
| ૧૯. | ૧,૫૦૧ | શ્રી વિનોદકુમાર ચુનીલાલ સથવારા, ઓડ (જિલ્લો-આણંદ) |
| ૨૦. | ૧,૧૦૦ | શ્રી મુરલીભાઇ રતનશી દૈયા - મુંબઇ |
| ૨૧. | ૧,૧૦૦ | શ્રીમતી શાંતાબહેન ભવાનજી જૈન (દેઢિયા) - અમદાવાદ |

*જીવનમાં મારું મારું કરીને મરી જવા કરતાં તારું તારું કરીને તરી જવું સારું.*

| | | |
|---|---|---|
| ૨૨. | ૧,૦૦૦ | ગુલાબબહેન હંસરાજભાઇ |
| ૨૩. | ૧,૦૦૦ | શ્રી પ્રાણલાલ ટી. ગોહેલ - અમદાવાદ |
| ૨૪. | ૧,૦૦૦ | શ્રી શાંતિલાલ રાવલ - માધાપર (કચ્છ) |
| ૨૫. | ૧,૦૦૦ | શ્રી મુકુંદભાઇ જાની - અમદાવાદ |
| ૨૬. | ૧,૦૦૦ | શ્રી જગદીશ એન. ગૂર્જર - લીંબોઇ અને શ્રી ઉદયભાઇ પટેલ - કરાડ (બન્ને મળીને) |
| ૨૭. | ૧,૦૦૦ | એક સદગૃહસ્થશ્રી તરફથી - મુંબઇ |
| ૨૮. | ૧,૦૦૦ | લક્ષ્મીબહેન મહેશભાઇ ખત્રી - અમદાવાદ |
| ૨૯. | ૬૦૦ | શ્રી નરેશ વી. સંગોઈ - મુંબઈ |
| ૩૦. | ૫૦૦ | શ્રી પરેશભાઈ સોની - મુંબઈ |
| ૩૧. | ૫૨૫ | જયેન્દ્ર મહેતા - ભુજ |
| ૩૨. | ૫૦૦ | આશાબેન શ્રેણિકભાઈ શાહ - અમદાવાદ |
| ૩૩. | ૫૦૦ | પ્રભાબેન પોપટ - મુંબઈ |
| ૩૪. | ૫૦૦ | હિતેન્દ્ર ગાલા - મુંબઈ |
| ૩૫. | ૫૦૦ | શ્રી ઉપેન્દ્રભાઈ શાહ - અમદાવાદ |
| ૩૬. | ૨૫૦ | શ્રી પાસુભાઈ આર. લોડાયા - મુંબઈ |
| ૩૭. | ૨૫૦ | શ્રી સંજય લોડાયા - અંજાર (કચ્છ) |
| ૩૮. | ૨૦૦ | શ્રી ઉલ્હાસ લાલકા - ગાંધીધામ (કચ્છ) |
| ૩૯. | ૨૦૦ | શ્રી નરેશ જયંતીલાલ શાહ - ભુજ |
| ૪૦. | ૧૧૧ | શ્રધ્ધા સોની - મુંબઈ |
| ૪૧. | ૧૦૫ | શ્રી ચંદ્રકાંત મગનભાઈ રાય - સાવલી (વડોદરા) |
| ૪૨. | ૧૦૦ | શ્રી વિમલ સુખલાલ દોશી - મુંબઈ |
| ૪૩. | ૧૦૦ | શ્રી નલિનકાંત પાઠક - જોડિયા |
| ૪૪. | ૮૦ | શ્રી અતુલભાઈ કેશવજી સંઘવી - ભુજ |

સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

પર્યુષણ - ક્ષમાપના પર્વ, દીપાવલી તેમજ નૂતન વર્ષ જેવા પ્રસંગોને અનુલક્ષીને દાનવીર વ્યક્તિઓને ખાસ અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ યોજનામાં રસ દાખવીને **"ફૂલ નહીં તો ફૂલની પાંખડી"** સ્વરૂપે સહયોગ આપે.

***દાન કેટલું આપ્યું, શું આપ્યું એ ક્યારેય પણ મહત્ત્વનું નથી પરંતુ તેની પાછળની ભવ્ય ભાવના જ હંમેશાં મહત્ત્વની છે.***

***આપ સૌ આગળ આવશો..... અમારા આ અભિયાનની મંજિલમાં આર્થિક સહયોગ આપીને.... કદમ મિલાવશો!!***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ધ્વજવંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રાબેતા મુજબ સમાજના પાલડી ભવન ખાતે પટાંગણમાં ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૧ની ઉમંગભેર ઉજવણી, સમાજના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સમાજના પરિવારજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

સમાજના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાના વરદ્ હસ્તે સવારનાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ, પ્રમુખશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ભારતની પ્રજા વર્ષોથી ગુલામીના કારણે પોતાના નૈતિક મૂલ્યોને વિસરી ગઈ છે. તેના કારણે સત્તા પર બેઠેલી વ્યક્તિઓ



ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે. આ પ્રકારના ભ્રષ્ટાચારને નાબૂદ કરવા પ્રજાજનોએ આગળ વધવાનો સમય હવે આવી ગયો છે અને તેનાં અંતર્ગત શ્રી અન્નાની લડતનું અભિયાન પ્રથમ સ્વરૂપનું છે. સંભવ છે કે, આ લડત લાંબા સમય સુધીની હોય. પરંતુ તે માટે દરેકે આગે કદમ કર્યે જ છૂટકો છે તેમ તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

૬૫મા રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ધ્વજવંદન બાદ સમાજની યુવા વિકાસ સમિતિ દ્વારા "સંભારણા" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અહેવાલ અન્યત્ર આપવામાં આવ્યો છે.

*પરિસ્થિતિ મુજબ જાતને બદલો, મુશ્કેલીથી બચશો.*

# સરસ્વતી સન્માન કાર્યક્રમ








શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ, શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ દ્વારા ગયા વર્ષથી અમદાવાદ તથા ગાંધીનગરમાં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા સમાજના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવાની સાથે તેમને ઉપયોગી થાય તેવો માહિતીસભર "સરસ્વતી સન્માન" કાર્યક્રમ તા. ૨૧-૮-૨૦૧૧ના યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. અભય છેડા ( ઝાયડસ) અને શ્રી ભરત ભાણજી ગાલા (રાજુ એન્ટરપ્રાઈઝ) હતા. દાતા માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ પરિવાર તરફથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં ૮૦ ટકાથી ઉપર એવા સમાજના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર અનુસ્નાતકોમાંથી ચાર તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત દાતાશ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા પરિવાર તરફથી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં ૮૦ ટકાથી ઉપર એવા સમાજના પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર તેમજ દાતા શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશી કુરુવા પરિવાર તરફથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)માં સમાજમાં પ્રથમ સ્થાને આવનાર વિદ્યાર્થિનીઓને સુશ્રી ચૌલાબહેન કુરુવાના હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધોરણ-૮થી અનુસ્નાતક સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં કરવામાં આવ્યા હતા. તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં શિલ્ડ મેળવનાર ૭ વિદ્યાર્થીઓને ઈનામ તરીકે મોબાઈલ હેન્ડસેટ આપવામાં આવ્યા હતા. તે સિવાયના ધોરણ-૮થી અનુસ્નાતક સુધી ૬૦ ટકાથી ઉપર ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટ્રાવેલિંગ બૅગથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

અતિથિ વિશેષ શ્રી અભય છેડાએ આજના યુવાન વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ ભાષામાં ઉપયોગી થાય તેવી વ્યવહારિક શીખ આપી હતી. ત્યારબાદ ઈતર ડેવલપમેન્ટ સમિતિના આયોજનથી પ્રો.શ્રી જયરાજ પંડ્યા દ્વારા સમાજના યુવા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી વિશે માર્ગદર્શન મળે અને ઘડતરમાં ઉપયોગી થાય તેવા ઉદબોધન અને સંવાદ બાદ સમાજના સભ્યો તેમજ બાળકોએ રસપૂર્વક પ્રશ્નોત્તરી કરી હતી.

સમારંભનું સંચાલન શ્રીમતી ફાલ્ગુની હીરેને કર્યું હતું. પુરસ્કાર સમિતિના કન્વીનર શ્રી પંકજ ગોગરી અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જ્યારે આભારવિધિ યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નવીન લાલકાએ કરેલ હતી. ત્રણે સમિતિના ઉત્સાહી સભ્યો, સમાજના અન્ય કાર્યકરો તેમજ ભવનના સ્ટાફે સમારંભને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

સમારંભ પૂરો થતાં ભોજનનો સ્વાદ માણીને સૌ છૂટા પડ્યા હતા.

*– કન્વીનર*

*ઈર્ષા છોડો, તેનાથી જ્ઞાન, ધર્મ-ધીરજનો નાશ થાય છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ આયોજિત સરસ્વતી સન્માન (રવિવાર, તા. ૨૧-૮-૨૦૧૧)ની નામાવલી

**૧. માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના (અનુસ્નાતક વિદ્યાર્થીઓ)**

| | | | |
|---|---|---|---|
| ૧. | અરુણકુમાર સુરેન્દ્ર શાહ | C.A. | ૫૬% |
| ૨. | અમિત ધીરજલાલ લાલજી મારુ | C.A. | ૫૧% |
| ૩. | પાયલ શશિકાંત નેમજી ગાલા | M.Sc. (I.T.) | ૮૦.૯% |
| ૪. | જય ખુશાલ શાહ | M.Tech. (IIT) - કાનપુર | ૯૭.૫% |

**૨. માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)**

પ્રથમ : હિત વીરેન શાંતિલાલ શેઠ ........ ૯૫.૪૦%
દ્વિતીય : ફોરમ જિતેન્દ્ર તલકશી મહેતા ........ ૯૫.૦૦%
તૃતીય : વિધિ ભરત ઉગરચંદ ગઢેચા ........ ૯૧.૨૦%

**૩. માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ)**

પ્રથમ : હર્ષ સંદીપ શાંતિલાલ સંઘવી ........ ૮૯.૮૪%

**૪. શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ)**

પ્રથમ : ચાંદની પંકજ રસિકલાલ શાહ ........ ૮૭.૭૦%
દ્વિતીય : વિરાગ હરેશ હીરાલાલ કુબડિયા ........ ૮૬.૪૦%
તૃતીય : કિંજલ વિજય શાંતિલાલ મહેતા ........ ૮૪.૦૦%

**૫. શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશીભાઈ કુરુવા શૈક્ષણિક મહિલા પારિતોષિક યોજના (ધોરણ-૧૦ તથા ૧૨)**

ધોરણ-૧૦ ફોરમ જિતેન્દ્ર તલકશી મહેતા ........ ૯૫.૦૦%
ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ચાંદની પંકજ રસિકલાલ શાહ ........ ૮૭.૭૦%
ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) શૈલી જિતેન કલ્યાણજી ગડા ........ ૭૧.૪૦%

---

### ૬૦ ટકા અથવા તો તેનાથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ (વર્ષ ૨૦૧૦)

#### ધોરણ-૮

૧. મેઘ હેમેન્દ્ર કોરડિયા
૨. તેજસ પંકજ શાહ
૩. કેવલ ખુશાલ શાહ
૪. દેવાંગ ગિરીશ છેડા
૫. ઋષભ વિજય મહેતા
૬. માનસી નિમેશ સંઘવી
૭. હિમાની અમિત સંઘવી
૮. સાહિલ વસંત શેઠિયા
૯. ભવ્ય નીરવ શેઠ
૧૦. રિદ્ધિ વિજય દેઢિયા
૧૧. શ્રીજા સંદીપ વોરા
૧૨. મારીષા દક્ષેશ સંઘવી
૧૩. પ્રિયંકા હીરેન વોરા
૧૪. ઋતુલ ધીરજ ગરમાણિયા
૧૫. કિંજલ તિલકચંદ મૈશેરી
૧૬. પારિતા અશ્વિન સોની
૧૭. સાહિલ શૈલેન શાહ
૧૮. કેવલ અજય ખોના
૧૯. કૃનિન અનિશ સંઘવી
૨૦. શાશ્વત સંદીપ સંઘવી
૨૧. કશિશ પરેશ પારેખ
૨૨. પ્રિયલ રાજુભાઈ દોશી

#### ધોરણ-૯

૧. રાજ હેમંત કુબડિયા
૨. સિદ્ધાંત વિજય કોરડિયા
૩. આયુષી અજય સંઘવી
૪. યશ જિજ્ઞેશ શાહ
૫. મીત પંકજ ગાલા
૬. મિલન રતિલાલ મહેતા
૭. હિમાની હરેશ કુબડિયા
૮. નિકીતા કમલેશ લાલન
૯. સુપન સેવંતીભાઈ વોરા
૧૦. ગૌરાંગ ગુલાબચંદ્ર શાહ
૧૧. સમર્થ પીયૂષ શાહ
૧૨. કૃષ્ણા ચેતન ધરોડ
૧૩. હીરલ અશોક શાહ
૧૪. વિધિ અજય ગાંધી
૧૫. રોનક મણિલાલ મૈશેરી
૧૬. ખુશ્બૂ પીયૂષ પારેખ
૧૭. ચાર્મિ ધીરેન દેઢિયા
૧૮. શેરીન દિલીપ ગાલા
૧૯. શૈલી ખુશાલ ગાલા

## ધોરણ-૧૦

| | | |
|---|---|---|
| ૧. | હિત વીરેન શાંતિલાલ શાહ | ૯૫.૪ |
| ૨. | ફોરમ જિતેન્દ્ર તલકશી મહેતા | ૯૫.૦ |
| ૩. | વિધિ ભરત ઉગરચંદ ગઢેચા | ૯૧.૨ |
| ૪. | રચિત રાજેશ લક્ષ્મીચંદ મોતા | ૯૦.૮ |
| ૫. | હર્ષિલ રસિકલાલ ખીમચંદ મહેતા | ૯૦.૬ |
| ૬. | વિધિ રમેશ મણિલાલ પૂજ | ૮૯.૨ |
| ૭. | નિધિ પંકજ શાંતિલાલ મહેતા | ૮૯.૦ |
| ૮. | નિસર્ગ કમલેશ મનુભાઈ શેઠ | ૮૬.૨ |
| ૯. | હાર્દિક સનત તલકશી મહેતા | ૮૨.૦ |
| ૧૦. | ફેનીલ મનીષ આણંદજી વીરા | ૮૦.૬ |
| ૧૧. | મોક્ષા નવીન જેઠાભાઈ લાલકા | ૭૬.૬ |
| ૧૨. | ભૂમિ જયેશ ઠાકરશી શાહ | ૭૩.૮ |
| ૧૩. | સલોની ચંદ્રેશ પ્રભુલાલ શાહ | ૭૨.૨ |
| ૧૪. | સ્વેની રોહિત ચુનીલાલ સંઘવી | ૭૧.૧ |
| ૧૫. | શ્વેતા અમિત હીરજી વોરા | ૬૮.૦ |
| ૧૬. | સલોની વસંત ખીમજી શેઠિયા | ૬૫.૦ |
| ૧૭. | હેતાંશી દેવાંગ બાબુલાલ ગાંધી | ૬૧.૦ |
| ૧૮. | ભાવિ દીપક કાંતિલાલ મહેતા | ૬૦.૨ |

## ધોરણ-૧૧

૧. એકતા નિખિલ શાહ
૨. અક્ષય રાજેશ શાહ
૩. કૃપેશ હર્ષદ વોરા
૪. દ્રવ્યા ખુશાલ શાહ
૫. મૈત્રી અનિશ દોશી
૬. ખુશ્બૂ ભરત છેડા
૭. નીરાલી રતિલાલ મહેતા
૮. ભૂમિકા ગુલાબચંદ્ર શાહ
૯. સ્વરા વસંત શાહ
૧૦. બીજલ હસમુખ કોરડિયા
૧૧. દીપ જગદીશ મહેતા
૧૨. મિહિર સોમચંદ મૈશેરી
૧૩. ફેનલ મણિલાલ મૈશેરી
૧૪. પ્રતીક્ષા રાજેશ ગોગરી
૧૫. શાલીન કમલેશ ગોગરી
૧૬. કૃપા મનીષ છાડવા
૧૭. કિંજલ ધીરજ શાહ
૧૮. શાલીન બકુલ મોતા
૧૯. સિદ્ધાર્થ અજય શાહ
૨૦. દેશના રાજેશ વોરા
૨૧. પ્રિયંક સુરેશ મહેતા

## ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)

| | | |
|---|---|---|
| ૧. | ચાંદની પંકજ રસિકલાલ શાહ | ૮૭.૭ |
| ૨. | વીરાગ હરેશ હીરાલાલ કુબડિયા | ૮૬.૪ |
| ૩. | કિંજલ વિજય શાંતિલાલ મહેતા | ૮૪.૦ |
| ૪. | ભાવિક જિતેન્દ્ર તલકશી મહેતા | ૮૧.૪ |
| ૫. | ઝંકૃતિ આશુતોષ ધારશી સંઘવી | ૭૬.૮૫ |
| ૬. | આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | ૭૬.૪૨ |
| ૭. | અજિતા હર્ષદ રવજી વોરા | ૭૫.૪ |
| ૮. | કેવલ તિલકચંદ ભાણજી મૈશેરી | ૭૪.૨૮ |
| ૯. | ભક્તિબહેન કિરણકુમાર ઈન્દ્રજિત ત્રેવડિયા | ૭૩ |
| ૧૦. | પૂજા રમેશ કેશવજી મોતા | ૬૯.૫૭ |
| ૧૧. | ચાર્મિ હસમુખ હીરજી વોરા | ૬૮.૪૨ |
| ૧૨. | શ્રેયા ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી | ૬૭.૪ |
| ૧૩. | શ્રુતિ ચંદ્રેશ ગુલાબચંદ લોડાયા | ૬૬.૫૭ |
| ૧૪. | વિવેક ભાણજી લીલાધર કેનિયા | ૬૩.૭ |

## ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

| | | |
|---|---|---|
| ૧. | હર્ષ સંદીપ શાંતિલાલ સંઘવી | ૮૯.૮૪ |
| ૨. | પાર્થ ચેતન ગોવિંદજી શાહ | ૭૨.૪૬ |
| ૩. | શૈલી જિતેન કલ્યાણજી ગડા | ૭૧.૩૮ |
| ૪. | જૈશીલ અનિશ અરવિંદ દોશી | ૬૮.૦ |
| ૫. | મિહિર જિતેન્દ્ર બાબુભાઈ રાંભિયા | ૬૨.૬૧ |
| ૬. | પ્રાચી શાંતિલાલ વેલજી ગાલા | ૬૧.૫ |

## F.Y. B.Com. (૬૦ ટકાથી વધારે)

૧. જોલી રતિલાલ અમુલખ મહેતા
૨. ખુશાલી નવીન ગઢેચા
૩. જેકીન કિરીટ પ્રેમજી નંદુ
૪. ઝીલ સંજય મનુભાઈ શાહ
૫. અનોખી પંકજ કાંતિલાલ શાહ
૬. ટ્વીંકલ કિશોર કુંવરજી છેડા
૭. દેવલ ચંદ્રકાંત ભવાનજી મૈશેરી
૮. કુંજલ અજય જેઠાભાઈ ખોના

## S.Y. B.Com. (૬૦ ટકાથી વધારે)

૧. ફોરમ અમૃતલાલ મોણશી ગાલા
૨. પ્રતીક હસમુખ ખીમજી મહેતા

## T.Y. B.Com. (૫૦ ટકાથી વધારે)

૧. નેહા અનિસ અરવિંદ દોશી
૨. કૃતિકા મણિલાલ ભાણજી મૈશેરી
૩. પૂજા મહેન્દ્ર હીરજી ગડા
૪. વૃષભ રમેશ કેશવજી મોતા
૫. નીલય પ્રફુલ કલ્યાણજી છેડા
૬. આશ્કા રાજેન્દ્ર દેવજી ખોના

## First Year M.Com. (સમગ્ર)

૧. માનસી સુધીર ચીમનલાલ શાહ
૨. સાહિલ બિપિન રમણલાલ ગાલા

### Second Year M.Com. (સમગ્ર)

૧. રીંકલ સોમચંદ ભાણજી મૈશેરી
૨. ઈશા મહેન્દ્ર રવજી શાહ
૩. પલક રમેશ પાસુભાઈ શાહનંદ

### S.Y. B.B.A. (૬૦ ટકાથી વધારે)

૧. મયૂરી પ્રકાશ શાંતિલાલ મહેતા
૨. ચિત્રાંગના મુકેશ લક્ષ્મીચંદ શાહ
૩. નિકિતા મુકેશ લક્ષ્મીચંદ શાહ

### T.Y. B.B.A. (૫૦ ટકાથી ટકાથી વધારે)

૧. નમ્રતા કિશોર રતનશી શાહ
૨. ભાવેશ દિલીપ રતિલાલ શાહ
૩. કલ્પેશ હસમુખ ભાઈચંદ શાહ

### F.Y. B.A. (૬૦ ટકાથી ટકાથી વધારે)

૧. ફોરમ ચંદ્રકાંત હરજીવનદાસ સંઘવી
૨. હેમાંગી પરેશ મગનલાલ સંઘવી

### T.Y. B.A. (૫૦ ટકાથી ટકાથી વધારે)

૧. હીર હીરેન કુંવરજી શાહ

### T.Y. B.Sc. (૫૦ ટકાથી ટકાથી વધારે)

૧. જાનકી અશોક ગજેન્દ્ર ગોરજી

### T.Y. B.C.A. (૫૦ ટકાથી ટકાથી વધારે)

૧. પાર્થ આસુતોષ ધારશી સંઘવી
૨. ભાવિક સુરેશ લહેરચંદ કોઠારી

### F.Y. M.B.A. (સમગ્ર)

૧. સોનલ પ્રબોધ પ્રેમજી ગોગરી
૨. હાર્દિક મહેન્દ્ર રવજી શાહ

### M.B.A. Final (સમગ્ર)

૧. રાજીવ નવીનચંદ્ર વાડીલાલ મહેતા
૨. અંકિતા હર્ષદ તલકશી મહેતા
૩. નિમેષ નીતિન હરિલાલ સંઘવી
૪. વિવેક જયેશ નાગજી શાહ
૫. પાર્ષદ શરદ નંદકિશોર શાહ

### F.Y. M.C.A. (સમગ્ર)

૧. મૌલી સેવંતીલાલ રવજી વોરા
૨. ગુંજલ ગુલાબચંદ ભવાનજી શાહ
૩. રૂષભ લલિત સોમચંદ છેડા

### M.Sc. First Year (સમગ્ર)

૧. ખ્યાતિ શાંતિલાલ વેલજી ગાલા
૨. જૈનમ ઉમેશ શાંતિલાલ મુનવર

### M.Sc. (I.I.T.) Final (સમગ્ર)

૧. પાયલ શશિકાંત નેમજી ગાલા
૨. ઋજુતા ઇલેશ નગીનચંદ્ર શાહ

### અન્ય (સમગ્ર)

| | |
|---|---|
| ૧. ઉષ્મા વિશાલ મહેન્દ્ર શાહ | B.Sc. (Fashion Desgn.) |
| ૨. મૈત્રી દીપક ધીરજલાલ ગડા | Interior |
| ૩. વિવેક રસિકલાલ ખીમચંદ મહેતા | M.B.B.S. (I) |
| ૪. મૈત્રી ભૂપેન્દ્ર ત્રંબકલાલ શાહ | M.B.B.S. |
| ૫. વત્સલ ઉમેશ શાંતિલાલ મુનવર | B.Pharm. |
| ૬. નેષા સંદીપ શાંતિલાલ સંઘવી | B.D.S. |
| ૭. સોનમ જિતેન્દ્ર બાબુભાઈ રાંભિયા | B.D.S. |
| ૮. માધવી ધીરજલાલ લાલજી મારુ | M.A. |
| ૯. ધવલ નરેશ વાડીલાલ શાહ | PGDJMC |
| ૧૦. જયકુમાર ખુશાલ મગનલાલ શાહ | M.Tech. |
| ૧૧. જય સતીષ હેમચંદ્ર વોરા | PGDBA |
| ૧૨. અરુણકુમાર સુરેશચંદ્ર ભોગીલાલ શાહ | C.A. |
| ૧૩. અમિત ધીરજલાલ લાલજી મારુ | C.A. |
| ૧૪. જય ચેતન દામજી ધરોડ | B.Pharm. |

### F.Y. Eng. (૬૦ ટકાથી વધારે)

| | |
|---|---|
| ૧. જિગર કમલેશ શામજી લોડાયા | (ડિપ્લોમા એન્જિ.) |
| ૨. કેવલ અજય નાનજી રાંભિયા | (ડિપ્લોમા એન્જિ.) |
| ૩. લિશિતા સુનિલ ગોવિંદજી શાહ | (ડિગ્રી એન્જિ.) |
| ૪. શ્લેષા સંદીપ શાંતિલાલ સંઘવી | (ડિપ્લોમા એન્જિ.) |

### S.Y. Eng. (૬૦ ટકાથી વધારે)

૧. કાર્તિક કમલેશ શામજી લાલન
૨. મલય અતુલ પોપટલાલ ધરોડ
૩. દર્શી ચેતન અજિત મહેતા
૪. પ્રતીક ધીરજ મણિલાલ ગરમાણિયા
૫. મિલન યતીન ધારશી સંઘવી
૬. મોનીશ રાહુલ નટવરલાલ શાહ
૭. સૌમિલ પંકજ મેઘજી ગોગરી
૮. કિંજલ હરેશ ધનજી કોરડિયા
૯. રિશિ સતીષ હેમચંદ્ર વોરા

### T.Y. Eng. (૫૦ ટકાથી વધારે)

૧. જિજ્ઞેશ કાંતિલાલ દલીચંદ લોદરિયા
૨. મિત જગદીશ અજિત મહેતા
૩. જય ભરત વિશનજી ભેદા
૪. અવની મુકેશ મુલજી લાલકા

### Fourth Year Eng. (Final) (૫૦ ટકાથી વધારે)

૧. મૌલીન પંકજ મેઘજી ગોગરી
૨. કુમારપાળ ભરત લક્ષ્મીચંદ શાહ
૩. દીપલ વિજય કલ્યાણજી છેડા

## વયસ્ક સમિતિ

**(૧)** અગાઉની જાહેરાત મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ તરફથી એક વિદેશ પ્રવાસનું આયોજન થયેલ છે. આ પ્રવાસની સંક્ષિપ્ત વિગત નીચે પ્રમાણે છે.

★ તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ સવારે ૫.૦૦ વાગે અમદાવાદથી ફલાઈટમાં દુબઈ જવા રવાના. ત્યાંના પ્રવાસ દરમ્યાન વિશ્વની મહત્તમ ઊંચાઈવાળી ખલીફા હોટલની મુલાકાત, દુબઈ સિટી ટૂર, અબુધાબીની સિટી ટૂર અને મૉલ્સ વગેરેની મુલાકાત. ★ તા. ૧૯-૧૦-૨૦૧૧ના સવારના ૫.૦૦ વાગે ફલાઈટ દ્વારા અમદાવાદ પરત.

વધુ વિગત હવે પછીના કાર્યક્રમના સમયે આપવામાં આવશે.

**આગામી કાર્યક્રમ**

**(૨)** વિદેશ જતાં વયસ્ક સભ્યો માટે એક ફેરવેલ પાર્ટીનું આયોજન ગુરુવાર, તા. ૧૩-૧૦-૨૦૧૧ના રોજ કરવામાં આવેલ છે. તે સાથે સંગીત સંધ્યાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ બાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. — *કન્વીનર*

## વૈયાવચ્ચ સમિતિ

નીચે પ્રમાણેની રકમ વૈયાવચ્ચ ખાતામાં પ્રાપ્ત થઈ છે.

- રૂા. ૧૧,૦૦૦ શ્રી ભુરામલ હરિકીશન (અબોહર-અમદાવાદ)
- રૂા. ૨,૫૦૦ માતુશ્રી ચંદનબાઈ ભવાનજી મૈશરી (જખૌ-લોનાવાલા)

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

*પદમશી સી. ડાઘા - કન્વીનર*

## "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### વાર્ષિક સામાન્ય સભા

"સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે રાખવામાં આવેલ છે. (સમય : સાંજે ૪.૦૦ વાગે)

'સંકલ્પ'ના જે સભ્યો કમિટીમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય અને સ્વેચ્છાએ સેવા આપી શકતા હોય તેઓએ પોતાના નામ તા. ૨૩-૯-૨૦૧૧ સુધી નીચે જણાવેલ સભ્ય પાસે નોંધાવવા વિનંતી. આ રીતે નોંધાયેલ સભ્યોમાંથી નવા કારોબારી સભ્યોનું સિલેક્શન થશે.

*ડૉ. કેતન શાહ : મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*
*પીયૂષ પારેખ : મો. ૯૩૨૭૫ ૫૬૫૬૮*
*અમી શાહ : મો. ૨૭૪૯ ૯૨૮૮*

*પ્રમુખ / મંત્રી - 'સંકલ્પ'*

*તા.ક. :* (૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તેજ સ્થળે મળશે. તે વખતે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં. (૨) વર્ષ ૨૦૧૦-૧૧ના હિસાબો અંગે જે સભ્યોને કંઈ પૂછવાનું હોય અથવા પોતાના સૂચનો તા. ૨૧-૯-૨૦૧૧ સુધી નીતિન શાહ (મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧)ને જણાવવાના રહેશે.

## યુવા વિકાસ સમિતિ

### યુવા વિકાસ સમિતિ યોજે છે....

#### શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ

રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ના સવારે ૧૦.૦૦ કલાકે શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન ખાતે કરવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ, ઉંમર, ફોન નંબર તા. ૧૫-૯-૨૦૧૧ સુધીમાં સમાજની ઓફિસમાં લખાવવાના રહેશે.

- **નિયમો :**

૧. આ સ્પર્ધામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ ભાગ લઈ શકશે.
૨. સ્પર્ધા અંગે જરૂરી નિયમો, સ્પર્ધાના સમયે જણાવવામાં આવશે.
૩. રંગોળી માટે જરૂરી કલર, ડેકોરેશન વગેરે સામગ્રી સ્પર્ધકોએ લાવવાની રહેશે.
૪. નિર્ણાયકોનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા રહેશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.
૫. રંગોળી ફક્ત હાથથી જ પૂરવાની રહેશે. કોઈ પણ સાધનનો ઉપયોગ કરી શકાશે નહીં.
૬. સંજોગવશાત્ ઉપરોક્ત હરીફાઈના સમય, તારીખમાં ફેરફાર કરવાની સત્તા, સમિતિ પાસે રહેશે.

#### શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ

સમિતિ દ્વારા તા. ૧-૧૦-૨૦૧૧ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના સભ્યોએ ટ્રેડિશનલ ડ્રેસમાં સમયસર હાજર રહેવા વિનંતી.

#### શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ

સમિતિ દ્વારા તા. ૧૧-૧૦-૨૦૧૧ને મંગળવારના રોજ રાત્રે ૮ કલાકે શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ સ્પર્ધાનું આયોજન, શ્રી કચ્છી જૈન ભવન પર કરવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સમાજના સભ્યોએ ટ્રેડિશનલ ડ્રેસમાં સમયસર હાજર રહેવા વિનંતી.

ઉપરોક્ત બંને હરીફાઈ (રાસ — ગરબા)ના નીતિ નિયમો નીચે મુજબ છે.

૧. વિવિધ વય જૂથ મુજબ ઈનામો આપવામાં આવશે.
૨. સ્પર્ધકોએ ટ્રેડિશનલ ડ્રેસમાં રમવાનું રહેશે.
૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

# યુવા વિકાસ સમિતિ

## ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહ "સંભારણા" સ્પર્ધા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનો માટે તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવન ખાતે "સંભારણા" સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વ્યક્તિના જીવનની કોઈ મહત્ત્વની ઘટના અથવા અનુભવ, કે જે જીવનમાં એક યાદગાર 'સંભારણું' બની ગયેલ હોય અને જેનાં થકી અન્યને પણ કાંઈ જાણકારી કે બોધ પ્રાપ્ત થાય તેવી વિવિધ ઘટનાઓની રજૂઆત 'સંભારણા' રૂપે સ્પર્ધકોએ કરી હતી. **આ એકમાત્ર એવી સ્પર્ધા હતી કે જેમાં સમાજના ટ્રસ્ટમંડળ અને કારોબારીના સભ્યો પણ સામિલ થયા હતા. આ રીતે, કુલ ૧૩ સ્પર્ધકોની સંખ્યા હતી.**

પોતાના કામધંધામાં પ્રમાણિકતા અને સાહસિકતા, ગ્રામીણ લોકો દ્વારા આદર અને સત્કારથી 'અતિથિ દેવો ભવ'ની ભાવના, પરસ્પર મૈત્રીભાવ, સ્ત્રીઓએ નીડર બનીને કોઈ અયોગ્ય ઘટનાનો પ્રતિકાર કેવી રીતે કરવો જોઈએ, શ્રી કચ્છી જૈન સમાજમાં પોતાનું આગમન અને પ્રવૃત્તિમય થવાના અચાનક ઊભા થયેલાં સંજોગો અને તેને સંબંધિત ઘટના, જીવલેણ વાહન અકસ્માતના સમયે ચમત્કારિક રીતે બચી જવું, ધાર્મિક મનોવૃત્તિને સાંકળતી સત્ય ઘટના વગેરે વિષયે સ્પર્ધકોએ દિલધડક 'સંભારણા'ની રજૂઆત કરી હતી. જેનાં કારણે શ્રોતાઓને વિવિધ સ્વરૂપે માર્ગદર્શન અને બોધ મળ્યાનો અહેસાસ થયો હતો. **આ રીતે, 'સંભારણા' કાર્યક્રમ એક અવનવું નજરાણું બની ગયું.**

**કાર્યક્રમના સમયે એક વાત ચોક્કસ ઉપસી હતી કે આ પ્રકારની રજૂઆત અથવા ઘટનાઓના વર્ણનથી આજના યુવાવર્ગને જાણવા, માણવા અને માર્ગદર્શનરૂપ ઘણી બાબતો હતી.** ભવિષ્યમાં આ પ્રકારના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાવર્ગ સામિલ થાય તેવી સમિતિની અભિલાષા સાથે માનપૂર્વક આગ્રહ છે.

શ્રી નીતિનભાઈ સંઘવી, શ્રીમતી વર્ષાબહેન પારેખ અને શ્રી નરેન્દ્રભાઈ સી. શાહ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને વિજેતા તરીકે જાહેર થયા હતા.

સમિતિના યુવાન સક્રિય કાર્યકર શ્રી હીરેનભાઈ શાહ અને શ્રીમતી હાસ્યલતાબહેન મહેતાએ ઉપરોક્ત સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની કપરી જવાબદારી સફળતાપૂર્વક અદા કરી હતી. **સ્પર્ધાના પ્રત્યેક વક્તાઓની રજૂઆત બાદ શ્રી હીરેનભાઈની ઉપસંહાર રૂપે ટીપ્પણી ખૂબજ ધ્યાનાકર્ષક અને રસપ્રદ રહી હતી.** તે રીતે, શ્રીમતી હાસ્યલતાબહેને દરેક સ્પર્ધકોની રજૂઆતનું પૃથક્કરણ કરીને જણાવ્યું હતું કે આ પ્રકારના કાર્યક્રમમાં સમાજના યુવાવર્ગની હાજરી અગર વધુ પ્રમાણમાં રહે, તો કાર્યક્રમની સફળતાની માત્રા વધી જાય અને તેઓને 'સંભારણા'ની વિગતથી ઘણું જાણવા મળી શકે. તેમના આ સૂચન સાથે હાજર રહેલા સર્વે શ્રોતાજનો સંમત થયા હતા.

સ્પર્ધાના એક હરીફ તરીકે નહીં પરંતુ કાર્યક્રમને રંગારંગ કરવાના ઉદ્દેશથી સમાજના હાજર રહેલા મોટાભાગના ટ્રસ્ટીમંડળ અને કારોબારીના સભ્યો દ્વારા પોતાના જીવનના યાદગાર પ્રસંગોની રજૂઆત, આ પ્રસંગનું નવલું નજરાણું હતું. જેના કારણે સમગ્ર કાર્યક્રમ જીવંત અને માણવા યોગ્ય રહ્યો હતો.

સમાજનાં મેડિકલ સેન્ટર સાથે સાંકળતા આ સ્પર્ધાનાં દાતાશ્રી ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહના એક યાદગાર પ્રસંગ અને તેનાં પરિણામે તેઓશ્રી તરફથી પ્રાપ્ત થયેલા ડોનેશનની વિગત શ્રી કાંતિભાઈ સાવલાએ આપી હતી.

સ્પર્ધાના દાતાશ્રીનો આભાર માનીને કાર્યક્રમ પૂરો થયો હતો.

## યુવા વિકાસ સમિતિ – "GARDEN MEET"

એક સમયનું નાનું, ઓછી ભાગદોડવાળું આપણું અમદાવાદ શહેર હવે વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા શહેરોમાંનું એક શહેર ગણાવા લાગ્યું છે. એનો ભૌગોલિક વ્યાપ સતત વિસ્તરતો રહ્યો છે. વિવિધ અભ્યાસક્રમો તેમજ ઈતર પ્રવૃત્તિઓના અનેક વિકલ્પ મળતા હોવાથી યુવાનો સતત પ્રવૃત્ત રહે છે. અભ્યાસ, ધંધા-રોજગાર ક્ષેત્રે વધેલા વિકલ્પો તથા સ્પર્ધા સૌને દોડતા રાખે છે. આવી પરિસ્થિતિમાં સામાજિક સંપર્ક જીવંત રાખવાનું મુશ્કેલ થતું જાય છે. એવું બની શકે છે કે, આપણા સમાજના બે યુવાનો, યુવતીઓ, વ્યક્તિઓ એકબીજાની બાજુમાંથી પસાર થતા હોય તો પણ પરસ્પર ઓળખી ના શકે. આવી પરિસ્થિતિના નિવારણ માટે સમાજના યુવાનો પોતાના જૂના સંપર્ક જીવંત રાખી શકે તેમજ નવા સંપર્ક કેળવી શકે તેવા ઉમદા હેતુથી યુવા વિકાસ સમિતિ આપની સમક્ષ લાવે છે "GARDEN MEET." રવિવારની ખુશનુમા સવારે... કુદરતના સાનિધ્યમાં અમે આપને મળવા આવીશું આપના જ વિસ્તારમાં. આપણે આસપાસના વિસ્તારમાં રહેતા આપણા જ સમાજના મિત્રોને મળીશું... એકબીજાથી વાકેફ થઈશું અને મિત્રતાનો નવો દોર શરૂ કરીશું. સ્ત્રી - પુરુષ ૧૫થી ૫૫ની વયના અવશ્ય પધારજો આ નવતર મેળાવડામાં. ***ક્યાં અને ક્યારે? એ જાણવા માટે અવશ્ય વાંચશો 'મંગલ મંદિર'નો આવતો અંક.***

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# કેન્ટીન સમિતિ

સમિતિની એક બેઠક તા. ૯-૮-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળી હતી. જેમાં સમાજના કાર્યક્રમ પ્રસંગે અન્ય રસોઇ મહારાજને બોલાવીને વાનગીઓ તૈયાર કરાવવાનું નક્કી થયું હતું. કેન્ટીન માટેની ફરિયાદો સંબંધિત શાહીબાગ તેમજ પાલડી ભવન ખાતેની કેન્ટીનના સંચાલકો સાથે ચર્ચા-વિચારણા બાદ તેમને તાકીદ કરીને યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં કન્વીનરશ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી હીરજી પાસુભાઇ શાહ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા તેમજ શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર હાજર હતા.

***મણિલાલ કુંવરજી ગોસર - કન્વીનર***

# શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

પ્રતિ વર્ષની જેમ સમિતિ આમંત્રિત કરે છે સમાજના સભ્ય પરિવારજનોમાંથી કોઈએ **વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ** બદલ કોઈ સ્થળે કે સંસ્થામાંથી માન, મૅડલ, સર્ટિફિકેટ વગેરે મેળવ્યા હોય તો પૂરું નામ, સરનામું, ફોન નંબર સહિત જરૂરી વિગત એક કવરમાં કન્વીનરશ્રી, શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના નામે તા. ૧૪-૯-૨૦૧૧ સુધી મોકલાવવા.

***– કન્વીનર***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત ધરણા કાર્યક્રમ













શ્રી અન્ના હઝારેના નેતૃત્વમાં ભ્રષ્ટાચાર નાબૂદી અને તેને સંબંધિત જનલોકપાલ બિલ લોકસભાએ પસાર કરવાની માંગણી અંગે લાંબા સમયથી ચાલતી ચળવળને સમર્થન આપવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૬-૮-૨૦૧૧ના રોજ સવારના ૧૦થી સાંજના ૬.૦૦ સમય દરમ્યાન ધરણાંનો એક અસરકારક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદના સંકુલની બહાર એક વ્યવસ્થિત શમિયાણામાં આયોજન કરવામાં આવ્યું હતું.

ધરણાં કાર્યક્રમના સ્થળે વહેલી સવારથી કચ્છી પરિવારજનો એકઠા થયા હતા. દિવસ દરમ્યાન ધરણાં કાર્યક્રમમાં કચ્છી સમાજના બાવીસ જ્ઞાતિ ઘટક સમાજોના પ્રતિનિધિઓ અને પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. ધરણામાં ભાગ લેનાર સર્વે સભ્યોએ કાળી પટ્ટી તથા “મૈં અન્ના હું” લિખિત સફેદ ટોપી ધારણ કરીને ભ્રષ્ટાચાર વિરોધી અને રાષ્ટ્રીયતાના વિવિધ સૂત્રોની ઉદ્‌ઘોષણાથી રાહદારીનું ધ્યાન આકર્ષિત કરતા હતા. વચ્ચેના સમયે રાષ્ટ્રીય ગીતોના પ્રસારણથી આઝાદી ચળવળની ઝાંખી થતી હતી. આ રીતે ધરણા કાર્યક્રમના કારણે એક અદ્‌ભુત પ્રકારનું વાતાવરણ સર્જાયું હતું.

દિવસભરના ધરણા કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ, ઉપપ્રમુખો શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી મનુભાઈ શાહ, ઑડિટર્સ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી, શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તેમજ સમાજના ટ્રસ્ટીગણ અને વિવિધ સમિતિઓના સભ્યશ્રીઓ સહિત શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી લક્ષ્મીદાસભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચમનભાઈ પલણ, શ્રી વાલજીબાપા પટેલ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી પ્રેમજી જેઠાભાઈ પટેલ, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી છગનભાઈ પટેલ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર, કુંજાડ પટેલ સમાજના આગેવાનો વગેરેની ઉપસ્થિતિ હતી.

‘વંદે માતરમ્’, ‘ભારત માતાકી જય’, ‘આજ ચારો દિશામેં હૈ, અન્ના હઝારેકા નઝારા, દૂર કરેંગે ભ્રષ્ટાચાર, યે નારા હૈ હમારા...’, ‘અન્ના, હમ તુમ્હારે સાથ હૈં...’ ‘ભ્રષ્ટાચાર નાબૂદ કરો’ જેવા નારા સાથે દિવસ દરમ્યાનનો કાર્યક્રમ ગાજતો રહ્યો હતો.

ધરણા દરમ્યાન ઈ-ટી.વી., ‘વી-ટી.વી.’ ચેનલ તથા વર્તમાનપત્રોના પ્રતિનિધિઓએ સ્થળની મુલાકાત લઈને સમાજના હોદ્દેદારોની રજૂઆત અને કાર્યક્રમનું કવરેજ કરીને ટી.વી. પર પ્રસારણ કર્યું હતું. સાંધ્ય દૈનિકમાં કાર્યક્રમની તસવીર સાથે અહેવાલ પણ તે જ દિવસે પ્રસિદ્ધ થયો હતો. જે ધરણા કાર્યક્રમની સફળતા સૂચક હતા.

ધરણાનો કાર્યક્રમ ખૂબજ શાંતમય રહ્યો હતો. સમાજના આગેવાનોએ ટી.વી. ચેનલ તથા વર્તમાનપત્રોના પ્રતિનિધિઓના પ્રશ્નમાં નિવેદન કર્યું હતું કે કચ્છી સમાજ એક બિન રાજકીય સામાજિક સંસ્થા છે. ગરીબી તથા ભ્રષ્ટાચાર નાબૂદી અંગે ચાલતી લોકજુવાળવાળી ચળવળને સમર્થન આપવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતું.

સાંજે ૬ કલાકે ધરણાનો કાર્યક્રમ સમાપ્ત થતા પૂર્વે રાહદારી નાગરિકો ધરણાના સ્થળે એકઠા થયા હતા અને ધરણાના કાર્યક્રમની સરાહના કરી હતી.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જુલાઈ / ઑગસ્ટ – ૨૦૧૧

● **શનિવાર, તા. ૨૩-૭-૨૦૧૧**

☆ આજરોજ ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટિંગ મળી હતી. જેમાં અશોકભાઈ મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, કે.આર. શાહ, રજનીભાઈ પારેખ, હિતેન વસા અને કિરણ ત્રેવાડિયાએ હાજરી આપી હતી. આ મિટિંગમાં લાભાર્થીને મદદ આપવા લોન / સહાયની આવતી અરજી સંબંધી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખાખરાના મશીન માટે ચર્ચા કરવામાં આવી હતી.

● **સોમવાર, તા. ૨૫-૭-૨૦૧૧**

☆ આજરોજ આણંદજી વેલજી વીરા, રજનીભાઈ પારેખ અને કે.ડી. શાહે શૈક્ષણિક સહાય માટે આવેલ ૯૬ અરજી અંગે યોગ્ય કાર્યવાહી કરી હતી.

● **મંગળવાર, તા. ૨૬-૭-૨૦૧૧**

☆ રજનીભાઈ પારેખ, આણંદજી વીરા, બાબુભાઈ મહેતા, ભોગીલાલ શાહ અને કે.ડી. શાહે વયસ્ક સભ્યોને પિકનિકમાં લઈ જવા માટે સાદરા તેમજ સાપડની મુલાકાત લઈ ત્યાંની જાત માહિતી મેળવેલ હતી.

● **બુધવાર, તા. ૨૭-૭-૨૦૧૧**

☆ હસમુખ ખાંડવાલા, રજનીભાઈ પારેખ અને પરાશર વ્યાસે હાલના બંને હાઉસ કીપર સાથે ભવનની બધી જ કામગીરીની વિગતવાર ચર્ચા કરી હતી. સફાઈ કામ ખૂબજ માવજતથી કરવા અને અન્ય ફરિયાદો સંબંધી તાકીદ કરવામાં આવી હતી. આ ઉપરાંત હાઉસ કીપર માટે આવેલા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લઈ, તે અંગે ચર્ચા વિચારણા કરી હતી.

● **ગુરુવાર, તા. ૨૮-૭-૨૦૦૧**

☆ આજરોજ મંગલ મંદિર - ઑગસ્ટ-૨૦૧૧ના અંકની બે ડમી કોપી મુદ્રા પ્રિન્ટર્સવાળા શ્રી જયેશભાઈએ મોકલી આપી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી સૂરજલાલ મહેતાએ જરૂરી સુધારા વધારા કરી આજરોજ રાત્રે જ એ કોપીઓ શ્રી જયેશભાઈને પરત આપવામાં આવી અને એ અંકનું કાર્ય આગળ ધપાવવા શ્રી જયેશભાઈને કહેવામાં આવ્યું.

☆ શૈક્ષણિક સહાયની આવેલી અરજીનો નિકાલ કરીને લાભાર્થીઓને આપવાના ચેક તૈયાર કરવા જરૂરી વિગત એકાઉન્ટ વિભાગમાં આપવામાં આવી હતી. વધતી જતી અરજીઓ અને તેની રકમ અંગે અશોકભાઈ મહેતા, આણંદજીભાઈ વીરા, રજનીભાઈ પારેખ, પોપટલાલ ધરોડ અને સૂરજલાલ મહેતાએ ચર્ચા કરી હતી.

☆ વયસ્ક સમિતિના વિદેશ પ્રવાસ અંગે રજનીભાઈ પારેખ અને હસમુખ ખાંડવાલાએ કેયૂર શાહ સાથે ચર્ચા કરી હતી.

● **શુક્રવાર, તા. ૨૯-૭-૧૧**

☆ આજરોજ મેડિકલ સમિતિના ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશ્વિન સાવલા તથા ડૉ. હિતુભાઈએ ઓર્થોપેડિક વિભાગ માટે તથા ફિઝિયોથેરાપી વિભાગ માટે બોલાવેલ ડૉક્ટરોના ઈન્ટરવ્યૂ લઈ એક વધુ ઓર્થોપેડિક ડૉક્ટર તથા ફિઝિયોથેરાપીસ્ટને એપોઈન્ટમેન્ટ આપવાનું નક્કી કરેલ. નવા પેથોલોજિસ્ટની નિમણૂકની કાર્યવાહી બાકી રહે છે.

● **રવિવાર, તા. ૩૧-૭-૨૦૧૧**

☆ શૈક્ષણિક સહાયના લાભાર્થીઓને ચેકો આપવામાં આવ્યા હતા. શ્રી કે.ડી. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી હીરજીભાઈ શાહ અને શ્રી રજનીભાઈ પારેખે લાભાર્થીઓને આ રકમને લોન તરીકે ગણી તેમના પાલ્ય જ્યારે કમાતા થાય ત્યારે આ રકમ સમાજને પરત કરે જેથી વધારે સભ્યોને તેનો લાભ આપી શકાય તેવો અનુરોધ કર્યો હતો.

● **બુધવાર, તા. ૩-૮-૨૦૧૧**

☆ શાહીબાગ ખાતે બોરના સમારકામ અંગે ચીમનભાઈ પટેલ અને ભાવેશ પટેલ સાથે શ્રી રજનીભાઈએ ચર્ચા કરીને ક્વોટેશન મંગાવ્યું હતું.

● **ગુરુવાર, તા. ૪-૮-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા ડૉ. હિતુભાઈએ પેથોલોજિસ્ટના ઈન્ટરવ્યૂ લઈ, નવા પેથોલોજિસ્ટ રાખવાનું નક્કી કર્યું.

● **રવિવાર, તા. ૭-૮-૨૦૧૧**

☆ રજનીભાઈ પારેખે સુરતમાં જગદીશભાઈ શાહ, કિરણભાઈ પારેખ, હિમાંશુ શાહ, દિલીપભાઈ ઝવેરી, રાજેશ મહેતા વગેરે સાથે મંગલ મંદિરના દીપોત્સવી અંકમાં જાહેરાત આપવા સંબંધી ચર્ચા વિચારણા કરી હતી.

● **સોમવાર, તા. ૮-૮-૨૦૧૧**

☆ સ્વર્ણિમ જયંતી વર્ષની શરૂઆતમાં જ શ્રી ક.જૈ.સ.સ. - અમદાવાદનું નવું વસતિપત્રક (અગાઉ વર્ષ ૨૦૦૪માં બહાર પાડેલ હતું) બહાર પાડવાનું હોવાથી, તેના ફોરમેટ અંગે વસતિ પત્રક સમિતિ સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવેલ હતી. આવતા દિવસોમાં આ ફોર્મેટ અંગે નિર્ણય લેવાઈ ગયેથી તેને મંગલ મંદિરના સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ ગત વર્ષની માફક આ વર્ષે પણ દીપોત્સવીના દિવસોમાં સમાજના સભ્યોને શુદ્ધ અને સાત્ત્વિક મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રૂટ કિફાયતી દરે મળી રહે તે માટે તેને ભવન પર બનાવવા અને ભવન પરથી જ તેની વિતરણ વ્યવસ્થા ગોઠવવા આજરોજ શ્રી

*સૌને મિત્ર નથી બનાવી શકાતા, પરંતુ શત્રુ તો એકને પણ ન બનાવતા.*

હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રજનીભાઈ પારેખ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. ગિફ્ટ પેકેટના વિતરણની વ્યવસ્થા ગોઠવવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

☆ શ્રી સૂરજલાલભાઈ મહેતા, શ્રી પોપટલાલ ધરોડ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી આણંદજીભાઈ વીરાએ સમાજના સભ્યપદ માટે આવેલ અરજીઓની ચકાસણી કરી હતી અને તેની મંજૂરી માટે ટ્રસ્ટ મંડળને પત્ર લખ્યો હતો.

● **બુધવાર, તા. ૧૦-૮-૨૦૧૧**

☆ અશોકભાઈ મહેતા અને રજનીભાઈ પારેખે આગામી દિવાળી પ્રસંગે મીઠાઈ તૈયાર કરવા ડ્રાયફ્રૂટના ભાવ અને અન્ય માહિતી જાણવા પંકજ શાહ સાથે ચર્ચા કરી હતી.

● **શુક્રવાર, તા. ૧૨-૮-૨૦૧૧**

☆ મંગલ મંદિરનો ઓક્ટોબર-૨૦૧૧નો દીપોત્સવી અંક, શરૂથી અત્યાર સુધીના મંગલ મંદિરના ૪૦૦ અંકોમાંથી ઉત્તમ લેખો વગેરેને પસંદ કરી તેને ફરી પ્રસારિત કરી 'સંભારણા વિશેષાંક' તરીકે બહાર પાડવાનું નક્કી કરેલ હોવાથી વિવિધ જવાબદારીઓ વિવિધ લોકોને સોંપવાનું નીચે મુજબ નક્કી કરવામાં આવેલ હતું.

બંચ (લગભગ એક વર્ષના અંકો) નં.- ૧થી ૧૦ને રિવ્યૂ કરવું – **શ્રી સૂરજલાલ મહેતા**

બંચ (લગભગ એક વર્ષના અંકો) નં.- ૧૧થી ૨૦ને રિવ્યૂ કરવું – **શ્રી અશોક મહેતા**

બંચ (લગભગ એક વર્ષના અંકો) નં.- ૨૧થી ૩૧ને રિવ્યૂ કરવું – **શ્રી દિનેશ મહેતા / શ્રી દિનેશ શાહ**

વિશિષ્ટ વિદ્યાર્થીઓની અગાઉની વિગતો તૈયાર કરવી – **શ્રી પંકજ ગોગરી**

વલોવતન તથા આંજો કાગર વિભાગમાંથી પસંદગીના સમાચારો / પત્રો – **શ્રી રજનીભાઈ પારેખ**

સુભાષિતો, બોધકથા, બોધસૂત્રો વગેરે – **શ્રી કે. ડી. શાહ**

પસંદ કરેલ દરેક વિગતનું લિસ્ટ તૈયાર કરવું – **શ્રી મહેન્દ્ર વશનજી શાહ.**

● **રવિવાર, તા. ૧૪-૮-૨૦૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી કે જ્યારે લગભગ ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ઊભા કરવામાં આવનાર કચ્છ મ્યુઝિયમ અંગે અત્યાર સુધી થયેલ ખર્ચની વિગતો આ સભા સમક્ષ મૂકવામાં આવેલ હતી. સભ્યપદ સમિતિ તરફથી આવેલ દરખાસ્તને મંજૂર કરવામાં આવેલ હતી. મેડિકલ વિભાગના પેથોલોજી લેબોરેટરીના મશીન રિપેરિંગના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી અને તેની સાથે સાથે અન્ય એક નવા મશીનના ખરીદ કરવાના ખર્ચને પણ મંજૂરી આપવામાં આવેલ હતી. પાલડી ભવન ખાતે અત્યાર સુધી કરવામાં આવેલ ડૉમના ખર્ચની વિગતો રજૂ કરવામાં આવેલ હતી. ત્રણેય ભવન પર વ્યવસ્થિત રીતે મૂકવામાં આવનાર સી.સી. ટી.વી. કેમેરા ખર્ચને મંજૂર કરવામાં આવેલ હતા. કારોબારી સમિતિ તથા કેટલીક અન્ય સમિતિઓને વધુ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિના વિસ્તરણને મંજૂર કરી, તેની કાર્યવાહી આગળ ધપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીની શરૂઆતમાં જ નવું વસતિપત્રક બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું. દીપોત્સવીના દિવસોમાં ભવન પર જ મીઠાઈ તથા ફરસાણ બનાવી મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રૂટને કિફાયતી દરે વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. ગત વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરવામાં આવેલ બંધારણને શક્ય જલદી પ્રકાશિત કરવાનું બંધારણ સમિતિને જણાવવામાં આવેલ હતું.

● **સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી અશોક મહેતાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. ધ્વજવંદન બાદના પ્રવચનમાં શ્રી અશોક મહેતાએ જણાવેલ હતું કે ભારતની પ્રજા વર્ષોની ગુલામીના કારણે નૈતિક મૂલ્યોને વિસરી ચૂકેલ છે અને તેના કારણે આજની નેતાગીરી કે જે ભારતની જનરલ પ્રજામાંથી જ આવેલ છે, તેઓને સત્તા મળતા, ભ્રષ્ટાચારનું આચરણ કરી રહેલ છે. તેની સાથે અન્નાની લડત ભ્રષ્ટાચાર નાબૂદી માટેનું પ્રથમ અભિયાન છે. કદાચ ભારતમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં વર્ષો સુધી આપણને રાહ જોવી પડે, પરંતુ એ દિશા તરફ કદમ માંડવા એ ખૂબ જ જરૂરી છે અને આ પ્રકારના અનેક કદમો બાદ જ આપણે ભ્રષ્ટાચાર નાબૂદ કરી શકીશું.

ધ્વજવંદનના કાર્યક્રમ બાદ યુવા વિકાસ સમિતિ આયોજિત 'સંભારણા હરીફાઈ'નું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં લગભગ ૧૩ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો. આ હરીફાઈ મુજબ દરેક વ્યક્તિને ૫ મિનિટનો સમય આપવામાં આવેલ હતો અને એ સમય દરમ્યાન જે-તે વ્યક્તિએ પોતાના જીવનનો ન વિસરી શકાય તેવો અનુભવ જણાવવાનો હતો. જજ તરીકે શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા તથા શ્રી હીરેન અમૃતલાલ શાહ હતા. હરીફાઈ બાદ નિર્ણાયકોએ પ્રથમ ત્રણ વ્યક્તિના નામની જાહેરાત કરેલ હતી.

● **બુધવાર, તા. ૧૭-૮-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર જમણવાર સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી સંદીપ મહેતા, શ્રીમતી જીગીષા સંદીપ મહેતા, શ્રી પીયૂષ પારેખ તથા શ્રીમતી અમીબહેન નીતિન શાહ ઉપસ્થિત રહેલ હતા. તા. ૨૧-૮-૨૦૧૧ના સરસ્વતી સન્માન બાદ ભોજન વ્યવસ્થાની ચર્ચા કરવામાં આવેલ હતી.

*સકારાત્મક દૃષ્ટિકોણ સમસ્યાને અડધી કરી દે છે તેથી હંમેશાં સકારાત્મક બનો.*

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પુરસ્કાર સમિતિની મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી પંકજ ગોગરી, ફાલ્ગુની હીરેન, હીરેન શાહ, મનીષ વીરા, વિશાલ શાહ, શ્રીમતી સ્મિતા શાહ, કિરીટ નંદુ, શશીકાંત ગાલા, નવીન લાલકા વગેરે ઉપસ્થિત રહેલ હતા. તા. ૨૧-૮-૨૦૧૧ના સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

● **તા. ૧૬-૮-૨૦૧૧**

☆ કેટરર્સ દિલીપભાઈ પટેલ, ભાવેશ ગડા અને રજનીભાઈ પારેખે મઠિયા માટે ચર્ચા કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

● **ગુરુવાર, તા. ૧૮-૮-૨૦૧૧**

☆ વિજયભાઈ રસોયા તથા ભંવરસિંઘ સાથે ચર્ચા કરી દીપોત્સવી મીઠાઈ બનાવવાના તેઓના મજૂરીના ભાવો મેળવ્યા. શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહેલ હતા.

● **શુક્રવાર, તા. ૧૯-૮-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને શ્રી ગિરીશભાઈ ગોપાલજી સંઘવી તરફથી વિવિધ વિષયની લગભગ ૧૦૫ બુક સપ્રેમ ભેટ પ્રાપ્ત થયેલ છે.

● **રવિવાર, તા. ૨૧-૮-૨૦૧૧**

☆ આજરોજ સવારમાં શ્રી પંકજ રસિકલાલ શાહ સાથે ડ્રાયફ્રૂટ મેળવવા અંગે તથા શ્રી ગૌરાંગ ચંદ્રકાંત શાહ સાથે કેડબરી ટાઈપ ચોકલેટના બોક્સ અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા. શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહેલ હતા.


☆ આજરોજ પુરસ્કાર સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત સરસ્વતી સન્માનના કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. ધોરણ-૮થી ઉપરની કક્ષાના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨મા સમાજના પ્રથમ ત્રણ ક્રમાંકિત વિદ્યાર્થીઓના વિશેષ સન્માન કરવામાં આવેલ હતા. આ પ્રસંગે શ્રી જયરાજ પંડિતે વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં ખ્યાલ રાખવા જેવી બાબતે મનનીય પ્રવચન આપેલ હતું. લગભગ ૩૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા તેમના વડીલોની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી.

☆ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિની પ્રથમ મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરેન કે. શાહ, શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ તથા શ્રી વિમેશ શાહ ઉપસ્થિત રહેલ હતા. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો રાખવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. અમદાવાદમાં અન્ય સ્થળોએ શ્રી ક.જૈ.સે.સમાજના કેન્દ્રો ઊભા કરવા, વિવિધ સ્થળોએ મેડિકલ સેન્ટર ઊભા કરવા, ગુજરાતના વિવિધ શહેરોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના થાય તેવા પ્રયાસો કરવા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - ગુજરાતની સ્થાપના કરવી, મહિલાઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ ચાલુ કરવા વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હતી.

● **તા. ૨૪-૮-૨૦૧૧**

☆ આજરોજ કેન્ટીન સમિતિની મિટિંગ મળી હતી. તેમાં મણિલાલભાઈ ગોસર, રજનીભાઈ પારેખ, કલ્યાણજીભાઈ રાંભિયા અને કે.ડી. શાહ હાજર રહ્યા હતા. જેમાં કોન્ટ્રાક્ટરના આવેલ પત્ર પરથી ચા-નાસ્તા અને ભોજનના નવા ભાવ નક્કી કરવામાં આવ્યા હતા. ■

## અભિનંદન



### શ્રી મિલન યતીનકુમાર સંઘવી

### રોબોટિક કાર

આજના વિદ્યાર્થીઓને રોબોટિક્સ વિષયે રસ હોય છે પરંતુ જ્યારે અભ્યાસ કરતા હોય છે ત્યારે રોબો વિશેના સિદ્ધાંતો સમજવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હોય છે. આ કારણે સ્કૂલ અને કૉલેજમાં રોબો પોતાની રીતે તૈયાર કરીને વિવિધ કેમ્પસમાં કાર રેસની સ્પર્ધાઓના પ્રોજેક્ટનું આયોજન થતું હોય છે. આ પ્રકારના ઈવેન્ટ્સમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો યુવા વર્ગ પણ પોતાની આગવી પ્રતિભાનું પ્રદર્શન કરીને અગ્રસ્તરે કામગીરી કરતું હોય છે.

સમાજના આવા એક યુવાન શ્રી મિલન યતીનકુમાર સંઘવી છેલ્લા કેટલાક સમયથી રોબોટિક્સ ક્ષેત્રે કળાની આગવી કાર્યરીતિ સાથે સંકળાયેલા છે. તેઓ હાલે કલોલની કૉલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યા છે.

ગુજરાત રાજ્યમાં એલ.ડી. એન્જિનિયરિંગ, નિરમા, પીડીપી - પેટ્રોલિયમ, એમ.એસ. યુનિવર્સિટી જેવી નામાંકિત કૉલેજના ઉપક્રમે આયોજિત રોબોટિકના પ્રસંગોની કુલ ૧૫ સ્પર્ધાઓમાં શ્રી મિલન સંઘવી પોતાના ગ્રૂપમાં હિસ્સો લઈ ચૂક્યા છે. જેમાં દસ પ્રસંગોએ પ્રથમ અને પાંચ પ્રસંગોમાં દ્વિતીય સ્થાન મેળવીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત, એક પ્રસંગે 'ઈન્ટર સ્કૂલ સેલ્ફ મેઈડ રોબો કાર રેસ'ની એક આકર્ષક વર્કશોપનું આયોજન પણ તેમણે કરેલું છે અને અંગત રીતે અમુક ઈવેન્ટ્સમાં અગ્ર સ્થાને સફળતા મેળવેલી છે.

સમાજનો યુવાવર્ગ આ પ્રકારની પ્રવૃત્તિઓ વિકસાવીને વૈજ્ઞાનિક અને ટેકનોલોજી ક્ષેત્રના વિવિધ સિદ્ધાંતોની જાણકારીથી ચીન અને જાપાનના વિદ્યાર્થીઓની જેમ એક સમયે ઈલેક્ટ્રોનિક્સ વિષયે જરૂર પ્રગતિના સોપાન હાંસલ કરી શકે. ■

*વિકાસનું એકમાત્ર કારણ 'પ્રેમ', વિનાશનું એકમાત્ર કારણ 'અહંકાર'.*